

# धर्म परीक्षा

भाग-१

યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.ચંદ્રશેખરવિજયજી મ.સા.

॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

મહામહોપાધ્યાય યશોવિજયજી વિરચિતા

# ધર્મપરીક્ષા

## ભાગ-૧

( उत्सूत्रप्ररूपकाणां अनन्तसंसारित्वनियमविचारः )

(ચન્દ્રશેખરીયા ટીકા + વિવેચન સહિત)

❖ દિવ્યાશિષ ❖

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના
વિનેય પૂજ્યપાદ પં. પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબ

❖ શુભાશિષ ❖

ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ

❖ નિશ્રાદાતા ❖

યુગપ્રધાનાચાર્યસમ પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા. ના પટ્ટાલંકાર
પૂ. આ. શ્રી હંસકીર્તિસૂરિજી મ.

❖ ચન્દ્ર. વૃત્તિકાર + ભાષાંતરકાર ❖

મુ. ગુણહંસ વિ.

❖ સંશોધક ❖

પૂ. જયભૂષણ વિજયજી મ. સાહેબ
પૂ. તત્ત્વરૂચિ વિજયજી મ. સાહેબ
પૂ. નયબોધિ વિજયજી મ. સાહેબ

❖ પ્રકાશક ❖

**કમલ પ્રકાશન ટ્રસ્ટ** : ૧૦૨-એ, ચંદનબાળા કોમ્પ્લેક્ષ, આનંદ નગર પોસ્ટ ઑફિસ
સામે, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭, ટેલી. (૦૭૯) ૨૬૬૦ ૫૩૫૫

# ધર્મપરીક્ષા

## ભાગ-૧

યુગપ્રધાનાચાર્યસમ
પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા.

❀ પ્રાગટ્ય દિન ❀

વિ. સં. ૨૦૭૧

❀ સૌજન્ય ❀

શ્રી ઉમરા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, સુરત

❀ મૂલ્ય ❀

શાસ્ત્રાભ્યાસની કળામાં માહીર થવાનો મનોરથ કેળવવો

**આવૃત્તિ :** પ્રથમ સંસ્કરણ, **નકલ :** ???

❀ મુદ્રક ❀

પાર્શ્વ ઓફસેટ - ક્રિએટીવ પ્રકાશન

"વિક્રમ", એમ.જી. રોડ, વેરાવળ - ૩૬૨૨૬૫, ફોન - ૦૨૮૭૬-૨૨૨૬૧૭

**ટાઈટલ ડીઝાઈન :** નેમ ગ્રાફીક્સ, મો. ૯૪૨૮૬૦૮૨૭૯

❖ પ્રકાશક ❖

કમલ પ્રકાશન ટ્રસ્ટ :

नमोऽस्तु तस्मै जिनशासनाय

## પ્રસ્તાવના

# ધર્મપરીક્ષા ભાગ-૧

આપણા સૌનો અતિપ્રચંડ પુણ્યોદય કહેવાય કે આવા હડહડતા કળિયુગમાં, ભસ્મગ્રહના કાળમાં, હુંડા અવસર્પિણીમાં પણ મહામહોપાધ્યાય, સર્વજ્ઞતુલ્ય યશોવિજયજી મહારાજાનો જન્મ થયો અને જેમણે ૩૫૦ વર્ષ પૂર્વે રચેલા ગ્રંથરત્નો નાશ પામ્યા વિના આપણા સુધી પહોંચ્યા.

ઉપાધ્યાયજી માટે કે એમના ગ્રન્થોના અણમોલ વાક્યો માટે અનુમોદનાના કયા શબ્દો વાપરવા ? એ જ સમજાતું નથી. અલબત્ત, જિનાગમોમાં ઢગલાબંધ અદ્ભુત પદાર્થો રહેલા જ છે. પરંતુ એ આપણે સમજી શકતા ન હતા. એના રહસ્યને આપણે પામી શકતા ન હતા. ઉપાધ્યાયજીએ એ અદ્ભુત રહસ્યો આપણને ગ્રન્થ રૂપે ભેટ ધરી દીધા છે.

પણ પડતો કાળ ! એટલે ઉપાધ્યાયજીના ગ્રન્થો પણ નવ્યન્યાયની કઠિન શૈલિને કારણે વિશિષ્ટ ક્ષયોપશમ-અભ્યાસ વિનાના સાધુ-સાધ્વીજીઓને અઘરા પડવા લાગ્યા. અને પરિણામે આગમકક્ષાના એમના ગ્રન્થોનો અભ્યાસ જૂજ સંખ્યાના સાધુ-સાધ્વીજીઓ જ કરે છે.

આ ખેદની બાબત છે. માટે જ ઘણા બધા સાધુ-સાધ્વીજીઓ એમના ગ્રન્થનો સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુથી એમના ગ્રન્થો ઉપર સરળ ટીકા-વિવેચન લખવાનો વિચાર સ્ફુર્યો. "સામાચારી પ્રકરણ + યોગવિંશિકા" નામના તેઓશ્રીના બે ગ્રન્થ ટીકા-વિવેચન સહિત સંપાદન થઈ ચૂક્યા બાદ "ધર્મપરીક્ષા" ગ્રન્થને ટીકા-વિવેચન સહિત પ્રકાશિત કરી રહ્યા છીએ.

આ ગ્રન્થ અતિ વિશાળ છે અને ઘણીવાર એવું જોવા મળે છે કે સાધુ-સાધ્વીજીઓ ગ્રન્થની મોટાઈ જોઈને જ એ ગ્રન્થ ભણવાનો વિચાર માંડી વાળે છે. ક્યારેક મહિના-બે મહિના માટે અભ્યાસની તક સાંપડી હોય ત્યારે ચાર-પાંચ મહિને માંડ પૂરા થનારા ગ્રન્થોને તેઓ શરુ ન જ કરે એ સ્વાભાવિક છે.

આ બધી બાબતો ધ્યાનમાં રાખીને ધર્મપરીક્ષાને બે-ત્રણ મોટા ભાગોમાં પ્રકાશિત

કરવાને બદલે નાના નાના ૮-૧૦-૧૨ વિભાગોમાં પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. જેથી સાધુ-સાધ્વીજીઓ અવસર પ્રમાણે નાના નાના વિભાગોને (ટુકડે ટુકડે) વાંચીને ગ્રન્થ પૂર્ણ કરી શકે.

૧૮ વર્ષ પૂર્વે પૂ. મુનિ શ્રી અભયશેખર વિજયજીએ (વર્તમાનમાં આચાર્યશ્રી) સુંદર વિવેચન પૂર્વક આ ગ્રન્થ બહાર પાડી શ્રીસંઘ ઉપર મોટો ઉપકાર કરેલો. પરંતુ ૧૮ વર્ષ બાદ આજની પરિસ્થિતિ જોતા આ ગ્રન્થ વધુ સરળભાષામાં પ્રગટ થાય, તો સાધુ-સાધ્વીજીઓને ખૂબ ઉપયોગી બને એ એકમાત્ર અભિલાષાથી આ ગ્રન્થનું પ્રકાશન કરીએ છીએ.

જે ૮-૧૦-૧૨ ભાગ રૂપે આ ગ્રન્થ બહાર પડશે. એનું મૂળ નામ "ધર્મપરીક્ષા" જ રહેશે. પણ એ દરેક વિભાગમાં "મુખ્ય એક-બે વિષયો કયા છે ?" એ પુસ્તકની ઉપર જ જણાવશું. એટલે વિદ્યાર્થીઓને વિષય અંગેનો સ્પષ્ટ ખ્યાલ રહે.

## વિષય

આ પ્રથમ ભાગમાં મુખ્ય વિષય છે. **"ઉત્સૂત્રપ્રરૂપકોનો અનંત સંસાર એકાંતે થાય ? કે નહિ ?"**

કેટલાકો એવું માને છે કે ઉત્સૂત્રપ્રરૂપકોનો અનંત સંસાર જ થાય. દિગંબરો, પુનમિયાગચ્છ વિગેરે તપાગચ્છ બહારના તમામ કહેવાતા ઉત્સૂત્રપ્રરૂપક જૈનો એકાંતે અનંતસંસારી જ થાય.

આ પૂર્વપક્ષને નજર સામે રાખીને ઉપાધ્યાયજી મ. એ યુક્તિઓ, શાસ્ત્રવચનો દ્વારા એ સાબિત કરી આપ્યું છે કે *"ઉત્સૂત્રપ્રરૂપકોનો અનંતસંસાર જ થાય."* આ વાત ખોટી છે. ઉત્સૂત્રપ્રરૂપકોના તીવ્ર, મધ્યમ, જઘન્ય વિગેરે અધ્યવસાયો મુજબ જ એમનો વધારે-ઓછો સંસાર થાય છે."

ઉપાધ્યાયજીએ તો "ઉત્સૂત્રપ્રરૂપકો ત્રીજા ભવે પણ મોક્ષે ગયા છે" એ વાત શાસ્ત્રીય દૃષ્ટાન્ત પૂર્વક સિદ્ધ કરી છે, કે જે જીવોએ ઉત્સૂત્રપ્રરૂપણાના ભવમાં પ્રાયશ્ચિત્ત પણ કર્યું ન હતું.

આ બધી ચર્ચાને અંતે પૂર્વપક્ષે શંકા ઉઠાવી કે "આ રીતે ઉત્સૂત્ર પ્રરૂપણા કરવા છતાં જો ત્રીજા ભવે મોક્ષ થઈ શકતો હોય તો તો પછી કોઈને ઉત્સૂત્રપ્રરૂપણાનો ભય

નહિ રહે.” અને એ શંકાનું સુંદર સમાધાન પણ ઉપાધ્યાયજી મ. એ આપ્યું છે. પણ એ તો આ ગ્રન્થ ભણીને જ તમારે જાણવું રહ્યું.

“ઉપાધ્યાયજી મ. સામે પૂર્વપક્ષ તરીકે કોણ છે ?” એની શોધખોળ કરવાને બદલે માત્ર “શાસ્ત્રીય પદાર્થ શું છે ?” એ જ જાણવા તરફ વધુ લક્ષ્ય કેળવવું.

ટીકા અને વિવેચનમાં મેં મુખ્યત્વે એ પ્રયાસ કર્યો છે કે “ઉપાધ્યાયજી મ. જે જે પંક્તિ લખે છે, તેની પાછળ કયા કયા રહસ્યો પડેલા હોય છે ?” એ જણાવવું. માટે જ વારંવાર પ્રશ્નો ઉભા કરી કરીને એના સમાધાન રૂપે ઉપાધ્યાયજીની પંક્તિ દર્શાવી છે. એના દ્વારા વિદ્યાર્થીઓને સ્પષ્ટ ખ્યાલ આવશે કે ઉપાધ્યાયજી મ.એ કઈ કઈ પંક્તિ કયા કયા કારણસર લખી છે ?

શ્રમણ-શ્રમણીઓ આ અણમોલ ગ્રન્થો વાંચતા થાય અને એ રીતે શાસ્ત્રના રહસ્યોને આત્મસાત્ કરનારા બને એ એક માત્ર ઉદ્દેશથી આ પ્રયાસ કર્યો છે. છદ્મસ્થતાદિને લીધે ટીકા કે વિવેચનમાં મારી અનેક ક્ષતિઓ થઈ હોવાની શક્યતા છે. ગીતાર્થ મહાપુરુષો મારી ક્ષતિઓ તરફ અવશ્ય અંગુલિનિર્દેશ કરે.

**ચન્દ્રશેખરીયા ટીકા અંગે :** મહોપાધ્યાયજીની પંક્તિઓને સરળતાથી સમજી શકાય, એનો ભાવાર્થ પકડી શકાય એ માટે આ ટીકા રચાઈ છે. જેમાં જેટલું જરૂરી લાગ્યું છે, એટલું જ લખ્યું છે. મુખ્ય ગ્રન્થમાં આવતા અઘરા પદોનો અર્થ, પંક્તિનું તાત્પર્ય મેં આ ટીકામાં દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. સંક્ષેપપ્રિય જીવોને આ ખૂબ ઉપયોગી થશે એવું મારું મન્તવ્ય છે.

અંતે પરમપાવન જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈપણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં માંગું છું.

**યુગપ્રધાનાચાર્યસમ પૂજ્યપાદ પંન્યાસપ્રવર**
**શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબનો શિષ્ય**
**મુનિ ગુણહંસ વિજય.**
**જેઠવદ-૫, વિ.સં.૨૦૭૦**
**અમદાવાદ-તપોવન**

## ધર્મપરીક્ષા ભાગ-૧ના

# અમૃતબિંદુઓ

**१. यावानेव ह्यर्थः सुविनिश्चितस्तावानेवानेन प्ररूपणीयः, न तु कल्पनामात्रेण यत्तदसम्बद्धप्रलापो विधेय इति मध्यस्थाः । (ગાથા-૧)**

"જેટલો પદાર્થ સારી રીતે નિશ્ચિત થયેલો હોય, એટલો જ બોલવો જોઈએ. પણ પોતાની કલ્પના માત્રથી ગમે તે અસંબદ્ધ પ્રલાપ ન કરવા." એમ મધ્યસ્થો કહે છે.

**२. चिरप्ररूढमप्यर्थं कल्पनादोषभीरवो नाहत्य दूषयन्ति गीतार्थाः । (ગાથા-૨)**

ગીતાર્થો કલ્પનાદોષના ગભરાટવાળા છતાં લાંબાકાળથી રૂઢ થયેલા પદાર્થને (તે અયોગ્ય લાગે તો પણ) વગર વિચાર્યે દૂષિત કરતા નથી.

**૩. स्वाभ्युपगमहानिभयप्रयोजकदृष्टिरागाभावलक्षणस्य माध्यस्थ्यस्य धर्मपरीक्षानुकूलत्वात् (ગાથા-૨)**

"પોતે સ્વીકારેલો પદાર્થ છોડી દેવો પડશે" એવા ભયને ઉત્પન્ન કરનાર દૃષ્ટિરાગ છે, એ દૃષ્ટિરાગના અભાવ રૂપ માધ્યસ્થ્ય ધર્મપરીક્ષા કરવા માટે અનુકૂળ છે.

**४. निश्रितोपश्रितव्यवहारकारिणः सूत्रे महाप्रायश्चित्तोपदेशात् । (ગાથા-૩)**

રાગ-દ્વેષ પૂર્વક વ્યવહાર (શાસ્ત્રસંબંધી-ધર્મસંબંધી-સંઘસંબંધી નિર્ણયો) કરનારને શાસ્ત્રોમાં મોટું પ્રાયશ્ચિત્ત જણાવેલ છે.

**५. जे णं तित्थकरादीणं महंतिं आसायणं कुज्जा, से णं अज्झवसायं पडुच्च जाव णं अणंतसंसारिअत्तणं लभिज्ज त्ति । (ગાથા-૫)**

જેઓ તીર્થંકરાદિની મોટી આશાતના કરે, તેઓ પોતાના અધ્યવસાયને અનુસારે સંખ્યાત, અસંખ્યાત કે અનંતસંસારને પામે.

**६. वृष्ट्यभावे चातुर्मासकमध्येऽपि गच्छतां को दोषः ? (ગાથા-૫)**

વરસાદ ન પડતો હોય તો ચોમાસાની અંદર પણ વિહાર કરનારાઓને શું

દોષ? (આ યથાછંદો દ્વારા કરાતી ઉત્સૂત્રપ્રરૂપણા છે.)

**૭. सर्वेऽपि महाव्रतधारित्वेन साधवः सांभोगिकाः (ગાથા-૫)**

બધા જ સાધુ મહાવ્રતધારી હોવાથી સાંભોગિક છે. (સાથે ગોચરી વિગેરે વાપરી શકે.) (આ પણ યથાછંદની ઉત્સૂત્રપ્રરૂપણા છે.)

**૮. संसारानन्ततायाः कारणं भिन्न एवानुगतोऽध्यवसायस्तीव्रत्वसंज्ञितः केवलिना निश्चीयमानोऽस्ति.... स च तीव्राध्यवसाय आभोगवतामनाभोगवतां वा शासनमालिन्यनिमित्तप्रवृत्तिमतां रौद्रानुबन्धानां स्यात्, अनाभोगेनापि शासनमालिन्यप्रवृत्तौ महामिथ्यात्वार्जनोपदेशात् (ગાથા-૬)**

અનંતસંસારનું કારણ કેવલીવડે નિશ્ચિત કરી શકાય તેવો તીવ્ર અધ્યવસાય જ છે. તે તીવ્ર અધ્યવસાય આભોગવાળાઓનો કે અનાભોગવાળાઓનો પણ શાસનમલિનતાના કારણભૂત એવી પ્રવૃત્તિ કરનારા રૌદ્ર અનુબંધવાળાઓનો હોય છે. કેમકે અજાણતા પણ શાસનમલિનતાની પ્રવૃત્તિમાં મહામિથ્યાત્વની પ્રાપ્તિ બતાવેલી છે.

**૯. एकं तावत्स्वतश्चारित्रापगमः, पुनरपरानुद्युक्तविहारिणोऽपवदतीत्येषा द्वितीया बालता । (ગા. ૬)**

સ્વયં ચારિત્રનો વિનાશ એ પ્રથમ બાલતા=મૂર્ખતા છે. જ્યારે બીજા સંવિગ્ન સાધુઓની નિંદા કરે છે તે બીજી મૂર્ખતા છે.

**૧૦. भवभेदस्य भावभेदनियतत्वात् (ગા. ૬)**

(સંખ્યાત, અસંખ્યાત કે અનંતા ભવો થવા રૂપ) ભવભેદ એ (આત્માના મંદ, મધ્યમ, તીવ્ર વિગેરે રૂપ) ભાવભેદને આધીન છે.

**૧૧. बन्धमात्रात् नानन्तसंसारिता, किन्त्वनुबन्धात् (ગા. ૭)**

અશુભકર્મોના બંધમાત્રથી અનંતસંસાર ન થાય, પણ તેમના અનુબંધથી અનંતસંસાર થાય.

**૧૨. आभोगादनाभोगाद्वोत्सूत्रभाषिणामपीह जन्मनि जन्मान्तरे वाऽऽलोचितप्रतिक्रान्त-**

पातकानामनुबन्धविच्छेदान्नानन्तसंसारिता । (ગા. ૭)

જાણતા કે અજાણતા ઉત્સૂત્ર ભાષણ કરનારાઓ પણ જો આ જન્મમાં કે પછીના જન્મમાં પાપની આલોચના અને પ્રતિક્રમણ કરી લે તો અનંત સંસાર ન થાય.

**૧૩. सव्वा वि हु पव्वज्जा पायच्छित्तं भवंतरकडाणं कम्माणं (ગા. ૭)**

સર્વ દીક્ષા પૂર્વભવોમાં કરેલા પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત છે.

**૧૪. न चैवमुत्सूत्रभाषिणामनन्तसंसारानियमनात्ततो भयानुपपत्तिरिति शङ्कनीयम्, एकान्ताभावेऽपि बाहुल्योक्तफलापेक्षया हिंसादेरिवोत्सूत्रादास्तिकस्य भयोपपत्तेः । (ગા. ૭)**

**શંકા :** આ રીતે જો "ઉત્સૂત્રભાષીઓનો અનંતસંસાર થાય જ" એવો એકાંત ન હોય, તો તો પછી ઉત્સૂત્રભાષણથી ગભરાટ નહિ થાય ?

**સમાધાન :** આવી શંકા ન કરવી. ભલે તેમના અનંતસંસારનો એકાંત ન હોય, તો પણ મોટા ભાગે તો અનંતસંસાર થાય જ છે, એટલે એની અપેક્ષાએ આસ્તિક જીવને હિંસાદિની જેમ ઉત્સૂત્રભાષણથી ગભરાટ સંભવી જ શકશે.

**૧૫. आस्तिक्यं हि असत्प्रवृत्तिभयनिमित्तम् (ગા. ૭)**

આસ્તિક્ય એ ખોટી પ્રવૃત્તિઓથી ગભરાટને ઉત્પન્ન કરવામાં કારણભૂત છે.

# अनुक्रमणिका


१. टीकाकृन्मङ्गलश्लोका: १

२. धर्मपरीक्षाग्रन्थकरणस्य प्रयोजनं किं ? इति प्रतिपादनम् २

३. मङ्गलादिप्रतिपादिका प्रथमा मूलगाथा ३

४. मङ्गलस्य द्वे प्रयोजने विघ्नविनाश: शिष्टाचारपरिपालनं च ४

५. धर्मशास्त्रस्य प्रयोजनादय एव प्रस्तुतग्रन्थस्य प्रयोजनादय: ६

६. गुरुपरिपाटी नाम अविच्छिन्नपूर्वाचार्यपरम्परा ७

७. अभिनिवेशमूलककल्पना ज्ञानलेशाभिमानवतां महतेऽनर्थाय १०

८. गीतार्था चिरप्ररूढमप्यर्थं कल्पनादोषभीरवो न दूषयन्ति ११

९. माध्यस्थ्यमेव धर्मपरीक्षायां प्रकृष्टं कारणम् ११

१०. द्वितीया गाथा १२

११. अज्ञातविषये माध्यस्थ्यादेव धर्मवादेन तत्त्वप्राप्ति: १२

१२. 'सदसद्विषयं माध्यस्थ्यं प्रतिकूलमेव' इति पूर्वपक्ष: १३

१३. स्वाभ्युपगमहानिभयप्रयोजकस्य दृष्टिरागस्य अभावरूपं माध्यस्थ्यं धर्मपरीक्षायामनुकूलम् १४

१४. तृतीय गाथा १७

१५. रागद्वेषाभ्यां व्यवहारकारिण: महत्प्रायश्चित्तं भवति १७

१६. चतुर्थी गाथा १९

१७. पूर्वपक्ष:-परपक्षपतितस्य नियमेनानन्तसंसारित्वम् २०

१८. उत्तर:-आगमे अन्यथावादिनामन्यथाकारिणां स्वपक्षपातिनामपि महादोष: स्वीकृत: २१

१९. प्रश्न:-दीगम्बरादीनामेव तपागच्छात्मकस्य तात्त्विकतीर्थस्य विच्छेदाभिप्रायसम्भवात् महादोष:, न तु तपागच्छीयस्य साधो: २२

२०. पञ्चमी गाथा २४

२१. उत्तर:-तपागच्छीयस्यापि सूत्रविरुद्धाश्रयणरूप उन्मार्ग: सम्भवत्येव, ततश्च महादोष: २४

२२. अनन्त: संसार: कुत्रापि पापे भावाधीन एव २७

२३. तीर्थकृदाद्याशातनाकारिणां अध्यवसायभेदमाश्रित्यानन्तासंख्यसंख्यातादिरूप: संसार: २७

२४. कालीदेवीप्रमुखा: उत्सूत्रभाषिणोऽपि सन्त: एकावतारिण: २८

२५. प्रश्नः-तपागच्छीयस्य तपागच्छोच्छेदाभिप्रायाभावात् न तदुत्सूत्रभाषणं अनन्तसंसारहेतुः ३०
२६. उत्तरः-तपागच्छबहिर्वर्तिनामपि सरलपरिणामो दृश्यते, तपागच्छीयस्यापि आभोगत उत्सूत्रभाषणं सम्भवति ३२
२७. प्रश्नः-यथाछन्द उत्सूत्रभाषी भवत्येव इति नियमो नास्ति ३३
२८. उत्तरः-यथाछन्दस्योत्सूत्रभाषित्वनियमप्रतिपादकं व्यवहारभाष्यवचनम् ३४
२९. यथाछन्दस्य विविधानि उत्सूत्राणि ३५
३०. 'मुखवस्त्रिकैव पात्रकेसरिका क्रियताम्' इति उत्सूत्रं ३७
३१. 'रजोहरणस्यैकैव निषद्या भवतु, न तु द्वे' इति उत्सूत्रं ३८
३२. 'पात्रमेव मात्रकं, मात्रकमेव वा पात्रं भवतु, न तु द्वे धारणीये' इति उत्सूत्रम् ३८
३३. 'चोलपट्टक एवोत्तरपट्टकः क्रियतां' इति उत्सूत्रं ३९
३४. 'चोलपट्टक एव पटलानि क्रियतां' इति उत्सूत्रं ३९
३५. 'रजोहरणस्य दशा क्षौमिकाः क्रियन्ताम्, न तूर्णमय्य' इति उत्सूत्रं ३९
३६. प्रतिलेखनविधिविषयकमुत्सूत्रं ४०
३७. नखा दन्तैश्छेत्त्व्याः, न तु नखरदनिकया इति उत्सूत्रं ४०
३८. 'पात्रं न लेपनीयं' इति उत्सूत्रं ४१
३९. 'वनस्पतिप्रतिष्ठितं डगलकादि दूरीकर्तव्यं' इति उत्सूत्रं ४१
४०. 'उपरि अनावृतेऽपि स्थाने प्रमार्जनं कर्त्तव्यं' इति उत्सूत्रं ४१
४१. युक्तिसंगतं भासमानं उत्सूत्रं अनुपाति, विपरीतं चाननुपाति ४२
४२. गीतार्थापेक्षया सर्वाण्यपि उत्सूत्राणि अननुपातिन्येव, अगीतार्थापेक्षया विपरीतान्येव ४३
४३. 'शय्यातरपिण्डे न दोषः, प्रत्युत लाभः' इति उत्सूत्रं ४४
४४. 'पर्यङ्कादिपरिभोगे न दोषः' इति उत्सूत्रं ४५
४५. 'गृहस्थगृहे उपवेशनादिकरणे न दोषः' इति उत्सूत्रं ४५
४६. 'गृहस्थभाजने भोजनं कर्त्तव्यमेव, न दोषः' इति उत्सूत्रं ४६
४७. 'निर्ग्रन्थीनामुपाश्रयेऽवस्थानादौ न दोषः' इति उत्सूत्रं ४६
४८. 'मासकल्पस्यावश्यकता नास्ति' इति उत्सूत्रं ४७
४९. 'चातुर्मासकमध्येऽपि विहारकरणे न दोष' इति उत्सूत्रं ४७

५०. 'विरुद्धराज्यादौ अपि विहार: कर्त्तव्य' इति उत्सूत्रं ४७

५१. 'वर्षाकालेऽपि वस्त्रादि ग्राह्यमेव' इति उत्सूत्रं ४८

५२. 'नित्यवासे न दोष' इति उत्सूत्रं ४९

५३. 'शून्यायां वसतौ न दोष' इति उत्सूत्रं ४९

५४. 'अगीतार्थेनानीता गोचरी कल्पते' इति उत्सूत्रं ५०

५५. 'सर्वे साधव: पञ्चमहाव्रतधारित्वेन साम्भोगिका एव' इति उत्सूत्रं ५०

५६. 'संविग्ना:शिथिलाश्च सर्वेऽपि श्रीतीर्थकरपुत्रत्वेन सद्गतिगामिन' इति उत्सूत्रं ५२

५७. 'यथाछन्दस्य साध्वाचारोच्छेदाभिप्रायो वर्तते' इति तस्यापि अनन्तसंसारसम्भव: ५५

५८. प्रश्न:-निह्नवानामेवानन्त: संसार:, यथाछन्दानां तु न तपागच्छीयत्वात् ५६

५९. उत्तर:-उन्मार्गपतितो न केवलं निह्नव एव, किन्तु यथाछन्दोऽपि ५७

६०. साधुपदं शाक्यादिव्यवच्छेदकं, न तु यथाछन्दादिव्यवच्छेदकम् ५८

६१. गुणभेदवत् क्रियादिभ्रममूलकदालम्बनप्ररूपणाऽपि उन्मार्ग एव ५९

६२. 'मार्गपतितत्वाद् यथाछन्दो नोन्मार्गगामी' इति पूर्वपक्ष: मिथ्या ६०

६३. प्रश्न:-यथाछन्द उन्मार्गगामी अस्ति, किन्तु अनन्तसंसारितानियमस्तस्य न ६१

६४. उत्तर:-अन्योन्याश्रयदोष: ६२

६५. प्रश्न:-सम्प्रदायमाश्रित्यान्योन्याश्रयदोषप्रतीकार: ६५

६६. उत्तर:-सम्प्रदायस्तु 'निह्नवानामपि संख्यातादिभेदभिन्न एव संसार:' इत्यस्ति ६५

६७. तीव्राध्यवसायानामेवानन्तसंसार:, बाहुल्यापेक्षया वोत्सूत्रप्ररूपकाणामनन्तसंसारित्व-
निरूपणम् ६५

६८. बलभद्रजीवस्याप्यनन्तसंसारोत्पत्त्यापत्ति:, तस्याविच्छिन्नमिथ्यात्वपरम्परापरमहेतुत्वात् ६६

६९. 'बलभद्रजीवेण मिथ्याधर्म: प्रचारित:' इति साधक: त्रिषष्ठिशलाकापाठ: ६९

७०. प्रश्न:-बलभद्रस्योत्सूत्रवचनं न स्वारसिकम्, अतो न नियतम् ७०

७१. प्रश्न:-अनियतोत्सूत्रभाषको यथाछन्द:, नियतोत्सूत्रभाषकश्च निह्नव:, तस्यैवानन्त-
संसारनियम: ७०

७२. षष्ठी गाथा ७३

७३. उत्तर:-न हि नियतोत्सूत्रेणैवानन्तसंसार:, मैथुनसेवादिनाऽप्यनन्तसंसारसम्भवात् ७४

७४. प्रश्नः-उत्सूत्रभाषणजन्यमनन्तसंसारार्जनं प्रति नियतोत्सूत्रमेव कारणम् इति न व्यभिचारः७५
७५. उत्तरः-एतादृशकार्यकारणभावप्रतिपादकशास्त्रपाठाभावः ७५
७६. 'नियतानियतभेदं विनैव उत्सूत्रप्ररूपणामात्रस्योत्सूत्रप्ररूपणाजन्यसंसारं प्रति कारणत्वं' इति शास्त्रम् । ७६
७७. प्रश्नः-यत्रानन्तसंसारः, तत्रोत्सूत्रप्ररूपणं नियतमेवेति कल्प्यते ७७
७८. उत्तरः-एवं सति यथाछन्द अनन्तसंसारी न स्यात्, नियतोत्सूत्रभाषणाभावात् ७८
७९. 'यथाछन्दानामपि अनन्तसंसारित्वसम्भवः' इत्यत्र भाष्यपाठः ७९
८०. प्रश्नः-यथाछन्दस्य यस्यानन्तसंसारः, स क्लिष्टभावादेव, न तु अनियतोत्सूत्रादिति ८०
८१. उत्तरः-अनन्तसंसारस्यानियतहेतुकत्वापत्तिः ८१
८२. अनियतहेतुकत्वं अहेतुकत्वं नाम ८१
८३. अनन्तसंसारस्य कारणं तीव्र अध्यवसाय एव, स च केवलिगम्यः... ८४
८४. संग्रहनयमतम् ८५
८५. व्यवहारनयमतम् ८६
८६. तीव्राध्यवसायेन सहकृता तत्पूर्विका वा पापक्रियाऽनन्तसंसारहेतु इति व्यवहारः ८८
८७. स तीव्राध्यवसायस्तपागच्छीयस्यापि सम्भवति, अनाभोगेनाऽपि शासनमालिन्यप्रवृत्तिः महामिथ्यात्वकारणं ९१
८८. अष्टकप्रकरणपाठः ९३
८९. यथाछन्दस्याऽपि शासनमालिन्यप्रवृत्तिरस्ति ९३
९०. अनाभोगेनाऽपि विषयविशेषद्रोहो विषमविपाकहेतुः ९४
९१. अनियतोत्सूत्रभाषणं सुतरां विषमविपाकहेतुः, निःशंकताऽभिव्यञ्जकत्वात् ९४
९२. अनाभोगेनाऽपि उत्सूत्रभाषिणां अप्रज्ञापनीयानां अतिसंक्लेशो दुर्वार एव ९६
९३. अप्रज्ञापनीयानां भावशुद्धिरप्यप्रमाणम्, मार्गाननुसारित्वात् ९७
९४. अष्टकप्रकरणपाठः ९८
९५. पार्श्वस्थादीनां संविग्ननिन्दास्वरूपं नियतोत्सूत्रमपि अस्त्येव ९९
९६. आचाराङ्गपाठः ९९
९७. आवश्यकनिर्युक्तिपाठः १०४

९८. नियतोत्सूत्रवतः पार्श्वस्थादेरपि अनन्तसंसारनियम एव, एवं निह्नवस्यापि बोध्यम् १०५

९९. प्रश्नः-असंख्यकालस्थितिकस्य कर्मणोऽनन्तसंसारकारणत्वं कथं ? १०६

१००. उत्तरः-अनुबन्धादनन्तसंसारः, न तु बन्धमात्रात् १०७

१०१. पापप्रकृतीनां उत्तरोत्तरवृद्धिः, बध्यमानप्रकृतिषु तज्जननशक्तिर्वा अनुबन्धः १०७

१०२. ग्रन्थिभेदात्प्रागपि अनन्तसंसारस्य कारणं अशुभानुबन्ध एव १०८

१०३. प्राप्तसम्यग्दर्शनानामपि प्रतिपातेन अशुभानुबन्धादेवानन्तसंसारः १०९

१०४. उपदेशपदपाठः ११०

१०५. पापालोचनाप्रतिक्रमणवतां पापानुबन्धविच्छेदान्नानन्तसंसारः १११

१०६. अनन्तभववेद्ये निरुपक्रमणीये पापकर्मबन्धे सति तन्निःशेषतां यावत्प्रायश्चित्तस्वीकार एव न स्यात् ११२

१०७. नियतोपक्रमणीये पापकर्मबन्धे सति इह जन्मनि जन्मान्तरे वा प्रायश्चित्तप्रतिपत्तिः स्यात् ११३

१०८. जमालिशिष्यादीनां भगवत्समीपमुपागतानां तद्भव एवोत्सूत्रभाषणप्रायश्चित्त-प्रतिपत्तिः, कालीप्रभृतीनां च भवान्तरे ११४

१०९. ज्ञाताधर्मकथाङ्गपाठः ११५

११०. सर्वाऽपि प्रव्रज्या भवान्तरकृतानां पापकर्मणां प्रायश्चित्तम् ११६

१११. 'भवान्तरे प्रायश्चित्तप्रतिपत्तिर्न' इति पूर्वपक्षो मिथ्या ११७

११२. प्रश्नः-पूर्वभवीयपापाज्ञानात् कथं तदालोचनादिकम् ? १२०

११३. उत्तरः-एतद्भवीयपापानामपि विस्मृतानां सामान्यज्ञानेनालोचनादिकमिव पूर्वभवीयपापानामपि बोध्यम् १२१

११४. पूर्वभवीयानामपि पापानां निन्दागर्हादिकमस्ति, तत्र च चतुःशरणप्रकीर्णकपाठः १२२

११५. पञ्चसूत्रेऽपि एतादृशः पाठः १२३

११६. पञ्चसूत्रपाठः १२४

११७. तद्व्याख्या १२५

११८. प्रश्नः-पूर्वभवीयस्योत्सूत्रभाषणस्यालोचनादिकं न भवति, हिंसादीनामेव भवति, तत्र च पाठः १२६

११९. उत्तर:-दशवैकालिकपाठस्य सम्यगर्थकरणं, न हि तत्र मिह्नव एव, किन्तु तपः-स्तेनादिरधिकृतः १३०

१२०. आगमपाठः उत्कृष्टफलप्रदर्शनपरः १३१

१२१. हिंसकस्यापि भवान्तरे प्रायश्चित्तादि-अनुपपत्तिः इति प्रतिबन्दिः १३३

१२२. प्रश्नः-हिंसादिपापस्य भवान्तरे प्रायश्चित्तादिर्घटते, तथाभव्यताविशेषात् १३४

१२३. उत्तरः-उत्सूत्रभाषणेऽपि तुल्यमिदं १३५

१२४. प्रश्नः-उत्सूत्रभाषिणामनन्तसंसारानियमाद् उत्सूत्रभाषणस्य भयं न स्यात् १३६

१२५. उत्तरः-बाहुल्योक्तफलापेक्षया हिंसादेरिवोत्सूत्रभाषणादपि आस्तिकस्य भयोपपत्तिः १३७

१२६. आस्तिक्यं हि असत्प्रवृत्तिभयनिमित्तम् १३७

॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

महामहोपाध्यायश्रीयशोविजयविरचिता

# धर्मपरीक्षा

## ગ્રન્થ ૭૫૨

## चन्द्रशेखरीया ટીકા અને ગુજરાતી વિવેચન.

यशोविजय० ऐन्द्रश्रेणिकिरीटकोटिरनिशं यत्पादपद्मद्वये,
हंसालिश्रियमादधाति न च यो दोषैः कदापीक्षितः ।
यद्गीः कल्पलता शुभाशयभुवः सर्वप्रवादस्थिते-
र्ज्ञानं यस्य च निर्मलं स जयति त्रैलोक्यनाथो जिनः ।।१।।

यन्नाममात्रस्मरणाज्जनानां प्रत्यूहकोटिः प्रलयं प्रयाति ।
अचिन्त्यचिन्तामणिकल्पमेनं शङ्खेश्वरस्वामिनमाश्रयामः ।।२।।

नत्वा जिनान् गणधरान् गिरं जैनीं गुरूनपि ।
स्वोपज्ञां विधिवद् धर्मपरीक्षां विवृणोम्यहम् ।।३।।

चन्द्रशेखरीया : नमो दुर्वाररागादिवैरिवारनिवारिणे ।
अर्हते योगिनाथाय महावीराय तायिने ॥

इह हि निजोत्सूत्राण्येव जिनवचनं मन्यमानैः कैश्चिदुत्सूत्रप्ररूपकैः मिथ्याज्ञानप्रचारेण विप्रतारितानां प्रज्ञापनीयानां शङ्कोदयनिरासार्थं महामहोपाध्याया लघुहरिभद्रबिरुदधारिणो यशोविजयिनो धर्मपरीक्षानामकं स्वोपज्ञग्रन्थं तद्वृत्तिं च कृतवन्तः। तत्र वृत्त्यन्तर्गता मङ्गलादिप्रतिपादका "ऐन्द्रश्रेणिकिरीट" इत्यादयः श्लोकाः सुगमाः । नवरं इन्द्रसम्बन्धिनी या श्रेणिः, तस्याः किरीटानां = मुकुटानां कोटिः = अग्रभागः, सा इति । तथा हंसानां या आलिः = श्रेणिः, तस्याः श्रियमिति । तथा शुभाशयाः = शोभना भावा एव भूः = उत्पत्तिस्थानं यस्याः सा शुभाशयभूः, तस्याः । इदञ्च सर्वप्रवादस्थितिपदविशेषणम् । प्रवादो

नाम नयः । तथा च शुभाशयात्समुद्भूतायाः सर्वनयस्थितेः कल्पलतासमाना भगवद्गीरस्तीति भावः । भगवद्गिरं श्रुत्वा श्रोतारः शुभभावं प्राप्नुवन्ति, ततश्च तेषां स्वक्षयोपशमानुसारेणात्महितकरा अभिप्रायविशेषरूपाः प्रवादा मनसि प्रादुर्भवन्तीति तु परमार्थः ।

अत्र '**ऐन्द्रश्रेणि.... दधाति**' इत्यनेन भगवतः पूजातिशयः प्रतिपादितः । '**न यो दोषैः कदापीक्षितः**' इत्यनेन च भगवतोऽपायापगमातिशयो निगदितः । '**यद्**' इत्यादिना च वचनातिशयो भाषितः । '**ज्ञानं यस्य च**' इत्यादिना च ज्ञानातिशयः सूचितः ।

**<u>ચન્દ્રશેખરીયા :</u>** જેઓના બે પદકમળને વિશે ઇન્દ્રોની પંક્તિના મુકુટોનો અગ્રભાગ હંસની પંક્તિની શોભાને ધારણ કરે છે. (એટલે કે એ સફેદ અગ્રભાગો હંસ જેવા લાગે છે. અને ઘણા અગ્રભાગો હોવાથી જાણે કે હંસની પંક્તિ જ ન હોય એવા તે અગ્રભાગો દેખાય છે.)

જે ક્યારેય પણ રાગાદિ દોષો વડે જોવાયા નથી,

જેમની વાણી શુભ આશયમાંથી ઉત્પન્ન થનારી સર્વનયોની સ્થિતિની કલ્પવેલડી છે. (અર્થાત્ સુંદર આશયમાંથી સર્વનયો ભલે ઉત્પન્ન થાય પણ એ માટે જિનવાણી અત્યંત મહત્ત્વની છે. એમાંથી જ આ નયો મુખ્યતાએ ઉત્પન્ન થાય છે. એટલે એ દૃષ્ટિએ એ નયોની સ્થિતિને માટે જિનવાણી કલ્પવેલડી જેવી છે.)

જેમનું જ્ઞાન નિર્મળ છે, તે ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ જય પામે છે.

(૨) જેના નામમાત્રના સ્મરણથી જીવોના વિઘ્નોની કોટિ (કરોડો વિઘ્નો) વિનાશને પામે છે. અચિન્ત્ય ચિંતામણિરત્ન સમાન એવા શંખેશ્વર પાર્શ્વનાથનો અમે આશ્રય કરીએ છીએ. (એમનું શરણ સ્વીકારું છું.)

(૩) જિનોને, ગણધરોને, જિનસંબંધી વાણીને તથા ગુરુઓને પણ નમસ્કાર કરીને હું વિધિપૂર્વક ધર્મપરીક્ષાગ્રન્થનું વિવરણ કરીશ.

---

**<u>यशो०</u> इह हि सर्वज्ञोपज्ञे प्रवचने प्रविततनयभङ्गप्रमाणगम्भीरे परममाध्यस्थ्यपवित्रितैः श्रीसिद्धसेन-हरिभद्रप्रभृतिसूरिभिर्विशदीकृतेऽपि दुःषमादोषानुभावात् केषाञ्चिद् दुर्विदग्धोपदेशविप्रतारितानां भूयः शङ्कोदयः प्रादुर्भवतीति तन्निरासेन तन्मनोनैर्मल्यमाधातुं धर्मपरीक्षानामायं ग्रन्थः प्रारभ्यते। तस्य चेयमादिगाथा –**

चन्द्र० जिनप्रवचने प्रतिपादितानि तत्त्वानि महापुरुषविरचितैः ग्रन्थैः स्पष्टीकृतान्यपि वर्तमानकाले उत्सूत्रप्ररूपकवचनैः प्रतारितानां मुग्धजनानां शङ्कास्पदानि भवन्ति, यथा 'किमिदं तत्त्वमित्थमेवोतान्यथा'इति । एतदेवाह-"**इह हि सर्वज्ञोपज्ञे**" इत्यादि । प्रविततानि यानि नयभङ्गप्रमाणानि, तैः गम्भीर इति । तत्र नया नैगमादयः, भङ्गाः सप्तभङ्गीप्रभृतयः, प्रमाणं च प्रसिद्धमेवेति । **दुर्विदग्धेत्यादि**, दुर्विदग्धानां = ज्ञानलेशेन मिथ्याभिमानिनां य उपदेशः, तेन विप्रतारितानां इति । शेषं स्पष्टम् ।

ચન્દ્ર૦ : આ સંસારમાં સર્વજ્ઞોએ રચેલું જિનપ્રવચન આમ તો અત્યંત વિશાળ એવા નયો, ભાંગાઓ અને પ્રમાણને લીધે ખૂબ ગંભીર છે. છતાં પરમમાધ્યસ્થ્યગુણથી પવિત્ર થયેલા શ્રીસિદ્ધસેનસૂરિ, શ્રી હરિભદ્રસૂરિ વિગેરે આચાર્યોએ આ પ્રવચનને એકદમ સ્પષ્ટ કરેલ છે. આ પ્રવચન આ રીતે સ્પષ્ટ હોવા છતાં પણ આ દુ:ષમકાળ રૂપ દોષનો પ્રભાવ ઘણો છે અને એના કારણે લેશજ્ઞાનમાત્રને લીધે અભિમાની બનેલા એવા લોકોના ઉપદેશથી ઠગાયેલા કેટલાક જીવોને ફરીથી જિનવચનને વિશે શંકાનો ઉદય પ્રગટ થાય છે = જે પદાર્થોમાં પહેલા શંકા ન હતી, તે પદાર્થોમાં હવે પુનઃ શંકા ઉત્પન્ન થાય છે.

માટે તે શંકાને દૂર કરવા દ્વારા તેમના મનને નિર્મલ બનાવવા માટે આ ધર્મપરીક્ષા નામનો ગ્રંથ શરુ કરાય છે. તેની આ પ્રથમ ગાથા છે.

### ગાથા-૧

**यशो० पणमिय पासजिणिंदं, धम्मपरिक्खाविहिं पवक्खामि ।**
**गुरुपरिवाडीसुद्धं, आगमजुत्तीहिं अविरुद्धं ।।१।।**

प्रणम्य पार्श्वजिनेन्द्रं, धर्मपरीक्षाविधिं प्रवक्ष्ये ।
गुरुपरिपाटीशुद्धं, आगमयुक्तिभ्यामविरुद्धम् ।।१।।

चन्द्र० : पार्श्वजिनेन्द्रं प्रणम्य गुरुपरिपाटिशुद्धं आगमयुक्तिभ्यामविरूद्धं धर्मपरीक्षाविधिं प्रवक्ष्यामि इति गाथार्थः ।

ચન્દ્ર૦ : પાર્શ્વ જિનેશ્વરને નમસ્કાર કરીને ગુરુપરંપરાથી શુદ્ધ અને આગમ-યુક્તિઓ વડે અવિરૂદ્ધ એવી ધર્મપરીક્ષાવિધિને કહીશ.

**यशो०** **'पणमिय' त्ति । प्रणम्य = प्रकर्षेण भक्तिश्रद्धाऽतिशयलक्षणेन नत्वा, पार्श्वजिनेन्द्रम्। अनेन प्रारिप्सितप्रतिबन्धकदुरितनिरासार्थं शिष्टाचारपरिपालनार्थं च मङ्गलमाचरितम्।**

---

**चन्द्र०** : **अनेन** = पार्श्वजिनेन्द्रस्य प्रकर्षनमस्कारकरणेन । **प्रारिप्सितेत्यादि**, प्रारब्धुमिष्टो यः प्रकृतग्रन्थः, तत्**प्रतिबन्धक**रूपाणां **दुरितानां** = पापानां यो **निरासः**, तदर्थम् ।

ननु यदि ग्रन्थकारस्य प्रतिबन्धकीभूतं दुरितमेव न भवेत्, तर्हि ग्रन्थकृत्कृतस्य मङ्गलस्य निष्फलत्वं भवेदित्यतो मङ्गलकरणस्य द्वितीयं प्रयोजनमाह-**शिष्टाचारेत्यादि** । तथा च ग्रन्थकारस्य मङ्गलकरणाद् दूरितध्वंसो भवतु मा वा, शिष्टाचारपरिपालनं तु तेन भविष्यत्येवेति मङ्गलं सफलमेवेति ।

**ચન્દ્ર૦** : પાર્શ્વજિનેન્દ્રને પ્રણામ કરીને...પ્રણામ એટલે પ્રકર્ષથી નમીને, એટલે કે ભક્તિ અને શ્રદ્ધાના અતિશય રૂપ પ્રકર્ષથી નમીને...ધર્મપરીક્ષાવિધિને કહીશ.. પાર્શ્વજિનેન્દ્રને પ્રકર્ષથી નમસ્કાર કરવા દ્વારા (૧) પ્રારંભ કરવાને ઇચ્છાયેલ પ્રસ્તુતગ્રન્થના પ્રતિબંધકીભૂત એવા પાપોનો નિરાસ કરવા માટે અને (૨) શિષ્ટાચારનું પરિપાલન કરવા માટે મંગલનું આચરણ કરાયું.

---

**यशो०** **धर्मस्य = धर्मत्वेनाभ्युपगतस्य, परीक्षाविधिं = अयमित्थंभूतोऽनित्थंभूतो वेति विशेषनिर्द्धारणप्रकारं, प्रवक्ष्ये ।**

---

**चन्द्र०** : **धर्मस्येति** । ननु सर्वज्ञप्रतिपादितो धर्मस्तु धर्मत्वेन सिद्ध एव, न तत्र परीक्षा करणीया । न हि सुवर्णस्य परीक्षा क्रियते, यतो यत्सुवर्णस्वरूपेण निश्चितं, तदेव सुवर्णं कथ्यते, तस्य च परीक्षा मूर्खाणामेव शोभत इत्यत आह–**धर्मत्वेनाभ्युपगतस्येति** । तथा च यदा यद् वस्तु सुवर्णस्वरूपेण निश्चितं नास्ति, किन्तु कैश्चित्तद् वस्तु "इदं सुवर्णम्" इत्यभ्युपगतं भवति, तदा "तद् वस्तु सुवर्णं न वा" इति बोधार्थं परीक्षा क्रियत एव । एवं सर्वविरत्यादिरूपो यो धर्मः 'अयं धर्मः' इति निश्चितोऽस्ति, तस्य परीक्षा नैव क्रियते । किन्तु यद् वस्तु 'अयं धर्मः' इति निश्चितं नास्ति, किन्तु केनचित् तद् वस्तु 'अयं धर्मः' इति अभ्युपगतम्, तदा तु तस्य परीक्षा करणीयैव भवतीति ।

**ચન્દ્ર૦** : (**શિષ્ય** : તમે ધર્મની પરીક્ષા કરવાનું કહો છો પણ એ યોગ્ય નથી. જેમ

કોઈક વસ્તુ 'આ સુવર્ણ છે' એમ નિશ્ચિત થઈ ચૂકી હોય ત્યારે જ વસ્તુ સુવર્ણ કહેવાય છે. અને હવે જે વસ્તુ સુવર્ણ તરીકે બધાએ માની જ લીધી છે એની વળી પરીક્ષા કરવાની જ ક્યાં રહે છે ? એમ 'આ પદાર્થ ધર્મ છે' એવું જે પદાર્થમાં નિશ્ચિત (સિદ્ધ) થઈ ચૂક્યું હોય, એ જ પદાર્થ 'ધર્મ' કહેવાય છે. અને એ પદાર્થ ધર્મ તરીકે બધાને માન્ય બની ચૂકેલ હોવાથી એની પરીક્ષા કરવાની રહેતી નથી. એટલે 'ધર્મની પરીક્ષાવિધિને કહીશ' આ તમારી પ્રતિજ્ઞા બરાબર નથી.)

**ગુરુ :** ગાથામાં રહેલા ધર્મ પદનો અર્થ 'ધર્મ તરીકે સ્વીકારાયેલ' એમ કરવો. અર્થાત્ કોઈક વ્યક્તિએ કોઈક પદાર્થને ધર્મ તરીકે માની લીધો છે, પણ એ પદાર્થ હજી ધર્મ તરીકે નિશ્ચિત નથી થયો. બધાએ એ પદાર્થને ધર્મ તરીકે સ્વીકાર્યો નથી. આવા પદાર્થની પરીક્ષા કરવી જ પડે. જેમ કોઈક માણસે કોઈક વસ્તુને 'આ સુવર્ણ છે' એમ માની લીધી. તો ત્યાં હજી એ નિશ્ચિત નથી થયું કે 'આ સુવર્ણ જ છે.' માટે જ બધાએ કંઈ એ વાત સ્વીકારી નથી. આવી પરિસ્થિતિમાં એ વસ્તુની પરીક્ષા કરવી જ પડે ને ? કે 'આ સુવર્ણ છે કે નહિ ?' એમ અત્રે સમજવું.

**શિષ્ય :** પરીક્ષાવિધિ એટલે શું ?

**ગુરુ :** 'આ વસ્તુ આ પ્રમાણે છે ? કે આ પ્રમાણે નથી ?' એ પ્રમાણે વસ્તુના વિશેષધર્મોનો નિર્ણય કરવાની પદ્ધતિ = પ્રકાર એ પરીક્ષાવિધિ કહેવાય.

**<u>यशो०</u> प्रेक्षावत्प्रवृत्त्युपयोगिविषयाभिधानप्रतिज्ञेयम् ।**

**<u>चन्द्र०</u> :** प्रेक्षावन्तो हि जीवाः स्वेष्टं विषयं ग्रन्थे विद्यमानं ज्ञात्वैव ग्रन्थे प्रवर्तन्ते । यावत्कालं स्वेष्टं विषयं ग्रन्थे विद्यमानं न जानन्ति, तावत्कालं ते तस्मिन्ग्रन्थे प्रवृत्तिं न कुर्वन्ति । तथाहि – येन प्रेक्षावता न्यायविषयो ज्ञातुमभिलषितो भवति, स कर्मग्रन्थे न्यायविषय-मविद्यमानं ज्ञात्वा तत्र प्रवृत्तिं नैव करोति । तथा न्यायग्रन्थेऽपि यावत्कालं 'अयं न्याय-विषयप्रतिपादको ग्रन्थः' इति मतिर्न भवति, तावत्कालं तत्रापि पठितुं प्रवृत्तिं न करोति । यदा च जानाति 'अयं न्यायग्रन्थः' इति, तदा प्रवर्तते । प्रकृते ये धर्मपरीक्षाविधिं ज्ञातुमभिलषन्ति, ते इमां प्रथमां गाथां दृष्ट्वैव जानन्ति, यथा प्रकृते ग्रन्थे धर्मपरीक्षा-विधिर्विषयोऽस्ति, स च ममेष्टः । ततश्च ते प्रवर्तन्ते । इत्थञ्च **प्रेक्षावतां** = सुमतिमतां या **प्रवृत्तिः**, तदर्थं **उपयोगि** यत् **विषयाभिधानं** = विषयकथनं, तस्य **प्रतिज्ञा इयं** ।

**धर्मपरीक्षाविधिं वक्ष्ये** इति गाथादलं प्रेक्षावत्प्रवृत्त्युपयोगिविषयाभिधानप्रतिज्ञारुपमस्ति इति भावः ।

अप्रेक्षावन्तो हि विषयमज्ञात्वाऽपि यत्र कुत्रापि प्रवृत्तिं कुर्वन्त्येवेति न तत्प्रवृत्त्यर्थं विषयाभिधानप्रतिज्ञा कर्त्तव्या ।

किञ्च अप्रेक्षावन्तो हि गम्भीरार्थेऽस्मिन्ग्रन्थे न प्रवर्तयेयुरित्येव महात्मनामिष्टं भवति । ततश्च तत्प्रवृत्त्यर्थं किञ्चिदपि न कर्त्तव्यमेव ।

<u>ચન્દ્ર૦</u> : બુદ્ધિમાન વ્યક્તિઓની આ ગ્રન્થ ભણવામાં પ્રવૃત્તિ થાય, તે માટે વિષયનું કથન કરવું ઉપયોગી છે. ગાથામાં જે **धर्मपरीक्षाविधिं वक्ष्ये** શબ્દ છે એ બુદ્ધિમાનોની પ્રવૃત્તિ માટે ઉપયોગી એવા વિષયાભિધાનની પ્રતિજ્ઞા રૂપ છે એમ જાણવું. (બુદ્ધિમાનો જે વિષય જાણવા ઈચ્છતા હોય એ વિષય 'આ ગ્રન્થમાં છે' એમ જાણ્યા બાદ જ એ ગ્રન્થમાં પ્રવૃત્તિ કરે છે. 'આ ગ્રન્થમાં કયા વિષયનું નિરૂપણ છે ?' એવું જ્યાં સુધી ખબર ન પડે અથવા વિષયનો ખ્યાલ આવવા છતાં એ વિષયનું જ્ઞાન પોતાને ઈષ્ટ ન હોય તો તેઓ તેમાં પ્રવૃત્તિ કરતા નથી જ. માટે જ કોઈપણ ગ્રન્થની શરુઆતમાં વિષયનું કથન જરૂરી છે, કે જેથી તે જાણીને તેની ઈચ્છાવાળા બુદ્ધિમાનો ગ્રન્થ ભણવામાં પ્રવૃત્તિ કરે.)

---

**<u>यशो०</u> प्रयोजनादयस्तु सामर्थ्यगम्याः, धर्मप्रतिपादकस्यास्य ग्रन्थस्य धर्मशास्त्र-प्रयोजनादिभिरेव प्रयोजनादिमत्त्वादिति ।**

---

<u>चन्द्र०</u> : ननु प्रथमगाथायां मङ्गलं विषयश्च प्रतिपादितौ, किन्तु प्रयोजनं सम्बन्धश्च न प्रतिपादितौ, ततश्च न्यूनतादोषयुक्तेयं गाथेत्यत आह-**प्रयोजनादयस्तु सामर्थ्यगम्याः** इति । न हि प्रकृतगाथया साक्षात्प्रयोजनादयो निरूपिताः, किन्तु ते मतिमता स्वत एव सम्यक् चिन्तनेन ज्ञातव्या इति भावः ।

ननु सामर्थ्येनापि ते ज्ञातुमस्माभिर्मन्दमतिभिर्न शक्या इत्यतः प्रयोजनादीनां सामर्थ्यगम्यत्वं हेतुद्वारेणाह-**धर्मप्रतिपादकस्येत्यादि** । अयं भावः-अयं ग्रन्थो धर्मप्रतिपादकोऽस्ति । धर्मप्रतिपादकग्रन्थानां अनन्तरं प्रयोजनं सम्यग्ज्ञानं, परम्परं च निर्वाणमिति सुप्रसिद्धमेव । तथा धर्मशास्त्राणां सम्बन्धोऽपि गुरुपरम्परात्मकः प्रसिद्ध एव । न हि किमपि धर्मशास्त्रं गुरुपरम्परारहितं स्वच्छन्दमतिप्रकल्पितं इष्यते । ततश्च ये एव धर्मशास्त्राणां प्रयोजनादयो

भवन्ति, ते एव धर्मप्रतिपादकस्य प्रस्तुतग्रन्थस्यापि भवन्त्येव । इत्थञ्च यतोऽयं धर्मप्रतिपादको ग्रन्थो **धर्मशास्त्रप्रयोजनादिभिरेव प्रयोजनादिमानस्ति**, ततः प्रकृतग्रन्थस्य प्रयोजनादयः **सामर्थ्यात् = अर्थापत्त्या** ज्ञायन्त एवेति भावः ।

**ચન્દ્ર૦ : પ્રશ્ન** : આ ગાથામાં ગ્રન્થનું પ્રયોજન, સંબંધ કેમ નથી બતાવ્યા ?

**ઉત્તર** : પ્રયોજન વગેરે તો સામર્થ્યથી = અર્થાપત્તિથી સમજી લેવાના છે.

**પ્રશ્ન** : પણ અમે સામર્થ્યથી સમજી શકતા નથી.

**ઉત્તર** : આ ગ્રન્થ શેનો પ્રતિપાદક છે ? ધર્મનો ! એટલે આ ગ્રન્થ ધર્મશાસ્ત્ર રૂપ છે. એટલે ધર્મશાસ્ત્રના જે પ્રયોજન+સંબંધ હોય, એ જ આના પણ હોવાના જ. એ કહેવાની જરૂર જ નથી. આથી ધર્મશાસ્ત્રના પ્રયોજનાદિ વડે જ આ ગ્રન્થ પ્રયોજનાદિમાન સમજી લેવાનો છે. [અનંતર પ્રયોજન સમ્યગ્જ્ઞાન, પરંપર પ્રયોજન મોક્ષ ! સંબંધ છે ગુરુપરંપરા !]

---

**यशो० किंभूतं धर्मपरीक्षाविधिम् ? गुरुपरिपाटीशुद्धम्=अविच्छिन्नपूर्वाचार्यपरम्परा-वचनानुसरणपवित्रम्, तथा आगमयुक्तिभ्यां=सिद्धान्ततर्काभ्यामविरुद्धं=अबाधितार्थम् । एतेनाभिनिवेशमूलकस्वकपोलकल्पनाऽऽशङ्का परिहृता भवति ।**

---

**चन्द्र० : अविच्छिन्नेत्यादि** । अविच्छिन्नायाः पूर्वाचार्याणां परम्परया, यानि वचनानि तेषां यदनुसरणं, तेन पवित्रं = निर्दोषमिति ।

**एतेन** = 'गुरूपरिपाटीशुद्धम्' 'आगमयुक्तिभ्यामविरुद्धम्' इति विशेषणद्वयप्रतिपादनेन **अभिनिवेशमूलत्वेत्यादि** । अयं भावः-श्रोतृणां हि प्रस्तुतग्रन्थे शङ्का सम्भवति यदुत 'अस्मिन ग्रन्थे प्ररुप्यमाणो धर्मपरीक्षाविधिः किं अभिनिवेशमूलकया ग्रन्थकारस्य स्वस्य कपोलकल्पनया निर्मितो वर्तते, यद्वा आगमादिभिरबाधितार्थरुपो वर्तते ?'

'एतादृशीशङ्का मा भवेत्' इत्येतदर्थं ग्रन्थकारेण विशेषणद्वयं प्रतिपादितम् । तद्विशेषणद्वयं च दृष्ट्वा श्रोतारो निश्चिन्वन्ति यत् 'यतोऽयं धर्मपरीक्षाविधिः तर्कागमाभ्यामबाधितः, गुरुपरिपाटीशुद्धश्च वर्तते, ततो नात्र प्ररुप्यमाणे धर्मपरीक्षाविधौ अभिनिवेशमूलकस्वकपोल-कल्पनाऽवकाशः सम्भवति' इति ।

ननु यत् गुरुपरिपाटीशुद्धं भवति, तत् तर्कागमाविरूद्धमेव भवति । यच्च तर्कागमाविरूद्धं

भवति, तद् गुरुपरिपाटीशुद्धमेव भवति । न हि पूर्वाचार्याः तर्कागमविरूद्धं किञ्चिदपि प्रतिपादयन्ति । ततश्च द्वयोर्मध्यादेकमेव विशेषणं अत्रोपादातुं युक्तम् । विशेषणद्वयं तु नोपयोगि इति चेत् ?, उच्यते,

कलिकालसर्वज्ञकल्पा महोपाध्याया विशेषणद्वयोपादानेनैतद् ज्ञापयन्ति यदुत 'आगम-तर्काभ्यामविरूद्धं दृश्यमानमपि यद् गुरुपरिपाटीशुद्धं न भवति, न तत् वक्तुं युक्तम् ।' यथा - नमोऽस्तुवर्धमानस्तुतिपर्यन्तमेव प्रतिक्रमणमागमतर्काभ्यामविरूद्धं, किन्तु गुरुपरिपाटीशुद्धं तु प्रतिक्रमणं सम्प्रति लघुशान्तिस्तवपर्यन्तं दृश्यते, ततश्च 'प्रतिक्रमणं नमोऽस्तुवर्धमानस्तुति-पर्यन्तमेव करणीयं, न त्वधिकं' इत्यादि वक्तुं न युज्यते इति ।

एवं गुरुपरिपाटीविशुद्धमपि दृश्यमानं यत् आगमतर्काभ्यां विरूद्धं भवति, तदपि न वक्तव्यं, न चैवादरणीयम् ।

यद्यपि यद् भावगुरुपरिपाटीशुद्धं भवति, तत् कदापि आगमतर्काभ्यां विरुद्धं न भवति । तथापि द्रव्यगुरुपरिपाटीशुद्धमपि व्यवहारतो गुरुपरिपाटीशुद्धं उच्यते, तत्तु आगमतर्काभ्यां विरुद्धं सम्भवतीति तन्नादरणीयमिति भावः ।

अत्र बहु वक्तव्यं, किन्तु विस्तरभयान्नोच्यते । केवलमयमत्र परमार्थः - यत्र अनुबन्धतो बहूनां राग-द्वेषहानिर्भवति, तत्किमपि वस्तु गुरुपरिपाटीशुद्धं आगमतर्काविरूद्धं च गण्यते । यत्र चानुबन्धतो बहूनां रागद्वेषवृद्धिर्भवति, तत् किमपि वस्तु गुरुपरिपाटीशुद्धं आगमतर्काभ्याम-विरूद्धं वा नैव गण्यते । गीतार्थशरणं स्वीकृत्यैवास्य परमार्थो बोध्य इति हितोपदेशः ।

इत्थं चात्र ग्रन्थे आगमतर्काभ्यामविरुद्धं = आगमश्रुतव्यवहारानुसारि युक्त्यनुसारि च गुरुपरिपाटीविशुद्धं = जीतव्यवहारानुसारि च तत्त्वं वक्ष्यत इति ।

**ચન્દ્ર૦ : પ્રશ્ન :** કેવા પ્રકારની ધર્મપરીક્ષા વિધિને તમે કહેશો ? **ઉત્તર :** આ ધર્મપરીક્ષાવિધિ ગ્રન્થ ગુરુપરિપાટિથી શુદ્ધ છે. એટલે કે અવિચ્છિન્ન એવી જે પૂર્વાચાર્યોની પરંપરા છે, તેમના વચનોને અનુસારે જ આ ગ્રન્થ રચાયેલો છે. અને માટે જ આ ગ્રન્થ પવિત્ર છે. વળી આ ધર્મપરીક્ષાવિધિ જિનાગમો અને તર્ક વડે અવિરૂદ્ધ છે. એટલે કે આ ગ્રન્થમાં કહેવામાં આવનારી ધર્મપરીક્ષાવિધિ જિનાગમોથી પણ બાધિત થતા નથી કે તર્કોથી પણ બાધિત થતા નથી. અર્થાત્ આ ધર્મપરીક્ષાવિધિ જિનાગમાનુસારી અને તર્કાનુસારી છે.

**શિષ્ય :** પણ આ બે વિશેષણો કહેવાની શી જરૂર ? 'ધર્મપરીક્ષાવિધિ એ ગુરુપરિપાટીશુદ્ધ છે અને આગમ-તર્કઅવિરૂદ્ધ છે' એમ કહેવાનું કોઈ પ્રયોજન જ નથી.

**ગુરુ :** આ બે વિશેષણો કહેવા દ્વારા આ ગ્રન્થમાં શ્રોતાઓને થનારી અભિનિવેશમૂલકસ્વકપોલકલ્પનાની આશંકા દૂર કરાયેલી થાય છે.

આશય એ છે કે જો આ બે શબ્દ ન લખે, તો શ્રોતાઓને એવી શંકા થવાની શક્યતા છે કે 'અમુક પદાર્થોમાં પોતાનો કદાગ્રહ હોય, એટલે કે એ પદાર્થો શાસ્ત્રવિરૂદ્ધ-તર્કવિરૂદ્ધ હોવા છતાં ગ્રન્થકારને એ જ પદાર્થોમાં મિથ્યા અભિનિવેશ હોય' અને એ મિથ્યા-અભિનિવેશને લીધે જ એમણે પોતાના મનથી જાત-જાતની કલ્પનાઓ કરીને નવા જ પદાર્થો આ ગ્રન્થમાં નવો જ ધર્મપરીક્ષાની વિધિ લખ્યો હોય તો ? જો આવું હોય તો આ ગ્રન્થનો અભ્યાસ ન કરાય.'

પણ આ બે વિશેષણો લખવાના કારણે શ્રોતાઓને આવી શંકા ન થાય. તેઓ આ બે વિશેષણો સાંભળીને જ સમજી જાય કે આ ધર્મપરીક્ષાની વિધિ ગ્રન્થના પદાર્થો ગુરુપરંપરાથી આવેલ છે અને તર્ક + આગમથી અવિરૂદ્ધ છે, એટલે એમાં મિથ્યાભિનિવેશમૂલક એવી સ્વમતિકલ્પના ન જ હોય.

[**શિષ્ય :** જે કાર્ય ગુરુપરિપાટીથી શુદ્ધ હોય, તે તર્ક + આગમથી અવિરૂદ્ધ જ હોય. એમ જે કાર્ય તર્કાગમથી અવિરૂદ્ધ હોય, તે ગુરુપરિપાટીથી શુદ્ધ જ હોય. પ્રાચીન આચાર્યો તર્કાગમવિરૂદ્ધ એવું કંઈપણ પ્રતિપાદન કરતા નથી. તેથી બેમાંથી એક જ વિશેષણ અહીં ગ્રહણ કરવું યોગ્ય છે. બે વિશેષણ ઉપયોગી નથી.

**ગુરુ :** કલિકાલસર્વજ્ઞસમાન મહોપાધ્યાયજી બે વિશેષણોનું ગ્રહણ કરવા દ્વારા આ વાત જણાવે છે કે આગમ-તર્કથી અવિરૂદ્ધ દેખાતી પણ જે વસ્તુ ગુરુપરિપાટીશુદ્ધ ન હોય તે વસ્તુ બોલવી યોગ્ય નથી. જેમકે "નમોસ્તુ" સ્તુતિ સુધીનું જ પ્રતિક્રમણ આગમ-તર્કથી અવિરૂદ્ધ છે. પરંતુ ગુરુપરિપાટીશુદ્ધ પ્રતિક્રમણ તો વર્તમાનમાં લઘુશાંતિ સુધીનું છે. તેથી "પ્રતિક્રમણ નમોઽસ્તુ સ્તુતિ સુધી જ કરવું. વધારે નહિ..." આ બધું બોલવું યોગ્ય નથી.

એમ ગુરુપરિપાટીશુદ્ધ એવું પણ જે કાર્ય આગમતર્કથી વિરૂદ્ધ હોય તેનું નિરૂપણ કરવું કે તેનો આદર કરવો યોગ્ય નથી.

જો કે ભાવગુરુની પરિપાટીથી વિશુદ્ધ જે હોય, તે આગમતર્કથી અવિરુદ્ધ જ હોય. છતાં જે નામના ગુરુ કે દ્રવ્યગુરુ છે, એમની પરિપાટીથી શુદ્ધ પણ લોકમાં ગુરુપરિપાટીશુદ્ધ કહેવાય છે અને એ આગમતર્કવિરોધી સંભવે છે. માટે તેનો આદર કરવો નહિ.

આ વિષયમાં ઘણું કહેવા જેવું છે. પણ વિસ્તાર થવાના ભયથી કહેતો નથી. માત્ર આ અહીં પરમાર્થ છે કે જે કાર્યમાં પરંપરાએ ઘણાઓને રાગ-દ્વેષહાનિ થતી હોય, તે કાર્ય આદરવું. તે કાર્ય ગુરુપરીપાટીશુદ્ધ અને આગમતર્ક-અવિરૂદ્ધ જ કહેવાય. જ્યારે જે કાર્યમાં પરંપરાએ ઘણાઓને રાગદ્વેષની વૃદ્ધિ થતી હોય, તે કાર્ય ગુરુપરીપાટીશુદ્ધ કે આગમતર્ક-અવિરૂદ્ધ ન કહેવાય. ગીતાર્થનું શરણ સ્વીકારીને જ આ વિષયનો પરમાર્થ જાણવો એ પ્રમાણે હિતોપદેશ છે.]

---

**यशो० इयं हि ज्ञानांशदुर्विदग्धानामैहिकार्थमात्रलुब्धानां महतेऽनर्थाय ।**

---

**चन्द्र०** : अभिनिवेशमूलका स्वमतिकल्पना महानर्थकरीत्याह-**इयं** = प्रतिपादिता कल्पना **ज्ञानांशदुर्विदग्धानां** = ज्ञानलेशमात्रेणात्मानं पंडितंमन्यमानानां **ऐहिकार्थमात्रलुब्धानां** = धनकीर्त्यादिरूपतुच्छैहलौकिकफलमात्रासक्तानां **महतेऽनर्थाय** ।

ये गीतार्थोपदेशानुसारेण सम्यक्तत्त्वं प्राप्नुवन्ति, ते तु न स्वमतिकल्पितपदार्थान् प्रतिपादयन्ति, किन्तु यथाशास्त्रमेव प्रतिपादयन्ति । स्वमतिकल्पनया पदार्थनिरूपणे तु कारणं ज्ञानलेशजन्यो मिथ्यामद एवेति 'ज्ञानांशदुर्विदग्धानां' इति पदमुपात्तम् । तथा तेऽपि न यथा तथैव स्वमतिकल्पितपदार्थान्निरूपयन्ति, किन्तु यदा ऐहिकार्थमात्रलुब्धा भवन्ति, तदा तदर्थमेव तादृशपदार्थान् निरूपयन्ति । एतदर्थमेव द्वितीयं 'ऐहिकार्थमात्रलुब्धानां' इति पदमुपात्तम् ।

**ચન્દ્ર૦** : જેઓ જ્ઞાનનો અંશ માત્ર પામીને અભિમાની બનેલા છે, જેઓ આ લોકના ધન-કીર્તિ વિગેરે ફળોમાં લુબ્ધ બનેલા છે તેઓ આવા પ્રકારની સ્વમતિકલ્પના કરતા હોય છે. અને તેવાઓને આ કલ્પના નિશ્ચે મોટા અનર્થને માટે થાય છે.

---

**यशो० यावानेव ह्यर्थः सुविनिश्चितस्तावानेवानेन निरूपणीयः, न तु कल्पनामात्रेण यत्तदसंबद्धप्रलापो विधेय इति मध्यस्थाः,**

---

**चन्द्र** : यत एतादृशी स्वमतिकल्पना महानर्थकरी, अत एव प्रकृतार्थे मध्यस्थाः प्रतिपादयन्ति यदुत **यावानेव ह्यर्थः** इत्यादि । सु = सम्यक्प्रकारेण, संविग्नगीतार्थ-

सकाशात्श्रवणकरणद्वारा **वि** = विशेषेण, तात्पर्यार्थावबोधेन **निश्चितः** = शङ्कादिनिरासेन 'एतदित्थमेव' इति गृहीतः । **अनेन** = उपदेशकेन । शेषं स्पष्टम् ।

**ચન્દ્ર** : મધ્યસ્થપુરુષો કહે છે કે જેટલો અર્થ સારી રીતે, વિશેષથી નિશ્ચિત કરાયેલો હોય એટલો જ અર્થ કહેવો જોઈએ. પણ જે પદાર્થનો સારી રીતે વિશેષથી નિશ્ચય ન કરાયો હોય તે પદાર્થમાં ખોટી ખોટી કલ્પનાઓ દોડાવી ગમે તેવો, સંબંધ વિનાનો પ્રલાપ ન કરવો જોઈએ.

---

**यशो० अत एव चिरप्ररूढमप्यर्थं कल्पनादोषभीरवो नाहत्य दूषयन्ति गीतार्थाः । तदुक्तं धर्मरत्नप्रकरणे –**

जं च ण सुत्ते विहियं ण य पडिसिद्धं जणंमि चिररूढं । समइविगप्पिअदोसा तं पि, ण दूसंति गीयत्था ।।९९।।

**ततश्च माध्यस्थ्यमेव धर्मपरीक्षायां प्रकृष्टं कारणमिति फलितम् ।।१।।**

---

**चन्द्र० : अत एव** = यतः मिथ्याकल्पना महानर्थकरी, कल्पनामात्रेण चासम्बद्ध-प्रलापोऽकरणीय एव, अत एव **चिरप्ररूढमपि** = जिनप्रवचनेऽदृश्यमानमपि सत् प्रभूतकालतः श्रमणसङ्घे सर्वत्र प्रसिद्धिं प्राप्तमपि । गीतार्था हि जिनप्रवचने स्पष्टं दृश्यमानं तत्त्वं तावन्नैव दूषयन्ति, किन्तु अदृश्यमानमपि चिरप्ररूढमर्थं न दूषयन्तीति अपिशब्दार्थः । **नाहत्य** = न तत्तत्कालीनैः प्रभूतैर्गीतार्थसंविग्नैः सह सम्यक् विचारणमकृत्वैव । तत्तत्कालीनप्रभूतगीतार्थैः सह सम्यक् विचारणं कृत्वा तु तथाविधचिरप्ररूढमप्यर्थं दूषयन्त्येव परहितकरणैकदक्षा गीतार्थाः ।

इदमत्र तात्पर्यम् :- किञ्चिच्चिरप्ररूढं वस्तु कस्यचित् गीतार्थस्य यदि अयुक्तं प्रतिभासेत्, तथापि ते न यथातथैव तद् दूषयन्ति । यतस्ते चिन्तयन्ति यदुत 'यद्यपि मम तु स्वमत्यनुसारतः इदं चिरप्ररूढं वस्तु अयुक्तं प्रतिभाति । तथापि अन्येषां महागीतार्थानां तु इदमेव वस्तु युक्तियुक्तं प्रतिभातं सम्भवत्येव । यदि च अहं मन्मतिकल्पनयेदं दूषयामि, तर्हि महागीतार्थ-दृष्ट्या युक्तियुक्तस्य वस्तुनो दूषणदाने मम महान्स्वमतिकल्पनापराधो भविष्यति । तस्मान्नैतद्युक्तं मम' इति । एवं च कल्पनादोषभीरवो न ते तादृशमप्यर्थं दूषयन्ति ।

अत्रार्थे प्राचीनपुरुषसम्मतिमाह-तदुक्तं इत्यादि । धर्मरत्नप्रकरणगाथासङ्क्षेपार्थस्त्वयम्-

'यत् सूत्रे विहितं न, न च प्रतिषिद्धं, तथापि जने चिररूढमस्ति । एतादृशमपि वस्तु स्वमतिविकल्पितदोषा: = स्वमत्या तस्मिन्वस्तुनि विकल्पिता दोषा यैस्ते गीतार्था न दूषयन्ति ।

अत्र सर्वत्र गीतार्था: संविग्ना: संविग्नपाक्षिका वाऽवश्यमपेक्षणीया: ।

एतद्विचारणया यत्फलितं, तदाह **ततश्चेत्यादि** । स्पष्टम् ।

चन्द्र० : જે કારણથી સ્વમતિકલ્પના મોટા અનર્થને કરનારી છે અને કલ્પનામાત્રથી પ્રલાપ કરવો યોગ્ય નથી, તે જ કારણસર મિથ્યાકલ્પનાના દોષોથી ગભરાયેલા ગીતાર્થો (શાસ્ત્રોક્ત પદાર્થોને તો ઠીક પણ) શાસ્ત્રમાં ન દેખાતી એવી લાંબાકાળથી લોકમાં રૂઢ થયેલી વસ્તુને પણ ગમે તેમ (= ઘણા ગીતાર્થો સાથે ગંભીર વિચારણા કર્યા વિના) ખંડિત કરતા નથી, તોડી પાડતા નથી.

ધર્મરત્નપ્રકરણમાં તે જ કહ્યું છે કે "સૂત્રમાં જે વસ્તુ કહેલી ન હોય કે નિષેધેલી ન હોય, છતાં લોકમાં લાંબાકાળથી રૂઢ હોય તેવી વસ્તુને પણ પોતાની મતિથી (એ વસ્તુમાં) દોષો કલ્પી લઈને દૂષિત કરવાનું કામ ગીતાર્થો કરતા નથી."

**ગાથા-૧ પૂર્ણ**

---

## ગાથા-૨

यशो०

एतदेवाह –

**सो धम्मो जो जीवं धारेइ भवण्णवे निवडमाणं ।**

**तस्स परिक्खामूलं मज्झत्थत्तं चिय जिणुत्तं ।।२।।**

स धर्मो यो जीवं धारयति भवार्णवे निपतन्तम् ।

तस्य परीक्षामूलं मध्यस्थत्वमेव जिनोक्तम् ।।२।।

---

चन्द्र० : यो जीवं भवार्णवे निपतन्तं धारयति स धर्म:, जिनोक्तं माध्यस्थ्यमेव तस्य परीक्षामूलमिति द्वितीयगाथान्वयार्थ: ।

चन्द्र० : જે જીવને સંસારસમુદ્રમાં પડતા અટકાવે, પકડી રાખે તે ધર્મ કહેવાય. પરમાત્માએ બતાવેલ માધ્યસ્થ્ય જ તે ધર્મની પરીક્ષાનું મૂળ છે.

यशो० 'सो धम्मो'त्ति । यो भवार्णवे निपतन्तं जीवं क्षमादिगुणोपष्टम्भदानेन धारयति स धर्मो भगवत्प्रणीतः श्रुतचारित्रलक्षणः । तस्य परीक्षामूलं मध्यस्थत्वमेव जिनोक्तम्, अज्ञातविषये माध्यस्थ्यादेव हि गलितकुतर्कग्रहाणां धर्मवादेन तत्त्वोपलम्भप्रसिद्धेः ।

---

चन्द्र० : **क्षमादिगुणोपष्टम्भदानेन** = क्षमादयो ये गुणाः, तद्रूपस्याधारस्य दानेनेति। **श्रुतचारित्रलक्षणः** = श्रुतं च चारित्रं चेति श्रुतचारित्रे, ते एव लक्षणं यस्य सः। **तस्य परीक्षामूलं** इत्यादि, तस्य = धर्मस्य या परीक्षा, तन्मूलं = तत्प्रधानकारणम् ।

ननु कथं मध्यस्थत्वमेव धर्मपरीक्षायां मूलम् ? इत्यत आह-**अज्ञातविषये** = अज्ञातो यो धर्मस्वरूपो विषयः, तस्मिन्निति । धर्मस्य स्वरूपं कीदृशमिति अद्यापि अज्ञातमस्ति, ततश्च तद्विचारणायां यदि मध्यस्थत्वं न आश्रीयते, तर्हि कदाग्रहेण विपरीतमेव धर्मस्वरूपज्ञानं सम्भवेत् । ततोऽज्ञातविषये माध्यस्थ्यमादरणीयम्, तस्मादेव **गलितकुतर्कग्रहाणां** = विनष्टाः कुतर्काणां कदाग्रहा येषां, तेषां **धर्मवादेन** = शुष्कवादविवादत्यागेन तत्त्वज्ञानानुकूलविचारणया **तत्त्वोपलम्भप्रसिद्धेः** = तत्त्वज्ञानप्राप्तेः ।

माध्यस्थ्यात्कुतर्ककदाग्रहविनाशो भवति, ततश्च शुष्कवादादिपरित्यागेन धर्मवादः प्रकटीभवति, ततश्च तत्त्वज्ञानप्राप्तिर्भवति । तस्मादवश्यं धर्मपरीक्षामूलं माध्यस्थ्यमेव । तदभावे तु कुतर्ककदाग्रहकलुषितमनसः शुष्कवादादिकरणेन दुःखमेव प्राप्नुयुरिति ।

चन्द्र० : જે સંસારસમુદ્રમાં પડતા જીવને ક્ષમા વિગેરે ગુણોનો આધાર આપવા દ્વારા ધારી રાખે છે તે ધર્મ કહેવાય છે.

તે ધર્મ એટલે ભગવાને ભાખેલો દ્વાદશાંગીરૂપ શ્રુતધર્મ અને દેશવિરતિ-સર્વવિરતિ રૂપ ચારિત્રધર્મ.

તે ધર્મની પરીક્ષામાં મૂળ (કારણ) માધ્યસ્થ્ય જ પરમાત્માએ બતાવેલ છે. કેમકે ધર્મનું સ્વરૂપ શું છે ? તે હજી નક્કી કરવાનું છે. નક્કી થયેલું નથી. અર્થાત્ તે અજ્ઞાત વિષય છે. તો આવા અજ્ઞાત વિષયમાં તો માધ્યસ્થ્ય રાખવાથી જ કુતર્કોના કદાગ્રહો દૂર થાય, અને તેથી પછી કુતર્ક વિનાના બનેલા તે લોકો ધર્મવાદ કરનારા બને અને એ ધર્મવાદ દ્વારા તેઓને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય. આમ માધ્યસ્થ્યથી જ આ બધું થઈ શકતું હોવાથી માધ્યસ્થ્ય એ જ પરીક્ષાનું મૂળ છે.

---

यशो० ननु सदसद्विषयं माध्यस्थ्यं प्रतिकूलमेव। तदुक्तं –

सुनिश्चितं मत्सरिणो जनस्य न नाथ ! मुद्रामतिशेरते ते ।

माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समानुबन्धाः ।। **(अयोगव्य. द्वा. २७)**

**इति कथं तद् भवद्भिः परीक्षाऽनुकूलमुच्यत? इति चेत्?**

---

चन्द्र० : ननु भवद्भिः माध्यस्थ्यं धर्मपरीक्षाया मूलमुक्तं, किन्तु तन्न घटते, यतः **सदसद्विषयं** = मण्यादिरूपं यथार्थं वस्तु काचादिरूपं च कृत्रिमं वस्तु एव विषयो यस्य तादृशं यत् **माध्यस्थ्यं** = मण्यादिषु काचादिषु च समानैव बुद्धिः **प्रतिकूलमेव** = परीक्षायां अनुचितमेव ।

को नाम प्राज्ञो मणौ काचे च समानतामनुभवति, प्रतिपादयति च ? अत एवायोगव्यच्छेदद्वात्रिंशिकायां कलिकालसर्वज्ञा हेमचन्द्रसूरयः प्रतिपादितवन्तो यथा - हे **नाथ**! एतत्**सुनिश्चितम्** अस्ति यदुत ये परीक्षका माध्यस्थ्यमास्थाय मणौ च काचे च समानुबन्धाः = सममतयः, ते **मत्सरिणो** = भवद्द्वेषिणो **जनस्य मुद्रां** = स्वरूपं **नातिशेरते** = नोल्लङ्घयन्ति इति । ये परीक्षका मणितुल्ये भवति (त्वयि) काचतुल्ये शिवबुद्धादौ च माध्यस्थ्यं आलम्ब्य समानतामनुभवन्ति, ते हि त्वच्छत्रोः सकाशात् न न्यूनाः, किन्तु त्वद्द्वेषितुल्या एवेति ।

इत्थञ्चात्र माध्यस्थ्यं प्रतिकूलमेव प्रतिपादितम् । तद् भवद्भिः कथं परीक्षानुकूलमुच्यते ? इति चेत्,

ચન્દ્ર૦ : **શિષ્ય** : મણિ વિગેરે અસલી વસ્તુ અને કાચ વિગેરે નકલી વસ્તુ સંબંધમાં સમાન બુદ્ધિ રૂપ માધ્યસ્થ્ય એ તો પ્રતિકૂલ છે, અયોગ્ય છે.

શ્રી હેમચન્દ્રસૂરિજીએ પણ આ જ વાત કરી છે કે "હે નાથ ! આ વાત નિશ્ચિત છે કે જે પરીક્ષકો મધ્યસ્થતાને ધારણ કરીને મણિ અને કાચમાં સમ-અનુબંધવાળા = સમાનતાની બુદ્ધિવાળા છે તેઓ તમારા દ્વેષીજનોની મુદ્રાને = છાપને ઓળંગતા નથી. અર્થાત્ તેઓ તમારા દ્વેષીઓ જેવા જ છે." જ્યારે આ હકીકત છે, તો હવે તે માધ્યસ્થ્ય કેવી રીતે તમે પરીક્ષાને અનુકૂલ કહો છો ?

---

**यशो० सत्यं, प्रतीयमानस्फुटातिशयशालिपरविप्रतिपत्तिविषयपक्षद्वयान्यतर-निर्द्धारणानुकूलव्यापाराभावलक्षणस्य माध्यस्थ्यस्य परीक्षाप्रतिकूलत्वेऽपि स्वाभ्युपग-महानिभयप्रयोजकदृष्टिरागाभावलक्षणस्य माध्यस्थ्यस्य तदनुकूलत्वात् ।।२।।**

**चन्द्र०** : अत्र समाधानमाह – माध्यस्थ्यं हि द्विविधं भवति, तत्रैकं तावत्परीक्षाप्रतिकूलमेव, द्वितीयन्तु परीक्षानुकूलम् । तत्र परीक्षाप्रतिकूलं माध्यस्थ्यं प्रथमं दर्शयति **प्रतीयमानस्फुटेत्यादि** ।

प्रथमं तावत्समासं कृत्वा तत्पश्चाद् भावार्थं प्रतिपादयिष्यामि । प्रतीयमानस्फुटातिशयशालि परविप्रतिपत्तिविषयं च यत्पक्षद्वयं, तस्माद् यदन्यतरस्य निर्धारणं, तदनुकूलो यो व्यापारः, तदभावः परीक्षाप्रतिकूलं माध्यस्थ्यमिति ।

भावार्थस्त्वयम्-काचो मणिश्च इति पक्षद्वयं, तच्च प्रतीयमानः 'स्फुटो योऽतिशयः = परस्परं भेदः', तेन शालते = विशिष्टं वर्तते । यथा काचे अल्पमूल्यत्वं मणौ च महामूल्यत्वं, काचे मण्याभासत्वं मणौ च वास्तविकमणित्वमित्यादिरूपः स्फुटातिशयोऽस्त्येव, तेन च विशिष्टं पक्षद्वयं वर्तते ।

किन्तु परे = केचिद् काचं मणिं मणिं च काचं प्रतिपद्यन्ते, एवं च काचमणिरूपं पक्षद्वयं परेषां विप्रतिपत्तेः विषयो भवति । अत्र च पक्षद्वयमध्यान्मणेरेव मणितया निर्धारणं कर्त्तव्यं, न तु काचस्य । तदनुकूलो व्यापारस्तु अयमेव यदुत मणेः काचस्य च भेदो सम्यक्प्रकारेण स्वयं ज्ञेयः, अन्येषां च ज्ञापनीयः । परन्तु तादृशस्य व्यापारस्याभावरूपं माध्यस्थ्यं यस्मिन्वर्तते, स परीक्षां नैव करोति । तस्माद्युक्तमुक्तं तादृशव्यापाराभावः परीक्षाप्रतिकूलं माध्यस्थ्यमिति ।

अधुना द्वितीयं माध्यस्थ्यमाह **स्वाभ्युपगमेत्यादि** । 'साधुभिः वस्त्रं न धारणीयं' इत्यादिरूपो यः स्वाभ्युपगमः = दिगम्बरादीनां स्वाभिप्रायः, तस्य त्यागकरणरूपा या हानिः, तस्या यद् भयं "मया ममाभिप्रायस्तु नैव त्यक्तव्यः, यदि अहं शास्त्रानुसारेण तत्त्वचिन्तनं कुर्याम्, तर्हि मया मदभिप्रायः त्यक्तव्यः स्यात्, न च केनापि प्रकारेण अहं मदभिप्रायं त्यक्ष्यामि" इत्यादिरूपम् । यदि वा 'यद्यहं स्वाभिप्रायं त्यजेयम्, तर्हि मद्भक्तादिवर्गे मत्प्रतिष्ठाहानिः भवेत्, तेन च मदनुयायिवर्ग-इष्टार्थप्राप्ति-स्वैरविहारादीनां हानिरपि आपतेत्' इत्यादिरूपं, तत्प्रयुक्तो यो दृष्टिरागः = निजमते कदाग्रहः, तदभावलक्षणं द्वितीयं माध्यस्थ्यम् । तत्तु परीक्षानुकूलमेव ।

यस्य हि निजमते कदाग्रहात्मको रागो भवति, स स्वमतत्यागं कर्तुं कदापि समर्थो न भवति । अत एव तस्य तत्त्वचिन्तनादौ अनवरतं भयं भवति, 'मया पराजयं प्राप्य निजमतं त्यक्तव्यं मा भूत्' इति । एतादृशश्च कदाग्रही न सम्यग् धर्मपरीक्षां कर्तुमलम् । तादृशकदाग्रहाभावे

तु स सम्यक्तत्त्वचिन्तनेन धर्मपरीक्षां सम्यक्करोत्येवेति इदं द्वितीयं माध्यस्थ्यं धर्मपरीक्षानुकूलमेवेति भावः ।

तथा च प्रथममाध्यस्थ्यस्य परीक्षाप्रतिकूलत्वेऽपि द्वितीयमाध्यस्थ्यस्य परीक्षानुकूलत्वात् यदस्माभिरुक्तं 'माध्यस्थ्यं परीक्षानुकूलम्' इति, तद्युक्तमेव उक्तम् ।

<u>**ચન્દ્ર**</u> : માધ્યસ્થ્ય બે પ્રકારનું છે. એમાં મણિ-કાચ વિગેરે જે વસ્તુઓમાં સ્પષ્ટપણે અતિશય = ભેદ અનુભવાય છે. તેવી સ્પષ્ટભેદવાળી વસ્તુઓમાં બીજાઓને જે વિપ્રતિપત્તિ = વિવાદ = મતભેદ થાય કે 'મણિ મૂલ્યવાન નથી, કાચ મૂલ્યવાન છે... વિગેરે.'

તે વિપ્રતિપત્તિના વિષયભૂત બે પક્ષ તરીકે મણિ અને કાચ આવે. અને તે બેમાંથી કોઈપણ એકનું નિર્ધારણ કરવું પડે કે 'મણિ જ મૂલ્યવાન છે, કાચ નહિ...' તેવા નિર્ણય માટે અનુકૂળ વ્યાપાર એ જ છે કે મણિની મૂલ્યવત્તાને સાબિત કરનાર યુક્તિઓ આપવી અને કાચની તુચ્છતાને સાબિત કરનાર યુક્તિઓ આપવી... આવા પ્રકારના વ્યાપારનો અભાવ હોવો એ પ્રથમ માધ્યસ્થ્ય છે.

આ માધ્યસ્થ્ય જો કે પરીક્ષાને પ્રતિકૂલ છે, તો પણ જે બીજું માધ્યસ્થ્ય છે, તે પરીક્ષાને અનુકૂળ હોવાથી અમે જે વાત કરેલી કે 'માધ્યસ્થ્ય પરીક્ષાનુકૂલ છે' તે બરાબર જ છે.

બીજું માધ્યસ્થ્ય આ પ્રમાણે છે કે પોતે જે પદાર્થનો સ્વીકાર કરેલો છે દા. ત. 'સાધુઓએ વસ્ત્રો ન રાખવા.' તેવો દિગંબરોનો સ્વીકાર ! 'તે સ્વમતનો ત્યાગ મારે કરી દેવો પડશે.' એવા પ્રકારનો ભય તે તે જીવોને થતો હોય છે. આ ભયને લાવનાર એમનામાં રહેલો દૃષ્ટિરાગ = સ્વમતનો કદાગ્રહ છે, એમને પોતાના મતમાં કદાગ્રહ છે માટે જ જ્યારે પણ તત્વચિંતનાદિનો અવસર આવે ત્યારે ગભરાઈ જાય. 'હું જો ખોટો પડીશ, તો મારે મારી માન્યતા છોડી દેવી પડશે.'

આવા પ્રકારના દૃષ્ટિરાગનો અભાવ એ બીજા પ્રકારનું માધ્યસ્થ્ય છે. આવું માધ્યસ્થ્ય તો ધર્મપરીક્ષાને અનુકૂલ છે. કેમકે પોતાની માન્યતા છોડવાની સંપૂર્ણ તૈયારી આ આત્મા રાખે છે. એટલે એને ઉપરોક્ત ભય રહેતો જ નથી. એટલે 'માધ્યસ્થ્ય એ ધર્મપરીક્ષાનું મૂળ છે.' એ અમારી વાત આ બીજા પ્રકારના માધ્યસ્થ્યને લઈને યોગ્ય જ છે.

**બીજી ગાથા સંપૂર્ણ**

## ગાથા-૩

यशो०

**अथ मध्यस्थः कीदृग्भवति? इति तल्लक्षणमाह –**

**मज्झत्थो अ अणिस्सियववहारी, तस्स होइ गुणपक्खो ।**

**णो कुलगणाइणिस्सा, इय ववहारंमि सुपसिद्धं ।।३।।**

मध्यस्थश्चानिश्रितव्यवहारी, तस्य भवति गुणपक्षः ।

न कुलगणादिनिश्रा, इति व्यवहारे सुप्रसिद्धम् ।।३।।

चन्द्र० : मध्यस्थश्च अनिश्रितव्यवहारी (भवति) । तस्य गुणपक्षो भवति, न च कुलगणादिनिश्रा इति व्यवहारे सुप्रसिद्धम् इति तृतीयगाथार्थः ।

ચન્દ્ર૦ : મધ્યસ્થ આત્મા અનિશ્રિતવ્યવહારી હોય. તેને ગુણોનો પક્ષ હોય. તેને કુલ, ગણાદિની નિશ્રા ન હોય. આ વાત વ્યવહારસૂત્રમાં પ્રસિદ્ધ છે.

**यशो० मध्यस्थश्चानिश्रितव्यवहारी स्यात्, उपलक्षणत्वादनुपश्रितव्यवहारी च । तत्र निश्रा=रागः, उपश्रा च द्वेष इति रागद्वेषरहितशास्त्रप्रसिद्धाभाव्यानाभाव्यसाधुत्वासाधुत्वादिपरीक्षारूपव्यवहारकारीत्यर्थः ।**

**अत एव तस्य=मध्यस्थस्य, गुणपक्षः='गुणा एवादरणीयाः' इत्यभ्युपगमो भवति, न तु कुलगणादिनिश्रा=निजकुलगणादिना तुल्यस्य सद्भूतदोषाच्छादनयाऽसद्भूतगुणोद्भावनया च पक्षपातरूपा । तथा कुलगणादिना विसदृशस्यासद्भूतदोषोद्भावनया सद्भूतगुणाच्छादनयाऽपि चोपश्राऽपि न भवति इत्यपि द्रष्टव्यम् । इति=एतद् व्यवहारग्रन्थे सुप्रसिद्धम्, निश्रितोपश्रितव्यवहारकारिणः सूत्रे महाप्रायश्चित्तो-पदेशात् ।।३।।**

चन्द्र० : रागद्वेषरहितेत्यादि । रागद्वेषरहितं यथा स्यात् तथा शास्त्रप्रसिद्धं आभाव्यानाभाव्यसाधुत्वासाधुत्वादिपरीक्षारूपं व्यवहारं करोतीति भावः । **आभाव्यं** = यस्मिन् वस्तुनि यस्य स्वामित्वं वर्तते, तद् वस्तु तस्य आभाव्यं गण्यते । तदितरत्तु अनाभाव्यम् ।

**अत एव** = यतो मध्यस्थोऽनिश्रितव्यवहारी अनुपश्रितव्यवहारी च भवति, तस्मात्कारणात् । **निजकुलगणादिना तुल्यस्य** = निजकुलवर्तिनो निजगणवर्तिनश्चेति भावः, आदिपदात् निजसङ्घवर्तिनो ग्राह्याः । **कुलगणादिना विसदृशस्य** = स्वकुलाद् यद् भिन्नं

कुलं गणो वा, तद्वर्तिन इति भावः, अत्रापि आदिपदात् स्वसङ्घाद् भिन्नसङ्घवर्तिनो ग्राह्याः।

ननु कथं मध्यस्थो निश्रितोपश्रितव्यवहारकारी न भवति ? इति चेत् ? **निश्रितोपश्रितेत्यादि** रागद्वेषान्वितव्यवहारकर्तुः **सूत्रे** = छेदादिग्रन्थे । तथा च मध्यस्थः तादृशं प्रायश्चित्तं ज्ञात्वा न तत्कारणीभूतं रागद्वेषान्वितं व्यवहारं करोतीति भावः ।

**ચન્દ્ર૦ : મધ્યસ્થ જીવ નિશ્રા વિના જ વ્યવહાર કરનારો હોય.**

અહીં જો કે "નિશ્રા વિના વ્યવહાર કરનારો હોય એમ જ કહ્યું છે. પણ ઉપલક્ષણથી(એના ઉપરથી) આ પણ સમજી લેવું કે મધ્યસ્થજીવ ઉપશ્રારહિતપણે પણ વ્યવહાર કરનારો હોય.

એમાં નિશ્રા એટલે રાગ અને ઉપશ્રા એટલે દ્વેષ એ પ્રમાણે અર્થ છે. એટલે સાર એ આવ્યો કે 'શાસ્ત્રમાં શિષ્યાદિ વસ્તુઓની માલિકી કોની થાય ? અને કોની ન થાય ? સાધુ કોણ કહેવાય ? અને કોણ ન કહેવાય ?' વિગેરે પરીક્ષા કરવા રૂપ જે વ્યવહાર પ્રસિદ્ધ છે, મધ્યસ્થ જીવ રાગ-દ્વેષ વિના જ આવા પ્રકારના (શાસ્ત્ર મુજબ) વ્યવહારને કરનારો હોય.

મધ્યસ્થ જીવ આવો હોય છે, માટે જ તે મધ્યસ્થનો અભ્યુપગમ = સ્વીકાર - માન્યતા આ પ્રમાણે હોય છે કે 'ગુણો જ આદરણીય છે.' પરંતુ કુલગણાદિની નિશ્રા આદરણીય નથી. એટલે કે જે સાધુ પોતાના કુળનો કે ગણનો કે સંઘનો હોય, તે સાધુ કુલગણાદિની અપેક્ષાએ તુલ્ય કહેવાય. આવા સાધુમાં ખરેખર દોષો વિદ્યમાન હોય, છતાં એ પોતાના કુલ-ગણાદિનો હોવાથી એના એ દોષો ઢાંકી દેવા અને એનામાં જે ગુણો છે જ નહિ, એને જાહેર કરવા અને આ દ્વારા તે કુલગણાદિથી તુલ્ય સાધુમાં પક્ષપાત કરવો એ મધ્યસ્થ જીવને ન સંભવે.

એમ જે પોતાના કુલ કે ગણનો ન હોવાને લીધે કુલગણાદિની અપેક્ષાએ વિસદશ = જુદો હોય. તેનામાં જે દોષો ન હોય તેને જાહેર કરવા દ્વારા અને તેનામાં ખરેખર વિદ્યમાન ગુણોને ઢાંકી દેવા દ્વારા તે વ્યક્તિ ઉપર ઉપશ્રા = દ્વેષ કરવો એ પણ મધ્યસ્થને સંભવિત નથી. ગાથામાં જો કે 'કુલગણાદિનિશ્રા ન હોય' એમ જ લખેલ છે. પણ તેના ઉપરથી આ વાત પણ સમજી જ લેવી કે 'ભિન્નકુલગણાદિવાળા ઉપર દ્વેષ પણ ન હોય.'

મધ્યસ્થને રાગ-દ્વેષ હોતા નથી... ઇત્યાદિ અમે કહેલી વાત વ્યવહારસૂત્રમાં પ્રસિદ્ધ છે.

**શિષ્ય** : પણ મધ્યસ્થ જીવ શા માટે રાગ-દ્વેષપૂર્વક વ્યવહાર ન કરે ?

**ગુરુ** : કેમકે રાગદ્વેષપૂર્વક વ્યવહાર કરનારાને સૂત્રમાં મોટું પ્રાયશ્ચિત્ત દર્શાવેલ છે. એટલે પાપભીરુ મધ્યસ્થ એ જાણીને રાગદ્વેષપૂર્વક વ્યવહાર કદિ ન કરે.

**ત્રીજી ગાથા સંપૂર્ણ**

## ગાથા - ૪

**यशो०** **इत्थं च मध्यस्थस्यानिश्रितव्यवहारित्वाद् यत्कस्यचिदभिनिविष्टस्य पक्षपातवचनं तन्मध्यस्थैर्नाङ्गीकरणीयमित्याह –**

**चन्द्र** : **यत्कस्यचिदित्यादि** । कस्यचिद् **अभिनिविष्टस्य** = कदाग्रहिणो यत् **पक्षपातवचनं** = 'तपागच्छीया एव साधवः शोभनाः, नेतरगच्छवर्तिनः, ते तु अनन्तसंसारिण एव इत्यादिरूपं, **तत्** = पक्षपातवचनं **नाङ्गीकर्तव्यम्** = तत्स्वीकारो हि कदाग्रहिस्वीकृत-मिथ्यापदार्थस्वीकार एव, ततश्च तत्करणे मध्यस्थत्वमेव न घटते, न हि मध्यस्था रागद्वेषप्रयुक्तं मिथ्यावचनं स्वीकुर्वन्तीति तु प्रसिद्धमेव ।

**ચન્દ્ર** : આ પ્રમાણે એ નક્કી થયું કે મધ્યસ્થજીવ રાગાદિ વિના જ વ્યવહાર કરનારો હોય. અને આમ હોવાથી જ કોઈક કદાગ્રહીનું જે પક્ષપાતવચન છે, કે 'તપાગચ્છના સાધુઓ જ સારા. બાકી બધા સાધુઓ અનંતસંસારી થાય.' ઇત્યાદિ. તે વચન મધ્યસ્થોએ સ્વીકારવું જોઈએ નહિ. (જો સ્વીકારે તો તેઓ મધ્યસ્થ જ ન ગણાય.)

**यशो० तुल्ले वि तेण दोसे, पक्खविसेसेण जा विसेसु त्ति ।**

**सा णिस्सिय त्ति सुत्तुत्तिण्णं, तं बिंति मज्झत्था ।।४।।**

तुल्येऽपि तेन दोषे, पक्षविशेषेण या विशेषोक्तिः ।

सा निश्रितेति सूत्रोत्तीर्णा, तां ब्रुवते मध्यस्थाः ।।४।।

**चन्द्र०** : तेन तुल्येऽपि दोषे पक्षविशेषेण या विशेषोक्तिः, सा निश्रिता इति मध्यस्थास्तां

सूत्रोत्तीर्णां ब्रूवन्ति - इति गाथार्थः ।

चन्द्र० : તે કારણથી સમાન એવા પણ દોષમાં પક્ષપાતના લીધે જે વિશેષ કથન થાય છે. તે નિશ્રિત = રાગયુક્ત છે. માટે મધ્યસ્થો તે કથનને ઉત્સૂત્ર કહે છે.

---

**यशो० तुल्ले वित्ति । तेन=मध्यस्थस्य कुलादिपक्षपाताभावेन, तुल्येऽपि उत्सूत्रभाषणादिके दोषे सति पक्षविशेषेण या विशेषोक्तिः 'स्वपक्षपतितस्य यथाछन्दस्याप्यपरमार्गाश्रयणाभावान्न तथाविधदोषः, परपक्षपतितस्य तून्मार्गाश्रयणान्नियमेनानन्तसंसारित्वम्'इति, सा=विशेषोक्तिः निश्रिता=पक्षपातगर्भा, इति तां सूत्रोत्तीर्णां=आगमबाधितां ब्रुवते मध्यस्थाः ।।४।।**

---

चन्द्र० : **कुलादिपक्षपाताभावेनेति** । मध्यस्थाः किमर्थं निश्रितां विशेषोक्तिं सूत्रोत्तीर्णां प्रतिपादयन्ति ? इत्यत्र कारणं वक्तव्यम् । तत्कारणप्रदर्शनार्थं एव गाथायां '**तेन**' इति पदं गृहीतम् । यतो मध्यस्थस्य कुलादिपक्षपाताभावो भवति, तेन कारणेन मध्यस्था निश्रितां विशेषोक्तिं सूत्रोत्तीर्णां ब्रूवन्तीति भावः ।

**पक्षविशेषेण** = निजकुलगणवर्तिनि उत्सूत्रभाषकेऽपि पक्षपातकरणेन ।

**स्वपक्षपतितस्य** = तपागच्छान्तर्वर्तिनः **यथाछन्दस्य** = वक्ष्यमाणलक्षणस्य अवन्दनीयसाधोः **अपरमार्गाश्रयणाभावात्** = दिगम्बरपुनमियागच्छादिरूपो यस्तपागच्छभिन्नो मोक्षमार्गरूपेण व्यवह्रीयमाणो धर्मः, तन्निश्रावर्तित्वाभावात् **न तथाविधदोषः** = जिनशासनविच्छेदाभिप्रायप्रयुक्तोऽनन्तसंसारित्वादिरूपो दोषः, स्वल्पस्तु दोषस्तैः कदाग्रहिभिरपि प्रतिपाद्यत एवेति ।

**परपक्षपतितस्य** = दिगम्बरादिसम्प्रदायान्तर्वर्तिनः **उन्मार्गाश्रयणात्** = तपागच्छभिन्नाः सर्वेऽपि गच्छा उन्मार्गरूपा एव, ततश्च तदन्तर्वर्ती कोऽपि जीव उन्मार्गाश्रयकारीति कृत्वा **नियमेन** = एकान्तेन अनन्तसंसारित्वम् ।

**पक्षपातगर्भा इति** = यतः सा विशेषोक्तिः पक्षपातगर्भा, तस्मात्कारणात् ।

'**इति**'पदं अत्र कारणप्रतिपादकम् ।

चन्द्र० : મધ્યસ્થને તો કુલાદિનો પક્ષપાત હોતો જ નથી. અને માટે જ પોતાના

કુલાદિના સાધુનો અને બીજાના કુલાદિના સાધુનો ઉત્સૂત્ર ભાષણાદિરૂપ દોષ સમાન હોવા છતાં પણ જે કેટલાકો એવું વિશેષવચન બોલે છે કે 'અમારા પક્ષમાં રહેલો સાધુ યથાચ્છંદ = ઉત્સૂત્રપ્રરૂપક - ઉત્સૂત્રઆચારવાળો હોય, તો પણ તેણે અમારા પક્ષ સિવાય બીજા પક્ષનો આશ્રય ન લીધો હોવાથી તેને તેવા પ્રકારનો અનંતસંસારાદિ થવા રૂપ દોષ લાગતો જ નથી. જ્યારે તપાગચ્છ સિવાય બીજા કોઈપણ પક્ષમાં રહેલો તો ઉન્માર્ગનો આશ્રય કરનાર છે. અને માટે તેનો એકાંતે અનંતસંસાર થાય.'

તેઓનું આ વિશેષવચન પક્ષપાતગર્ભિત છે અને માટે જ મધ્યસ્થો આવા વચનને આગમબાધિત જ કહે છે. (મધ્યસ્થો કુલાદિપક્ષપાતવાળા નથી હોતા અને એટલે દોષ સમાન હોવા છતાં કુલાદિપક્ષપાતને લીધે સ્વપક્ષીયને ઓછો દોષ કહેનારાઓની વાતને મધ્યસ્થો શાસ્ત્રવિરૂદ્ધ કહે એ સ્વાભાવિક છે.)

---

**यशो० आगमे ह्यविशेषेणैवान्यथावादिनामन्यथाकारिणां च महादोषः प्रदर्शितस्तत्कोऽयं विशेषो यत्परपक्षपतितस्यैवोत्सूत्रभाषिणोऽनन्तसंसारित्वनियमो न स्वपक्षपतितस्य यथाछन्दादेरिति ।।४।।**

---

चन्द्र : सा विशेषोक्तिः कथं आगमबाधिता भवतीत्यत्र युक्तिमाह **आगमे हि** इत्यादि । **अविशेषेणैव** = 'तपागच्छीयसाधोः उत्सत्रप्ररूपणेऽपि स्वल्पो दोषो भवति, इतरगच्छीयस्य च महान् दोषो भवति' इत्यादि गच्छानुसारेण भेदं अकृत्वैव **अन्यथावादिनां** = उत्सूत्रप्ररूपकाणां **अन्यथाकारिणां च** = उत्सूत्रप्रवृत्तिकारिणां च **महादोषः** = अनन्तसंसारित्वादिरूपः ।

**तत्** = यत आगमे गच्छभेदमकृत्वैव सामान्यतः सर्वेषां उत्सूत्रप्ररूपकादीनां महान् दोषः प्रतिपादितः, तस्मात् कारणात् **कोऽयं विशेषः** = स्वगच्छीय-परगच्छीयसाध्वोः उत्सूत्रप्ररूपकयोः मध्ये को भेदः ? किमस्ति तयोर्मध्ये कश्चिद्विशेषः, यं पुरस्कृत्य एतद् वक्तुं शक्यते यथा 'स्वगच्छीयस्यानन्तसंसारित्वनियमो न, परपक्षीयस्तु नियमेनानन्तसंसारी' इति ।

**चन्द्र० : शिष्य :** 'એ વિશેષકથન આગમબાધિત છે' એમ મધ્યસ્થો કહે છે. પરંતુ એ કથન શી રીતે આગમબાધિત બને ? એ વાત તો તમે કરી નહીં.

**ગુરુ :** સાંભળ. આગમમાં તો અવિશેષથી જ = સામાન્યથી જ આ વાત દેખાડેલી

છે કે "ઉત્સૂત્રપ્રરૂપકોને અને ઉત્સૂત્ર આચાર પાળનારાઓને મોટો દોષ લાગે છે." અર્થાત્ આગમમાં ક્યાંય એવું લખેલું નથી કે "તપાગચ્છના ઉત્સૂત્રપ્રરૂપક સાધુઓને ઓછો દોષ લાગે અને બીજા ગચ્છના ઉત્સૂત્રપ્રરૂપકાદિને વધારે દોષ લાગે." પરંતુ આવો ભેદ પાડ્યા વિના બધાયને એક સરખી રીતે મોટો દોષ બતાવેલ છે.

જો આગમમાં આ પ્રમાણે જ વિધાન હોય તો પછી હે પૂર્વપક્ષ ! તું જ કહે કે સ્વગચ્છીય અને પરગચ્છીય ઉત્સૂત્રપ્રરૂપકાદિ સાધુમાં એવી તો કઈ વિશેષતા છે ? શું ભેદ છે ? કે જેને લઈને પરપક્ષમાં રહેલા એવા જ ઉત્સૂત્રપ્રરૂપકની અનંતસંસારિતાનો એકાંત કહેવાય અને સ્વપક્ષમાં રહેલા યથાછંદાદિની અનંતસંસારિતાનો નિયમ ન કહેવાય ?

તું જ અમને એ બે વચ્ચે કોઈ વિશેષતા = ભેદ બતાવ.

**ચોથી ગાથા સંપૂર્ણ**

---

## ગાથા - ૫

<u>यशो०</u>

**ननु ~ अस्त्ययं विशेषो यत्परपक्षगतस्योत्सूत्रभाषिणो 'वयमेव जैना अन्ये तु जैनाभासा' इत्येवं तीर्थोच्छेदाभिप्रायेण प्रवर्त्तमानस्य सन्मार्गनाशकत्वान्नियमेनानन्त-संसारित्वम्, स्वपक्षगतस्य तु व्यव-हारतो मार्गपतितस्य नायमभिप्रायः सम्भवति, तत्कारणस्य जैनप्रवचनप्रतिपक्षभूतापरमार्गस्याङ्गीकारस्याभावाद् ~ इत्यत आह –**

---

<u>चन्द्र</u> : पूर्वपक्षः स्वगच्छीयपरगच्छीयसाध्वोः मध्ये विशेषं प्रदर्शयितुं प्रयतते-**नन्वस्त्ययं** इत्यादि । अयमत्र पूर्वपक्षस्य गूढाभिप्रायः । तपागच्छीया एव साधु-साध्वी-श्रावक-श्राविका जैनतीर्थं, अन्यगच्छीयास्तु न जैनाः, न वा जैनतीर्थम् । ते च दिगम्बरादयोऽन्यगच्छीया उत्सूत्रप्ररूपका एवं मन्यन्ते यदुत "वयमेव जैनाः, अन्ये तु तपागच्छीयादयो जैनाभासाः" इति । एवं च ते पारमार्थिकं तपागच्छीयजैनतीर्थं उच्छेत्तुकामा भवन्ति । एवं च तात्त्विकतीर्थोच्छेदाभिप्रायेण प्रवर्तमानस्य दिगम्बरादेः सन्मार्गनाशकत्वं भवति । ततश्च तपागच्छात्मकजैनतीर्थरूपसन्मार्गनाशकत्वात् दिगम्बरादेरनन्तसंसारित्वमेकान्तेनैव भवति ।

यस्तु तपागच्छीय उत्सूत्रप्ररूपको भवति, स व्यवहारतस्तु तपागच्छात्मके तात्त्विकजैनतीर्थ एवान्तर्भवति । तस्य चाभिप्रायोऽयं भवति यदुत "वयं तपागच्छीया एव जैनाः, अन्ये तु

जैनाभासाः" इति । एवं च स जैनाभासानेव दिगम्बरादीन् उच्छेत्तुकामो भवति । तात्त्विकजैनमार्गरूपं तु तपागच्छं स बहुमन्यत एवेति सन्मार्गात्मकस्य तपागच्छस्य नाशकत्वं तपागच्छीयस्योत्सूत्रप्ररूपकस्य न भवति । अत एव तस्य एकान्तेन अनन्तसंसारित्वं न सम्भवति ।

तात्त्विकतीर्थात्मकस्य तपागच्छस्य उच्छेदस्याभिप्रायस्तपागच्छबहिर्वर्तिन एव सम्भवति, न तु तपागच्छान्तर्वर्तिनः । यतस्तपागच्छान्तर्वर्तिनस्तु इतरगच्छोच्छेदाभिप्राय एव भवति । इतरे च गच्छा न सन्मार्गरूपाः, ततश्च तपागच्छीयसाधोरुत्सूत्रप्ररूपकस्यापि सन्मार्गनाशकत्वं न भवतीति न तस्यैकान्तेनानन्तसंसारित्वमिति ।

एष तावत् पूर्वपक्षस्य गूढाभिप्रायः प्रदर्शितः । टीकाक्षरार्थस्तु प्रतिपादितभावार्थानुसारेण सुगम एव । केवलं **तत्कारणस्य** = सन्मार्गोच्छेदाभिप्रायस्य यत्कारणं तस्य ।

तदेव कारणं दर्शयति-**जैनप्रवचनप्रतिपक्षभूतापरमार्गस्य** = तपागच्छात्मकं यज्जैनप्रवचनं तत्प्रतिपक्षभूतो यो दिगम्बरादिरूपोऽपरमार्गः, तस्येति ।

**चन्द्र : પૂર્વપક્ષ :** સ્વપક્ષીય અને પરપક્ષીય વચ્ચે વિશેષ = ભેદ છે જ. તે આ પ્રમાણે - જે તપાગચ્છ સિવાયના બાકીના ગચ્છમાં રહેલો ઉત્સૂત્રપ્રરૂપક છે. તેનો અભિપ્રાય તો એવો જ હોય છે કે 'અમે જ જૈનો છીએ બાકીના તપાગચ્છ વિગેરે તો જૈનાભાસ = નામ માત્રના જૈન છે.'

હવે ખરી હકીકત એ છે કે તપાગચ્છ એ જ સાચું તીર્થ છે, તાત્વિક તીર્થ છે. એટલે એ તાત્વિક તીર્થને નામ માત્રથી જૈન માનનાર એ સાધુનો અભિપ્રાય તો તીર્થના ઉચ્છેદનો અભિપ્રાય જ ગણાય. અને આવા અભિપ્રાયથી ઉત્સૂત્રપ્રરૂપણાદિ પ્રવૃત્તિ કરનારો તે પરપક્ષીય સાધુ તપાગચ્છ રૂપ સન્માર્ગનો નાશક બને છે. અને માટે તે એકાંતે અનંતસંસારી થાય.

જ્યારે તપાગચ્છમાં જે સાધુ રહેલો છે, એ વ્યવહારથી તો તપાગચ્છ (તપાગચ્છના આચાર-વિચાર) રૂપ માર્ગમાં જ પડેલો = રહેલો ગણાય. એટલે એનો અભિપ્રાય તો આવો જ હોય કે 'અમે તપાગચ્છવાળાઓ જ જૈન છીએ. બાકીના દિગંબરો વિગેરે તો નામ માત્રના જૈન છે.'

આમ એ તો તપાગચ્છ સિવાયનાને જૈનાભાસ રૂપ માને છે. અને તેઓ તો

તાત્ત્વિકતીર્થ છે જ નહિ. એટલે આ સાધુનો અભિપ્રાય તીર્થોચ્છેદનો અભિપ્રાય ન કહેવાય. આ અભિપ્રાયનું કારણ તો જૈનપ્રવચન (= તપાગચ્છ)ના પ્રતિપક્ષભૂત = વિરોધીભૂત બીજા માર્ગનો સ્વીકાર છે. જે તપાગચ્છભિન્નમાર્ગનો સ્વીકાર કરનાર હોય એને જ તપાગચ્છ રૂપ તીર્થના ઉચ્છેદનો અભિપ્રાય પ્રવર્તે. પણ તપાગચ્છીય ઉત્સૂત્રપ્રરૂપકને તો તાદશમાર્ગનો સ્વીકાર ન હોવાથી તીર્થોચ્છેદનો અભિપ્રાય સંભવી ન જ શકે એ સ્વાભાવિક છે, અને એટલે સ્વપક્ષીય સાધુ ઉત્સૂત્રપ્રરૂપક હોય, તો પણ ઉપર કહ્યા પ્રમાણે સન્માર્ગનો નાશક ન બનવાથી તેનો એકાંતે અનન્તસંસાર ન ગણાય.

**यशो० तित्थुच्छेओ व्व मओ, सुत्तुच्छेओ वि हंदि उम्मग्गो ।**

**संसारो अ अणंतो, भयणिज्जो तत्थ भाववसा ।।५।।**

तीर्थोच्छेद इव मतः, सूत्रोच्छेदोऽपि हंदि उन्मार्गः ।

संसारश्चानन्तो, भजनीयस्तत्र भाववशात् ।।५।।

**चन्द्र० : उत्तरपक्ष** आह-'हन्त ! तीर्थोच्छेद इव सूत्रोच्छेदोऽपि उन्मार्गो मतः । तत्र च भाववशात् अनन्तः संसारो भजनीयः' इति गाथार्थः ।

**ચન્દ્ર૦** : તીર્થોચ્છેદની જેમ સૂત્રનો ઉચ્છેદ પણ ઉન્માર્ગ મનાયેલો છે. તેમાં (તીર્થોચ્છેદમાં કે સૂત્રોચ્છેદમાં) અનંત સંસાર ભજનીય = એકાંતરહિત છે.

**यशो० तित्थुच्छेओत्ति । तीर्थोच्छेद इव सूत्रोच्छेदोऽपि, हंदि इत्युपदर्शने, उन्मार्ग एव मतः, तथा चोन्मार्गपतितानामुत्सूत्रभाषणं यदि तीर्थोच्छेदाभिप्रायेणैवेति भवतो मतं तदोत्सूत्राचरणप्ररूपणप्रवणानां व्यवहारतो मार्गपतितानां यथाछन्दादीनामुत्सूत्रभाषणमपि सूत्रोच्छेदाभिप्रायेणैव स्याद्, विरुद्धमार्गाश्रयणस्येव सूत्रविरुद्धाश्रयणस्यापि मार्गोच्छेदकारणस्याविशेषात्। तथा च द्वयोरप्युन्मार्गः समान एव।**

**चन्द्र०** : ग्रन्थकारः प्रत्युत्तरं ददाति-**तीर्थोच्छेद इव** = तपागच्छात्मकस्य तन्मतरूपस्य वा तीर्थस्य उच्छेद इव **सूत्रोच्छेदोऽपि** = सूत्रविरूद्धप्ररूपणया सूत्रोच्छेदोऽपि **उन्मार्ग एव** = सन्मार्गनाश एव **मतः** ।

निष्कर्षमाह - **तथा च** इत्यादि । **उन्मार्गपतितानां** = दिगम्बरादीनां **उत्सूत्रभाषणं** =

"स्त्रीमुक्तिर्न भवति, साधुना वस्त्रं न धारणीयम्" इत्यादिरूपं **तीर्थोच्छेदाभिप्रायेणैव** = तपागच्छात्मकस्य तदभिमतसत्तत्त्वरूपस्य वा तीर्थस्य य उच्छेदस्तदभिप्रायेणैव भवतीति **भवतः** = पूर्वपक्षस्य तपागच्छान्तर्वर्तिन उत्सूत्रप्ररूपकस्य **मतम्** । तदा **उत्सूत्राचरणप्ररूपणप्रवणानां** = सूत्रविरुद्धाचारप्ररूपणासक्तचेतसां **व्यवहारतो मार्गपतितानां** = मिथ्यादृष्टिगुणस्थानवर्तिनामपि "तपागच्छीयः साधुः" इति नामधारिणां, अत एव नाममात्रतस्तपागच्छात्मकमार्गस्थितानां **यथाच्छन्दादीनां** = उत्सूत्रभाषकादीनां **उत्सूत्रभाषणमपि सूत्रोच्छेदाभिप्रायेणैव** = आगमोक्तपदार्थखण्डनाध्यवसायेनैव **स्यात्** ।

ननु दिगम्बरादीनां स्त्रीमुक्तिनिषेधादिरूपमुत्सूत्रभाषणं तपागच्छाभिमततत्त्वरूप तीर्थोच्छेदकारणमस्ति, ततश्च यथा दण्डादिरूपाणि घटकारणानि गृह्णन् घटोत्पादाभिप्रायवान् अनुमीयते, तथैव तीर्थोच्छेदकारणं विवक्षितमुत्सूत्रभाषणमाश्रयन् दिगम्बरादिः तीर्थोच्छेदाभिप्रायवान् अनुमीयते एव । ततश्च तस्योत्सूत्रभाषणं तीर्थोच्छेदाभिप्रायेणैवेति वक्तुं युक्तम् । किन्तु तपागच्छीयस्योत्सूत्रप्ररूपकस्य तीर्थोच्छेदाभिप्रायः = सूत्रोच्छेदाभिप्रायः = मार्गोच्छेदाभिप्रायः कथं वक्तुं शक्यते ? तं विनैव तस्योत्सूत्रप्ररूपणं कथं न सम्भवेद् ? इत्याशङ्कायामाह- **विरूद्धमार्गाश्रयणस्येवेत्यादि** ।

**विरूद्धमार्गाश्रयणस्येव** = तपागच्छभिन्नदिगम्बरादिमतस्वीकारस्येव **सूत्रविरूद्धाश्रयणस्यापि** = तपागच्छान्तर्वर्तिनोऽपि साधोः यज्जिनागमविरुद्धपदार्थाभ्युपगमः, तस्यापि **मार्गोच्छेदकारणस्य** = मार्गोच्छेदकारणत्वस्येति भावः **अविशेषात्** = समानत्वादिति तावत् अक्षरार्थः ।

भावार्थस्त्वयम् — यथा दिगम्बरमताश्रयणं तपागच्छात्मकस्य तपागच्छाभिमततत्त्वरूपस्य वा मार्गस्य उच्छेदस्य कारणम्, अत एव दिगम्बरमताश्रयणवान् मार्गोच्छेदाभिप्रायवान् गण्यते । न हि कारणव्यापृतः कार्यार्थी न भवति इति । तथैव तपागच्छीयसाधोरपि सूत्रविरूद्धप्ररूपणं सूत्रात्मकस्य मार्गस्योच्छेदस्य कारणमेव । ततश्च सूत्रविरूद्धप्ररूपणात्मकं कारणं स्वीकुर्वाणो मुनिः तपागच्छीयोऽपि सन् सूत्रात्मकमार्गोच्छेदाभिप्रायवाननुमीयत एव । एवं च यथा दिगम्बरमताश्रयी उन्मार्गगामी, तथैव उत्सूत्रप्ररूपकस्तपागच्छीयोऽपि उन्मार्गगाम्येव ।

इदमेवाह । **तथा च द्वयोरपि** = दिगम्बरादिमताश्रयिण उत्सूत्रप्ररूपकतपागच्छीयसाधोश्चापि **उन्मार्गः**=तपागच्छात्मकमार्गोच्छेदरूपो जिनागमात्मकमार्गोच्छेदरूपो वा **समान एव** । तस्मात् "एकस्य नियमेनानन्तसंसारः, अपरस्य तु न" इति एकान्तो न मनोरम इति

ભાવ: ।

<u>ચન્દ્ર</u> : **ગુરુ** : તપાગચ્છાદિરૂપતીર્થના ઉચ્છેદની જેમ જિનાગમસ્વરૂપ સૂત્રનો ઉચ્છેદ પણ ઉન્માર્ગ જ છે. અને એટલે દિગંબરમત વિગેરે રૂપ ઉન્માર્ગમાં રહેલાઓનું સ્ત્રીમુક્તિનિષેધાદિરૂપ ઉત્સૂત્રભાષણ જો તીર્થના ઉચ્છેદના અભિપ્રાયથી જ થતું હોય એટલે કે તપાગચ્છીયમાન્યતા રૂપ તીર્થનો ઉચ્છેદ કરવા માટે જ તે દિગંબરો ઉત્સૂત્રભાષણ કરે છે એમ જો તમારો મત હોય,

તો પછી ઉત્સૂત્ર આચરણ અને ઉત્સૂત્રપ્રરૂપણા એ બેયમાં પ્રવીણ એવા અને વ્યવહારથી તપાગચ્છાત્મકમાર્ગમાં રહેલા (પણ અંદરથી મિથ્યાત્વી) યથાચ્છંદ વિગેરેનું ઉત્સૂત્રભાષણ પણ સૂત્રોચ્છેદના અભિપ્રાયથી જ થાય છે એમ માનવું પડશે. એટલે કે 'સૂત્રનો ઉચ્છેદ કરવા માટે જ તેઓ ઉત્સૂત્રપ્રરૂપણા કરે છે' એમ માનવું પડે.

**પૂર્વપક્ષ** : દિગમ્બરમતનો આશ્રય એ તો સ્પષ્ટપણે તપાગચ્છાદિમાર્ગના ઉચ્છેદનું કારણ છે જ. અને એટલે દિગમ્બરાદિમતનો આશ્રય કરનારો તપાગચ્છાદિમાર્ગના ઉચ્છેદના અભિપ્રાયવાળો છે એમ કહી શકાય.

દા. ત. માટી, દંડ વિગેરે ઘટના કારણોને ભેગા કરનારો વ્યક્તિ 'ઘટને ઉત્પન્ન કરવાની ઈચ્છાવાળો છે' એમ ચોક્કસ કહી જ શકાય છે. એમ દિગંબરાદિમતનો સ્વીકાર એ તપાગચ્છાદિમાર્ગોચ્છેદનું કારણ છે એટલે એ કારણને ગ્રહણ કરનારો વ્યક્તિ માર્ગોચ્છેદરૂપ કાર્યની ઈચ્છાવાળો કહી શકાય. પણ તપાગચ્છીય ઉત્સૂત્રપ્રરૂપક સાધુ શી રીતે માર્ગોચ્છેદના અભિપ્રાયવાળો ગણાય ?

**ગુરુ** : ભાઈ ! જેમ દિગંબરાદિરૂપ વિરૂદ્ધમાર્ગોનો સ્વીકાર માર્ગોચ્છેદનું કારણ છે. તે જ પ્રમાણે સૂત્રવિરૂદ્ધનો આશ્રય = સૂત્રવિરૂદ્ધપ્રરૂપણાદિ પણ સૂત્રાત્મકમાર્ગના ઉચ્છેદનું કારણ છે જ. બે ય ની માર્ગોચ્છેદકારણતા સમાન છે. અને એટલે ઉત્સૂત્રપ્રરૂપણા રૂપ કારણને સ્વીકારનારો સાધુ ભલેને સ્વપક્ષનો હોય તો પણ તે સૂત્રરૂપ માર્ગના ઉચ્છેદની ઈચ્છાવાળો જ ગણાય.

આમ પરપક્ષીય ઉત્સૂત્રપ્રરૂપકને તપાગચ્છાદિરૂપ માર્ગનો ઉચ્છેદ લાગુ પડે છે, તો સ્વપક્ષીય ઉત્સૂત્રપ્રરૂપકને સૂત્રરૂપમાર્ગનો ઉચ્છેદ લાગુ પડે છે.

હવે આ બે ય ઉચ્છેદો ઉન્માર્ગ છે. એટલે એ રીતે બે ય ને એક સરખો જ ઉન્માર્ગ

સિદ્ધ થાય છે "પરપક્ષીયને મોટો ઉન્માર્ગ અને સ્વપક્ષીયને નાનો ઉન્માર્ગ" આવા ભેદ પડી શકતા નથી.

**यशो०** **संसारस्त्वनन्तस्तत्र भावविशेषाद् भजनीयः, अध्यवसायविशेषं प्रतीत्य संख्याता-संख्यातानन्तभेदभिन्नस्य तस्यार्हदाद्याशातनाकृतामप्यभिधानात् । तथा च महानिशीथसूत्रं**–जे णं तित्थकरादीणं महतिं आसायणं कुज्जा, से णं अज्झवसायं पडुच्च जाव णं अणंतसंसारिअत्तणं लभिज्ज त्ति ।।

**चन्द्र :** एवं तावत् "परपक्षीयस्य महान् उन्मार्गदोषः, स्वपक्षीयस्य तु स्वल्प एव" इति पूर्वपक्षाभिप्रायस्य खण्डनं कृतम् । अधुना "परपक्षीयस्य तीर्थोच्छेदाभिप्रायवशात् नियमेन अनन्तसंसारित्वं, स्वपक्षीयस्य तु न नियमेनानन्तरसंसारः" इति पूर्वपक्षाभिप्रायं विनाशयितुं उपक्रमते **संसारस्त्वनन्तस्तत्र** इत्यादि ।

**तत्र** = उन्मार्गे **भावविशेषाद्** = अशुभभावतारतम्यात् **भजनीयः** = विकल्पनीयः, तीव्रतमाशुभभाववशादुन्मार्गस्थापकस्य अनन्तसंसारः, तीव्रतराशुभभाववशादुन्मार्गप्रवर्त्तकस्यासंख्यसंसारः, तीव्राशुभभाववशात्तु तत्र संख्येयसंसारः, विशुद्धतमप्रायश्चित्तादिकरणे तु तद्भवमोक्षगामित्वमपि न दुःशकम् ।

ननु भावतारतम्यादनन्तसंसारभजना कथं युक्ता ? इत्यत आह-**अध्यवसायेत्यादि** । **तस्य** = संसारस्य ।

**अर्हदाद्याशातनाकृतामपि** = न केवलं उन्मार्गप्रवर्तकानामपितु अर्हदाद्याशातनाकारिणामपीत्यपिशब्दार्थः । **अभिधानात्** = जिनागमे निरूपितत्वात् ।

ननु कस्मिन्जिनागमे भवदुक्तं प्रतिपादितमिति जिज्ञासायां जिनागमाक्षराणि दर्शयति-**तथा च महानिशीथसूत्रं** इत्यादि ।

सूत्रसङ्क्षेपार्थस्त्वयम् - यस्तीर्थकरादीनां महतीं आशातनां कुर्यात्, स आशातनाकालीनाध्यवसायानुसारेण संख्येयसंसारित्वं असङ्ख्येयसंसारित्वं अनन्त संसारित्वं वा प्राप्नुयादिति ।

**ચન્દ્ર : ગુરુ :** આમ 'સ્વપક્ષીય કે પરપક્ષીય બે ય ને ઉન્માર્ગ સમાન હોઈ શકે છે' એ વાત બતાવી. હવે તમે જે વાત કરેલી કે "પરપક્ષીયને નિયમથી અનંતસંસાર થાય..." એ વાતનો ઉત્તર આપું છું. સ્વપક્ષીય કે પરપક્ષીયના ઉત્સૂત્રપ્રરૂપણાદિ દોષોને

વિશે અનંતસંસાર એ ભાવવિશેષથી = ભાવ ભેદથી ભજના કરવા યોગ્ય છે. અર્થાત્ તીવ્રતમ અશુભભાવ હોય તો અનંતસંસાર, તીવ્રતર હોય તો અસંખ્ય સંસાર અને તીવ્ર અશુભભાવ હોય તો સંખ્યાત સંસાર...

**પૂર્વપક્ષ :** આવું તમે શાના આધારે કહી શકો ? કે "અધ્યવસાયવિશેષ પ્રમાણે અનંતસંસારરૂપ ફલમાં પણ ભજના = વિકલ્પ હોય છે."

**ગુરુ :** માત્ર ઉન્માર્ગપ્રવર્તકને જ નહિ, પરંતુ અરિહંતાદિની આશાતના કરનારાઓને પણ અધ્યવસાય વિશેષને આશ્રયીને સંખ્યાત, અસંખ્યાત અને અનંત એમ ત્રણભેદથી ત્રણ પ્રકારનો સંસાર શાસ્ત્રોમાં કહેવાયેલો જ છે. અને માટે જ અમે ઉપરની વાત કરી છે. એ વાત અમારા ઘરની ઉપજાવેલી નથી.

**પૂર્વપક્ષ :** એ શાસ્ત્રપાઠ તો બતાવો.

**ગુરુ :** મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે "જે આત્મા તીર્થંકરાદિની મોટી આશાતના કરે, તે પોતાના અશુભ-અધ્યવસાય મુજબ સંખ્યાત, અસંખ્યાત કે અનંતસંસારને પામે.

(અહીં "जाव" શબ્દથી સંખ્યાત અને અસંખ્યાત સંસારનું ગ્રહણ કરેલું છે.)

---

**यशो०** **इत्थं चोत्सूत्रभाषिणां नियमादनन्तः संसार इति नियमः परास्तः ।**

---

<u>चन्द्र</u> : **इत्थं च** = यत उत्सूत्रप्ररूपकाणामध्यवसायतारतम्यानुसारेण संख्यातोऽसंख्यातोऽनन्तो वा संसारः सम्भवति, न तु अनन्त एव संसार इति महानिशीथसूत्रतः सिद्धम्, तस्मात् **उत्सूत्रभाषिणां नियमादनन्तः संसार इति नियमः** = कदाग्रहिप्रतिपादित एकान्तः **परास्तः** = खण्डितः । महानिशीथाद्यनुसारेण उत्सूत्रप्ररूपकाणां संख्यातादिसंसारस्यापि सम्भवादिति ।

<u>ચન્દ્ર</u> : આમ મહાનિશીથસૂત્રના આધારે ઉત્સૂત્રપ્રરૂપકોનો અધ્યવસાયની તરતમતા પ્રમાણે સંખ્યાત, અસંખ્યાત કે અનંત સંસાર સિદ્ધ થઈ ગયો છે, એના દ્વારા પૂર્વપક્ષનો એ નિયમ ખંડિત થઈ જાય છે કે

'ઉત્સૂત્રપ્રરૂપકોનો નિયમથી અનંત સંસાર જ થાય'

---

**यशो०** **किञ्च कालीदेवीप्रमुखाणां षष्ठाङ्गे**–'अहाछंदा अहाछंदविहारिणी(उ)त्ति'

**पाठेन यथाछन्दत्वभणनादुत्सूत्रभाषित्वं सिद्धम्,**

उस्सुत्तमायरंतो उस्सुत्तं चेव पण्णवेमाणो ।
एसो उ अहाछंदो इच्छाछंदु त्ति एगट्ठा ।। **इत्यावश्यकनिर्युक्तिवचनात् ()** ।

**तासां चैकावतारित्वं प्रसिद्धमिति नायं नियमो युक्तः ।**

---

चन्द्र : ननु महानिशीथसूत्रे अर्हदाद्याशातनाकारिण एवाध्यवसायानुसारेण संख्यातादिः संसारः प्रतिपादितः, न तूत्सूत्रप्ररूपकस्य । तथा च कथं महानिशीथपाठमाश्रित्योत्सूत्रप्ररूपकाणां संख्यातादिः संसार सेत्स्यति ? इति शङ्कायां सत्यां यद्यपि एतत्प्रत्युत्तरं दातुं शक्यते यदुत-तत्र "अर्हदादि" इति आदिपदात् श्रुतमपि गृह्यते, तदाशातनाकारी तु उत्सूत्रप्ररूपकोऽपि भवत्येवेति स्पष्टमेव महानिशीथपाठात् उत्सूत्रप्ररूपकस्यापि संख्यातादिसंसारसिद्धिः इति । तथापि सदृष्टान्तः प्रतिपादितः पदार्थः स्पष्टमवबुद्ध्यत इति कृत्वा "उत्सूत्रप्ररूपकस्य संख्यातादिसंसारस्यापि सम्भवः" इति सदृष्टान्तमाह **किञ्च** इत्यादि। **कालीदेवीप्रमुखाणां** = तन्नामकपार्श्वनाथशासनकालीनसाध्वीप्रभृतीनां **षष्ठाङ्गे** = ज्ञाताधर्मकथाङ्गे ।

**उत्सूत्रभाषित्वं सिद्धम्** = यतः **ताः** कालीदेवीसाध्वीप्रमुखाः साध्व्यः षष्ठाङ्गे यथाछन्दा भणिताः, ततस्तासामुत्सूत्रभाषित्वं सिद्धमिति भावः ।

ननु तास्तत्र यथाछन्दा एव भणिताः, न तूत्सूत्रभाषिण्यः, ततः कथं यथाछन्दत्वभणनमात्रात् तासामुत्सूत्रभाषित्वं सिद्ध्येदित्यतो "यथाच्छन्दा अवश्यमुत्सूत्रभाषिण एव भवन्ति" इति साधनार्थं शास्त्रपाठमाह-**उस्सुत्तमायरंतो** इत्यादि । गाथासङ्क्षेपार्थस्त्वयम् – उत्सूत्रमाचरन् उत्सूत्रं चैव प्रज्ञापयन् एष यथाछन्दो भवति । इच्छा छन्द इति एकार्थौ (शब्दौ) ।

एवं कालीदेवीप्रमुखाणामुत्सूत्रभाषित्वं साधयित्वाऽधुना तासां संख्यातसंसारित्वं प्रतिपादयति **तासां च** इत्यादि । **प्रसिद्धम्** = षष्ठाङ्गे तासां देवीभवानन्तरभवे मोक्षगामित्वं प्रतिपादितमेवेति भावः ।

**इति** = यत उत्सूत्रभाषिणामपि कालीदेवीप्रमुखाणामेकावतारित्वं सिद्धम्, तस्मात्कारणात् **नायं नियमो** = न "उत्सूत्रभाषिणां नियमेनानन्तः संसारः" इति नियमो **युक्तः** ।

चन्द्र : (**પૂર્વપક્ષ** : મહાનિશીથપાઠમાં તો તીર્થંકરાદિની આશાતના કરનારાઓને

જ સંખ્યાતાદિ સંસાર કહ્યો છે. ત્યાં ઉત્સૂત્રપ્રરૂપકોનો સંખ્યાતસંસાર... બતાવ્યો નથી. એટલે એ પાઠના આધારે ઉત્સૂત્રપ્રરૂપકોનો સંખ્યાતાદિ સંસાર શી રીતે સિદ્ધ થાય ?)

(**ગુરુ** : "તીર્થંકરાદિ" માં આદિ શબ્દથી શ્રુત પણ આવે. અને ઉત્સૂત્રપ્રરૂપકો શ્રુતની આશાતના કરનારા છે. માટે તેઓનો પણ સંખ્યાતાદિ સંસાર સિદ્ધ થાય જ છે. આમ છતાં આ વાત જો દૃષ્ટાન્ત પૂર્વક સમજાવીએ તો વધારે સ્પષ્ટ થાય, (એટલે) એ માટે હવે દૃષ્ટાન્ત આપે છે.)

કાલીદેવી વિગેરે પાર્શ્વનાથ ભગવાનના સાધ્વીજીઓને છઠ્ઠા અંગમાં = જ્ઞાતાધર્મકથામાં "अहाछंदा..." એ પાઠ વડે યથાચ્છન્દ કહેલા છે. અને એટલે તેઓ ઉત્સૂત્રપ્રરૂપક તરીકે સિદ્ધ થાય છે.

**પૂર્વપક્ષ** : ઉભા રહો. ત્યાં એમને યથાચ્છન્દ કહ્યા, એટલા માત્રથી એ ઉત્સૂત્રપ્રરૂપક શી રીતે સિદ્ધ થાય ?

**ગુરુ** : આવશ્યકનિર્યુક્તિનું આવું વચન છે કે "ઉત્સૂત્રને આચરનાર અને ઉત્સૂત્રની જ પ્રરૂપણા કરનાર આ યથાચ્છંદ છે. ઈચ્છા, છંદ એ સમાનાર્થી શબ્દો છે." આમાં સ્પષ્ટ કહ્યું છે કે 'યથાચ્છંદ એ ઉત્સૂત્રપ્રરૂપક હોય જ.' એટલે કાલીદેવી વિગેરે યથાચ્છંદ હોવાથી તેઓ ઉત્સૂત્રપ્રરૂપક છે જ. અને તેઓ તો એકાવતારી તરીકે તે જ ગ્રન્થમાં સ્પષ્ટ રીતે કહ્યા જ છે. એટલે "ઉત્સૂત્રપ્રરૂપકો નિયમા અનંતસંસારી થાય" એ નિયમ યોગ્ય નથી.

---

**<u>यशो०</u> यत्तु ~ उन्मार्गमाश्रितानामाभोगवतामनाभोगवतां वा नियमेनानन्तः संसारः, प्रतिसमयं तीर्थोच्छेदाभिप्रायेण साम्यात्; यथाछन्दस्तु क्वचिदंशेऽनाभोगादेवोत्सूत्रभाषी स्यात्, तस्यानाभोगोऽपि प्रायः सम्यगागमस्वरूपापरिणतेः, न च तस्य तदुत्सूत्रभाषणमनन्तसंसारहेतुः, तीर्थोच्छेदाभिप्रायहेतुकस्यैव तस्यानन्तसंसारहेतुत्वाद् ~ इति,**

---

**<u>चन्द्र</u>** : पूर्वपक्षं प्रतिपाद्य तत्खण्डनं कर्तुं प्रथमं पूर्वपक्षं प्राह-**यत्तु** इत्यादि **उन्मार्गं** = तपागच्छभिन्नं दिगम्बरादिसम्प्रदायं आश्रितानां **आभोगवतां** = 'निजमतं आगमयुक्तिबाधितम्'इति अनुभवे सत्यपि कदाग्रहात् तदेव निजमतं प्रतिपादयतां कदाग्रहिणां **अनाभोगवतां** = कुगुरुनिरूपितं तत्त्वं कुगुरुनिरूपिताभ्यां आगमयुक्तिभ्यां सङ्गतं ज्ञात्वा तत्प्रतिपादयतां "तत्तत्त्वं आगमयुक्तिबाधितं" इति ज्ञानाभाववताम् ।

**नियमेनानन्तः संसारः इति** । ननु आभोगवतां अनाभोगवद्भ्योऽधिकदोषत्वात् कथमुभयोः समानं फलम् ? इत्यत आह-**प्रतिसमयं** इत्यादि । उभयोरपि प्रतिसमयं तपागच्छमतोच्छेदाभिप्राय उपयोगतो लब्धितो वा वर्तत एवेति तादृशाभिप्रायेण तयोः **साम्यात्** = समानत्वात् तज्जन्यं अनन्तसंसारात्मकं फलमपि समानमेव तेषामित्याशयः ।

एवं तपागच्छभिन्नगच्छमाश्रितानां नियमेनानन्तसंसारं प्रतिपाद्याधुना पूर्वपक्षः तपागच्छीयोत्सूत्रप्ररूपकस्यानन्तसंसाराभावं साधयति **यथाछन्दस्तु** = तपागच्छीय उत्सूत्रप्ररूपकः **क्वचिदंशे** = कस्मिंश्चित्पदार्थे एव **अनाभोगादेव** = अज्ञानात्, कुतश्चित्कारणतो विपरीतज्ञानाद् वा, न तु निजाभिप्रायं आगमयुक्तिबाधितं ज्ञात्वाऽपि इति एवकारार्थः ।

ननु तस्यानाभोगस्तु कथं स्यात् ? इत्यत आह - **तस्यानाभोगोऽपि** इत्यादि । **प्रायः सम्यगागमस्वरूपापरिणतेः** = गुरुणा सम्यग् निरूपितस्यापि आगमस्य स्पष्टबोधाभावात्, 'प्रायः' पदेनैतद् ज्ञापयति यदुत कदाचित् गुरोरेव कस्मिंश्चित्पदार्थे विपरीतबोधात् शिष्यस्यापि गुरुवचनानुसारेण तादृशे पदार्थेऽनाभोगः सम्भवति । यद्वा तथाविधपदार्थाध्यापकाभावादपि तथाविधपदार्थेऽनाभोगः सम्भवतीति ।

ननु कथं तस्य तादृशमपि उत्सूत्रप्ररूपणमनन्तसंसारहेतुर्न भवति ? इत्यत आह- **तीर्थोच्छेदेत्यादि** । तीर्थोच्छेदाभिप्राय एव हेतुः यस्य, तादृशस्यैव **तस्य** = उत्सूत्रप्ररूपणस्य । तपागच्छीयसाधोस्तु तपागच्छात्मकतीर्थोच्छेदस्याभिप्रायो नैव सम्भवतीति तद्धेतुकस्योत्सूत्रप्ररूपणस्याभावात् तस्य नानन्तसंसार इति । अत्र पूर्वपक्षः समाप्तः ।

**<u>चन्द्र</u> : पूर्वपक्ष** : દિગંબર, પુનમીયાગચ્છ વિગેરે ઉન્માર્ગમાં રહેલા જીવો આભોગવાળા હોય કે અનાભોગવાળા હોય તો પણ તેઓનો એકાંતે અનંતસંસાર થાય. કેમકે તેમને તો પ્રત્યેક સમયે તપાગચ્છ રૂપ તીર્થનો ઉચ્છેદ કરવાનો જ અભિપ્રાય હોય છે. અને આ અભિપ્રાયના કારણે આભોગવાળા કે અનાભોગવાળા બે ય જણ સમાન જ છે. અને માટે તે બે ય નો અનંતસંસાર થાય.

(આભોગવાળા એટલે "પોતાના માનેલા પદાર્થો આગમ અને યુક્તિથી બાધિત થાય છે" એવો અનુભવ થવા છતાં પણ તે જ પદાર્થને કદાગ્રહથી નિરૂપણ કરનારા ! અને અનાભોગવાળા એટલે કુગુરુએ બતાવેલા પદાર્થને કુગુરુએ જ બતાવેલ આગમ અને યુક્તિથી સંગત જાણીને તે પદાર્થોનું નિરૂપણ કરનારા અને "તે તત્ત્વ ખરેખર આગમ યુક્તિથી બાધિત છે" એવા જ્ઞાન વિનાના.)

જ્યારે તપાગચ્છીય યથાચ્છંદ ભલે ઉત્સૂત્ર પ્રરૂપક હોય તો પણ એ શાસ્ત્રના કોઈક જ પદાર્થમાં ઉત્સૂત્રભાષી હોય, અને એ પણ અનાભોગના લીધે જ ઉત્સૂત્રભાષી હોય છે.

એને જે અનાભોગ હોય છે તે પણ પ્રાયઃ કરીને તો સમ્યક્રીતે આગમના સ્વરૂપની પરિણતિ ન થવાના લીધે હોય છે. અર્થાત્ ગુરુએ તો પદાર્થ બરાબર સમજાવ્યો હોય પરંતુ તેને તે પદાર્થ બરાબર પરિણમ્યો ન હોય અને એટલે તે પદાર્થમાં તેને અજ્ઞાન રહે.

(પ્રાયઃ શબ્દથી એ પણ સમજી લેવું કે ક્યારેક ગુરુ જ કોઈક પદાર્થને બરાબર જાણતા ન હોવાથી એ પદાર્થ બરાબર સમજાવી ન શકે અને પરિણામે શિષ્યને પણ એ પદાર્થમાં અજ્ઞાન રહે. અથવા તો તે તે પદાર્થ સમજાવનાર ગુરુ જ ન મળવાથી તે તે પદાર્થમાં અજ્ઞાન રહે.)

ભલે આ રીતે અનાભોગથી તેઓને ઉત્સૂત્રપ્રરૂપણા હોય તો પણ એ ઉત્સૂત્રપ્રરૂપણા અનંત સંસારનું કારણ ન બને. કેમકે તીર્થોચ્છેદના અભિપ્રાયથી થયેલ ઉત્સૂત્રપ્રરૂપણા જ અનંત સંસારનું કારણ બને. તીર્થ એટલે તપાગચ્છ. તપાગચ્છીય સાધુને તપાગચ્છ કે તપાગચ્છના મતનો ઉચ્છેદ કરવાનો અભિપ્રાય ન જ હોય. એટલે એને એવા અભિપ્રાયથી ઉત્સૂત્રપ્રરૂપણા ન હોય. પણ અનાભોગથી જ હોય, અને એટલે તેને એ અનંતસંસારનું કારણ ન બને.

(**સાર** : દિગંબરાદિ ઉત્સૂત્રપ્રરૂપકો આભોગથી કે અનાભોગથી ઉત્સૂત્રપ્રરૂપણા કરે તો પણ તેમનો અનંતસંસાર થાય. કેમકે તેઓને સતત તપાગચ્છરૂપ તીર્થના ઉચ્છેદનો અભિપ્રાય છે. જ્યારે તપાગચ્છીય સાધુને અનાભોગથી ઉત્સૂત્રપ્રરૂપણા હોય અને તીર્થોચ્છેદાભિપ્રાય ન હોવાથી અનંત સંસાર ન થાય.)

---

**यशो० तदसंबद्धं, एतादृशनियमाभावात् । न ह्युन्मार्गपतिताः सर्वेऽपि तीर्थोच्छेदपरिणामवन्त एव, सरलपरिणामानामपि केषाञ्चिद्दर्शनात् । न च यथाछन्दादयोऽनाभोगादेवोत्सूत्र-भाषिणः, जानतामपि तेषां बहूनां सुविहितसाधुसमाचारप्रद्वेषदर्शनात् ।**

---

चन्द्र : पूर्वपक्षं खण्डयति-**तदसंबद्धम्** इत्यादि । भवदुक्तमसङ्गतमिति भावः । ननु कथं न युक्तम् ? इत्यत आह-**एतादृशेत्यादि** । भवत्कथितस्य नियमस्याभावात् । एतदेव

स्पष्टयति **न हि उन्मार्गपतिताः** = दिगम्बरपुनमियागच्छाद्यन्तर्वर्तिनः ।

ननु कथं ते सर्वे न तीर्थोच्छेदाभिप्रायवन्तः ? इति शङ्कायां तत्कारणमाह **सरलपरिणामानामपि** = शोभनभावानामपि **केषाञ्चिद् दर्शनात्** । तथा च उन्मार्गपतितानां मध्ये सरलपरिणामानां तीर्थोच्छेदाभिप्रायाभावात् ते भवदुक्तरीत्यैव अनन्तसंसारिणो नैव भवन्ति । तथा च - 'उन्मार्गपतिताः सर्वेऽपि अनन्त संसारिणः' इति भवत्कथनं मिथ्या ।

तथा - 'तपागच्छीय उत्सूत्रभाषी अनाभोगादेवोत्सूत्रं प्ररूपयति' इत्यपि भवत्कथनं न युक्तम्, यतः **जानतामपि** = 'मन्निरूपणं आगमतर्कबाधितं' इति ज्ञानवतामपि **तेषां** = तपागच्छीयानामुत्सूत्रप्ररूपकाणां **बहूनां** = अनेकेषां **सुविहितसाधुसमाचारप्रद्वेषदर्शनात्** = शोभनाचारवत्साधूनां ये सम्यगाचाराः, तेषु प्रद्वेषस्य दर्शनात् । तथा च 'अनाभोगादेव ते उत्सूत्रभाषी' इति भवन्मतं निरस्तम् ।

**ચન્દ્ર : ગુરુ :** તમારી વાત અસંગત છે. કેમકે તમે જે નિયમ બતાવ્યો કે "દિગંબરાદિઓ તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા જ હોય છે." તે નિયમ ખરેખર છે જ નહિ. દિગંબર-પુનમિયાગચ્છ વિગેરે ઉન્માર્ગમાં રહેલા બધા જ જીવો તીર્થોચ્છેદાભિપ્રાયવાળા નથી હોતા. કેમકે સરળપરિણામવાળા એવા પણ કેટલાક ઉન્માર્ગપતિતજીવો દેખાય જ છે.

વળી તમે જે વાત કરેલી કે - 'તપાગચ્છીય યથાચ્છંદજીવો અનાભોગથી જ ઉત્સૂત્રભાષી હોય' - એ પણ બરાબર નથી. કેમકે "પોતાનો પદાર્થ આગમ-યુક્તિથી બાધિત બને છે" એમ જાણનારા એવા ય ઘણા બધા તપાગચ્છીય યથાચ્છંદો છે. અને તેઓને 'સુંદર આચરણવાળા સાધુઓના સમ્યગ્ આચાર ઉપર દ્વેષ છે.' એવું સ્પષ્ટ દેખાય છે. એટલે તેઓ અનાભોગથી જ ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે એ વાત ખોટી છે.

---

**यशो० यस्त्वाह ~ यथाछन्दत्वभवनहेतूनां पार्श्वस्थभवनहेतूनामिव नानात्वेनागमे भणितत्वाद् यथाछन्दमात्रस्योत्सूत्रभाषित्वनियमोऽप्रामाणिकः ~ इति,**

---

**चन्द्र :** पुनरपि पूर्वपक्षं उत्थापयति ग्रन्थकारः-**यस्त्वाह** इत्यादि । अयं पूर्वपक्षस्याभिप्रायः, आगमे पार्श्वस्थत्वस्य कारणानि नानारूपाणि प्रतिपादितानि, न हि तैः सर्वैरपि कारणैरेव पार्श्वस्थत्वं भवति, किन्तु एकेन द्वाभ्यां त्रिभिर्वा कारणैरपि पार्श्वस्थत्वं भवत्येव । न हि एकस्मिन्पार्श्वस्थे पार्श्वस्थत्वकारणानि सर्वाणि एव विद्यन्ते, किन्तु कानिचिदेव। एवं यद्यपि

यथाच्छन्दत्वकारणानि उत्सूत्रप्ररूपणोत्सूत्राचारादीनि आगमे प्रतिपादितानि, किन्तु तेभ्यः एकस्मादपि कारणात् यथाच्छन्दत्वं भवत्येव । न तु एकस्मिन्यथाच्छन्दे सर्वाणि यथाच्छन्दत्वकारणानि आवश्यकानि । एवं च यद् भवद्भिः प्रतिपादितं - 'कालीदेवीप्रमुखाः यथाछन्दाः, तस्मादवश्यं उत्सूत्रभाषिणः' इति, तन्न युक्तं, उत्सूत्रभाषणं विनाऽपि अन्येन केनचित्कारणेन तेषां यथाच्छन्दत्वं सम्भवत्येव । एवं च न ते उत्सूत्रप्ररूपकाः, तथा च तेषामेकावतारित्वं युक्तमेव, उत्सूत्रभाषकाणामेवानन्तसंसारोऽस्माभिरुक्तः, न च ते उत्सूत्रभाषिण इति ।

अक्षरार्थस्त्वयम् - **यथाच्छन्दमात्रस्य** = सर्वेषामपि यथाच्छन्दानां **उत्सूत्रभाषित्वनियमः** = "अवश्यमेवोत्सूत्रभाषित्वं" इति एकान्तः **अप्रामाणिकः** = आगमबाधितः, उत्सूत्रभाषणं विनाऽपि अन्येन कारणेन यथाच्छन्दत्वसम्भवात् ।

**ચન્દ્ર : પૂર્વપક્ષ** : "કયા કયા દોષો સેવવાથી પાર્શ્વસ્થપણું આવે ?" એ બધી વાતો આગમમાં બતાવી છે. એ પાર્શ્વસ્થતાના કારણભૂત દોષો જુદા જુદા બતાવેલા છે. એટલે કે બધા જ દોષો હાજર થાય, તો જ પાર્શ્વસ્થતા આવે એવું નહિ. પણ બતાવેલા દોષોમાંથી એક-બે-ત્રણ દોષો આવે તો પણ એ પાસત્થો ગણાય. એટલે એક પાર્શ્વસ્થમાં પાર્શ્વસ્થતાના કારણભૂત બધા જ દોષો હોવા જરૂરી નથી.

એ જ વાત યથાચ્છંદમાં છે. યથાછંદતાના કારણભૂત અનેકદોષો બતાવેલા છે. એ બધા જ દોષો હોય તો જ યથાછંદતા આવે એવું નથી. પરંતુ બતાવેલા દોષોમાંથી એક-બે-ત્રણ... દોષો હોય તો પણ યથાછંદતા કહેવાય. એટલે કાલીદેવી વિગેરેને યથાછંદ કહ્યા છે, એ વાત સાચી, પણ એટલે 'તેઓ અવશ્ય ઉત્સૂત્રપ્રરૂપક હોય જ' એવો નિયમ ન થાય. કેમકે તેઓમાં ઉત્સૂત્રપ્રરૂપણા-સિવાયના બીજા કોઈક પણ યથાછંદતાના કારણો હોઈ શકે છે, અને એના કારણે તેઓની યથાછંદતા બતાવી હોય. એટલે તેઓ એકાવતારી હોય તો ય વાંધો નથી. કેમકે તેઓ ઉત્સૂત્રપ્રરૂપક નથી.

આમ "કોઈપણ યથાછંદ ઉત્સૂત્રભાષી હોય જ." એવો એકાંત પ્રામાણિક નથી.

---

**यशो० तदरमणीयं, आगम एव यथाछन्दस्योत्सूत्रप्ररूपणाया नियत-व्यवस्थाप्रदर्शनात्।** तदुक्तं व्यवहारभाष्ये-

अहछंदस्स परूवण उस्सुत्ता दुविह होइ णायव्वा । चरणेसु गइंसु जा तत्थ चरणे इमा होइ ।।१।।
पडिलेहणि मुहपोत्तिय रयहरण निसिज्ज पायमत्तए पट्टे । पडलाइ चोल उण्णादसिआ पडिलेहणापोत्तं ।।२।।
दंतच्छिन्नमलित्तं हरियट्ठिय पमज्जणा य णिंतस्स । अणुवाइ अणणुवाई परूवणं चरणे गतीसुं पि ।।३।।
अणुवाइ त्ति नज्जइ जुत्तीपडियं खु भासए एसो । जं पुण सुत्तावेयं तं होइ अणणुवाइ त्ति ।।४।।
सागारिआइपलियंक-णिसिज्जासेवणा य गिहिमत्ते । णिग्गंथिचिट्ठणाई पडिसेहो मासकप्पस्स ।।५।।
चारे वेरज्जे वा पढमसमोसरण तह णितिएसु । सुण्णे अकप्पिए अ अणाउंछे य संभोगे ।।६।।
किंवा अकप्पिएणं गहियं फासुं पि होइ उ अभोज्जं । अन्नाउंछं को वा होइ गुणो कप्पिए गहिए ।।७।।
पंचमहव्वयधारी समणा सव्वे वि किं ण भुंजंति । इय चरणवितथवादी इत्तो वुच्छं गईसुं तु ।।८।।
खेत्तं गओ अडविं इक्को संचिक्खए तहिं चेव । तित्थयरो पुण पियरो खेत्तं पुण भावओ सिद्धि त्ति ।।९।।

---

<u>चन्द्र</u> : **आगम एव** = यस्मिन्नागमे भवद्भिः यथाछन्दस्योत्सूत्रप्ररूपणाऽनियमप्ररूपणं प्रतिपादितमिष्यते, तस्मिन्नागम एवेति एवकारभावार्थः । **नियतव्यवस्थाप्रदर्शनात्** = अवश्यम्भावित्वनिरूपणात् । यथाछन्दे किमपि उत्सूत्रभाषणं भवत्येवेति आगमे प्रतिपादनात् इति भावः ।

ननु कस्मिन्नागमे "यथाच्छन्दस्यावश्यमुत्सूत्रभाषित्वं" इति प्रतिपादनं विद्यते इति कथयतु भवानित्यत आह-**तदुक्तं व्यवहारभाष्ये** इत्यादि ।

भाष्यान्तर्गतानां गाथानां सङ्क्षेपार्थस्त्वयम् -

यथाछन्दस्य द्विविधा उत्सूत्रा प्ररूपणा ज्ञातव्या भवति ।
चरणेषु गतिषु (च), या तत्र चरणे, (सा) इयं भवति ॥१॥

प्रतिलेखनी मुखपोतिका रजोहरणनिषद्या पात्रमात्रके पट्टे ।
पटलानि चोल ऊर्णादशिका प्रतिलेखनापोतम् ॥२॥

दन्तच्छिन्नमलिप्तं हरितस्थितं निर्गच्छतः प्रमार्जना च ।
चरणे गतिष्वपि अनुपात्यननुपातिप्ररूपणं ॥३॥

अनुपातीति ज्ञायते युक्तिपतितं खलु भाषते एषः ।
यत्पुनः सूत्रापेतं तद्भवत्यननुपातीति ॥४॥

सागारिकादिपर्यंकनिषद्यासेवना च गृहिमात्रे ।
निर्ग्रन्थीस्थानादयः प्रतिषेधो मासकल्पस्य ॥५॥

चारे वैराज्ये प्रथमसमवसरणे तथा नित्येषु ।
शून्येऽकल्पिके चाज्ञातोञ्छे च सम्भोगे ॥६॥

अकल्पिकेन गृहीतं अज्ञातोञ्छं प्रासुकमपि किमभोज्यं भवति ?
को वा कल्पिकेन गृहीते गुणो भवति ? ॥७॥

पंचमहाव्रतधारिणः श्रमणाः सर्वेऽपि किं (समकं) न भुञ्जते ।
इति चरणवितथवादी, इतो वक्ष्ये गतिषु तु (एकः) ॥८॥

क्षेत्रं गतः, एकः अटवीं (गतः), एकः तत्रैव सन्तिष्ठते ।
तीर्थंकरः पुनः पिता, क्षेत्रं पुनः भावतः सिद्धिरिति ॥९॥

भावार्थं तु अनन्तरमेव टीकानुसारेण प्ररूपयिष्याम: ।

**<u>ચન્દ્ર</u> : ગુરુ :** જે જિનાગમોના આધારે તું એમ સાબિત કરવા માંગે છે કે "યથાછંદ અવશ્ય ઉત્સૂત્રભાષક હોય એવો નિયમ નથી." તે જિનાગમમાં જ યથાછંદને ઉત્સૂત્રપ્રરૂપણાની નિયતવ્યવસ્થા બતાવેલી છે. અર્થાત્ "યથાછંદ કેવા કેવા પ્રકારની ઉત્સૂત્રપ્રરૂપણા કરે ?" ઇત્યાદિ બતાવેલ છે. અને એમાંથી કોઈપણ પ્રકારની ઉત્સૂત્રપ્રરૂપણા યથાછંદને હોય જ એમ જણાય છે.

વ્યવહારભાષ્યમાં આ વાત કરી છે.

યથાછંદને બે પ્રકારની ઉત્સૂત્રપ્રરૂપણા જાણવી. ચારિત્રમાં અને ગતિમાં, તેમાંથી જે ચારિત્રમાં છે, તે આ છે. ૧

પુંજણી, મુહપત્તી, રજોહરણ, નિષદ્યા, પાત્ર-માત્રક, પટ્ટક, પલ્લા, ચોલ, ઉનની દશીઓ, પ્રતિલેખનાવસ્ત્ર. ૨

દંતછિન્ન, 'અલિપ્ત, વનસ્પતિસ્થિત, નીકળતાની પ્રમાર્જના, ચારિત્ર અને ગતિમાં પણ અનુપાતિ તથા અનનુપાતિ હોય છે. ૩

અનુપાતિ એટલે જે જણાય કે 'આ યુક્તિસંગત બોલે છે.' જે વળી સૂત્રબાહ્ય હોય તે અનનુપાતિ હોય. ૪

સાગારિકાદિના પલ્યંક, નિષધાની સેવના, ગૃહસ્થના માત્રકમાં (ભોજન), સાધ્વીસ્થાનમાં રહેવું, માસકલ્પનો પ્રતિષેધ. ૫

ચારમાં, વૈરાજ્યમાં, પ્રથમસમવસરણ (ચોમાસું), નિત્યવાસીઓમાં, શૂન્યવસતિમાં, અકલ્પિકમાં, અજ્ઞાતોઝ્છમાં, સંભોગમાં. ૬

અકલ્પિક વડે ગ્રહણ કરાયેલ અજ્ઞાતગોચરી અચિત્ત હોય તો પણ કેમ ન વપરાય ? કલ્પિક વડે ગૃહીતમાં કયો ગુણ છે ? ૭

પંચમહાવ્રતી સાધુઓ બધા ય કેમ (સાથે) નથી વાપરતા ? આ પ્રમાણે ચારિત્રમાં વિપરીત બોલનાર છે. હવે ગતિમાં કહીશ. ૮

એક પુત્ર ખેતરમાં ગયો, એક જંગલમાં, એક ત્યાં જ રહે છે. તીર્થંકર પિતા છે. ખેતર વળી ભાવથી સિદ્ધિ છે. ૯

(આ ગાથાઓનો સ્પષ્ટ અર્થ હવે પછી બતાવાશે.)

---

**यशो० एतासां गाथानामयं संक्षेपार्थः–अहछंदस्सत्ति । यथाछन्दस्य प्ररूपणोत्सूत्रा= सूत्रादुत्तीर्णा द्विविधा भवति ज्ञातव्या । तद्यथा–चरणेषु=चरणविषया, गतिषु=गतिविषया । तत्र या चरणे=चरणविषया सा इयं=वक्ष्यमाणा भवति ।।१।।**

**(१) तामेवाह–पडिलेहणित्ति, मुखपोतिका=मुखवस्त्रिका सैव प्रतिलेखनी=पात्र-प्रत्युपेक्षिका= पात्रकेसरिका, किं द्वयोः परिग्रहेण? अतिरिक्तोपधिग्रहणदोषादेकयैव मुखपोतिकया कायभाजनोभयप्रत्युपेक्षणकार्यनिर्वाहेणापरवैफल्यात् ।**

---

चन्द्र : यथाछन्दस्योत्सूत्रप्ररूपणानि भाष्यगाथाप्रतिपादितानि क्रमशो ग्रन्थकृदेव वर्णयति- **एतासां** इत्यादि ।

(१) पात्रकेसरिकामुखवस्त्रिकयोर्मध्ये एकमेव वस्तु साधुभिः गृह्यताम्, तेनैव पात्रप्रमार्जनं कायप्रमार्जनं च कार्यद्वयं सम्पद्यते । द्वयोर्ग्रहणे तु अधिकोपधिसङ्ग्रहात्पञ्चमहाव्रतव्याघात-प्रसङ्गः स्यात् इति प्रथमोत्सूत्रभाषणभावार्थः । अक्षरार्थस्तु सुगमः । नवरं किमर्थं द्वयोः परिग्रहः = स्वीकारः न क्रियते ? इति शङ्कायामाह यथाच्छन्दः **अतिरिक्तोपधिग्रहणदोषात्** = अधिकोपधिग्रहणदोषसम्भवाद् द्वयोः परिग्रहो न कर्तव्य इति भावः ।

ननु संयमोपयोगिन उपधेः ग्रहणे न प्रकृतो दोषः, प्रकृते च पात्रकेसरिका पात्रप्रतिलेखनात्मकसंयमोपयोगिनी मुखवस्त्रिका च कायप्रतिलेखनात्मकसंयमोपयोगिनीति न संयमोपयोगिन्योः द्वयोः ग्रहणे परिग्रहदोष इति शङ्कायामाह-**एकयैव मुखपोतिकया** = पात्रकेसरिकारहितयैव मुखवस्त्रिकया ।

**अपरवैफल्यात्** = पात्रकेसरिकाया विफलत्वात् । तथा च संयमानुपयोगिन्याः पात्रकेसरिकाया ग्रहणे परिग्रहदोषः स्फुट एवेति नोभयग्रहणं न्याय्यमिति ।

**ચન્દ્ર** : આ નવ ગાથાઓનો સંક્ષેપાર્થ આ પ્રમાણે છે - યથાછંદની સૂત્રવિરૂદ્ધ પ્રરૂપણા બે પ્રકારની જાણવી. ચારિત્રસંબંધી અને ગતિસંબંધી. તેમાં ચારિત્રસંબંધી ઉત્સૂત્રપ્રરૂપણા આ (હમણા જ કહેવાશે, તે) છે.

(૧) મુહપત્તી એ જ પુંજણી થાઓ. બેયનો પરિગ્રહ કરવાથી શું ? બે રાખવામાં તો વધારાની ઉપધિ રાખવા રૂપ દોષ લાગતો હોવાથી બે ન રખાય.

(**શિષ્ય** : સંયમોપયોગી વસ્તુ વધારે રાખવામાં તો કોઈ દોષ ન લાગે. પ્રસ્તુતમાં મુહપત્તી શરીરપ્રતિલેખન રૂપ સંયમ માટે અને પુંજણી વસ્ત્રપ્રતિલેખન રૂપ સંયમ માટે ઉપયોગી છે. તો પછી એ બે રાખવામાં પરિગ્રહ દોષ શી રીતે લાગે ?)

**ગુરુ** : એક માત્ર મુહપત્તી દ્વારા જ શરીર અને પાત્રા એ બેયનું પ્રમાર્જન કરવારૂપ કાર્ય થઇ શકતું હોવાથી પુંજણી તો નકામી = સંયમાનુપયોગી જ છે. માટે એ રાખવામાં દોષ લાગે.

---

**यशो०** **(२) तथा रयहरणणिसिज्ज त्ति, किं रजोहरणस्य द्वाभ्यां निषद्याभ्यां कर्त्तव्यम्? एकैव निषद्याऽस्तु ।**

---

चन्द्र : (२) **रजोहरणस्य द्वाभ्यां निषद्याभ्यां** = अभ्यन्तरक्षौमिकवस्त्र-बाह्यौर्णिकवस्त्रस्वरूपाभ्यां किं प्रयोजनम् ? एकैव निषद्या भवत्विति ।

**ચન્દ્ર** : (૨) ઓઘાની બે નિષદ્યા વડે (= ઓઘારિયું અને નિષેથિયું) શું કામ છે ? માત્ર એક જ નિષદ્યા રહો.

---

**यशो०** **(३) पायमत्तएत्ति, यदेव पात्रं तदेव मात्रकं क्रियतां, मात्रकं वा पात्रं**

**क्रियतां, किं द्वयोः परिग्रहेण? एकेनैवान्यकार्यनिष्पत्तेः । भणितं च**–'यो भिक्षुस्तरुणो बलवान् स एकं पात्रं गृह्णीयाद्' **आचाराङ्ग इति ।**

चन्द्र : (३) सर्वेऽपि साधवः पात्रकं मात्रकं चेति गोचर्युपयोगि पात्रद्वयं धारयन्ति, तत्र द्वाभ्यामन्यतरदेव धार्यताम् । किं द्वाभ्यां प्रयोजनम् ? **एकेनैव** = पात्रकेण मात्रकेणैव वा **अन्यकार्यनिष्पत्तेः** = मात्रकस्य पात्रकस्य वा यत्कार्यं गुर्वादिप्रायोग्यवस्त्वानयनादिकं, तत्सम्भवात् । न चैतच्छास्त्रबाधितम् । यतः शास्त्रेऽप्युक्तम् "**यो भिक्षुस्तरुणो**" इत्यादि ।

चन्द्र : (पूर्वકાળના સાધુઓ પાત્રક અને માત્રક એમ બે પાત્રા રાખતા હતાં. યથાછંદ કહે છે કે) જે પાત્ર છે, તે જ માત્રક કરાઓ. અથવા તો માત્રક પાત્ર કરાઓ. બેના સ્વીકાર વડે શું કામ છે ? કેમકે એકના દ્વારા જ બીજાના કાર્યની પણ સિદ્ધિ થઈ જશે. આચારાંગસૂત્રમાં કહ્યું છે કે "જે સાધુ યુવાન, બળવાન હોય તે એક પાત્રને ગ્રહણ કરે."

**यशो० (४) तथा पट्टएत्ति, य एव चोलपट्टकः स एव रात्रौ संस्तारकस्योत्तरपट्टः क्रियतां, किं पृथगुत्तरपट्टग्रहेण?**

चन्द्र : (४) दिवसे परिधीयमानश्चोलपट्टक ए५ रात्रौ संस्तारकस्योपरि आस्तीर्यताम् । किं पृथगुत्तरपट्टकेनेति भावः ।

चन्द्र : (४) દિવસે જે ચોલપટ્ટો પહેરીએ, એ જ રાત્રે સંથારાની ઉપર પાથરી દેવાનો. જુદા ઉત્તરપટ્ટાનું શું કામ છે ?

**यशो० (५) तथा पडलाइं चोलत्ति, पटलानि किमिति पृथग् ध्रियन्ते? चोलपट्टक एव भिक्षार्थं हिण्डमानेन द्विगुणस्त्रिगुणो वा कृत्वा पटलस्थाने निवेश्यताम् ।**

चन्द्र : (५) पटलानि किं **पृथग्** = चोलपट्टकादतिरिक्तानि गृह्यन्ते ? **ननु** भिक्षार्थं निर्गच्छता 'झोली' इति अपरनामकस्य पात्रबन्धनस्योपरि पटलानि स्थाप्यन्ते, पटलाभावे हि पात्रबन्धनान्तर्वर्तिनि पात्रके सचित्तरजःप्रवेशो भवेत् । तस्मादवश्यं पटलानि धारणीयानि । किञ्च वायुवादिना लिङ्गोत्तेजनायां सत्यां शासनहीलनानिवारणाय पटलैः लिङ्गावरणं क्रियते इति तदर्थमपि पटलानि ध्रियन्त एवेत्यत आह-**चोलपट्टक एव भिक्षार्थं** इत्यादि सुगमम् । तथा च चोलपट्टकैनैव पटलकार्यसम्पादनात् पटलानि निरर्थकान्येवेति ।

**ચન્દ્ર** : (૫) પલ્લાઓ શા માટે જુદા રાખવા જોઈએ ? ભિક્ષામાં ઝોળી ઉપર ઢાંકવા માટે પલ્લા જોઈએ. પરંતુ ભિક્ષા માટે ફરતો સાધુ ચોલપટ્ટાને જ બમણો-ત્રણ ગણો કરી પલ્લાના સ્થાને નાંખી દે, તો ચાલી રહે. એટલે પલ્લા ન રાખવા.

---

**यशो० (६) उण्णादसिय त्ति, रजोहरणस्य दशाः किमित्यूर्णमय्यः क्रियन्ते, क्षौमिकाः क्रियन्ताम्, ता ह्यूर्णमयीभ्यो मृदुतरा भवन्ति ।**

---

**चन्द्र** : ( ६ ) **रजोहरणस्य दशाः** इत्यादि सुगमम् । क्षौमिकदशाकरणे कारणमाह-**ता ह्यूर्णमयी** इत्यादि ।

**ચન્દ્ર** : (૬) ઓઘાની દશીઓ ઉનની બનેલી શા માટે કરાય છે ? સુતરની બનેલી જ કરવી જોઈએ. કેમકે તે સુતરની દશીઓ ઉનની દશીઓ કરતા વધુ કોમળ હોય છે.

---

**यशो० (७) पडिलेहणापोत्तंति, प्रतिलेखनावेलायामेकं पोतं प्रस्तार्य तस्योपरि समस्तवस्त्रप्रत्युपेक्षणां कृत्वा तदनन्तरमुपाश्रयाद् बहिः प्रत्युपेक्षणीयम्, एवं हि महती जीवदया कृता भवतीति ।।२।।**

---

**चन्द्र** : ( ७ ) **प्रतिलेखनावेलायामित्यादि** सुगमम् । **महती जीवदया** = प्रकृतरीत्या प्रतिलेखनकरणे हि वस्त्रान्तर्गताः सर्वे जीवा उपाश्रयाद् बहिरेव पतन्ति, यदि चोपाश्रयमध्ये अधस्ताद् वस्त्रमप्रस्तार्य प्रतिलेखनं क्रियेत, तर्हि सर्वे जीवा उपाश्रयभूमौ निपतेयुः, ततश्च तत्र गमनागमनादिकं कुर्वद्भिः साधुभिः तेषां जीवानां संघट्टनादिना दुःखं भवेत् । एवमादिकारणैस्तत्र जीवदया स्वल्पा स्यात्, अस्मदुक्तरीत्या प्रतिलेखने तु महती जीवदया स्फुटैवेति पूर्वपक्षगूढाभिप्रायः ।

**ચન્દ્ર** : (૭) પ્રતિલેખના સમયે નીચે એક વસ્ત્ર પાથરીને તેની ઉપર બધા વસ્ત્રોની પ્રતિલેખના કરવી. (જેથી તે વસ્ત્રોના જીવો નીચેના એક જ વસ્ત્રમાં આવી જાય.) અને પછી તરત જ એ પાથરેલ વસ્ત્ર ઉપાશ્રયની બહાર પ્રતિલેખિત કરવું. આ પ્રમાણે કરવાથી મોટી જીવદયા કરાયેલી થાય.

---

**यशो० (८) दंतच्छिन्नमिति, हस्तगताः पादगता वा नखाः प्रवृद्धा दन्तैश्छेत्तव्या न नखरदनेन, नखरदनं हि ध्रियमाणमधिकरणं भवति ।**

**चन्द्र** : ( ८ ) **हस्तगताः** इत्यादि स्पष्टम् । नवरं नखरदनं नामवर्तमानकाले **'नेईलकटर'** इति नाम्ना प्रसिद्धं नखच्छेदनसाधनम्, **अधिकरणं भवति** = कदाचित्तीक्ष्णधारेण तेन कस्यचित्शरीरे क्षतं सम्भवेत् । क्रुद्धो वा कश्चित्साधुस्तेन कश्चिन्मारयेदपीति भवति तदधिकरणम् ।

**ચન્દ્ર** : (૮) હાથમાં રહેલા કે પગમાં રહેલા નખો વધી જાય તો દાંતથી છેદવા જોઈએ. પણ નેઈલકટરથી નહિ. પાસે રખાતું નેઈલકટર તો અધિકરણ = પાપનું સાધન બને છે. (કોઈને મારવા વિગેરેમાં ય ઉપયોગ થાય.)

---

**यशो०** **(९) तथा अलित्तंति, पात्रमलिप्तं कर्त्तव्यं, लेपे बहुदोषसंभवान्न पात्रं लेपनीयमिति भावः ।**

---

**चन्द्र** : ( ९ ) **पात्रमलिप्तमित्यादि** सुगमम् । भावार्थस्त्वयम्, प्राचीनो हि लेपः शकटचक्रान्तर्वर्तिमलमलिनतैलरूपोऽशुचिः, तद्ग्रहणे तदानयने च संयमात्मविराधनादीनां बहूनां दोषानां सम्भवान्न लेपः कर्त्तव्यः । तथा लेपितेऽशुष्के पात्रे मशकादयो लगन्ति म्रियन्ते चेत्येवं पात्रलेपे बहुदोषसम्भव ओघनिर्युक्त्यादिभिः स्वयमवधारणीय इति ।

**ચન્દ્ર** : (૯) પાત્રું લેપ વિનાનું જ રાખવું આશય એ છે કે પાત્રાને લેપ કરવામાં ઘણા બધા દોષો લાગતા હોવાથી પાત્રું લેપવું નહિ. (પ્રાચીનકાળમાં ગાડાના ચક્રની અંદર જે તેલ લગાડાતું, તે તેલ ધૂળ વિગેરેથી એકદમ કાળું પડી જતું. આ મેલવાળું તેલ સાધુઓ લાવતા અને એના દ્વારા પાત્રાને લેપ કરતા. આ લેપ ગ્રહણ કરવામાં, ઉપાશ્રયે લાવવામાં ઘણી વિરાધનાઓ સંભવે છે. લપેલા, નહિ સુકાયેલા પાત્ર ઉપર મચ્છરાદિ ચોંટી જઈને મરી જવાની પણ શક્યતા છે. આ બધા કારણસર પાત્રા ન લેપવા, એમ પૂર્વપક્ષનો આશય છે.)

---

**यशो०** **(१०) हरियट्ठियत्ति, हरितप्रतिष्ठितं भक्तपानादि डगलादि च ग्राह्यम्, तद्ग्रहणे हि तेषां हरितकायजीवानां भारापहारः कृतो भवति ।**

---

**चन्द्र** : ( १० ) हरितप्रतिष्ठितमित्यादि । सचित्ततृणादेरुपरि यद् भक्तपानादि डगलकादि वा स्थितं भवति । तत् साधुना ग्रहीतव्यम् । यतस्तद्ग्रहणे तृणादिजीवस्य भारापगमात् सुखं भवतीति । शेषं स्पष्टमेव ।

**ચન્દ્ર** : (૧૦) વનસ્પતિ ઉપર રહેલ ભોજન-પાણી વિગેરે અને પત્થરાદિ એ સાધુએ લેવા જોઈએ. કેમકે તેનું ગ્રહણ કરીએ તો તે વનસ્પતિજીવોના ભારનું અપહરણ કરાયેલું થાય. એમને શાતા થાય.

---

**यशो० (११) पमज्जणा य णिंतस्सत्ति, यदि छन्ने जीवदयानिमित्तं प्रमार्जना क्रियते ततो बहिरच्छन्ने क्रियतां, दयापरिणामाविशेषात् ।**

---

**चन्द्र** : (११) यथा छन्ने = उपरि छादनयुक्ते स्थाने अधस्तात् कीटिकादिदयानिमित्तं रजोहरणेन "दंडासन" इति वर्तमानकालीनोपकरणेन वा प्रमार्जना क्रियते, तथैव उपरि नभसि सति अधस्तात्किमर्थं न क्रियते ? उभयत्र दयापरिणामस्य समानत्वादिति ।

**ચન્દ્ર** : (૧૧) જેમ ઉપર ભીંત હોય એવા ઢંકાયેલા ભાગમાં નીચે ઓઘા-દંડાસન વડે જીવદયાને માટે પુંજીએ છીએ (રાત્રે પુંજીને ચાલીએ છીએ) એમ બહાર ખુલ્લા ભાગમાં ચાલતી વખતે પણ નીચે પુંજીને જ ચાલવું જોઈએ. કેમકે બે ય જગ્યાએ કીડી વિગેરે જીવોને બચાવવા રૂપ જીવદયાનો પરિણામ તો એક સરખો જ લાગુ પડે છે.

---

**यशो० ईदृशी यथाछन्दस्य प्ररूपणा चरणेषु गतिषु चानुपातिन्यननुपातिनी च भवति ।।३।। अनुपातिन्यननुपातिन्योः स्वरूपमाह–अणुवाइत्ति । यद् भाषमाणः स यथाछन्दो ज्ञायते, यथा-खु=निश्चितं युक्तिपतितं=युक्तिसंगतमेव भाषते तदनुपातिप्ररूपणम् यथा-यैव मुखपोतिका सैव प्रतिलेखनिकेत्यादि । यत्पुनर्भाष्यमाणं सूत्रापेतं प्रतिभासते तद् भवत्यननुपाति, यथा चोलपट्टः पटलानि क्रियन्तामिति, षट्पदिकापतनसंभवेन सूत्रयुक्तिबाधात् ।**

---

**चन्द्र** : अनुपातिनी = वक्ष्यमाणस्वरूपा अननुपातिनी = वक्ष्यमाणस्वरूपैव । त एव द्वे प्ररूपणे आह-**यद्भाषमाणः** इत्यादि ।

कीदृशो ज्ञायते इति कथयति-**यथा** इत्यादि । अनुपातिप्ररूपणमेव दृष्टान्तेन प्रदर्शयति **यैव मुखपोतिका** इत्यादि । इदं हि प्ररूपणं युक्तियुक्तमेव भासते, ततश्च तदुत्सूत्रप्ररूपणं अनुपातिशब्देन व्यवह्रीयते ।

अधुनाऽननुपातिप्ररूपणं सदृष्टान्तं दर्शयति-**यत्पुनर्भाष्यमाणमित्यादि । चोलपट्टेति ।**

इदं हि निरूपणं सूत्रविरूद्धं प्रतिभासते, तस्मात्तदननुपातिपदेन व्यवह्रीयते । ननु कथमेतन्निरूपणं सूत्रविरूद्धं प्रतिभासते ? इत्यतः कारणमाह-**षट्पदिकापतनेत्यादि** । अयं भावः-यावज्जीवं स्नानत्यागिनां संयमिनां मलिने देहे संमूर्च्छिमा अतीव सूक्ष्माः षट्पदिकाः समुत्पद्यन्ते, एतच्च वर्तमानेऽपि केषाञ्चित्संयमिनां प्रत्यक्षसिद्धमेव । ताश्च परिधीयमाने चोलपट्टके सङ्क्रामन्त्यपि। एवं च यदि स षट्पदिकासंयुक्तश्चोलपट्टको भिक्षायां पात्रबन्धनोपरि क्रियेत, तर्हि काश्चित्षट्पदिकाः पात्रकादावपि पतेयुः, ततश्च ता भोजनमिश्रिताः साधुभिर्भुज्यन्त इति महतीयं संयमविराधना स्यात् । एवं च सूत्रयुक्तेरत्र बाधात् प्रकृतं निरूपणं सूत्रविरूद्धं स्फुटमेवेति ।

<u>ચન્દ્ર</u> : યથાછંદની આવા પ્રકારની ઉત્સૂત્રપ્રરૂપણા ચરણોમાં અને ગતિમાં અનુપાતિ અને અનનુપાતિ હોય છે. અર્થાત્ તે પ્રરૂપણાઓ ચારિત્રને અને ગતિને આશ્રયીને વિચારીએ તો અનુપાતિ અને અનનુપાતિ એમ બે પ્રકારની છે.

એ અનુપાતિ અને અનનુપાતિનું સ્વરૂપ કહે છે. જે પદાર્થને બોલતો તે યથાછંદ આ પ્રમાણે જણાય કે "નક્કી આ યુક્તિસંગત જ વાત કરે છે. તે અનુપાતિપ્રરૂપણ કહેવાય. દા.ત. જે મુહપત્તી જ છે, એ જ પુંજણી થાઓ. (આ વાત યુક્તિસંગત લાગે છે. શાસ્રીયયુક્તિઓનો આમાં બાધ નથી આવતો. ઉલ્ટું "પરિગ્રહ ન કરવો" ઇત્યાદિ શાસ્રીય યુક્તિઓ આમાં પોષક બને છે.)

જ્યારે યથાછંદ વડે બોલાતો જે પદાર્થ સૂત્રવિરૂદ્ધ પ્રતિભાસે, તે અનનુપાતિ કહેવાય.

દા.ત. "ચોલપટ્ટાને જ પલ્લા તરીકે કરી દો." આ સૂત્રવિરૂદ્ધ એટલા માટે કે 'જુ'ના પડવાનો સંભવ હોવાથી શાસ્રયુક્તિનો બાધ થાય છે. (સ્નાન ન કરનારા સાધુઓને મેલા દેહમાં સંમૂર્ચ્છિમ, ઘણી નાની જુ થતી હોય છે. જેને **સવા** કહેવાય છે. આ વાત વર્તમાનમાં પણ અમુક સંયમીઓમાં પ્રત્યક્ષસિદ્ધ જ છે. આ જુ પહેરાતા ચોલપટ્ટામાં સંક્રમ પણ પામે. એટલે હવે જો તે જુવાળો ચોલપટ્ટો ગોચરીમાં ઝોળીની ઉપર કરાય તો કેટલીક જુ પાત્રાદિમાં પણ પડે. તો પછી ભોજન મિશ્રિત તે જુ સંયમીઓ વડે ખવાય આમ આ મોટી સંયમવિરાધના થાય.)

---

**<u>यशो०</u> अथवा सर्वाण्येव पदान्यगीतार्थप्रतिभासापेक्षयाऽनुपातीनि, गीतार्थप्रतिभासापेक्षया त्वननुपातीनीति ।।४।।**

**चन्द्र : ननु** यन्निरूपणं भवद्भिरनुपाति गदितं, तत् गीतार्थानां तु शास्त्रयुक्तिबाधितमेव प्रतिभासते । यथा - 'मुखवस्त्रिकाया मलिनत्वात् तया पात्रप्रतिलेखने नूतनदीक्षितादीनां जुगुप्सा लोकनिन्दादिकं च स्यात्, तस्मात् शुद्धया पात्रकेसरिकयैव पात्रप्रतिलेखनं करणीयम्' इति । एवं च भवदुक्तमनुपातिप्ररूपणं गीतार्थापेक्षया अननुपात्येव भवति ।

एवं भवदुक्तं अननुपाति मुग्धानामपेक्षया अनुपात्येव भवति । यतो मुग्धाश्चोलपट्टकस्यैव पटलरूपेण उपयोगं युक्तिसङ्गतमेव मन्यन्त इति । ततश्च अनुपात्यननुपातिप्ररूपणयोः विभागो न स्यात् । सर्वमपि उत्सूत्रप्ररूपणं मुग्धजनापेक्षयाऽनुपाति, गीतार्थापेक्षया चाननुपातीति चतुरवाचं श्रुत्वा तां स्वीकरोति-**अथवा** इत्यादि । स्पष्टम् । नवरं प्रतिभासः = ज्ञानम् ।

**ચન્દ્ર : (શિષ્ય :** તમે બે ભેદ પાડ્યા, પણ મને એ બરાબર નથી લાગતા. કેમકે જે પ્રરૂપણાને તમે અનુપાતિ કહો છો, ગીતાર્થોને તો એમાં પણ શાસ્ત્રયુક્તિનો બાધ સ્પષ્ટ જણાતો હોવાથી તે પ્રરૂપણા એમની દૃષ્ટિએ અનનુપાતિ જ બની જાય.

દા.ત. મુહપત્તીથી જ પાત્રા પુંજવાની વાતમાં ગીતાર્થો સમજે જ છે કે "મેલી મુહપત્તીથી પાત્રા પૂંજવામાં નૂતનદીક્ષિતાદિને જુગુપ્સા થવાની પાકી શક્યતા છે. કોઈ જુએ, તો લોકમાં નિંદા વિગેરે પણ થાય. એટલે આ વાત બરાબર નથી. ચોક્ખી પુંજણીથી જ પાત્રું પ્રતિલેખવું જોઈએ."

એમ તમે જે પદાર્થ અનનુપાતિ કહ્યો છે, એ પદાર્થ મુગ્ધજીવોને તો અનુપાતિ જ લાગે છે. તેઓને એમાં કોઈ દોષ દેખાતો નથી. આમ આ બે ભેદો બરાબર નથી.)

**ગુરુ :** તો પછી આ પ્રમાણે સમજવું કે બધી જ ઉત્સૂત્રપ્રરૂપણાઓ અગીતાર્થના બોધની અપેક્ષાએ અનુપાતિ છે. અને એ જ ઉત્સૂત્રપ્રરૂપણાઓ ગીતાર્થના બોધની અપેક્ષાએ અનનુપાતિ છે.

---

**यशो० इदं चान्यत्तत्प्ररूपणम्-(१२) सागारियाइत्ति, सागारिकः=शय्यातरस्तद्विषये ब्रूते-शय्यातरपिण्डग्रहणे नास्ति दोषः, प्रत्युत शय्यातरस्य महालाभ इति । आदिशब्दा-त्स्थापनाकुलेष्वपि प्रविशतो नास्ति दोषः, प्रत्युत भिक्षाशुद्धिरित्यादि ग्राह्यम् ।**

---

**चन्द्र :** एवं प्रासङ्गिकमुक्त्वा पुनः यथाच्छन्दानामुत्सूत्रप्ररूपणानि दर्शयति (१२)- सागारिकः इत्यादि । शय्यातरभोजनं न परित्यक्तव्यम्, प्रत्युत ग्राह्यमेव । यतः साधुभक्तः

शय्यातरः साधूनां भोजनं दत्त्वा महान्तं शुभभावं तत्फलं च प्राप्नोति । न हि साधूनां शय्यादाता साधुभक्तो न भवतीति ।

**प्रत्युत भिक्षाविशुद्धि** इति । प्रायः परिणतानां श्रावकानां कुलानि स्थापनाकुलानि क्रियन्ते । ते च परिणतजिनवचना द्विचत्वारिंशद्दोषज्ञातारः 'यथा एकोऽपि दोषो न भवेत्' तथैव सम्यक् प्रयतन्ते । एवं च तेषां गृहेषु भिक्षाविशुद्धिः स्पष्टैव । अन्येषां गृहेषु तु तेषां जिनवचनाज्ञानादिभ्यः सचित्तजलस्पर्शादिरूपा दोषा दुस्त्यजा इति भावः ।

**ચન્દ્ર** : (વચ્ચે પ્રાસંગિક વાતો કરીને ફરી યથાછંદની ઉત્સૂત્રપ્રરૂપણાઓને દેખાડે છે.) યથાછંદની આ વળી બીજી ઉત્સૂત્રપ્રરૂપણાઓ છે.

(૧૨) તે સાગારિકના = શય્યાતરના વિષયમાં બોલે છે કે શય્યાતરને ત્યાં ગોચરી વહોરવી જોઈએ. કેમકે તેને ભાવવૃદ્ધિ વિગેરે દ્વારા મોટો લાભ થાય. ગાથામાં **"સાગારિકાદિ"** એમ જે **આદિ** પદ લખેલ છે. તેનાથી સ્થાપનાકુલો લેવા. યથાછંદો કહેતા હોય છે કે સ્થાપનાકુલોમાં પણ ગોચરી માટે પ્રવેશનારાને કોઈ દોષ નથી. ઉલ્ટું આ કુળના શ્રાવકો જિનપ્રવચનને સારી રીતે જાણતા હોવાથી એકપણ દોષ ન લાગવા દેવાની કાળજીવાળા હોય છે. અને માટે તેઓને ત્યાં ભિક્ષાની વિશુદ્ધિ જળવાય. જે બીજા ઘરોમાં જાળવવી અઘરી પડે.

---

**यशो० (१३) पलिअंकत्ति, पर्यङ्कादिषु मत्कुणादिरहितेषु परिभुज्यमानेषु न कोऽपि दोषः, प्रत्युत भूमावुपविशतो लाघवादयो दोषाः ।**

---

**चन्द्र : (१३) पर्यङ्कादिषु** इत्यादि स्पष्टम् । नवरं **लाघवादयो दोषाः** = नीचजना एव भूमौ उपविशन्ति, एवं च साधून् भूमौ उपविष्टान् दृष्ट्वा लोकस्तान् नीचान् गणयेदिति एवमादयो दोषा इति उत्सूत्रप्ररूपकस्याभिप्रायः ।

**ચન્દ્ર** : (૧૩) માંકડાદિ જન્તુ વિનાના પલંગ, ખુરશી વિગેરે વાપરવામાં કોઈપણ દોષ નથી. ઉલ્ટું જમીન ઉપર બેસનારાને લઘુતા-અપમાન વિગેરે દોષો લાગુ પડે છે.

---

**यशो० (१४) निसेज्जासेवणत्ति गृहिनिषद्यायां न दोषः, प्रत्युत धर्मकथाश्रवणेन लाभ इति ।**

---

**चन्द्र : (१४) गृहिनिषद्यायां** = 'गृहिगृहं गत्वा तत्रोपवेशने' इति तात्पर्यम् । न

केवलं "न दोषः" इति **प्रत्युत धर्मकथाश्रवणेन** = साधुः धर्मकथां करोति, ते च गृहिणः शृण्वन्तीत्येवं तेषां धर्मकथाश्रवणेन **लाभः** = सम्यक्त्वादिप्राप्तिः, ततश्च साधोरपि परोपकारादिना पुण्यानुबन्धिपुण्यादिप्राप्तिः ।

**ચન્દ્ર** : (૧૪) ગૃહસ્થોના ઘરોમાંજઈને બેસવામાં કોઈ દોષ નથી. ઉલ્ટું સાધુ ત્યાં જઇ જે ધર્મકથા કરશે, એ સાંભળવા દ્વારા શ્રાવકોને સમ્યગ્દર્શનાદિનો લાભ થશે. એમાં નિમિત્ત બનનાર સાધુને પુણ્યાનુબંધીપુણ્યાદિનો લાભ થશે.

---

**यशो० (१५) गिहिमत्तेत्ति, गृहिमात्रके भोजनं कस्मान्न क्रियते? न ह्यत्र दोषः, प्रत्युत सुन्दरपात्रो-पभोगात् प्रवचनानुपघातलक्षणोऽन्यपात्रभारावहनलक्षणश्च गुण इति ।**

---

**चन्द्र : ( १५ ) गृहिमात्रके** = गृहस्थभाजने ।

**प्रवचनानुपघातलक्षणः** = प्रवचनहीलनाऽभावलक्षणः, यदि हि आगमानुसारेण मलिनलेपलिप्ते पात्रके भोजनं गृह्यते, भुज्यते च, तर्हि भोजनदातारोऽन्ये च प्रवचनं हीलयेयुः यदुत "मलिनमेषां प्रवचनं, यत्रैतादृशे मलिने पात्रके भोजनग्रहणादीनि क्रियन्ते" इत्यादि । गृहस्थानां सुन्दरे भाजने भोजनादिकरण एष दोषो न भवेदिति भावः ।

**अन्यपात्रभारावहनलक्षणश्च** = यदि गृहस्थानामेव भाजने भोजनं क्रियेत, तर्हि साधुभिः पात्रकादिकं न धरणीयं, ततश्च **अन्यपात्राणां** = अधुना व्याप्रियमाणानां पात्रकमात्रकादीनां यो भारः, तदवहनलक्षणो गुणो भवेत् ।

**ચન્દ્ર** : (૧૫) ગૃહસ્થોના વાસણમાં ભોજન કેમ ન કરાય ? એમાં કોઇ દોષ નથી. ઉલ્ટું તેઓના સુંદર પાત્રાઓનો વપરાશ કરવાથી પ્રવચનની હીલના ન થવા રૂપ અને અન્યપાત્રાઓનો ભાર વહન ન કરવા રૂપ ગુણ = લાભ થાય છે. (પૂર્વકાળમાં ગાડાની મળીથી પાત્રાઓ લેપાતા, પરિણામે પાત્રાઓ આજના જેવા સુંદર ન હતા. એટલે આ યથાછંદ કહે છે કે "મેલા પાત્રાઓમાં ગોચરી વહોરશો, વાપરશો તો લોકો પ્રવચનની હીલના કરશે." તથા ગૃહસ્થોના વાસણમાં જ વાપરવાનું હોય તો પછી પાત્રાઓ રાખવા જ ન પડે. એટલે પછી એનો ભાર ઉંચકવો ન પડે. આ મોટો લાભ છે.)

---

**यशो० (१६) निग्गंथिचेट्ठणाइत्ति, निर्ग्रन्थीनामुपाश्रयेऽवस्थानादौ को दोषः? यत्र**

**तत्र स्थितेन शुभं मनः प्रवर्त्तितव्यं, तच्च स्वायत्तमिति ।**

<u>चन्द्र</u> : ( १६ ) **निर्ग्रन्थीनामित्यादि** स्पष्टम् । ननु निर्ग्रन्थ्युपाश्रये यदि स्थीयेत, तर्हि साधूनां निर्ग्रन्थीमुखदर्शनादितोऽशुभभावाः समुत्पद्येरन्, तस्मात्तत्रावस्थानं न युक्तमित्यत आह **यत्र तत्रेत्यादि** । मनो हि स्वाधीनमस्ति, ततः साध्व्युपाश्रयेऽपि तत् शुभपरिणामान्वितमेव भविष्यति । यथा हि स्वामी सेवकं स्वेच्छानुसारेण शुभेऽशुभे वा कार्ये योजयति, तथैव मुनिः स्वाधीनं मनः स्वेच्छानुसारेण शुभेऽशुभे वा योजयितुं समर्थ एव । अशुभे योजयितुमिच्छन्स साधूपाश्रयेऽपि मलिनभाववान् भवेत्, शुभे च योजयितुमिच्छन्स स्थूलभद्र इव वेश्यागृहेऽपि शुभपरिणामवान् भवेत्, किमुत साध्व्युपाश्रय इति ।

<u>ચન્દ્ર</u> : (૧૬) સાધ્વીજીનાં ઉપાશ્રયમાં રહેવામાં, ઉંઘવામાં, ગોચરી વાપરવામાં શું દોષ છે ? સાધુએ તો ગમે ત્યાં રહીને ય મન શુભ પ્રવર્તાવવાનું છે. અને એ મન તો એને સ્વાધીન જ છે. પછી ભલેને એ સાધ્વીના ઉપાશ્રયમાં રહે !

<u>**यशो०**</u> **(१७) तथा मासकल्पस्य प्रतिषेधस्तेन क्रियते, यदि दोषो न विद्यते तदा परतोऽपि तत्र स्थेयमिति ।।५।।**

<u>चन्द्र</u> : (१७) तथा **मासकल्पस्य** = वर्षाभिन्ने अष्टमासात्मके शेषकाले अष्टसु स्थानेषु एकैकमासावस्थानरूपस्य शास्त्रीयचारस्य प्रतिषेधः **तेन** = यथाछन्देन क्रियते । तद्वचनमेवाह **यदि दोषो** = मासकल्पे पूर्णेऽपि यदि तत्स्थानेऽधिककालं निवासेऽपि ममत्वादिरूपो दोषो न विद्यते, तर्हि **परतोऽपि** = मासे पूर्णेऽपि **तत्र** = यत्र एकं मासं यावत् निवासः कृतः, तत्र ।

<u>ચન્દ્ર</u> : (૧૭) યથાછંદો માસકલ્પનો નિષેધ કરતા હોય છે.

(ચોમાસા સિવાયના આઠ મહિનામાં આઠસ્થાનોમાં એક એક મહિનો રહેવા રૂપ શાસ્ત્રીય આચાર એટલે જ માસકલ્પ)

તે બોલે છે કે જો એક સ્થાને મહિનો રહ્યા બાદ વધારે રહેવામાં કોઈ દોષ ન હોય, તો પછી એક મહીના પછી પણ ત્યાં વધુ રહી શકાય.

<u>**यशो०**</u> **(१८) चारेत्ति, चारश्च चरणं गमनमित्यर्थस्तद्विषये ब्रूते—वृष्ट्यभावे**

**चातुर्मासकमध्येऽपि गच्छतां को दोषः? इति।**

चन्द्र : (१८) **चारश्च चरणमित्यादि** । स्पष्टम् ।

ચન્દ્ર : (૧૮) ચાર એટલે ચરણ, ગમન એ પ્રમાણે અર્થ થાય. એ વિષયમાં યથાછંદ બોલે કે "જો ચોમાસામાં વરસાદ ન થતો હોય, તો ચાલુ ચોમાસામાં પણ વિહાર કરનારા સાધુઓને શું દોષ ?"

**यशो० (१९) तथा वेरज्जत्ति, वैराज्येऽपि ब्रूते-साधवो विहारं कुर्वन्तु, परित्यक्तं हि तैः शरीरं, सोढव्याः खलु साधुभिरुपसर्गा इति ।**

चन्द्र : (१९) **वैराज्येऽपि** = साधवो यस्मिन् राज्ये स्थिताः, तद्राज्यस्य शत्रुभूतं राज्यं वैराज्यं, यद्वा यस्मिन्राज्ये राजा मृतः, न कोऽपि राज्यव्यवस्थाकारी शोभनो नूतनो राजाऽन्यो वा तत्र विद्यते तद् वैराज्यम् । यद्वा यस्मिन् राज्ये राजा साधुद्वेषी, तद् वैराज्यमित्यादयोऽर्था बृहत्कल्पादितो ज्ञेयाः । तस्मिन्वैराज्येऽपि, तद्विषय इति भावः । साधवो विहारं = वैराज्ये गमनागमनादिकं कुर्वन्तु ।

**ननु** वैराज्ये राज्यव्यवस्थाऽभावादिकारणवशात् साधूनां छेदनभेदनचौर्यादिरूपा महती पीडा स्यात्, तस्मादेव सूत्रेऽपि वैराज्ये गमनं प्रतिषिद्धमत आह-**परित्यक्तं** = साधुभिः शरीरे ममत्वभावः सर्वथा परित्यक्त इति भावः । ततश्च किं छेदनादिभयैः । तथा मोक्षार्थं निर्जराऽवश्यं अभिलषणीया, तदर्थञ्च **सोढव्याः खलु** इत्यादि स्पष्टम् ।

ચન્દ્ર : (૧૯) વૈરાજ્ય સંબંધમાં પણ યથાછંદ બોલે કે સાધુઓ વૈરાજ્યમાં પણ વિહાર કરો. (સાધુઓ જે રાજ્યમાં વિદ્યમાન હોય, એના શત્રુ ભૂત રાજ્ય એ વૈરાજ્ય કહેવાય. અથવા જે રાજ્યમાં રાજા મરી ગયો હોય અને રાજ્યવ્યવસ્થા સંભાળનાર બીજો રાજા કે બીજો કોઈ માણસ ન હોય અથવા જે રાજ્યનો રાજા સાધુદ્વેષી હોય એ વૈરાજ્ય કહેવાય.)

(**પ્રશ્ન** : આવા રાજ્યમાં સાધુઓ વિહાર કરે તો રાજ્યવ્યવસ્થા ન હોવાદિ કારણસર સાધુઓને કોઈ મારે, કાપે, ચોરી કરે... એ શક્ય છે. એટલે સાધુઓએ અહીં ન જ જવું.)

**યથાછંદ** : સાધુઓએ તો શરીર છોડી દીધું છે. (મમતા છોડી દીધી છે, એ દૃષ્ટિએ)

વળી મોક્ષ માટે જરૂરી નિર્જરાને પ્રાપ્ત કરવા માટે સાધુઓએ ઉપસર્ગો સહન કરવા જોઈએ. અને એટલે વૈરાજ્યમાં જવું જોઈએ.

**<u>यशो०</u> (२०) पढमसमोसरणं=वर्षाकालस्तत्र ब्रूते-किमिति प्रथमसमवसरणे शुद्धं वस्त्रादि न ग्राह्यम्? द्वितीयसमवसरणेऽपि ह्युद्गमादिदोषशुद्धमिति गृह्यते, तत्कोऽयं विशेषः? इति ।**

<u>चन्द्र</u> : (२०) **द्वितीयसमवसरणेऽपि** = शेषकाले इति भावः **उद्गमादिदोषशुद्धं** = द्विचत्वारिंशद्दोषरहितं **इति** = यतो दोषरहितं तस्मात्कारणात् **गृह्यते । तत्कोऽयं विशेषः** = यथा द्वितीयसमवसरणे दोषरहितं वस्त्रं गृह्यते, तथैव तादृशमेव वस्त्रं वर्षाकाले किं न गृह्यते ? कस्तत्र हेतुः, यत्समानमपि निर्दोषं वस्त्रं एकदा गृह्यते, अन्यदा न गृह्यते ? इति ।

<u>ચન્દ્ર</u> : (૨૦) પ્રથમ સમવસરણ એટલે વર્ષાકાળ, તે વિષયમાં યથાછંદ બોલે કે "શા માટે પ્રથમ સમવસરણમાં શુદ્ધવસ્ત્રાદિ ગ્રહણ ન કરાય. બીજા સમયમાં પણ = શેષકાળમાં પણ "આ વસ્ત્ર ઉદ્ગમાદિ ૪૨ દોષથી શુદ્ધ છે" એમ કારણથી ગ્રહણ કરાય છે. તો પછી વર્ષાકાળમાં કેમ ન લેવાય ? બેમાં એવી તો કઈ વિશેષતા = ભેદ = તફાવત છે કે એક જ પ્રકારના વસ્ત્રો વર્ષામાં ન લેવાય અને શેષકાળમાં લેવાય ?

**<u>यशो०</u> (२१) तह णिइएसुत्ति, तथा नित्येषु=नित्यवासिषु प्ररूपयति-नित्यवासे न दोषः, प्रत्युत प्रभूतसूत्रार्थग्रहणादिलक्षणो गुण इति ।**

<u>चन्द्र</u> : (२१) तथा नित्येषु इत्यादि । नित्यवासिषु = नित्यवासिनां विषये **प्ररूपयति । प्रभूतसूत्रार्थादि** इत्यादि । विहाराभावतः प्रभूतसूत्रार्थग्रहणादिकं सुलभमेव । अनित्यवासे तु विहारादिकारणात् न प्रभूतसूत्रार्थग्रहणादिकमिति ।

<u>ચન્દ્ર</u> : (૨૧) નિત્યવાસીના સંબંધમાં યથાછંદ બોલે કે "નિત્યવાસમાં દોષ નથી. ઉલ્ટું એક જ સ્થાને રહેવાથી પુષ્કળ સમય મળે અને એટલે પુષ્કળ સૂત્રાર્થનું ગ્રહણ, પુનરાવર્તનાદિ રૂપ મોટો લાભ થાય.

**<u>यशो०</u> (२२) तथा सुन्नत्ति, यद्युपकरणं न केनापि ह्रियते ततः शून्यायां वसतौ को**

दोषः ?

**चन्द्र** : ( २२ ) **यद्युपकरणमित्यादि** । (प्राचीनकालेऽयं विधिरस्ति, यदुत कदापि उपाश्रयः सर्वसाधुभिः शून्यो न क्रियते । जघन्यत एको मुनिस्तु अवश्यमुपाश्रये तिष्ठत्येव । अधुनाऽपि स विधिरवश्यं पालनीयोऽपि प्रमादादिवशात् न पाल्यतेऽपि इति खेदः ।) यथाछन्दस्तु प्राह-उपाश्रयं शून्यं किमर्थं न क्रियते ? शून्ये उपाश्रये चौर्यभयं भवेदिति चेत् तर्हि यदि वसतौ उपकरणं केनापि न ह्रियते इत्यवश्यं निर्णयो भवेत्, तर्हि तत्र शून्यवसतौ न कोऽपि दोष इति ।

**ચન્દ્ર** : (૨૨) (પ્રાચીન કાળમાં ઉપાશ્રય સંપૂર્ણ ખાલી ન રખાતો. ઓછામાં ઓછો એક સાધુ તો ઉપાશ્રયમાં રહેતો જ. આજે પણ આ વિધિ અવશ્ય પાળવી જોઈએ, છતાં પ્રમાદાદિના કારણે આ વિધિ નથી પણ પળાતી એ ખેદની વાત છે.) યથાછંદ કહે છે કે ઉપાશ્રય શા માટે શૂન્ય ન રખાય ? શૂન્ય ઉપાશ્રયમાં ચોરીનો ભય રહે એ જ માટે ને ? તો પછી જો ઉપાશ્રયમાં કોઈપણ વડે ઉપકરણ ચોરાવાના ન જ હોય, એવો પાકો નિર્ણય હોય તો શૂન્ય વસતિ રાખવામાં શું દોષ ?

**यशो० (२३) अकप्पिये अत्ति, अकल्पिकः=अगीतार्थस्तद्विषये ब्रूते-अकल्पिकेनानीतमज्ञातोञ्छं किं न भुज्यते? तस्याज्ञातोञ्छतया विशेषतः परिभोगार्हत्वात् । संभोएत्ति, संभोगे ब्रूते-सर्वेऽपि पञ्चमहाव्रतधारित्वेन साधवः सांभोगिका इति ।।६।।**

**चन्द्र** : ( २३ ) **अकल्पिकः** = **अगीतार्थः** न सम्यक् परिज्ञातं दशवैकालिकस्य पञ्चममध्ययनं येन स इति भावः । **अज्ञातोञ्छं** = श्रावकैरज्ञातं यद् उञ्छं = पिण्डः, तत् । यदि हि भिक्षाटनात् प्रागेव "हे अमुकश्रावकाः ! अहं भवतां गृहे भिक्षार्थं आगमिष्यामि" इति कथयित्वा तेषां गृहेषु उञ्छं गृह्यते, तर्हि तत् ज्ञातोञ्छं उच्यते । एवं श्रावकैः क्रियमाणां "अस्मद्गृहे भिक्षार्थं आगच्छतु भवान्" इत्यादिरूपां प्रार्थनां श्रुत्वा "अद्य मध्याह्ने भवद्गृहे आगमिष्यामि" इति कथयित्वा तद्गृहादानीयमानः पिण्डोऽपि ज्ञातोञ्छमुच्यते । "अद्य मम गृहे साधवो भिक्षार्थमागमिष्यन्ति" इति निर्णयाभाववतः श्रावकस्य गृहादानीता भिक्षा अज्ञातोञ्छमुच्यते इति तु सङ्क्षेपार्थः ।

**तस्य** = अकल्पिकेनानीतस्य पिण्डस्य **अज्ञातोञ्छतया विशेषतः** ज्ञातोञ्छाद्यपेक्षयाऽधिकं

**परिभोगार्हत्वात्** = भोगयोग्यत्वादिति । अयं भावः-यद्यपि ज्ञातोञ्छमपि द्विचत्वारिंशद्दोषरहितं सम्भवत्येव, तथापि तस्मिन् उद्गमादिदोषलेशावकाशात् सर्वथा शुद्धत्वस्य संशय एव । अज्ञातोञ्छन्तु प्राय उद्गमादिदोषरहितमेव भवतीति तत् अधिकं भोगयोग्यम् ।

तथा योऽकल्पिकः, स सामान्यतः श्रावकेषु प्रसिद्धो न भवति, ततश्च तदानीतः पिण्डः प्रायोऽज्ञातोञ्छमेव भवति । कल्पिकस्तु प्रायः श्रावकेषु प्रसिद्ध इति तदानीतः पिण्डोऽज्ञातो ज्ञातो वा सम्भवति । ततश्च यद्यपि कल्पिकानीतः पिण्डोऽज्ञातः सन् परिभोगार्हः सम्भवति। तथापि तस्य ज्ञातस्यापि सम्भवोऽस्ति, अकल्पिकस्य तु अज्ञात एव भवतीति स विशेषत उपभोगार्होऽस्तीति उत्सूत्रप्ररूपकाभिप्रायः ।

<u>ચન્દ્ર</u> : (૨૩) અકલ્પિક એટલે અગીતાર્થ ! (જેણે દશવૈ. નું પાંચમુ અધ્યયન સૂત્ર+અર્થથી સારી રીતે ભણ્યું નથી તે) તેના વિષયમાં યથાછંદ બોલે કે અકલ્પિક વડે લવાયેલ અજ્ઞાતગોચરી શા માટે ન વપરાય ? તેણે લાવેલી ગોચરી અજ્ઞાતોઞ્છ હોવાથી એ તો કલ્પિક વડે લવાયેલ જ્ઞાતોઞ્છ કરતા વધારે પરિભોગાર્હ = વાપરવા યોગ્ય છે. (અકલ્પિક નવો હોવાથી શ્રાવકોમાં અપ્રસિદ્ધ હોય એટલે એણે લાવેલી ગોચરી અજ્ઞાત હોવાની શક્યતા ઘણી છે. જ્યારે કલ્પિક શ્રાવકોમાં પ્રસિદ્ધ હોવાથી એણે લાવેલી ગોચરી જ્ઞાત અને અજ્ઞાત બે ય પ્રકારની હોઈ શકે છે.

અહીં સાધુ શ્રાવકને કહે "આજે તારા ઘરે ગોચરી આવીશ" અથવા શ્રાવકની ગોચરીની વિનંતિ સ્વીકારીને કહે કે "સારું. આજે તારા ઘરે આવીશ" તો આમાં શ્રાવકને પહેલેથી ખબર પડી જાય છે કે "આજે મારા ઘરે સાધુ આવશે." આવા શ્રાવકના ઘરે વહોરેલી ગોચરી એ જ્ઞાતોઞ્છ કહેવાય. પણ જે શ્રાવકને ખબર જ ન હોય કે "આજે મારે ત્યાં સાધુ આવવાના છે." તેવાના ઘરે લીધેલી ગોચરી અજ્ઞાતોઞ્છ બને.

જ્ઞાતોઞ્છ એ દોષિત જ હોય તેવો નિયમ નથી. પરંતુ એમાં નાના-મોટા દોષો લાગી જવાની શક્યતા વધુ છે. કેમકે "મારે ત્યાં સાધુ આવવાના છે"એ જાણ્યા બાદ શ્રાવક થોડી ઘણી વધારે રસોઈ બનાવી દે, વધારાની વસ્તુ બનાવી દે... આ બધી શક્યતા છે. એટલે આ કારણસર શાસ્ત્રકારો અજ્ઞાતોઞ્છને વધુ પ્રશંસનીય ગણે છે.

કલ્પિક = ગીતાર્થ સાધુ તો શ્રાવકાદિમાં પરિચિત હોવાથી એને બધા વિનંતિ કરે, અને એ તે ઘરોમાં જાય... આ બધા કારણસર એની ગોચરી જ્ઞાત પણ હોઈ શકે.

એટલે એની ગોચરી જ્ઞાત-અજ્ઞાત બે પ્રકારની સંભવિત છે. જ્યારે અકલ્પિકની ગોચરી પ્રાયઃ અજ્ઞાત જ હોય. માટે એની ગોચરી વાપરવી વધુ સારી છે.

આ બધું યથાછંદ બોલે છે.)

**<u>यशो०</u> अकप्पिए अत्ति विशिष्य विवृणोति । किं वत्ति, किंवत्=केन प्रकारेणाकल्पिकेन = अगीतार्थेन गृहीतं प्रासुकमज्ञातोञ्छमपि अभोज्यं=अपरिभोक्तव्यं भवति? को वा कल्पिकेन, अत्र गाथायां सप्तमी तृतीयार्थे, गृहीते गुणो भवति? नैव कश्चिद्, उभयत्रापि शुद्ध्यविशेषात् ।।७।।**

**<u>चन्द्र</u>** : चतुर्विंशतितममुत्सूत्रपदमेव विशेषतो विवृणोति-**किंवत्** इत्यादि । स्पष्टम् । ननु गाथायान्तु 'कल्पिके' इति सप्तमी विभक्तिरस्ति, भवद्भिरस्तु कल्पिकेन इति तृतीया प्ररूपिता, तन्न युक्तमित्यत आह-**अत्र गाथायां** स्पष्टम् ।

**<u>ચન્દ્ર</u>** : ચોવીશમું અકલ્પિક ઉત્સૂત્રપદ જ વિશેષથી વર્ણવે છે કે ક્યા પ્રકારે = ક્યા કારણસર અગીતાર્થે ગ્રહણ કરેલ પ્રાસુક અજ્ઞાતોચ્છ પણ અપરિભોગ્ય બને ? કલ્પિક વડે ગ્રહણ કરાયેલા પિંડમાં કયો ગુણ = વિશેષતા છે ? કોઈ જ નથી. કેમકે બે ય પિંડમાં શુદ્ધિ અવિશેષ = સમાન = સરખી છે.

**<u>यशो०</u> (२४) संभोएत्ति व्याचष्टे–पंचमहव्वयधारित्ति, पञ्चमहाव्रतधारिणः सर्वे श्रमणाः किं नैकत्र भुञ्जते? यदेके सांभोगिका अपरे चासांभोगिकाः क्रियन्ते इति । इत्येवमुपदर्शित-प्रकारेणानालोचितगुणदोषो यथाछन्दश्चरणे=चरणविषये वितथवादी । अत उर्ध्वं तु गतिषु वितथवादिनं वक्ष्यामि ।।८।।**

**<u>चन्द्र</u>** : (२४) **पञ्चमहाव्रतधारिणः** इत्यादि । अयं भावः-योऽयं साम्भोगिका-साम्भोगिकविभागः, स न योग्यः, तत्र यैः साधुभिः सहैकत्रभोजनादिकं कर्तुं कल्पते ते साम्भोगिकाः, यैस्तु समं न कल्पते तेऽसाम्भोगिकाः । एष च भेदो न युक्तियुक्तः, यतो ये पञ्चमहाव्रतधारिणः संविग्नाः, ते सर्वेऽपि परस्परं समाना एव, तत्किमर्थं "कैश्चित्सह भोजनादिकं क्रियते, अपरैस्तु सह न" इति नियमः ? इति ।

**अनालोचितगुणदोषः** = प्रतिपादितेषु पञ्चविंशतिपदेषु उपलक्षणात् अन्येष्वपि चारित्रसम्बन्धिषु पदेषु न आलोचिताः = सम्यगागमपरिज्ञानाभावात् न विचारिता गुणा

दोषाश्च येन, स तादृशः । यदि हि तस्य सम्यगागमपरिज्ञानं स्यात्, तर्हि प्रतिपादितपदेषु वास्तविकान् गुणान् दोषाँश्च ज्ञात्वा नोत्सूत्रप्ररूपणं कुर्यात् ।

गतिषु = "इहलोकात्परलोकगमनं केषां कुत्र भविष्यति" इति विषये इतिभावः ।

**ચન્દ્ર** : (૨૪) પંચમહાવ્રતધારી બધા શ્રમણો શા માટે સાથે ગોચરી નથી વાપરતા? શા માટે અમુક સાધુઓ સાંભોગિક કરાય છે અને અમુક સાધુઓ અસાંભોગિક કરાય છે ?

(જેની સાથે ગોચરી-પાણી વાપરવા કલ્પે તે સાંભોગિક. જેની સાથે ગોચરી-પાણી ન વાપરી શકાય તે અસાંભોગિક.)

આમ ઉપર બતાવ્યા પ્રમાણે ૨૫ પદોમાં અને એ સિવાય પણ ઘણી બાબતોમાં ગુણ અને દોષોનો વિચાર નહિ કરનાર યથાછંદ ચારિત્રસંબંધમાં ઉત્સૂત્રપ્રરૂપક બને છે. (જો એને આગમનું સમ્યક્ પરિજ્ઞાન હોય તો ગુણ-દોષોને સારી રીતે વિચારત, અને તો પછી આ બધી ઉત્સૂત્રપ્રરૂપણા ન કરત.)

હવે પછી ગતિવિષયમાં ખોટું પ્રરૂપણ કરનારને દર્શાવીશું.

---

**यशो०** **खेत्तं गओ यत्ति । स यथाछन्दो गतिष्वेवं प्ररूपणां करोति–'एगो गाहावई, तस्स तिण्णि पुत्ता। ते सव्वेवि खित्तकम्मोवजीविणो, पियरेण खित्तकम्मे णिओइया। तत्थेगो खित्तकम्मं जहाणत्तं करेइ, एगो अडविं गओ देसं देसेण हिंडइ इत्यर्थः, एगो जिमिउं देवकुलादिसु अच्छति। कालंतरेण तेसिं पिया मओ। तेहिं सव्वं पि पितिसंतियं ति काउं समं विभत्तं। तेसिं जं एक्केणं उवज्जिअं तं सव्वेसिं सामन्नं जायं। एवं अम्हं पिया तित्थयरो। तस्संतिओवदेसेणं सव्वे समणा कायकिलेसं कुव्वंति, अम्हे ण करेमो। जं तुब्भेहिं कयं तं अम्हं सामन्नं, जहा तुब्भे देवलोगं सुकुलपच्चायातिं वा सिद्धिं वा गच्छह, तहा अम्हे वि गच्छिस्सामो त्ति ।' एष गाथाभावार्थः । अक्षरयोजनिका त्वियं--एकः पुत्रः क्षेत्रंगतः, एकोऽटवीं देशान्तरेषु परिभ्रमतीत्यर्थः, अपर एकस्तत्रैव सन्तिष्ठते। पितरि च मृते धनं सर्वेषामपि समानम्। एवमत्रापि मातापितृस्थानीयस्तीर्थकरः क्षेत्रं=क्षेत्रफलं=धनं पुनर्भावतः=परमार्थतः सिद्धिस्तां यूयमिव युष्मदुपार्जनेन वयमपि गमिष्याम इति ।।९।।**

**चन्द्र** : एवं यथाछन्दस्य चारित्रे उत्सूत्रप्ररूपणं दर्शयित्वाऽधुना तस्य गतिषु उत्सूत्रप्ररूपणं दर्शयति - **एगो गाहावई** इत्यादि । अयं सङ्क्षेपार्थः - एको गृहस्थः, तस्य त्रयः पुत्राः, ते सर्वेऽपि कृषिकर्मोपजीविनः पित्रा कृषिकार्ये नियोजिताः । तत्रैकः कृषिकर्म आज्ञानुसारेण करोति । एकोऽटवीं गतो भिन्नभिन्नस्थानेऽटति । एको भुक्त्वा देवकुलादिषु तिष्ठति । कालान्तरेण तेषां पिता मृतः, तैः सर्वमपि धनादिकं "इदं पितृसम्बन्धि" इति चिन्तयित्वा समभागेन विभक्तम् । तेषां पुत्राणां मध्ये **यद्** धनं एकेन कृषिकार्यकारिणा पुत्रेणोपार्जितम्, **तत्** = धनं सर्वेषां **सामान्यं** = समानं जातम् । सर्वेषां समानभागमेव धनं सञ्जातमिति ।

एवमस्माकं पिता तीर्थकरः, तत्सम्बन्ध्युपदेशेन सर्वे श्रमणाः कायक्लेशं कुर्वन्ति, वयं शिथिला न कुर्मः । तथापि यद् युष्माभिः कृतं, तत् अस्माकं सामान्यम् । अस्माकमपि भवच्छोभनाचारफलं भविष्यत्येव, यतोऽस्माकं भवतां च पिता एक एव । यथा यूयं देवलोकं सुकुले जन्म वा सिद्धिं वा गच्छथ, तथा वयमपि गमिष्याम इति । अत्र द्वे 'वा'पदे समुच्चयार्थ इति प्रतिभाति । **अक्षरयोजनिका** इत्यादि स्पष्टम् ।

एवं च व्यवहारभाष्यगाथाभिरेतन्निर्णीतं यदुत यथाछन्दा अवश्यमुत्सूत्रभाषिणो भवन्ति, उत्सूत्राणि तु अनेकप्रकाराणि कस्यचित्कानिचिद्भवन्ति, न त्वैकैकस्य सर्वाण्यपीति कालीदेवीप्रमुखानां यथाच्छन्दानां उत्सूत्रभाषित्वं सिद्धम्, तेषां चैकावतारित्वं सिद्धमेवेति 'उत्सूत्रभाषिणामवश्यमनन्तसंसार' इति नियमः परास्तः ।

एवं तपागच्छीयस्योत्सूत्रप्ररूपकस्यापि अध्यवसायानुसारेणानन्तसंसारित्वं, दिगम्बरादीनाञ्चाध्यवसायानुसारेण संख्यातसंसारित्वमपि सम्भवत्येवेति ।

**चन्द्र** : તે યથાછંદ ગતિઓને વિશે આ પ્રમાણે પ્રરૂપણાને કરે છે

"એક ગૃહસ્થ હતો. તેના ત્રણ પુત્રો હતા. તે બધા જ ખેતીના આધારે જીવતા હતા. પિતાએ બધાને ખેતીમાં જોડ્યા. તેમાં એક પુત્ર પિતાની આજ્ઞા પ્રમાણે ખેતી કરે છે. એક પુત્ર જંગલ જઈ આમતેમ ભટકે છે. એક ખાઈ-પીને દેવકુલાદિમાં (ગામ બહાર મંદિરાદિ જેવું સ્થાન હોય, તેમાં) પડ્યો રહે છે.

કેટલાક કાળ બાદ તેમના પિતા મરી ગયા, તેઓએ બધી જ ધનાદિ વસ્તુઓ "આ પિતાસંબંધી છે" એમ વિચારી સરખાભાગે વહેંચી લીધા. તેમાં એકે જે ઉપાર્જિત કર્યું, એ બધાને સામાન્ય થયું. અર્થાત્ આ બધું મેળવેલું તો મહેનત કરનારા એક જ પુત્રે ! છતાં એ બધાયને પ્રાપ્ત થયું.

એમ આપણા બધાના (સંવિગ્નોના અને શિથિલોના) પિતા તીર્થંકર છે. તેમના સંબંધી ઉપદેશથી બધા સાધુઓ કાયક્લેશ કરે છે. અમે કરતા નથી. છતાં જે તમે બધાએ ધર્માદિ કર્યો. તે અમારે બધાને સામાન્ય થશે. એટલે કે જેમ તમે દેવલોક, મનુષ્યલોકમાં સુંદરકુળમાં પ્રત્યાગમન = જન્મ અને સિદ્ધિને પામશો, તેમ અમે પણ પામશું. આ ગાથાનો ભાવાર્થ છે. (અહીં બે 'વા' પદ છે. પરંતુ એ 'ચ'ના અર્થમાં લેવા યોગ્ય લાગે છે.)

અક્ષરયોજના આ છે. - એક પુત્ર ખેતરમાં ગયો, એક જંગલમાં (ગયો). એટલે કે જુદા જુદા સ્થાનોમાં ભમે છે. બીજો એક પુત્ર ત્યાં જ રહે છે. પિતા મરી ગયા બાદ ધન બધાયને સમાન થયું. એમ અહીં પણ માતાપિતા જેવા તીર્થંકર છે. ખેતર = ખેતરફલ = ધન એ પરમાર્થથી વિચારીએ તો મોક્ષ છે. તેને જેમ તમે પામશો, તેમ તમારી મોક્ષપ્રાપ્તિ દ્વારા અમે પણ મોક્ષ પામશું. (મોક્ષમાં જશું. ગમ્ ધાતુ જવું + પામવું. બેય અર્થમાં છે.)

આમ વ્યવહારભાષ્યની ગાથાઓ વડે આ નક્કી થાય છે કે યથાછંદો અવશ્ય ઉત્સૂત્રપ્રરૂપક હોય છે. હા ! અનેક પ્રકારના ઉત્સૂત્રો છે. એમાંથી કોઈકને કોઈક ઉત્સૂત્ર હોય. પરંતુ દરેકને બધા જ ઉત્સૂત્ર હોય તેવો નિયમ નથી. આમ કાલીદેવી વિગેરે યથાછંદોનું ઉત્સૂત્રભાષિત્વ સિદ્ધ થયું અને તેઓના ક્લેશવતારિતા તો સિદ્ધ જ છે. એટલે ઉત્સૂત્રભાષીઓનો અવશ્ય અનંત સંસાર થાય એ નિયમ તૂટી જાય છે.

**<u>यशो०</u> तदेवं यथाछन्दस्याप्युत्सूत्रप्ररूपणाव्यवस्थादर्शनात् कथमेवमर्वाग्दृशा निर्णीयते यदुत--'मार्गपतितस्य यथाछन्दस्य कस्यचिदनाभोगादेवोत्सूत्रभाषणं, तच्च नानन्तसंसारकारणं। उन्मार्गपतितानां तु सर्वेषामाभोगवतामनाभोगवतां वा तदनन्तसंसारकारणमेव, तीर्थोच्छेदाभिप्रायमूलत्वादिति', साध्वाचारोच्छेदाभिप्रायस्य यथाछन्देऽप्यविशेषात् ।**

<u>चन्द्र</u> : ननु भवतु नाम तपागच्छीयानां यथाछन्दानामुत्सूत्रप्ररूपकत्वं, तथाऽपि तदनाभोगप्रयुक्तमेवेति नानन्तसंसारकारणम्, दिगम्बरादीनां त्ववश्यमनन्तसंसारकारणम्, तीर्थोच्छेदाभिप्रायभावात् इति निरूपितमेव प्राक् इति अत आह-**तदेवं** इत्यादि । **उत्सूत्रप्ररूपणाव्यवस्थादर्शनात्** = "सूत्रे स्पष्टं निरूपितमपि पदार्थं कुतर्केण यथाछन्दाः खण्डयन्ति" इति व्यवहारभाष्यगाथाभिः स्पष्टमेव ज्ञानात् **कथं एवं** = प्राक्पूर्वपक्षप्रदर्शितं अनन्तरमेव च वक्ष्यमाणं **अर्वाग्दशा** = छद्मस्थेन ।

**मार्गपतितस्य** इत्यादि । प्राक्प्रतिपादित एवायं पूर्वपक्षः पुनरत्रोपात्तः, येन पठितृणां सरलतयैव बोधो भवेदिति ।

अयं भावः, व्यवहारभाष्यगाथाभिरेवं स्पष्टं ज्ञायते यदुत "यथाछन्दाः न अविचार्यैव सूत्रविरूद्धं प्रतिपादयन्ति, किन्तु साक्षात्सूत्रे दृश्यमानमपि कुतर्केण खण्डयित्वोत्सूत्रं प्रतिपादयन्ति" इति । एवं च तत्राभोगपूर्वकत्वं प्रतीयत एव । ततश्च सामान्यतो यथाछन्दानां आभोगपूर्वकोत्सूत्रभाषित्वं प्रतीयते, तथापि कस्यचिद् यथाछन्दस्याध्यवसायानुसारेण अनाभोगपूर्वकं उत्सूत्रभाषणं यदि सम्भवेत्, तर्ह्यपि तत्केवलिनैव ज्ञातुं निरूपयितुं च शक्यम् । छद्मस्थेन तु तन्निर्णेतुं न शक्यम्, न वा निर्णयाभावे तन्निरूपयितुं युक्तमिति ।

"पूर्वपक्षनिरूपणं न युक्तं"इत्यत्र कारणमाह-**साध्वाचारोच्छेदाभिप्रायस्य** = वस्त्रपात्राद्युपयोगाकल्पिकगृहीतभक्तादित्यागादिरूपाणां साध्वाचाराणां य उच्छेदः, तदभिप्रायस्य **यथाछन्देऽपि** = तपागच्छीये उत्सूत्रप्ररूपकेऽपि **अविशेषात्** = समानत्वात् । दिगम्बरादयो हि वस्त्राद्युपयोगात्मकस्य साध्वाचारस्योच्छेदमिच्छन्ति, तपागच्छीयाः प्रकृता यथाछन्दास्तु अकल्पिकगृहीतभक्तादित्यागरूपस्य साध्वाचारस्योच्छेदमिच्छन्तीति भवदुक्तरीत्या दिगम्बरादीनामिव तपागच्छीययथाछन्दानामपि अनन्तसंसारावश्यम्भावः स्यादिति ।

<u>**चन्द्र**</u> : (ઉપરની ચર્ચાઓથી એ નક્કી થયું કે યથાછંદને ઉત્સૂત્રપ્રરૂપણા હોય છે.

**પૂર્વપક્ષ** : અમે કહ્યું જ છે કે તપાગચ્છીય યથાછંદને ઉત્સૂત્રપ્રરૂપણા હોય તો પણ એ અનાભોગમૂલક હોવાથી એ અનંતસંસારનું કારણ ન બને. જ્યારે દિગંબરાદિને તીર્થોચ્છેદાભિપ્રાય હોવાથી અનંતસંસારનું કારણ બને.)

**ગુરુ** : વ્યવહારસૂત્રમાં યથાછંદને પણ ઉત્સૂત્રપ્રરૂપણાની વ્યવસ્થા દેખાડી છે, એ આપણે જોઇ ગયા. અર્થાત્ તેઓ વગર વિચાર્યે કોઈ ઉત્સૂત્ર બોલી નાંખે છે તેવું નથી. પરંતુ ટીકા જોતા સ્પષ્ટ ખ્યાલ આવે છે કે સૂત્રમાં સ્પષ્ટ દર્શાવેલા પદાર્થોને પણ કુતર્કો વડે તોડી નાંખવાની પ્રવૃત્તિ તેઓ કરે છે. (આ જ ઉત્સૂત્રપ્રરૂપણાની વ્યવસ્થા છે.) એટલે આમાં તો તેઓ આભોગપૂર્વક ઉત્સૂત્રપ્રરૂપણા કરનારા જ જણાય છે. છતાં અધ્યવસાયની દૃષ્ટિએ કોઈક યથાછંદ અનાભોગપૂર્વક ઉત્સૂત્રભાષી બનતો હોય તો ય એ કેવલી જાણી શકે.

છદ્મસ્થ વડે આવો નિર્ણય કરવો કેવી રીતે શક્ય બને ? કે "માર્ગપતિત = તપાગચ્છીય કોઈક યથાછંદને ઉત્સૂત્રભાષણ હોય તો પણ એ અનાભોગથી જ હોય.

અને તે અનંતસંસારનું કારણ ન બને. ઉન્માર્ગપતિત = દિગંબરાદિ તમામ જીવો આભોગવાળા હોય કે આભોગ વિનાના હોય, તો પણ તેમની ઉત્સૂત્રપ્રરૂપણા, તેમને અનંતસંસારનું કારણ બને જ. કેમકે એમાં તીર્થોચ્છેદાભિપ્રાય મૂલ તરીકે છે."

આવું નક્કી ન જ કરી શકાય, કેમકે દિગંબરાદિઓ જેમ સંયમોપયોગી વસ્ત્રના વપરાશ વિગેરે રૂપ સાધ્વાચારનો ઉચ્છેદ કરવાના અભિપ્રાયવાળા છે. તેમ ઉપર બતાવેલા તપાગચ્છીઓ પણ "અગીતાર્થની ગોચરી ન વપરાય" ઇત્યાદિ સાધ્વાચારનો ઉચ્છેદ કરવાના અભિપ્રાયવાળા જ છે. બે યમાં આ અભિપ્રાય સરખો જ છે. એટલે બેયને એકાંતે અનંતસંસાર માનવાની આપત્તિ તમને આવશે.

**यशो० अथ**

उम्मग्गमग्गसंपट्ठिआण साहूण गोअमा नूणं । संसारो अ अणंतो होइ य सम्मग्गणासीणं ।।३१।।

**इति गच्छाचारप्रकीर्णक(गाथा ३१)वचनबलादुन्मार्गपतितानां निह्नवानामनन्त एव संसारो ज्ञायते, न तु यथाछन्दानामपि, अपरमार्गाश्रयणाभावादिति चेत्?**

**चन्द्र :** पुनः पूर्वपक्ष उपतिष्ठते-**अथ उम्मग्गेत्यादि** । गाथार्थस्त्वयं, उन्मार्गः = दिगम्बरादिमतं, स एव यो मार्गः = लोके "अयं मार्गः" इति रूढः, तं संप्रस्थितानां । यत एव उन्मार्गसंप्रस्थिताः, अत एव **सन्मार्गनाशिनं** = तपागच्छाभिमततत्त्वखण्डयितृणां साधूनां **हे गौतम !** = भगवतो महावीरस्य प्रथमगणधरं प्रतीदमामन्त्रणं **नूनं** = अवश्यं संसारोऽनन्तो भवति इति ।

एवं च गच्छाचारवचनबलात् **उन्मार्गपतितानां निह्नवानां अनन्त एव संसारो ज्ञायते, न तु यथाछन्दानामपि** = तपागच्छान्तवर्तिनां यथाछन्दानामपि इति ।

ननु प्रकृतपाठात् निह्नवानामिव यथाछन्दानामपि अनन्तः संसार एव सिद्ध्यति, यतस्तेऽपि सन्मार्गनाशिन एवेत्यतः पूर्वपक्षः आह-**अपरमार्गाश्रयणाभावात्** = तपागच्छभिन्नो यो मार्गः, तदभ्युपगमाभावात् । प्रकृतपाठे हि उन्मार्गसंप्रस्थितानां अनन्तः संसार उक्तः, उन्मार्गमार्गसंप्रस्थितास्तु निह्नवा दिगम्बरादय एव, तपागच्छीयो यथाछन्दस्तु व्यवहारतः सन्मार्गव्यवस्थित एवेति प्रकृतपाठात्तस्यानन्तसंसारो नैव सिद्ध्येदिति भावः ।

**ચન્દ્ર : પૂર્વપક્ષ :** ગચ્છાચારમાં કહ્યું છે કે "દિગંબરમત વિગેરે રૂપ જે ઉન્માર્ગ

છે, આવા ઉન્માર્ગરૂપી માર્ગમાં સંપ્રસ્થિત થયેલા = તેમાં સાચી રીતે સ્થિર થયેલા અને માટે જ સન્માર્ગના નાશક એવા સાધુઓનો નક્કી અનંત સંસાર થાય છે.

આવા વચનના બલથી એમ જ જણાય છે કે ઉન્માર્ગમાં પડેલા એવા નિહ્નવોનો જ અનંતસંસાર થાય. પરંતુ માર્ગપતિત યથાછંદોનો અનંતસંસાર આ પાઠથી જણાતો નથી. કારણકે આ ગાથામાં ઉન્માર્ગસંપ્રસ્થિતોનો અનંતસંસાર કહ્યો છે. જ્યારે માર્ગપતિત યથાછંદો તો અપરમાર્ગ = ઉન્માર્ગ = દિગંબરાદિ સંપ્રદાયના સ્વીકારવાળા નથી. અર્થાત્ તેઓ વ્યવહારથી તપાગચ્છમાં જ જોડાયેલા છે. ઉન્માર્ગમાં નથી જોડાયેલા. એટલે આ પાઠ દિગંબરાદિના અનંતસંસારને સૂચવે છે અને માર્ગપતિત યથાછંદના અનંતસંસારને સિદ્ધ કરતો નથી.

**यशो०** उन्मार्गपतितो निह्नव एवेति कथमुद्देश्यनिर्णयः?

**चन्द्र** : समाधानमाह-**उन्मार्गपतित** इत्यादि । गच्छाचारपाठे "उन्मार्गमार्गसंप्रस्थितानां" इति यत्पदं, तेन भवता निह्नवा एव गृहीताः, किन्तु नैतद्युक्तम् । यत **उन्मार्गपतितो** निह्नव **एव** = न तु यथाछन्द इति **कथं उद्देश्यनिर्णयः** ? = यमुद्दिश्य किञ्चिद् विधानं क्रियते स उद्देश्यः, यथा "रामो राजाऽभवत्" इत्यत्र राममुद्दिश्य राजत्वस्य विधानं क्रियते, ततो रामोऽत्रोद्देश्यः । उद्देश्यं चाश्रित्य यद् विधानं क्रियते तद् विधेयम् । यथा राममुद्दिश्य राजत्वस्य विधानं क्रियते इति राजत्वं विधेयम् ।

प्रकृते च उन्मार्गसंप्रस्थितं उद्दिश्यानन्तसंसारस्य विधानं क्रियते, तत उन्मार्गसंप्रस्थितोऽत्रोद्देश्यो भवति । "स च उद्देश्योऽत्र निह्नव एव ग्राह्यः" इति भवता कथमुद्देश्यस्य निर्णयः कृत इति प्रश्नाभिप्रायः ।

**ચન્દ્ર** : **ગુરુ** : હે પૂર્વપક્ષ ! ગચ્છાચારની ગાથામાં જે ઉન્માર્ગસંપ્રસ્થિત પદ લખેલ છે, એનો અર્થ "ઉન્માર્ગપતિત" થાય છે. પણ એ ઉન્માર્ગપતિત તરીકે નિહ્નવ જ લેવાય અને બીજો કોઈ ન લેવાય એવો ઉદ્દેશ્યનો નિર્ણય તમે કેવી રીતે કરી શકો ? અર્થાત્ અમારી દૃષ્ટિએ ઉન્માર્ગપતિત તરીકે નિહ્નવો તથા યથાછંદો પણ લઈ જ શકાય.

(જેને ઉદ્દેશીને કંઈક વિધાન = કથન કરાય તે ઉદ્દેશ્ય. દા. ત. રામ રાજા હતો. આમાં રામને ઉદ્દેશીને રાજત્વનું વિધાન કર્યું છે, તો રામ ઉદ્દેશ્ય બને. અને રામને ઉદ્દેશીને રાજત્વનું વિધાન કરાય છે, માટે રાજત્વ એ વિધેય બને. પ્રસ્તુતમાં

ઉન્માર્ગપતિતને ઉદ્દેશીને અનંતસંસારનું વિધાન કરાય છે. તો ઉન્માર્ગપતિત એ ઉદ્દેશ્ય બને. પૂર્વપક્ષ ઉન્માર્ગપતિત તરીકે નિહ્નવોને જ લે છે. એટલે ઉત્તરપક્ષ કહે છે કે "ઉન્માર્ગપતિત તરીકે નિહ્નવો જ લેવા" આવો ઉદ્દેશ્યનો નિર્ણય તમે શી રીતે કર્યો ?)

**<u>यशो०</u> साधुपदेन शाक्यादिव्यवच्छेदेऽपि यथाछन्दादिव्यवच्छेदस्य कर्त्तुमशक्यत्वात्,**

**<u>चन्द्र</u>** : ननु गच्छाचारपाठे साधुपदमप्यस्ति, तेन च शाक्यादीनां व्यवच्छेदो भवति, यतो न ते साधवः, ततश्च निह्नवा एव गृह्यन्त इत्यत आह-**साधुपदेनेत्यादि** । अरे मूढ ! भवतु नाम साधुपदेन शाक्यादिनां निषेधः, तथापि तेन तपागच्छीययथाछन्दादीनां व्यवच्छेदः कथं भवेत् ? यतस्ते तु साधव एव । तथा च निह्नवा इव यथाछन्दादयोऽपि प्रकृतपाठे उद्देश्या ग्राह्या एवेति ।

**<u>ચન્દ્ર</u>** : (**પૂર્વપક્ષ:** ગચ્છાચારના પાઠમાં "સાધુ" પદ પણ છે. તેના વડે શાક્ય વિગેરેનો વ્યવચ્છેદ થઈ જાય છે. કેમકે તેઓ તો સાધુ નથી કહેવાતા અને એટલે અહીં નિહ્નવો જ લેવાય.)

**ગુરુ** : સાધુપદથી શાક્યાદિનો વ્યવચ્છેદ થાય એ સાચુ, પણ તો ય એનાથી યથાછંદાદિનો વ્યવચ્છેદ કરવો શક્ય નથી જ. કેમકે તેઓ તો સાધુ જ ગણાય છે. એટલે ઉદ્દેશ્ય તરીકે નિહ્નવોની જેમ યથાછંદાદિ પણ લેવા જ પડે.

**<u>यशो०</u> गुणभेदादिनेव क्रियादिविपर्यासमूलकदालम्बनप्ररूपणयाऽप्युन्मार्गभवनाविशेषाद् ।**

**<u>चन्द्र</u>** : ननु निह्नवानां सम्यग्दर्शनादिगुणविनाशोऽस्ति, तथा ते तथाविधोत्सूत्रप्ररूपणया अन्येषामपि गुणान् भिन्दन्तीति गुणभेदादिकारणवशात् निह्नवा उन्मार्गपतिताः कथ्यन्ते । तपागच्छीयास्तु यथाछन्दा न गुणभेदादीन् कुर्वन्तीति न त उन्मार्गपतिताः । तथा च गच्छाचारपाठे यदुन्मार्गसम्प्रस्थितपदमस्ति, तेनैव यथाछन्दानां व्यवच्छेदो भविष्यतीति प्रकृतपाठबलान्निह्नवा एव गृह्यन्त इत्यत आह-**गुणभेदादिनेव** = सम्यग्दर्शनादिविनाशादिना इव **क्रियादि-विपर्यासमूलकदालम्बनप्ररूपणयाऽपि** = अकल्पिकगृहीतभक्तादित्यागरूपा या मार्गस्थक्रिया, तदादीनां यो विपर्यासः = विपरीतता = अकल्पिकगृहीतभक्तादिभोगादिरूपः, तस्य मूलं = कारणं यत् कदालम्बनं = कुतर्कसिद्धं आलम्बनं, "अकल्पिकस्य पिण्डोऽज्ञातोञ्छरूपो भवति, ततो विशेषतो ग्राह्यः" इत्यादिरूपं, तत्प्ररूपणयापि = तन्निरूपणेनापि **उन्मार्गभवनाविशेषात्** = उन्मार्गोत्पत्तेः समानत्वात् ।

यथा सम्यग्दर्शनादिविनाशेन दिगम्बरादयः स्वयमुन्मार्गा (उन्मार्गपतिताः) भवन्ति, तथा शास्त्रीयक्रियाविपर्यासकारणदुष्टालम्बननिरूपणेनापि उन्मार्गो भवत्येव । तच्च निरूपणं यथाछन्दानामस्त्येवेति तेऽपि उन्मार्गसम्प्रस्थिता एव भवन्तीति गच्छाचारपाठस्थेन उन्मार्गमार्ग-सम्प्रस्थितपदेन दिगम्बरादय इव यथाछन्दा अपि गृह्यन्ते, न तेन तेषां व्यवच्छेदो भवतीति मुग्ध ! चिन्तय चतुरया प्रज्ञया ।

<u>ચન્દ્ર</u> : (**પૂર્વપક્ષ** : નિહ્નવો પોતાના સમ્યગ્દર્શનાદિ ગુણોનો નાશ કરી ઉન્માર્ગપતિત બનેલા છે. ઉપરાંત તેઓ તેવી પ્રરૂપણા દ્વારા બીજાઓના પણ ગુણોનો ભેદ=ઘાત કરે છે. માટે તેઓ ઉન્માર્ગસંપ્રસ્થિત કહેવાય. યથાછંદો ન કહેવાય. અને માટે ગચ્છાચારની ગાથાના **ઉન્માર્ગસંપ્રસ્થિત** પદ દ્વારા જ એમનો વ્યવચ્છેદ થઇ જાય છે.)

**ગુરુ** : ગુણભેદ વિગેરે દ્વારા જેમ ઉન્માર્ગપતિત થવાય, તેમ શાસ્ત્રીય ક્રિયા-માન્યતા વિગેરેના વિપર્યાસના કારણભૂત ખોટા આલંબનોની પ્રરૂપણા કરવા દ્વારા પણ ઉન્માર્ગપતિત થવાય જ છે. એમાં કોઈ ભેદ નથી, વિશેષ નથી.

આશય એ છે કે અગીતાર્થે લાવેલી ગોચરીનો ત્યાગ... ઈત્યાદિ જે શાસ્ત્રીય ક્રિયાઓ છે, એનો વિપર્યાસ એટલે અગીતાર્થે લાવેલી વસ્તુનો વપરાશ થવો... વિગેરે, એનું કારણ છે, ખોટા આલંબનો. "દા.ત. અગીતાર્થની લાવેલી ગોચરી નિર્દોષ હોય તો વાપરવામાં શું વાંધો ? ઉલ્ટું અગીતાર્થની ગોચરી જ અજ્ઞાતોઞ્છતાના કારણે વધુ નિર્દોષ છે..."

આવા કુતર્કથી સિદ્ધ આલંબનોની પ્રરૂપણા યથાછંદો કરે છે. હવે નિહ્નવો ગુણનાશ દ્વારા ઉન્માર્ગ = ઉન્માર્ગપતિત બને, તો યથાછંદો ક્રિયાનાશ દ્વારા ઉન્માર્ગપતિત બને જ છે.

એટલે ઉન્માર્ગસંપ્રસ્થિત શબ્દથી યથાચ્છંદોનો નિષેધ તો ન થાય, ઉલ્ટું ગ્રહણ થાય.

(**चन्द्र** : अत्र गुणभेदो नाम स्त्रीमुक्तिद्विराशिरूपाणां गुणानां = तात्त्विकपदार्थानां विनाशरूपोऽपि सङ्घटते ।)

<u>ચન્દ્ર</u> : અહીં "સ્ત્રીમુક્તિ, જીવ + અજીવ બે જ રાશિ છે, એક સાથે શીત-ઉષ્ણ પરીષહ ન હોય..." ઈત્યાદિ રૂપ જે શાસ્ત્રીય તાત્ત્વિક પદાર્થો છે, તે ગુણ શબ્દથી લઈ

શકાય. અને તેનો વિનાશ એટલે જ ગુણભેદ. નિહ્નવો આવો ગુણભેદ જ કરે છે. એટલે આ અર્થ પણ ઘટાવી શકાય છે. ઉપર સમ્યગ્દર્શનને ગુણશબ્દથી લઈને વિચારણા કરી છે.)

**यशो०** **न हि 'मार्गपतित' इत्येतावता शिष्टाचारनाशको यथाछन्दादिरपि नोन्मार्गगामी।**

**चन्द्र :** ननु एवं यदि यथाच्छन्द उन्मार्गपतित इष्यते, तर्हि स "मार्गपतितः" इति लोके कथं व्यवह्रीयते, तादृशव्यवहारेण तु स मार्गपतित एव, नोन्मार्गगामीत्यत आह-**न हि** इत्यादि । **एतावता** = व्यवहारमात्रेण परमार्थशून्येन 'नोन्मार्गगामी' इत्यनेन सहान्वयः । **अपिः** अत्र हीनत्वद्योतकः । तथाहि - यथाच्छन्दादिसदृशः, शिष्टाचारनाशकत्वेन तुच्छपरिणामोऽपि 'मार्गपतित' इति एतावता व्यवहारमात्रेण 'उन्मार्गगामी न' इति न इति भावः । अशिष्टलोककृतः स व्यवहार उपेक्षणीय इति भावः।

**ચન્દ્ર :** (**પૂર્વપક્ષ :** જો આ રીતે યથાછંદ ઉન્માર્ગપતિત માનશો, તો "તે માર્ગપતિત છે" એવો વ્યવહાર લોકમાં શા માટે કરાય છે ? એ વ્યવહારથી તો તે માર્ગપતિત જ નક્કી થાય. ઉન્માર્ગગામી નહિ.

**ઉત્તર :** શિષ્ટાચારનો નાશક યથાછંદ પણ "માર્ગપતિત" એટલા વ્યવહારમાત્રથી કંઈ "ઉન્માર્ગગામી નથી" એમ સિદ્ધ થઈ શકતો નથી. આશય એ છે કે શિષ્ટાચારનાશક અને માટે જ તુચ્છકક્ષાના એવા યથાછંદાદિ પણ કંઈ આટલા વ્યવહારમાત્રથી "ઉન્માર્ગગામી નથી" એમ સિદ્ધ ન થઈ શકે.

(શિષ્ટાચારનાશકને વિશે "માર્ગપતિત" તરીકેનો જો વ્યવહાર કરાતો હોય તો એ અશિષ્ટલોકોએ કરેલો વ્યવહાર જાણવો. એ ઉપેક્ષણીય છે.)

**यशो०** **अथ यथाछन्दादीनामप्युन्मार्गगामित्वमिष्यत एव, न त्वनन्तसंसारनियमः, तन्नियमाभिधायकवचने उन्मार्गमार्गसंप्रस्थितपदेन तीर्थोच्छेदाभिप्रायवत एव ग्रहणादिति चेद् ?**

**चन्द्र : पूर्वपक्षः** प्राह - **अथ यथाछन्दादीनामपीत्यादि** ।

ननु हे पूर्वपक्ष ! यथाछन्दादीनामुन्मार्गगामित्वं इष्यते, अनन्तसंसारश्च भवता नेष्यते, तत्र कोऽभिप्रायो भवतः ? गच्छाचारपाठे तु उन्मार्गगामिनामनन्तः संसारः प्रतिपादितो दृश्यत

एवेत्यतः पूर्वपक्ष आह-**तन्नियमाभिधायकवचने** = 'अवश्यं अनन्तसंसारो भवति' इति अनन्तसंसारनियमस्याभिधायकं = प्रतिपादकं यद् गच्छाचारवचनं, तस्मिन् **उन्मार्गसम्प्रस्थितपदेन** = प्राक्प्रदर्शितेन **तीर्थोच्छेदाभिप्रायवतः** = तपागच्छाभिमतस्त्रीमुक्त्यादिपदार्थोच्छेदाभिप्रायवत **एव ग्रहणात्** ।

तथा च उन्मार्गमार्गसंप्रस्थितपदस्य व्युत्पत्त्यर्थो न ग्राह्यः, किन्तु पारिभाषिकं तत्पदं मन्तव्यम् । तदर्थश्च 'तीर्थोच्छेदाभिप्रायवान्' इत्येव, न त्वन्यत् । तीर्थोच्छेदाभिप्रायवन्तश्च दिगम्बरादयस्तपागच्छभिन्ना एवेति तेषामेवानन्तसंसारित्वम् । यथाछन्दानां तु उन्मार्गगामित्वेऽपि तीर्थोच्छेदाभिप्रायो नास्ति, ततश्च तीर्थोच्छेदाभिप्रायवत्प्रतिपादकेन प्रकृतपाठगतेन 'उन्मार्गमार्ग संप्रस्थित' पदेन यथाछन्दा न गृह्यन्ते, ततश्च प्रकृतपाठेन तेषामनन्तसंसारो न सिद्ध्यति, किन्तु निह्नवानामेवेति अस्माकं प्रज्ञाविलास इति ।

**<u>ચન્દ્ર</u> : પૂર્વપક્ષ :** જુઓ, યથાછંદ વિગેરે ઉત્સૂત્રપ્રરૂપણાદિ દોષવાળા છે જ. એટલે તેઓ ઉન્માર્ગગામી પણ છે જ. એ વાત અમે માનીએ છીએ. પરંતુ "તેઓનો અનંત સંસાર જ થાય" એવો નિયમ અમે નહિ માનીએ.

(**પ્રશ્ન :** કેમ ન માનો ? જો તમે એમને ઉન્માર્ગગામી માનો છો. અને ગચ્છાચારમાં ઉન્માર્ગગામીને અનંતસંસાર નિયમા બતાવ્યો જ છે, તો પછી યથાછંદોને અનંતસંસારનિયમ માનવો જ પડે ને ?)

**પૂર્વપક્ષ :** અનંતસંસારના નિયમનું કથન કરનાર જે ગચ્છાચારપાઠ છે. એમાં જો કે ઉન્માર્ગમાર્ગસંપ્રસ્થિતપદ છે. = "ઉન્માર્ગગામી" પદ છે. પરંતુ ત્યાં એ પદનો વ્યુત્પત્તિ-અર્થ નથી લેવાનો. પણ રૂઢિ અર્થ લેવાનો છે. અને એટલે એ પદથી ત્યાં તીર્થોચ્છેદના અભિપ્રાયવાળાનું જ ગ્રહણ કરવાનું છે. અર્થાત્ ઉન્માર્ગસંપ્રસ્થિત = તીર્થોચ્છેદાભિપ્રાયવાન એ જ રૂઢિ-અર્થ પકડવાનો છે.

હવે તીર્થોચ્છેદાભિપ્રાયવાળા તો દિગંબરાદિ જ છે. કેમકે તપાગચ્છ કે તપાગચ્છની માન્યતાઓ રૂપી સાચા તીર્થનો ઉચ્છેદ કરવાનો અભિપ્રાય એ દિગંબરાદિઓનો જ છે. યથાછંદોનો નહિ. એટલે તેઓનો અનંતસંસારનિયમ નક્કી ન થાય.

(ટુંકમાં જો ગચ્છાચારગાથાનો સીધો અર્થ લઈએ તો "ઉન્માર્ગગામીનો અનંત સંસાર થાય" એ અર્થ થાય. અને તો યથાછંદોનો પણ અનંતસંસાર નક્કી થાય. પરંતુ

અમે અર્થ આવો કર્યો છે કે "ઉન્માર્ગમાર્ગસંપ્રસ્થિતનો = તીર્થોચ્છેદાભિપ્રાયવાળાનો અનંત સંસાર થાય" એટલે તીર્થોચ્છેદાભિપ્રાય વિનાના યથાછંદાદિ ઉન્માર્ગગામી હોવા છતાં અનંતસંસારનો નિયમ સિદ્ધ ન થાય.)

---

<u>यशो०</u> **अहो किंचिदपूर्वं युक्तिकौशलम् ! यदुक्तवचनबलात्तीर्थोच्छेदाभिप्रायवतां निह्नवा-नामनन्तसंसारनियमसिद्धौ पदविशेषतात्पर्यग्रहः, तस्मिंश्च सति तत्सिद्धिरित्य-न्योन्याश्रयदोषमापतन्तं न वीक्षसे ।**

---

<u>चन्द्र</u> : एवमसमञ्जसप्रलापिनः परिहासं करोति-**अहो किंचिदपूर्वं** इत्यादि । कटाक्षवचनमिदं । सर्वथा युक्तिरहितमेव भवद्वचनमिति भावः ।

तत्र कारणमाह-**यत्** = (भवद्वचनं न युक्तं) यस्मात् **उक्तवचनबलात्** = गच्छाचार-वचनबलात् । **पदविशेषतात्पर्यग्रहः** = उन्मार्गमार्गसम्प्रस्थितपदस्य "उन्मार्गपतितः" इत्यर्थ-वाचकस्य **विशेषे** = "तीर्थोच्छेदाभिप्रायवान्" इति अर्थे **तात्पर्यस्य ग्रहः** = प्रकृतं पदं 'तीर्थोच्छेदाभिप्रायवान्' इति रूढ्यर्थस्य वाचकमस्ति इति निर्णयः ।

**तस्मिंश्च सति** = पदविशेषतात्पर्यग्रहे च सति **तत्सिद्धिः** = निह्नवानां अनन्तसंसार-नियमसिद्धिः ।

इदमत्र तात्पर्यम् - पूर्वपक्षो गच्छाचारपाठस्थस्य उन्मार्गमार्गसम्प्रस्थितपदस्य "तीर्थोच्छेदा-भिप्रायवान्" इत्यर्थं गृह्णाति, किन्तु "उन्मार्गपतितः" इति प्रसिद्धमर्थं न गृह्णाति । तत्र प्रश्नः करणीयः - 'ननु हे पूर्वपक्ष ! प्रकृतपदस्य प्रसिद्धमर्थं त्यक्त्वा विशेषमर्थं किमर्थं गृह्णासि' ? - इति !

स प्रत्युत्तरयति - 'हे प्रश्नकार ! निह्नवानामेव नियमेनानन्तसंसारः, न तु यथाछन्दानाम्, ततश्च यदि प्रकृतपदस्य सामान्यमर्थं गृह्णीयाम्, तर्हि "उन्मार्गगामिनां नियमेनानन्तः संसारः" इत्यर्थो भवेत्, ततश्च यथाछन्दानामपि स स्यात्, स च नास्ति । तस्मात् "यथाछन्दानां नियमेनानन्तसंसारो मा सिद्ध्येत्" इत्येतदर्थं प्रकृतपदस्य विशेषोऽर्थो मया गृहीतः, तद्ग्रहणे च यथाछन्दानां नियमेनानन्तसंसारो न सिद्ध्येदिति न कोऽपि दोषः' इति ।

एवं पूर्वपक्षेणोक्ते पुनः प्रश्नः करणीयः - "ननु हे पूर्वपक्ष ! निह्नवानामेव नियमेनानन्त-संसारः, न तु यथाछन्दानां" इति सिद्धान्तो भवता कथं निर्णीतः ? - इति ।

तत्र च पूर्वपक्षः प्राह - रे मुग्ध ! अस्मादेव गच्छाचारपाठात् स सिद्धान्तो निर्णीयते । यत उन्मार्गमार्गप्रस्थिता नाम तीर्थोच्छेदाभिप्रायवन्त एव । ते च निह्नवा एव, न तु यथाछन्दाः, ततश्च प्रकृतपाठे निह्नवानामेव नियमेनानन्तसंसारः प्रतिपादितः सिद्ध्यति, न तु यथाछन्दानाम् इति ।

अत्र पूर्वपक्षः खण्डनीयः - रे मिथ्याकल्पनादुःखित ! भवन्निरूपणे स्पष्टमेवान्योन्याश्रय-दोषं अहं प्रदर्शयामि, शृणु । "निह्नवानामेव नियमेनानन्तः संसारः, न तु यथाछन्दानां" इति नियमे सिद्ध एव तदनुसारेण 'उन्मार्गमार्गप्रस्थितः' पदस्य "तीर्थोच्छेदाभिप्रायवान्" इत्यर्थः कल्प्यते । किन्तु यावत् तत्पदस्य 'तीर्थोच्छेदाभिप्रायवान्' इत्यर्थो न क्रियेत, तावत् "निह्नवानामेव नियमेनानन्तः संसारः..." इत्यादिनियमो न सिद्ध्येत् ।

इत्थञ्च नियमसिद्ध्यभावे पदविशेषार्थो न सिद्ध्येत्, तदभावे च नियमो न सिद्ध्येत् इति अन्योन्याश्रयं पश्य ।

<u>ચન્દ્ર</u> : **ગુરુ** : અહો ! શું તારી યુક્તિઓના પ્રતિપાદનમાં અપૂર્વ કુશળતા છે ! રે મુગ્ધ ! તું ગચ્છાચારના વચનના બળથી એવો નિયમ સિદ્ધ કરે છે, કે "તીર્થોચ્છેદાભિપ્રાયવાળા નિહ્નવોનો અવશ્ય અનંતસંસાર થાય." અને એ નિયમ સિદ્ધ કર્યા પછી ઉન્માર્ગમાર્ગસંપ્રસ્થિતશબ્દનો સામાન્ય અર્થ છોડીને "તીર્થોચ્છેદાભિપ્રાયવાન્" એમ વિશેષ અર્થ પકડે છે.

આમાં મુશ્કેલી એ છે કે નિહ્નવોના અનંત સંસારનિયમની સિદ્ધિ થાય તો જ એ નિયમને ટકાવી રાખવા માટે ગચ્છાચારના પદનો વિશેષ અર્થ લઈ શકાય. પણ એ વિશેષ અર્થ લેવાય તો જ એ નિયમની સિદ્ધિ થાય. આમ સ્પષ્ટપણે અન્યોન્યાશ્રય દોષ આવે છે. છતાં તમે કેમ એ દોષને જોઈ શકતા નથી ?

(આ અન્યોન્યાશ્રયદોષને વિસ્તારથી સમજીએ.)

**પ્રશ્ન** : હે પૂર્વપક્ષ ! ઉન્માર્ગમાર્ગસંસ્થિત પદનો સીધો અર્થ તો એ જ છે કે ઉન્માર્ગગામી = ઉન્માર્ગપતિત. એ અર્થને છોડીને તમે એનો વિશેષ અર્થ = 'તીર્થોચ્છેદાભિપ્રાયવાન' શા માટે કરો છો ?

**પૂર્વપક્ષ** : "નિહ્નવોનો નિયમા અનંતસંસાર થાય. યથાછંદોનો નહિ." આવો નિયમ છે. હવે જો ગચ્છાચારના એ પદનો સીધો જ અર્થ લઈએ તો "ઉન્માર્ગપતિતનો

નિયમા અનંતસંસાર" એમ અર્થ થાય. અને તો પછી યથાછંદ પણ ઉન્માર્ગપતિત હોવાથી એનો પણ નિયમા અનંતસંસાર માનવો પડે. અને એમ માનીએ તો ઉપર બતાવેલો નિયમ ભાંગી જાય કે "યથાછંદોનો નિયમા અનંતસંસારનો નિયમ નથી."... માટે અમે વિશેષ અર્થ પકડ્યો છે.

**પ્રશ્ન :** પણ "નિહ્નવોનો જ નિયમા અનંતસંસાર..." એ નિયમ તમે શી રીતે સિદ્ધ કર્યો ?

**પૂર્વપક્ષ :** જુઓ. ગચ્છાચારનો અર્થ શું થયો ? "ઉન્માર્ગમાર્ગસંપ્રસ્થિતનો = તીર્થોચ્છેદાભિપ્રાયવાનનો નિયમા અનંત સંસાર હોય." આમાં તીર્થોચ્છેદાભિપ્રાયવાળાનો નિયમા અનંતસંસાર કહ્યો છે ને ? તીર્થોચ્છેદાભિપ્રાયવાળા તો નિહ્નવો જ છે ને ? યથાછંદો નથી જ. એટલે નિયમ નક્કી થયો કે "નિહ્નવોનો જ નિયમા અનંતસંસાર, યથાછંદોનો નહિ."

**પ્રશ્ન :** આ તમારી ગંભીર ભૂલ છે. ગચ્છાચારના તે પદનો વિશેષ અર્થ કર્યા પછી જ પેલો નિયમ બની શકે છે. પણ એ વિશેષ અર્થ તો એ નિયમથી જ કરવામાં આવ્યો છે. જો એ નિયમ ન હોય તો પદનો વિશેષાર્થ ન જ કરી શકાય. અને જો પદનો વિશેપાર્થ ન કરો, તો પેલો નિયમ સિદ્ધ જ ન થાય. આમ સ્પષ્ટપણે અન્યોન્યાશ્રયદોષ છે જ.

---

**यशो० संप्रदायादीदृशोऽर्थो गृहीत इति न दोष इति चेद्?**

---

**चन्द्र :** अन्योन्याश्रयदोषं निवारयितुं प्रयतते पूर्वपक्षः-**सम्प्रदायादित्यादि** । सम्प्रदायात् = गुरुपारम्पर्यात् ईदृशः = उन्मार्गमार्गसंप्रस्थितपदं 'तीर्थोच्छेदाभिप्रायवान्' इत्यर्थस्य ज्ञापकं इत्येतादृशः ।

तथा च नान्योन्याश्रयः, यतः पदविशेषार्थो नियमेन न निर्णीतः, किन्तु सम्प्रदायात् । ततश्च सम्प्रदायात् पदविशेषार्थं निर्णीय तत्पश्चात्प्रकृतनियमो निर्णीत इति ।

**ચન્દ્ર :** પૂર્વપક્ષ : આ અન્યોન્યાશ્રયદોષ નહિ આવે. કેમકે "ગચ્છાચારમાં રહેલા તે પદનો અર્થ તીર્થોચ્છેદાભિપ્રાયવાન કરવો." ઇત્યાદિ પદાર્થ અમે ગુરુપરંપરાથી મેળવેલો છે. અર્થાત્ એ અર્થ અમે નિયમ ઉપરથી નક્કી નથી કર્યો. પરંતુ ગુરુપરંપરાથી

નક્કી કર્યો છે. અને એ અર્થ કરીએ એટલે એ અનુસારે તે નિયમ પણ સિદ્ધ થઈ જાય છે.

**यशो०** **न, संप्रदायादध्यवसायं प्रतीत्य निह्नवानामपि संख्याताादिभेदभिन्नस्यैव संसारस्य सिद्धत्वाद्,**

**चन्द्र** : पूर्वपक्षं खण्डयति-**सम्प्रदायाद्** इत्यादि । यदि हि गुरुपारम्पर्यमत्र पुरस्क्रियते, तर्हि शृणु **सम्प्रदायात्** = गुरुपारम्पर्यात् **अध्यवसायं प्रतीत्येत्यादि** स्पष्टम् । तथा च सम्प्रदायानुसारेणापि भवत्कथनं न सिद्ध्यति ।

**ચન્દ્ર** : જો ગુરુપરંપરાની વાત કરો તો ગુરુપરંપરાથી તો આ જ વાત સિદ્ધ છે કે નિહ્નવોને પણ તેઓના અધ્યવસાયની તીવ્રતા-મંદતાદિ મુજબ સંખ્યાત, અસંખ્યાત કે અનંત એમ ત્રણભેદવાળો સંસાર હોઈ શકે છે. એટલે ગુરુપરંપરા તો અમે કહેલા પદાર્થને જ દૃઢ કરે છે.

**यशो०** **उन्मार्गमार्गसंप्रस्थितानां तीव्राध्यवसायानामेव ग्रहणे बाहुल्याभिप्रायेण वा व्याख्याने दोषाभावाद् ।**

**चन्द्र** : ननु सम्प्रदायात्कथमेतत्सिद्धं यदुत "निह्नवानामपि अध्यवसायानुसारेण संख्याताादिभेदयुक्तसंसारः" इति । यतो गच्छाचारपाठे 'नूणमणंतो य संसारो' इति भणनेन तेषामेकान्तेनैव अनन्तसंसारः प्रदर्शित एव । तथा च सम्प्रदायशास्त्रपाठयोः परस्परं विरोध इत्यतो गच्छाचारपाठतात्पर्यमाह-**उन्मार्गमार्गसम्प्रस्थितानां** = निह्नवादीनां **तीव्राध्यवसायानामेव** = न तु मध्यमजघन्याध्यवसायानामिति एवकारार्थः, **ग्रहणे** 'दोषाभावात्' इत्यन्वयः कर्तव्यः ।

अयं भावः-"उन्मार्गमार्गसम्प्रस्थितानां नूनं = अवश्यमनन्तः संसारः" इति गच्छाचारपाठे उन्मार्गमार्गसम्प्रस्थितपदं "तीव्राध्यवसायवतां उन्मार्गगामिनां" बोधकम् । तथा च 'तीव्राध्यवसायवतां उन्मार्गगामिनां निह्नवयथाछन्दादिरूपाणां नियमेनानन्तः संसारः' इति गच्छाचारपाठार्थः, तत्र च न कश्चिद् दोषः, यतो मन्दमध्यमाध्यवसायानामेव नियमेनानन्तसंसारस्याभाव इति वयं प्रतिपादयामः, तीव्राध्यवसायवतां तु तेषां नियमेनानन्तः संसारो युक्त एवेति ।

ननु एवं उन्मार्गमार्गसम्प्रस्थितपदस्य "तीव्राध्यवसायवन्त उन्मार्गगामिन:" इति विशेषार्थोऽङ्गीकर्तव्य:, स च न युक्त:, यतस्तत्र प्रसिद्धोऽर्थस्त्यक्तव्यो भवति इत्याशङ्कायां यद्यप्येतदुत्तरं दातुं शक्यते यदुत "सामान्यार्थबाधे विशेषार्थग्रहणं सर्वस्याभिमतमेवेति न तत्र दोष:", तथापि समाधानान्तरमाह-**बाहुल्याभिप्रायेण वा व्याख्याने** = बहुलतापेक्षया गच्छाचारपाठस्य व्याख्याने क्रियमाणे दोषाभावात् ।

गच्छाचारे हि उन्मार्गमार्गसम्प्रस्थितानामेकान्तेनानन्त: संसार: प्रतिपादित:, किन्तु तत्प्रतिपादनं बहुलतापेक्षया दृष्टव्यम् । प्रायो हि उन्मार्गगामिनस्तीव्राध्यवसायिन:, अत एवानन्तसंसारिण एव भवन्तीति । अल्पानां संख्यातादिसंसारिणामुन्मार्गगामिनामविवक्षां कृत्वा गच्छाचारे नियमेनानन्तसंसारस्तेषां निगदित इति ।

<u>ચન્દ્ર</u> : (**પૂર્વપક્ષ:** તમે જો એમ કહો કે "સંપ્રદાય મુજબ તો નિહ્નવોનો સંખ્યાતાદિ સંસાર પ્રસિદ્ધ છે. એકાન્તે અનંત સંસાર નહિ" તો તમને વાંધો આવશે. કેમકે ગચ્છાચારમાં તો "नूणं संसारो य अणंतो" પદથી ઉન્માર્ગગામીઓને નૂનં = અવશ્ય = એકાન્તે અનંતસંસાર બતાવ્યો જ છે. એટલે સંપ્રદાય અને આગમ વચ્ચે વિરોધ આવશે.)

**ગુરુ** : સંપ્રદાય મુજબ નિહ્નવાદિનો સંખ્યાતાદિ સંસાર પ્રસિદ્ધ જ છે. છતાં આવો આગમ પાઠ મળે તો છે જ. તો ત્યાં વિરોધ દૂર કરવા માટે એમ માનવું કે "ઉન્માર્ગમાર્ગ સંસ્થિત તરીકે તીવ્ર અધ્યવસાયવાળા એવા જ ઉન્માર્ગગામીનું ગ્રહણ કરવાનું છે."

અર્થાત્ ગચ્છાચાર કહે છે કે "તીવ્રાધ્યવસાયવાળા જ ઉન્માર્ગગામીઓનો નિયમા અનંતસંસાર થાય." હવે આની સાથે સંપ્રદાયને વિરોધ ન આવે. સંપ્રદાય પણ આ જ વાત કરે છે કે ઉન્માર્ગગામીઓનો અધ્યવસાય તીવ્ર હોય તો અનંત સંસાર ! મધ્યમ-મંદ હોય તો અસંખ્યાતાદિ સંસાર. આમ વિરોધાદિ કોઈ દોષ રહેતા નથી.

(**પૂર્વપક્ષ** : પણ આ રીતે ગચ્છાચારના એ પદનો પ્રસિદ્ધ અર્થ છોડીને વિશેષ અર્થ પકડવો એ કંઈ યોગ્ય ન ગણાય.)

(**ગુરુ** : જ્યાં પ્રસિદ્ધ અર્થ લેવામાં વાંધો આવે ત્યાં વિશેષાર્થ લેવામાં કોઈ દોષ નથી. આ વાત બધાને સંમત જ છે. આમ છતાં તમને બીજું સમાધાન આપીએ છીએ કે)

અથવા તો આ ગચ્છાચારની વાત બહુલતાની અપેક્ષાએ = પ્રાય: કરીને હોવાથી

દોષ રહેતો નથી. અર્થાત્ આ પાઠનું વ્યાખ્યાન બહુલતાની અપેક્ષાએ કરી દેવું. એટલે કે "ઉન્માર્ગગામીઓ મોટા ભાગે નિયમા અનંતસંસારી થાય છે." એમ હોવાથી અનંતસંસારી નહિ થનારા અલ્પસંખ્યાવાળા ઉન્માર્ગગામીઓની વિવક્ષા કર્યા વિના ગચ્છાચારમાં ઉપરનું નિરૂપણ કરેલ છે.

આમ કોઈ દોષ રહેતો નથી.

---

यशो० **न चेदेवं तदा 'वयमेव सृष्टिस्थित्यादिकारिणः' इत्याद्युत्सूत्रभाषिणोऽनवच्छिन्नमिथ्यात्वसन्तानपरमहेतोस्तीर्थोच्छेदाभिप्रायवतो बलभद्रजीवस्याप्यनन्तसंसारोत्पत्तिः प्रसज्येत,**

---

चन्द्र : ननु सम्प्रदायानुसारेण निह्नवानामपि संख्यातादिसंसारं न वयं मन्यामहे, न वा तदनुरोधेन गच्छाचारपाठस्य विशेषार्थमपि इच्छामः, कोऽस्माकं दोषः ? इति इत्यत आह- **नो चेदेवं** = यदि अस्मदुक्तं न स्वीक्रियेत, किन्तु 'तीर्थोच्छेदाभिप्रायवतां नियमेनानन्तः संसारः, तपागच्छीयानान्तु न' इति जडाग्रहः क्रियेत **तदा** = तर्हि "**वयमेव** = बलभद्रजीवदेवः स्वात्मानं दर्शयति । **सृष्टिस्थित्यादिकारिणः** = जगदुत्पत्तिस्थैर्यविनाशकर्तारः" **इत्याद्युत्सूत्रभाषिणः** = सूत्रे हि न जगदुत्पत्तिविनाशादिकर्ता ईश्वरादिः कश्चित्पारमार्थिकः स्वीक्रियते, ततश्चेदं निरूपणं स्पष्टमुत्सूत्रमेव । **अनवच्छिन्नेत्यादि**। श्रीनेमिनाथकालादद्य यावदनवरतं प्रवृत्तो यो **मिथ्यात्वसन्तानः** = "ईश्वरो जगदुत्पत्त्यादिकर्ता" इति मिथ्यामतपरम्परा, तस्य **परमहेतोः** = मूलत्वेन प्रधानकारणस्य । अनेन विशेषणेन बलभद्रजीवस्य महापापित्वं प्रदर्शितम् । यो हि उत्सूत्रभाषी अनवच्छिन्नमिथ्यात्वसन्तानहेतुर्भवति, स महापापी एव भवतीति । यतः स तादृशसन्तानपरमहेतुः, तत एव **तीर्थोच्छेदाभिप्रायवतः** = मिथ्याधर्मप्रवर्तनेन तात्त्विकजिनधर्मोच्छेदाभिप्रायवतः । श्रीकृष्णधर्मप्रवर्तने हि जिनधर्महानिः स्फुटैव, एतच्च बलभद्रस्य सम्यग्दृष्टेरपि प्रसिद्धमेव, केवलं मोहमहिम्ना स उत्सूत्रप्ररूपणादिकं कृतवान् । **बलभद्रजीवस्यापि** = न केवलं निह्नवानां यथाछन्दानां वा, किन्तु यस्य संख्यातः संसारो भवतामपि सम्मतः, तस्यापि इत्यपिशब्दार्थः ।

यदि हि तीर्थोच्छेदाभिप्रायवतोऽवश्यमनन्तः संसारः, ततो बलभद्रस्यापि प्रतिपादितरीत्या तीर्थोच्छेदाभिप्रायवत्त्वात् तस्यापि अनन्तसंसारित्वमापद्येत, न चैतदिष्टं भवतामपि, तत "उन्मार्गगामिनामपि अध्यवसायानुसारेणैव संख्यातादिसंसारः" इत्यवश्यं अभ्युपेयम् ।

<u>ચન્દ્ર</u> : (**પૂર્વપક્ષઃ** "સંપ્રદાય પ્રમાણે નિહ્નવાદિનો પણ અધ્યવસાય મુજબ સંખ્યાતાદિ સંસાર પ્રસિદ્ધ છે." આ વાત અમે માનતા નથી. અને એટલે જ ગચ્છાચારના પાઠનો તમે કરેલો વિશેષાર્થ પણ અમે નથી માનતા. અમે તો એક જ વાત માનીએ કે "તીર્થોચ્છેદાભિપ્રાયવાળાઓનો નિયમા અનંતસંસાર થાય."

બોલો, આમાં અમને શું દોષ છે ?)

**ગુરુ** : જો તમે અમારી વાત નહિ માનો અને તમારો કદાગ્રહ પકડી રાખશો કે "તીર્થોચ્છેદાભિપ્રાયવાળાઓને નિયમથી અનંત સંસાર થાય..." તો તમને મોટો વાંધો આવશે. કેમકે શ્રીકૃષ્ણે નરકમાં ગયા બાદ ધરતીના લોકો પોતાની સેવા-પૂજા કરે એવું કંઈક કરવા બલભદ્ર દેવને વિનંતિ કરી. અને બલભદ્રે એ પ્રમાણે કરવા લોકોને કહ્યું કે "અમે જ આ વિશ્વનું સર્જન, રક્ષણ અને વિનાશના કરનારા છીએ..."

હવે આ તો સ્પષ્ટ ઉત્સૂત્રભાષણ જ હતું. આવું ભાષણ સાંભળીને લોકો કૃષ્ણાદિની પૂજા કરવા લાગ્યા. આમ મોટો મિથ્યાધર્મ ઉત્પન્ન થયો. નેમિનાથ પ્રભુથી માંડીને આજ દિન સુધી એ મિથ્યાત્વપરંપરા એકધારી ચાલે છે. આ મોટી અનવચ્છિન્ન મિથ્યાત્વપરંપરાનું એક માત્ર મોટામાં મોટું કોઈ કારણ બન્યા હોય તો એ બલભદ્ર જ છે. વળી આ રીતે જિનધર્મની પ્રભાવનાનો ઉચ્છેદ અને મિથ્યાધર્મની પ્રભાવના કરનાર એ બલભદ્ર તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા હતા એ ય સ્પષ્ટ છે. આમ તમારા મત પ્રમાણે તો ઉત્સૂત્ર પ્રરૂપક, તીર્થોચ્છેદાભિપ્રાયવાન બલભદ્ર જીવને પણ અનંતસંસારની ઉત્પત્તિ થવાની આપત્તિ આવશે. જ્યારે બલભદ્ર તો સમ્યગ્દૃષ્ટિ વિશિષ્ટ મહાત્મા છે અને એમનો અલ્પકાળમાં જ મોક્ષ તમને ય માન્ય જ છે. માટે તમારી વાત બરાબર નથી.

---

**<u>यशो०</u> न चैतदशास्त्रीयं वचनम्, त्रिषष्टीयनेमिचरित्रेऽप्येवमुक्तत्वात् । तथाहि (८-१२-८३) –**

'प्रतिपद्य तथा रामो जगाम भरतावनौ । तथैव कृत्वा ते रूपे दर्शयामास सर्वतः ।।

एवमूचे च भो लोकाः ! कृत्वा नौ प्रतिमाः शुभाः । प्रकृष्टदेवताबुद्ध्या यूयं पूजयतादरात् ।।

वयमेव यतः सृष्टिस्थितिसंहारकारिणः । वयं दिव इहायामो यामश्च स्वेच्छया दिवम् ।।

निर्मिता द्वारकाऽस्माभिः संहता च यियासुभिः । कर्त्ता हर्त्ता च नान्योऽस्ति स्वर्गदा वयमेव च ।।

एवं तस्य गिरा लोकः सर्वो ग्रामपुरादिषु । प्रतिमाः कृष्णहलिनोः कारंकारमपूजयन् ।।

प्रतिमाऽर्चनकर्त्तृणां महान्तमुदयं ददौ । स सुरस्तेन सर्वत्र तद्भक्तोऽभूज्जनोऽखिलः ।।' इति ।।५।।

---

<u>चन्द्र</u> : ननु बलभद्रजीवेनैतादृशमुत्सूत्रं निरूपितमिति शास्त्रे न कुत्रापि दृष्टमित्यत आह- **न चैतद्** = अनन्तरमुदितं **अशास्त्रीयं** = शास्त्रेऽनिरूपितं स्वकल्पनामात्रम् । **त्रिषष्टि-नेमिचरित्रेऽपि** = कलिकालसर्वज्ञहेमसूरिविरचिते त्रिषष्ठिशलाकापुरूषचरित्रग्रन्थे यन्नेमिनाथ-चरित्रं, तत्रापि **एवं** = अनन्तरमेव दर्शयिष्यमाणं "बलभद्रजीवस्योत्सूत्रप्ररूपणं अस्ति" इत्यादिरूपं **उक्तत्वात्** ।

तदेव दर्शयति-**तथाहि** इत्यादि । **प्रतिपद्य** = स्वीकृत्य **तथा** = यथा श्रीकृष्णेनोक्तं, तथा **ते रूपे** = बलभद्रकृष्णरुपे **सर्वतः** = सर्वत्र । **नौ** = आवयोः श्रीकृष्णबलभद्रयोः । **प्रकृष्टदेवताबुद्ध्या** = "इयं सर्वातिशायिनी देवता" इति मत्या । "किमर्थं एते प्रतिमे आदरात् पूजनीये ?" इत्यत्र बलभद्र एव कारणमाह-**वयमेव यतः** इत्यादि । **दिवः** = देवलोकात् । **यियासुभिः** = द्वारकाया उर्ध्वं दिवं यातुमिच्छुभिः । **स्वर्गदाः** = स्वर्गदातारः । **कारंकारं** = कृत्वा कृत्वा प्रभूतप्रतिमाकरणज्ञापनार्थमित्थं प्रयोगः, शेषं सुगमम् ।

<u>चन्द्र</u> : (**પૂર્વપક્ષ** : તમે જે વાત કરી. એ શાસ્ત્રબાહ્ય પદાર્થ છે. શાસ્ત્રમાં બલભદ્રદેવે ઉત્સૂત્ર બોલ્યાની વાત અમે જોઈ-જાણી નથી.)

**ગુરુ** : અમારી વાત અશાસ્ત્રીય નથી. કેમકે કલિકાલસર્વજ્ઞશ્રીએ રચેલા ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્રમાં નેમિચરિત્રની અંદર પણ આ જ વાત કરી છે.

તે આ પ્રમાણે –

શ્રીકૃષ્ણની વાતને તે પ્રમાણે સ્વીકારીને રામ = બલદેવ ભરતક્ષેત્રની ધરતી પર ગયા. અને શ્રી કૃષ્ણના કહ્યા પ્રમાણે જ પોતાનું અને કૃષ્ણનું એમ બે રૂપ કરીને બધી બાજુ દેખાડવા લાગ્યા. અને આ પ્રમાણે બોલ્યા કે "હે લોકો ! અમારી શુભ પ્રતિમાઓ બનાવીને ઉત્કૃષ્ટ દેવતાની બુદ્ધિથી તમે આદરપૂર્વક એને પૂજો.

કેમકે અમે જ સર્જન, સ્થિરતા અને સંહારને કરનારા છીએ. અમે દેવલોકમાંથી અહીં અમારી ઇચ્છા મુજબ આવીએ છીએ અને અમારી ઇચ્છામુજબ દેવલોકમાં જઇએ છીએ.

અમારા વડે દ્વારકા બનાવાઈ અને દ્વારકામાંથી જવાની ઈચ્છાવાળા અમારા વડે એ દ્વારકા ખતમ કરાઈ. કર્તા અને વિનાશક બીજો કોઈ નથી. વળી સ્વર્ગને આપનારા પણ અમે જ છીએ."

આ પ્રમાણે તેની વાણીથી બધા લોકો ગ્રામ-નગર વિગેરેમાં કૃષ્ણ-બલદેવની પ્રતિમાઓને બનાવી બનાવીને પૂજવા લાગ્યા.

તે બલભદ્ર દેવ પ્રતિમાની પૂજા કરનારાઓને મોટો ઉદય = લાભ આપવા લાગ્યો. તેના કારણે બધા લોકો તે બલભદ્ર+કૃષ્ણના ભક્ત થયા.

**ગાથા પાંચ સંપૂર્ણ**

## ગાથા - ૬

<u>यशो०</u> **ननु बलभद्रस्योत्सूत्रवचनमिदं न स्वारसिकमतो न नियतं, नियतोत्सूत्रं च निह्नवत्वकारणं। अत एवापरापरोत्सूत्रभाषिणां यथाछन्दत्वमेव, नियतोत्सूत्रभाषिणां च निह्नवत्वमेव । तदुक्तमुत्सूत्रकन्दकुद्दालकृता –**

तस्मादनियतोत्सूत्रं यथाछन्दत्वमेषु न । तदवस्थितकोत्सूत्रं निह्नवत्वमुपस्थितम् ।। **इति ।**

<u>चन्द्र</u> : उत्सूत्रं द्विविधं भवति, नियतमनियतं च । तत्र वक्त्रा एकं द्वे त्र्यादीनि वा निश्चितमुच्यमानानि उत्सूत्राणि नियतोत्सूत्राणि कथ्यन्ते । वक्त्रा तत्तत्काले तथा तथा मनसि प्रवर्तमानेन स्वच्छन्दचिन्तनेन उच्यमानानि उत्सूत्राणि अनियतोत्सूत्राणि कथ्यन्ते । नियतोत्सूत्राणि हि जडाग्रहेण भाष्यमाणानि भवन्ति । अनियतोत्सूत्राणि यद्यपि सूत्रविरूद्धानि, तथापि तत्र वक्तॄणां केवलं स्वच्छन्दमतिरेव अपराद्ध्यति, न तु तेषां तत्र कदाग्रह इति ।

'एवं च दिगम्बरादीनां नियतोत्सूत्रभाषणादनन्तसंसारो नियमेन, यथाछन्दानान्तु अनियतोत्सूत्रभाषणात् न नियमेनानन्तसंसारः' इत्यभिप्रायवान् पूर्वपक्षः प्राह-**न स्वारसिकं** = न कदाग्रहविजृम्भितम् । **अत एव** = यतो नियतोत्सूत्रं निह्नवत्वकारणम्, अत एव **अपरापरोत्सूत्रभाषिणां** = अनियतोत्सूत्रभाषिणां **यथाछन्दत्वमेव**, तेषां नियतोत्सूत्राभावान्न निह्नवत्वमिति एवकारार्थः ।

अत्र पूर्वपक्षो निजप्ररूपणासमर्थकं धर्मसागरविरचितग्रन्थपाठमाह-**उत्सूत्रकन्दकुद्दालकृता** = उत्सूत्रकन्दकुद्दालनामकग्रन्थरचयित्रा धर्मसागरेण । **तस्मादित्यादि** । यतो दिगम्बरादयो

नियतोत्सूत्रभाषिण:, **तस्मात् अनियतोत्सूत्रं** = अनियतानि उत्सूत्राणि यस्मिंस्तद्, एतादृशं **यथाछन्दत्वं एषु** = दिगम्बरादिषु । **तद्** = तस्मात् **अवस्थितकोत्सूत्रं** = अवस्थितमेव अवस्थितकं, एतादृशं उत्सूत्रं यस्मिन् तत्, तादृशं **निह्नवत्वं उपस्थितम्** ।

**चन्द्र : પૂર્વપક્ષ:** ઉત્સૂત્રો બે પ્રકારના હોય છે. નિયત અને અનિયત.

એમાં જે ઉત્સૂત્રોને વક્તા કદાગ્રહ પૂર્વક બોલે તે નિયત ઉત્સૂત્ર કહેવાય. જ્યારે જે ઉત્સૂત્રોને વક્તા કદાગ્રહથી નહિ, પરંતુ પોતાની મતિમાં જેમ સૂઝે તેમ વગર વિચાર્યે બોલ્યે રાખે તે બદલાતા રહેતા ઉત્સૂત્રો અનિયત ઉત્સૂત્ર કહેવાય.

(અહીં એ ખ્યાલ રાખવો કે નિયતઉત્સૂત્ર એટલે "અમુક ચોક્કસ સંખ્યાના ઉત્સૂત્રો જ બોલવા" એમ નહિ. પરંતુ "કદાગ્રહપૂર્વક ઉત્સૂત્ર બોલવા." એમ અર્થ છે. દિગંબરો સ્ત્રીમુક્તિ, કેવલિભુક્તિ, સિદ્ધોમાં ચારિત્ર વિગેરે ઘણી બાબતોમાં ઉત્સૂત્ર બોલે છે. પણ એ બધા ઉત્સૂત્રો તે કદાગ્રહ પૂર્વક બોલે છે, માટે તે નિયત ઉત્સૂત્ર કહેવાય છે.

જ્યારે કેટલાકોનો સ્વભાવ એવો હોય છે કે શાસ્ત્રોનું સમ્યક્ જ્ઞાન નથી હોતું એટલે તે તે પદાર્થોમાં પોતાની બુદ્ધિ પ્રમાણે ચિંતન કરે. એ એમને પોતાને સારું-સાચું લાગે એટલે પછી શાસ્ત્રની અપેક્ષા રાખ્યા વિના એ ઉત્સૂત્ર બોલી નાંખે. એમાં જો કોઈ વાંધા-વચકા બતાવે તો એ વાત છોડી પણ દે. વળી પાછો કોઈક પદાર્થમાં કોઈ નવો વિચાર ઉપસી આવે તો એની પ્રરૂપણા કરી દે... આ બધા ઉત્સૂત્રો અનિયત ઉત્સૂત્ર કહેવાય.)

બલભદ્રનું આ તમે બતાવેલું ઉત્સૂત્રવચન સ્વારસિક = પોતાના કદાગ્રહથી થયેલું ન હતું. માટે તે ઉત્સૂત્ર નિયત ન કહેવાય. જ્યારે હકીકત એ છે કે નિયતોત્સૂત્ર નિહ્નવત્વનું કારણ છે. આવું છે માટે જ તો નવા નવા ઉત્સૂત્ર બોલનારાઓનું નિહ્નવત્વ જ હોય છે. યથાછંદત્વ નહિ.

આ વાત 'ઉત્સૂત્રકંદકુદ્દાલ' નામના ગ્રન્થના કર્તા ધર્મસાગરજીએ કરેલી છે. તે આ પ્રમાણે -

તે કારણથી અનિયત ઉત્સૂત્ર જેમાં હોય એવું યથાછંદત્વ દિગંબરાદિમાં નથી. અને માટે અવસ્થિત (= અવસ્થિતક, 'ક' સ્વાર્થમાં છે.) ઉત્સૂત્ર જેમાં હોય એવું નિહ્નવત્વ તેઓને ઉપસ્થિત થાય છે.

<u>यशो०</u> **एतदेव च नियमतोऽनन्तसंसारकारणम् । अत एव 'यः कश्चिद् मार्गपतितोऽप्युत्सूत्रं भणित्वाऽभिमानादिवशेन स्वोक्तवचनं स्थिरीकर्त्तुं कुयुक्तिमुद्भावयति न पुनरुत्सूत्रभयेन त्यजति, स ह्युन्मार्गपतित इवावसातव्यः, नियतोत्सूत्रभाषित्वात्, तस्यापरमार्गाश्रयणा-भावेऽपि निह्नवस्येवासदाग्रहवत्त्वाद्' इत्यस्मन्मतम् । इत्याशङ्कायामाह –**

---

<u>चन्द्र</u> : **एतदेव च** = नियतोत्सूत्रमेव च ।

**अत एव** = यतो नियतोत्सूत्रं नियमतोऽनन्तसंसारकारणम्, तस्मादेव । **मार्गपतितोऽपि** = तपागच्छीयोऽपि । **उत्सूत्रभयेन** = उत्सूत्रप्ररूपणाजन्यभवभ्रमणभयेन **उन्मार्गपतित इव** = व्यवहारतः सन्मार्गपतितत्वात् साक्षात् उन्मार्गपतितो वक्तुमशक्य इति उन्मार्गपतितसदृशः **अवसातव्यः** = अवगन्तव्यः । कथं स मार्गपतितोऽपि उन्मार्गपतित इव ज्ञातव्यः ? इत्यत आह-**नियतोत्सूत्रभाषित्वात्** ।

ननु नियतोत्सूत्रं तु दिगम्बरादिमतमाश्रितस्यैव सम्भवति, तपागच्छीयस्य तु कथं ? इत्यत आह-**तस्य** = तपागच्छीयस्योत्सूत्रप्ररूपकस्य **अपरमार्गाश्रयणाभावेऽपि** = दिगम्बरादि-मताभ्युपगमाभावेऽपि **निह्नवस्येवासदाग्रहत्वात्** । तथा च परमार्थतोऽसदाग्रह एव नियतोत्सूत्रकारणम् । स च प्रायो निह्नवादीनामेव, कदाचित्तु व्यवहारतो मार्गपतितस्यापि कस्यचिदिति तस्य निह्नवस्येव नियतोत्सूत्रभाषित्वं [illegible]द्धमिति ।

**अस्मन्मतम्** = अस्मत्पदेनात्मानं दर्शयति, पूर्वपक्षमतमित्यभिप्रायः ।

इत्थञ्च तपागच्छीयानां यथाछन्दानां अनियतोत्सूत्रभावात्, न नियमेनानन्तसंसारः, निह्नवानां तु नियतोत्सूत्रभावान्नियमेनानन्तसंसारः । तपागच्छीयानामपि कदाग्रहिणान्तु निह्नवसदृशत्वमेवेति पूर्वपक्षाभिप्रायः ।

<u>ચન્દ્ર</u> : **પૂર્વપક્ષ** : આ નિયત ઉત્સૂત્ર જ નિયમથી અનંતસંસારનું કારણ છે. માટે જ "જે કોઈક માર્ગપતિત = તપાગચ્છીય સાધુ પણ ઉત્સૂત્ર બોલ્યા બાદ અભિમાન વિગેરેને પરવશ બનીને પોતાના વચનને સ્થિર કરવા માટે ઉંધી-ચત્તી યુક્તિઓ લગાડે, પરંતુ ઉત્સૂત્રના ભયથી = 'ઉત્સૂત્રપ્રરૂપણાથી મારો સંસાર વધી જશે' આવા ભયથી ઉત્સૂત્ર (છોડવું જોઈએ, પણ) ન છોડે. તે ભલે વ્યવહારથી ઉન્માર્ગપતિત ન હોય, તો પણ એ ઉન્માર્ગપતિત જેવો જ જાણવો. કેમકે એ નિયત ઉત્સૂત્ર બોલનારો છે. અને નિયત ઉત્સૂત્ર બોલનાર ઉન્માર્ગપતિત જ હોય. (ન હોય તો એના જેવો જ ગણાય.)

**પ્રશ્ન** : પરંતુ એ નિયત ઉત્સૂત્રભાષી શી રીતે કહેવાય ? નિયત ઉત્સૂત્ર તો નિહ્નવોને = તપાગચ્છભિન્નમાર્ગને આશ્રયીને રહેલાઓને જ હોય ને ?

**પૂર્વપક્ષ** : નિયત ઉત્સૂત્રનું મુખ્ય કારણ અસદ્ આગ્રહ = કદાગ્રહ છે. અને એટલે પ્રસ્તુત માર્ગપતિત સાધુ અપરમાર્ગના આશ્રયવાળો ન હોય તો પણ એને નિહ્નવના જેવો કદાગ્રહ તો છે જ, (અને) માટે એને નિયત ઉત્સૂત્રભાષી કહી શકાય.

સાર એ છે કે ઉન્માર્ગપતિતો નિયમા અનંતસંસારી હોય. કેમકે તેઓ નિયતોત્સૂત્રભાષી છે. જ્યારે માર્ગપતિત નિયમા અનંતસંસારી ન હોય, કેમકે તેઓ નિયતોત્સૂત્રભાષી નથી. હા ! માર્ગપતિત પણ કદાગ્રહી જીવ એ નિયતોત્સૂત્રભાષી જ બની જવાથી નિહ્નવ = ઉન્માર્ગપતિત જેવો જ જાણવો. અલબત્ત આવા જીવ કો'ક જ હોય.

---

**यशो०** **णियउस्सुत्तणिमित्ता, संसाराणंतया ण सुत्तुत्ता ।**

**अज्झवसायोऽणुगओ, भिन्नो च्चिय कारणं तीसे ।।६।।**

नियतोत्सूत्रनिमित्ता, संसारानन्तता न सूत्रोक्ता ।

अध्यवसायोऽनुगतो, भिन्न एव कारणं तस्याः ।।६।।

---

**चन्द्र** : समाधानमाह -

नियतोत्सूत्रनिमित्ता संसारानन्तता सूत्रोक्ता न, (किन्तु) तस्याः (संसारानन्ततायाः) कारणं भिन्न एव अनुगतोऽध्यवसायः - इति गाथार्थः ।

**ચન્દ્ર : ઉત્તરપક્ષ :**

નિયત ઉત્સૂત્ર એ છે કારણ જેમાં, એવી સંસારની અનંતતા શાસ્ત્રમાં કહેલી નથી. (પરંતુ) તે સંસાર-અનંતતાનું કારણ ભિન્ન અનુગત અધ્યવસાય જ છે.

---

**यशो०** **णियउस्सुत्तति । नियतोत्सूत्रं निमित्तं यस्यां सा तथा, संसारानन्तता न सूत्रोक्ता, नियतोत्सूत्रं विनाऽपि मैथुनप्रतिसेवाद्युन्मार्गसमाचरणतद्वन्दनादिनाऽप्यनन्तसंसारार्जनेन व्यभिचारात् ।**

**चन्द्र** : ननु कथमेतन्निश्चीयते, यदुत एतादृशी संसारानन्तता सूत्रोक्ता न ? इत्यतः कारणमाह-**नियतोत्सूत्रं विनाऽपि** = नियतोत्सूत्रेण तु अनन्तसंसारार्जनं सम्भवत्येव, किन्तु तद् विनाऽपि तत्सम्भवतीत्यपिशब्दार्थः । **मैथुनप्रतिसेवाद्युन्मार्गेत्यादि** । **तद्वन्दनादिना** मैथुनप्रतिसेवाद्युन्मार्गस्य यः समाचरकः, तस्य यद् वन्दनं, तदादिना । आदिपदात् तदभ्युत्थानाञ्जलिकरणादिकं ग्राह्यम् ।

"नियतोत्सूत्रं अनन्तसंसारकारणं" इति भवतोक्तम् । तच्च न घटते, यतो मैथुनप्रतिसेवकादीनामनन्तसंसारो भवति, तत्र च नियतोत्सूत्रं नास्ति । एवं च तत्र कारणाभावेऽपि कार्यसद्भावाद् व्यतिरेकव्यभिचारो भवति । ततश्च नियतोत्सूत्रानन्तसंसारयोः कार्यकारणभावो न सिद्ध्येदित्याशयः ।

**ચન્દ્ર** : નિયતોત્સૂત્ર એ છે કારણ જેમાં એવી સંસારાનન્તતા શાસ્ત્રમાં તો બતાવેલી નથી જ. કેમકે નિયતોત્સૂત્ર વિના પણ મૈથુનપ્રતિસેવન વિગેરે રૂપ ઉન્માર્ગનું આચરણ અને એવા આચરણ કરનારાઓને વંદન-અભ્યુત્થાનાદિ કરવા દ્વારા પણ અનંતસંસારનું ઉપાર્જન થાય છે. એટલે ત્યાં નિયતોત્સૂત્ર અને અનંતસંસાર વચ્ચેના કા. કા. ભાવમાં સ્પષ્ટ વ્યભિચાર આવે જ છે. મૈથુનસેવનજન્ય અનંતસંસાર સ્થલે નિયતોત્સૂત્ર નથી, છતાં અનંત સંસાર રૂપી કાર્ય તો થયેલ જ છે. એટલે કારણ વિના કાર્ય થવા રૂપી વ્યતિરેક વ્યભિચાર આવે છે. અને માટે જ "નિયતોત્સૂત્ર અનંતસંસારનું કારણ છે" એ વાત શાસ્ત્રમાન્ય બનતી નથી.

---

**यशो०** **न चोत्सूत्रभाषणजन्येऽनन्तसंसारार्जने नियतोत्सूत्रभाषणस्यैव हेतुत्वान्न दोषः, तादृशकार्यकारणभावबोधकनियतसूत्रानुपलम्भाद्,**

---

**चन्द्र** : पूर्वपक्षमुद्भाव्य समादधाति-**न चेत्यादि** नियतोत्सूत्रभाषणं अनन्तसंसारं प्रति न कारणं, किन्तु नियतोत्सूत्रभाषणं उत्सूत्रभाषणजन्यमेवानन्तसंसारं प्रति कारणं, एवं च **उत्सूत्रभाषणजन्ये** इत्यादि सुगमम् । नवरं **नियतोत्सूत्रभाषणस्यैव** = न तु मैथुनप्रतिसेवनादेरित्येवकारार्थः । **न दोषः** = न व्यतिरेकव्यभिचारः । उत्सूत्रभाषणजन्यानन्तसंसारात्मकं कार्यं नियतोत्सूत्रं विना कदापि नैव भवतीति न तत्र व्यतिरेकव्यभिचारावकाश इति भावः ।

अत्र पूर्वपक्षः समाप्तः ।

समाधानमाह-**तादृशकार्यकारणे**त्यादि । उत्सूत्रभाषणजन्यानन्तसंसारनियतोत्सूत्रयोः मध्ये यः कार्यकारणभावः पूर्वपक्षपरिकल्पितः, तद्**बोधकस्य नियतसूत्रस्य** = स्पष्टसूत्रस्य **अनुपलम्भात्** । तथा च न तादृशकार्यकारणभावकल्पना युक्ता, या शास्त्रप्रज्ञापिता न स्यात् ।

**ચન્દ્ર : પૂર્વપક્ષ :** નિયતોત્સૂત્ર ભાષણ એ અનંત સંસાર માત્ર પ્રત્યે નહિ, પરંતુ ઉત્સૂત્રભાષણજન્ય એવા જ અનંત સંસાર પ્રત્યે કારણ છે. અને ઉત્સૂત્રભાષણજન્ય એવા અનંતસંસારના અર્જનમાં = પ્રાપ્તિમાં તો નિયત ઉત્સૂત્રભાષણ જ કારણ છે. અર્થાત્ ઉત્સૂત્રભાષણજન્ય અનંતસંસાર એ મૈથુનસેવનાદિથી નથી જ થતો. એ તો નિયતોત્સૂત્રથી જ થાય છે. એટલે હવે વ્યતિરેક વ્યભિચાર આવવાનો કોઈ પ્રશ્ન જ નથી.

માત્ર અનંતસંસાર અને નિયતોત્સૂત્રભાષણ વચ્ચે કા. કા. ભાવ માનીએ તો એવું માનવું પડે કે જ્યાં અનંત સંસાર ત્યાં અવશ્ય નિયતોત્સૂત્રભાષણ... ઈત્યાદિ. અને એમાં વાંધો આવે. કેમકે મૈથુનસેવનથી જે અનંતસંસાર થાય, ત્યાં તો નિયતોત્સૂત્રભાષણ છે જ નહિ.

પરંતુ **ઉત્સૂત્રભાષણજન્ય** અનંતસંસાર અને નિયતોત્સૂત્રભાષણ વચ્ચે કા. કા. ભાવ માનીએ તો ઉપરની આપત્તિ ન આવે. મૈથુનસેવનજન્ય અનંતસંસાર એ ઉત્સૂત્રભાષણજન્ય ન હોવાથી એ લઈ જ ન શકાય.

**ઉત્તરપક્ષ :** તમે જેવો કા. કા. ભાવ બતાવો છો, એવા કા. કા. ભાવનો બોધ કરાવે, એવું કોઈપણ ચોક્કસ સૂત્ર તો મળતું નથી. માટે તમે બતાવેલો કા. કા. ભાવ ન મનાય.

---

यशो० 'उस्सुत्तभासगाणं बोहीणासो अणंतसंसारो' **इत्यादिवचनानां सामान्यत एव कार्यकारणभावग्राहकत्वाद्,**

---

चन्द्र : ननु "उस्सुत्तभासगाणं बोहीणासो अणंतसंसारो" इति शास्त्रपाठात् स्पष्टमेव ज्ञायते यदुत नियतोत्सूत्रभाषणानन्तसंसारयोः कार्यकारणभावोऽस्ति । अनन्तसंसारात्मकं कार्यन्तु पूर्वोदितरीत्या व्यतिरेकव्यभिचारसम्भवेन तद्वारणाय उत्सूत्रभाषणजन्यानन्तसंसाररूपं ग्राह्यम् । तत्र च न कश्चिद् दोष इति भावितमेव प्राक् । तथा च तादृशकार्यकारणभावबोधकस्य नियतसूत्रस्य सद्भावोऽस्त्येवेत्यत आह-**उस्सुत्तभासगाणं** इत्यादि । **सामान्यत एव** =

"नियतोत्सूत्रं" इति नियतपदविशिष्टं उत्सूत्रं कारणत्वेनाप्रतिपाद्यैव **कार्यकारणभावग्राहकत्वात्** = अनन्तसंसारोत्सूत्रभाषणयोः कार्यकारणभावबोधकत्वात् ।

प्रकृतपाठे हि "उस्सुत्तभाषगाणं" इत्येवोक्तम्, "निययोस्सुत्तभासगाणं" इति नोक्तम् । तथा च प्रकृतपाठात् "उत्सूत्रभाषणं कारणम्, उत्सूत्रभाषणजन्योऽनन्तसंसारः कार्यम्" इत्येव कार्यकारणभावः सिद्ध्यति, न तु "नियतोत्सूत्रभाषणं कारणम्, उत्सूत्रभाषणजन्योऽनन्तसंसारः कार्यम्" इति कार्यकारणभावः ।

इत्थञ्च अनन्तसंसारात्मकस्य कार्यस्य "उत्सूत्रभाषणजन्योऽनन्तसंसारः" इति परिष्कारो युक्तः, किन्तु सूत्रे दर्शितस्य उत्सूत्रभाषणात्मककारणस्य "नियतोत्सूत्रभाषणं" इति परिष्कारः सूत्रबाधित इति कृत्वा न युक्त इति भावः ।

एवं च उत्सूत्रभाषणमात्रस्य उत्सूत्रभाषणजन्यानन्तसंसारकारणत्वात्, भवदुक्तरीत्याऽनियतोत्सूत्रभाषिणामपि यथाछन्दानां अनन्तः संसारो बलादापद्येतैवेति ।

<u>ચન્દ્ર</u> : **પૂર્વપક્ષ** : "ઉત્સૂત્રભાષકોનો બોધિનાશ થાય, અનંત સંસાર થાય." આવો સ્પષ્ટ શાસ્ત્રપાઠ છે જ. આના દ્વારા આ પદાર્થ સિદ્ધ થાય છે કે "નિયતઉત્સૂત્રભાષણ કારણ છે અને અનંતસંસાર કાર્ય છે."

હવે માત્ર અનંતસંસારને કાર્ય માનીએ તો પૂર્વે બતાવ્યા પ્રમાણે વ્યતિરેક વ્યભિચાર આવે છે; એટલે ઉત્સૂત્રભાષણજન્ય અનંતસંસાર જ કાર્ય માનવું અને નિયતોત્સૂત્રને કારણ માનવું.

મૂળ વાત એ કે આ બેના કા. કા. ભાવને જણાવનાર કોઈ શાસ્ત્રપાઠ નથી તે વાત ખોટી છે. उस्सुत्तभासगाणं...એ પ્રમાણે શાસ્ત્રપાઠ છે જ, એટલે કોઈ આપત્તિ નથી.

**ગુરુ** : વાહ ! મારી સાથે ય કપટ કરે છે ? તેં જે પાઠ બતાવ્યો છે, એ કે એવા બીજા પાઠોમાં ક્યાંય **નિયત** શબ્દ તો વાપર્યો જ નથી. ત્યાં તો ઉત્સૂત્રભાષકોનો જ અનંતસંસાર બતાવ્યો છે. "નિયતોત્સૂત્રભાષકોનો અનંતસંસાર એકાન્તે થાય અને અનિયતોત્સૂત્રભાષકોનો ન થાય" આવા તમે પાડેલા ભેદ તો આ સૂત્રમાં દેખાતા નથી. એટલે આ સૂત્ર પ્રમાણે તો ઉત્સૂત્રભાષક એવા યથાછંદોનો પણ એકાંતે અનંતસંસાર માનવાની આપત્તિ તને આવવાની જ.

<u>यशो०</u> **उत्तरकालं तत्र नियतत्वाख्यो विशेषः कल्प्यते इति चेद्?**

<u>चन्द्र</u> : पूर्वपक्षः शङ्कते-**उत्तरकालं** = पूर्वापरपदार्थचिन्तनानन्तरं **तत्र** = प्रकृतपाठेन प्रतिपादिते अनन्तसंसारकारणीभूते उत्सूत्रभाषणे **नियतत्वाख्यो विशेषः कल्प्यते** = अनुमीयते। यद्यपि प्रथमं तु एतत्पाठेन सामान्योत्सूत्रभाषणस्यैव तथाविधानन्तसंसारकारणत्वं ज्ञायते, किन्तु तदनन्तरं यदा पूर्वापरपदार्थचिन्तनं क्रियते, तदा एतादृशे कार्यकारणभावे कल्प्यमानेऽन्वयव्यभिचार उपढौकते यदुत "यथाछन्दानां उत्सूत्रभाषणमस्ति, किन्तु अनन्तः संसारो नास्ति । तथा च कारणसत्त्वेऽपि कार्याभाव इति कृत्वाऽन्वयव्यभिचारः" इति । ततश्च न सामान्यमुत्सूत्रभाषणं अनन्तसंसारकारणं, किन्तु नियतमुत्सूत्रभाषणमनन्तसंसार-कारणमिति कल्प्यत इति पूर्वपक्षाभिप्रायः ।

<u>चन्द्र</u> : **પૂર્વપક્ષ** : આ શાસ્ત્રપાઠ વાંચવાથી સૌ પ્રથમ આ જ અર્થ થાય કે "ઉત્સૂત્રભાષકોનો અનંત સંસાર થાય છે" પરંતુ એ અર્થ કર્યા બાદ જ્યારે ઉંડાણથી વિચાર કરીએ ત્યારે આમાં અન્વયવ્યભિચાર ઉભો થાય કે "યથાછંદોને ઉત્સૂત્રભાષણ છે, છતાં અનંતસંસાર નથી."

આમ કારણ હોવા છતાં કાર્ય ન હોવા રૂપ અન્વયવ્યભિચાર ઉપસ્થિત થવાથી એ શાસ્ત્રપાઠમાં રહેલા ઉત્સૂત્રભાષક શબ્દનો અર્થ 'નિયત-ઉત્સૂત્રભાષણ' એમ કરવો જ પડે. યથાછંદોમાં નિયતોત્સૂત્રભાષણ ન હોવાથી એમનો અનંતસંસાર ન થાય તો ય એમાં હવે કોઈ વાંધો ન આવે.

હવે આ રીતે નિયત ઉત્સૂત્રભાષણ જ અનંતસંસારકારણ તરીકે સિદ્ધ થાય.

<u>यशो०</u> **नैतदेवम्, तथा सति यथाछन्दस्य कस्याप्यनन्तसंसारानुपपत्तिप्रसक्तेः, तस्य त्वदभिप्रायेणापरापरभावेन गृहीतमुक्तोत्सूत्रस्य नियतोत्सूत्रभाषित्वाभावात् ।**

<u>चन्द्र</u> : पूर्वपक्षं खण्डयति-**नैतदेवम्** = यद् भवतोक्तं, तन्न । तत्र कारणमाह-**तथा सति** नियतोत्सूत्रभाषणस्यैव तादृशनन्तसंसारकारणत्वे सति । **अनन्तसंसारितानुपपत्तिप्रसक्तेः** = अनन्तसंसाराऽघटमानताऽऽपत्तेः ।

ननु कथं कस्यापि यथाछन्दस्यानन्तसंसारो न घटेत ? इत्यतः कारणमाह-**तस्य** = यथाछन्दस्य **त्वदभिप्रायेण** = मम तु तावदेतन्नाभिमतमेवेति भावः । **गृहीतमुक्तोत्सूत्रस्य**

= प्राक् गृहीतं पश्चात् मुक्तं उत्सूत्रं येन स, तस्य । शेषं स्पष्टम् । कोऽपि यथाछन्दोऽनियतोत्सूत्रभाष्येव, न तु नियतोत्सूत्रभाषी, तथा च तत्र नियतोत्सूत्रात्मककारणाभावादनन्तः संसारः कस्यापि यथाछन्दस्य न स्यात् । न चैतद् भवतामपि मतम्, यतः केषाञ्चिद् यथाछन्दानामनन्तसंसारस्तु भवतामपि सम्मत एव । परं भवदुक्तरीत्या तत्र नियतोत्सूत्रभाषणात्मककारणाभावात् अन्यस्य चानन्तसंसारकारणस्याभावात् न कथमपि तेषामनन्तसंसारात्मकं कार्यं सङ्घटेतेति ।

**ચન્દ્ર** : તમારી આ વાત બરાબર નથી. કેમકે આ રીતે જો નિયત ઉત્સૂત્રને જ અનંતસંસારકારણ માનશો તો તો પછી કોઈપણ યથાછંદનો અનંતસંસાર નહિ જ થવાની આપત્તિ આવશે.

(**પૂર્વપક્ષ** : "યથાછંદનો નિયમા અનંતસંસાર થાય" એ વાતનો નિષેધ કરે છે. પરંતુ "કોઈપણ યથાછંદ અનંતસંસારી ન જ થાય" એવું તો એને ય માન્ય નથી જ. તે તે યથાછંદનો અનંત સંસાર થવાનું એને પણ માન્ય છે.)

**પૂર્વપક્ષ** : કેમ ? આ આપત્તિ શી રીતે આવે ?

**ઉત્તરપક્ષ** : તારા અભિપ્રાય મુજબ તો યથાછંદ પહેલા ઉત્સૂત્ર બોલે છે, પછી એને છોડી દઈ વળી કોઈ નવું ઉત્સૂત્ર પકડે છે. પછી એ ય છોડી દઈ વળી કોઈ ત્રીજું ઉત્સૂત્ર બોલે છે. આમ નવા નવા ઉત્સૂત્રો ગ્રહણ કરનાર અને જુના જુના ઉત્સૂત્રો છોડનાર યથાછંદ તારા કહેવા મુજબ નિયતોત્સૂત્રભાષી ન કહેવાય. અને એટલે કોઈપણ યથાછંદમાં નિયતોત્સૂત્ર રૂપ કારણ ન હોવાથી, કારણાભાવને લીધે અનંતસંસારરૂપી કાર્ય પણ ન જ થવું જોઈએ.

(મૈથુનસેવાદિ રૂપ બીજા કારણો પણ એમાં હાજર નથી. હકીકત એ છે કે આવા અનિયત ઉત્સૂત્ર દ્વારા પણ અનંતસંસાર થઈ જ શકે છે અને કેટલાંક યથાછંદો એ રીતે જ અનંતસંસાર પામ્યા છે, પરંતુ પૂર્વપક્ષને તો એ માનવું શક્ય નહિ બને.)

---

**यशो० तथा च –**

सव्वप्पवयणसारं मूलं संसारदुःखमुक्खस्स । संमत्तं मइलित्ता ते दुग्गइवड्ढया हुंति ।।

इत्यादिभाष्यवचनविरोधः ।

---

<u>चन्द्र</u> : ननु तर्हि मा भवतु कस्यापि यथाछन्दस्यानन्तसंसार:, नियतोत्सूत्रभाषिणां निह्नवानामेवानन्तसंसार इति भणने को दोष: ? इत्यत आह-**तथा च** = यथाछन्द मात्रस्यानन्तसंसाराभावे आपद्यमाने ।

**भाष्यवचनस्यायमर्थ:**-'संसारदु:खमोक्षस्य मूलं सर्वस्यापि प्रवचनस्य सारं सम्यक्त्वं मलिनयित्वा ते (यथाछन्दा) दुर्गतिवर्धका भवन्ति' इति ।

विरोधश्चेत्थं - प्रकृतभाष्यवचनेन यथाछन्दानां "दुर्गतिवर्धकानाम्" इति पदेनानन्तसंसार: प्रतिपादित:, पूर्वपक्षाभिप्रायेण तु यथाछन्दमात्रस्यानन्तसंसाराभाव: सिद्ध:, इत्थञ्च पूर्वपक्षाभिप्रायो भाष्यवचनेन सह विरुद्ध एवेति ।

<u>ચન્દ્ર</u> : **પૂર્વપક્ષ** : ચાલો, તો પછી ભલે કોઈપણ યથાછંદનો અનંતસંસાર ન થાઓ, નિયતઉત્સૂત્રભાષી એવા નિહ્નવોનો જ અનંત સંસાર થાઓ. આમ બોલવામાં શું વાંધો ?

**ગુરુ** : આમ જો યથાછંદનો અનંતસંસાર ન થાય એમ જ માનશો તો પછી ભાષ્યવચન સાથે તમારે વિરોધ આવશે. ભાષ્યવચન આ પ્રમાણે છે કે "સર્વ પ્રવચનનો સાર અને સંસાર દુઃખના મોક્ષનું મૂળ એવા સમ્યક્ત્વને મલિન કરીને તેઓ દુર્ગતિવર્ધક બને છે."

અહીં યથાછંદોની વાત કરી છે અને **"દુર્ગતિવર્ધક"** શબ્દ દ્વારા અનંતસંસારી ગણ્યા છે. જ્યારે તમારા મત પ્રમાણે તો તેઓ અનિયતોત્સૂત્રભાષી હોવાથી અનંતસંસાર ઘટી શકતો જ નથી.

---

**<u>यशो०</u> अथ यथाछन्दस्यापि यस्यानन्तसंसारार्जनं तस्य क्लिष्टाध्यवसायविशेषादेव, उन्मार्गपतितस्य निह्नवस्य तु नियतोत्सूत्रभाषणादेवेति न दोष इति चेद्?**

---

<u>चन्द्र</u> : पूर्वपक्ष: प्राह **यथाछन्दस्यापि** इति । → "न केवलं निह्नवानामेवानन्तसंसारार्जनं भवति, किन्तु यथाछन्दस्यापि भवति" इति वयं स्वीकुर्म: ← इति ज्ञापनार्थं अत्रापिशब्द उपात्त: । **क्लिष्टाध्यवसायविशेषादेव** = न तु नियतस्यानियतस्य वोत्सूत्रस्य प्ररूपणादित्येवकारार्थ: । **न दोष:** = न यथाछन्दस्यानन्तसंसाराऽघटमानताऽऽपति:, न वा भाष्यवचनविरोध इति ।

अयं भावः, अनन्तः संसारः केवलमुत्सूत्रवचनादेव न भवति, किन्तु मैथुनप्रतिसेवनादि-कारणादपि । यथाछन्दानां नियतोत्सूत्रभाषणात्मकं अनन्तसंसारकारणं यद्यपि नास्ति, तथापि तथाविधक्लिष्टाध्यवसायविशेषात्मकमनन्तसंसारकारणमस्ति, ततश्च तस्यापि तेनानन्तसंसारः सम्भवत्येव । एवं च तस्यानन्तसंसाराऽघटमानताऽऽपत्तिर्दूरापास्तैव, भाष्यवचनविरोधोऽपि निरस्त एवेति ।

**चन्द्र : પૂર્વપક્ષ** : જુઓ. "નિહ્નવોનો જ અનંતસંસાર થાય છે તેવું નહિ, પરંતુ યથાછંદોનો પણ અનંતસંસાર થઇ શકે છે" એ વાત અમે સ્વીકારીએ છીએ. (यथाछन्दस्यापि માં રહેલ अपि શબ્દ આ અર્થને જણાવે છે) પરંતુ જે યથાછંદનો અનંતસંસાર થાય એ તેવા પ્રકારના સંક્લિષ્ટ અધ્યવસાય વિશેષથી જ થાય. નિયત-ઉત્સૂત્રપ્રરૂપણાથી કે અનિયતઉત્સૂત્રપ્રરૂપણાથી ન જ થાય.

જ્યારે ઉન્માર્ગમાં પડેલા નિહ્નવોનો અનંત સંસાર નિયત-ઉત્સૂત્રભાષણથી જ થાય. આમ હવે કોઈ દોષ નહિ આવે.

અમારો અભિપ્રાય હવે સ્પષ્ટ સમજી લો.

જેટલા નિહ્નવો છે, એ બધા જ નિયતોત્સૂત્રભાષી, તીર્થોચ્છેદાભિપ્રાયવાળા હોવાથી એકાન્તે અનંતસંસારી થાય.

જ્યારે જે માર્ગપતિત યથાછંદાદિ છે, તેઓ નિયતોત્સૂત્રભાષી... ન હોવાથી તેઓનો એકાન્તે અનંતસંસાર ન થાય. પરંતુ તેઓનો અનંતસંસાર થવાની શક્યતા ખરી. જો તેઓમાંથી કોઈનો અનંત સંસાર થાય તો એ ઉત્સૂત્રપ્રરૂપણા દ્વારા થયેલો નહિ માનવો. કેમકે એમના ઉત્સૂત્રો નિયત નથી. પરંતુ "તેવા પ્રકારના ક્લિષ્ટ અધ્યવસાયને કારણે તેમનો અનંત સંસાર થાય છે" એમ જાણવું.

એટલે હવે યથાછંદોનો અનંતસંસાર ન થવાની આપત્તિ પણ આવતી નથી કે ભાષ્યવચન સાથે વિરોધ પણ આવતો નથી.

---

**यशो० न, एवं सत्यनियतहेतुकत्वप्रसङ्गाद्,**

---

चन्द्र : समाधानमाह-न, एवं सति = "यथाछन्दस्य अनन्तसंसारः क्लिष्टाध्यवसायजन्य एव, निह्नवानां तु नियतोत्सूत्रजन्य एव" इति अभ्युपगम्य अनन्तसंसारस्य कुत्रचित्

क्लिष्टाध्यवसायजन्यत्वे कुत्रचिच्च नियतोत्सूत्रभाषणजन्यत्वे स्वीक्रियमाणे **अनियतहेतुकत्वप्रसङ्गात्** अनन्तसंसारस्याननुगतहेतुजन्यत्वापत्तेः । भवदुक्तरीत्या हि अनन्तसंसारः कुत्रचित्क्लिष्टाध्यवसायजन्यः, कुत्रचिच्च नियतोत्सूत्रजन्यः सिद्ध्येत्, एवं च तस्य केनचिदनुगतहेतुना जन्यत्वं न भवेदित्याशयः ।

**चन्द्र : ઉત્તરપક્ષ :** આ રીતે જો "યથાછંદનો અનંતસંસાર ક્લિષ્ટ અધ્યવસાયથી જન્ય જ હોય, નિહ્નવોનો નિયત-ઉત્સૂત્રથી જન્ય જ હોય" એમ સ્વીકારીને તમે અનંતસંસાર ક્યાંક ક્લિષ્ટાધ્યવસાયજન્ય અને ક્યાંક નિયતોત્સૂત્રજન્ય સ્વીકારશો, તો પછી અનંતસંસાર એ કોઈ નિયત = અનુગત હેતુથી જન્ય નહિ રહે. પણ અનનુગતહેતુથી જન્ય બનશે.

('અનુગત' શબ્દ આન્તરિકતાદ્યોતક શબ્દ છે, બાહ્ય વ્યવહારમાં ભલે ને અનેક કારણથી દેવલોક મળતો હોય દા.ત. પાંચમો દેવલોક કોઈને પરિવ્રાજક ક્રિયાથી મળે તો કોઈને દેશવિરતિની ક્રિયાથી, તો કોઈને સાધુ ક્રિયાથી મળે. આમ અનિશ્ચિતહેતુ હોવા છતાં બધામાં **અનુગત** હેતુ રૂપે તથાવિધ પુણ્ય પ્રયોજક એવો ક્રિયાકાલીન પ્રશસ્ત કષાય બેઠેલો છે. આમ અનિશ્ચિત હેતુ હોવા છતાં અનનુગત હેતુ નથી. તાદશ કષાય એ અનુગત હેતુ છે.)

---

यशो० 'अनियतहेतुकत्वं अहेतुकत्वं नाम' **इति व्यक्तमाकरे (स्याद्वादरत्नाकरे)** । तथा च **'विप्रतिपन्न उन्मार्गस्थोऽनन्तसंसारी, नियतोत्सूत्रभाषित्वाद्'** इत्यत्राप्रयोजकत्वम् ।

---

**चन्द्र :** ननु भवतु नामानन्तसंसारस्यानियतहेतुकत्वं, को दोषः ? इत्यतस्तत्र दोषमाह- **अनियतहेतुकत्वं** = न नियता हेतव यस्य, तत्त्वं । **अहेतुकत्वं** = न विद्यन्ते हेतव यस्य, तत्त्वं **व्यक्तं** = स्पष्टं **आकरे** = स्याद्वादरत्नाकरे ।

अनियतहेतुजन्या हि पदार्था अहेतुका एव इति आकरे सविस्तरं प्रतिपादितमिति ततोऽवसेयम् । प्रकृते तु एतावानेवोपयोगः, यदुत भवदुक्तरीत्याऽनन्तसंसारोऽहेतुकः सिद्ध्येत्, तथा च 'नियतोत्सूत्रभाषणमनन्तसंसारकारणं' इति भवन्निरुपणं निर्युक्तिकमेव भवेदिति भावः ।

एतदेवाह-**तथा च** अनन्तसंसारस्याहेतुकत्वे सिद्धे **विप्रतिपन्नः** = शास्त्रविरुद्धां प्रतिपत्तिं (=मतं) आश्रितः **उन्मार्गस्थः** = दिगम्बरादिः ।

**अत्र** = भवदुक्तानुमाने **अप्रयोजकत्वम्** = भवतु नियतोत्सूत्रभाषित्वं, मास्तु अनन्तसंसारः,

को दोषः ? इति व्यभिचारशङ्कायां सत्यां कार्यकारणभावात्मकस्यानुकूलतर्कस्याभावः ।

अयमाशयः, पर्वतो वह्निमान् धूमात् इत्यादौ 'अस्तु धूमः, मास्तु वह्निः' इति व्यभिचारशङ्कायां सत्यां अनुकूलतर्केण सा शङ्का दूरीक्रियते, यथा धूमः कार्यं, वह्निश्च तत्र कारणम्, ततश्च यदि पर्वते वह्निः न स्यात्, तर्हि धूमोऽपि न स्यात् । किन्तु धूमस्तु दृश्यते । तस्मादवश्यं वह्निरपि स्वीकर्तव्य एव' इति । एवं च प्रकृतानुमानेन पर्वते वह्निः साध्यते।

किन्तु यत्र व्यभिचारशङ्कानिवारकोऽनुकूलस्तर्को न प्राप्यते, तत्र तु हेतोरप्रयोजकत्वं, ततश्च साध्यासाधकत्वमेव भवति ।

प्रकृतेऽनन्तसंसारोऽहेतुकः सिद्धः, ततश्च नियतोत्सूत्रभाषणमनन्तसंसारस्य कारणं नास्त्येव । एवं च प्रकृतानुमाने - 'अस्तु नियतोत्सूत्रभाषणं, मास्तु अनन्त संसारः को दोषः ?' इति व्यभिचारशङ्काया निवारकः कार्यकारणभावात्मकोऽनुकूलस्तर्को नास्त्येव । तदभावे चानुमानस्याप्रयोजकत्वं, ततश्च तेन साध्यसिद्धिर्दुरापास्तैवेति उन्मार्गस्थस्य नियतोत्सूत्रभाषिणोऽपि अनन्तसंसारो न सिद्ध्येदिति महतीयं विडम्बना भवतामिति ।

(**चन्द्र :** अत्रेदं बोध्यम्, मैथुनप्रतिसेवनादिभिरनियतकारणैः अनन्तसंसारार्जनमस्माकमपि सम्मतमेव । ततश्च यदस्माभिः पूर्वपक्षस्येयमापत्तिः प्रदत्ता यदुत "अनियतकारणकोऽनन्तसंसारोऽकारणकः स्यात्" इत्यादि, साऽस्माकमपि उपढौकते । किन्तु साऽऽपत्तिरस्माकं न भविष्यति । यतो व्यवहारत एव उत्सूत्रप्ररुपणमैथुनप्रतिसेवादीनि अनियतकारणानि अस्माभिरभ्युपगम्यते, निश्चयतस्तु अनन्तसंसारस्यानुगतं = नियतं कारणं मन्यामह एव । तच्चानन्तरमेव प्रतिपादयिष्यते ।)

<u>**ચન્દ્ર**</u> **: પૂર્વપક્ષ :** ભલે ને, અનંતસંસાર અનિયતહેતુક = કોઈપણ હેતુથી ઉત્પન્ન ન થનારો = એમને એમ ઉત્પન્ન થનારો સિદ્ધ થાઓ, એમાં અમને શું વાંધો ?

**ઉત્તરપક્ષ :** મોટો વાંધો છે. કેમકે જે અનિયતહેતુક હોય, તે અહેતુક જ હોય... એવું સ્યાદ્વાદરત્નાકરમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે. એટલે કે એ કાર્યનો કોઈ જ હેતુ ન ગણાય, એમ જ માનવું.

અને જો આ રીતે અનંતસંસાર અહેતુક સિદ્ધ થાય તો પછી તમારું જે અનુમાન છે કે

"વિપ્રતિપન્ન = શાસ્ત્રવિરુદ્ધ માન્યતાવાળો = ઉત્સૂત્રપ્રરૂપક, ઉન્માર્ગસ્થ =

દિગંબરાદિ (પક્ષ) અનંતસંસારી છે. (સાધ્ય) નિયતોત્સૂત્રભાષી હોવાથી. (હેતુ)"

એ અનુમાન અપ્રયોજક = વ્યભિચારનિવારક - અનુકૂલતર્કના અભાવવાળું બનશે.

(આશય એ છે કે જેમ "પર્વતો વહિનમાન્ ધૂમાત્" વિગેરે અનુમાન સ્થળે કોઈ વ્યભિચારની શંકા કરે કે "ભલે ધૂમ હો, પણ વહ્નિ ન હોય તો શું વાંધો ?" તો એ શંકાને દૂર કરવા માટે ત્યાં કાર્ય-કારણભાવ રૂપ અનુકૂલ તર્ક આપવામાં આવે જ છે કે "ભાઈ ! ધૂમ કાર્ય છે, વહ્નિ કારણ છે. જો અહીં વહ્નિ ન હોય, તો ધૂમ ન જ હોય. પણ ધૂમ તો છે જ. માટે વહ્નિ પણ હોવો જ જોઈએ."

આવો તર્ક જ્યાં મળે ત્યાં એ અનુમાન પ્રયોજક બને. અર્થાત્ ત્યાં સાધ્યની સિદ્ધિ થાય.

પ્રસ્તુતમાં તમારા અનુમાનમાં કોઈ શંકા કરે કે "ઉન્માર્ગગામીમાં ભલે નિયતોત્સૂત્રભાષણ હોય, પણ અનંતસંસાર ન હોય તો શું વાંધો ?"

તો આ વ્યભિચારશંકાને અટકાવનાર કોઈ અનુકૂલ તર્ક = કાર્યકારણભાવાદિ તો તમારી પાસે છે જ નહિ. કેમકે અનંતસંસાર + નિયતોત્સૂત્રભાષણ વચ્ચે કા.કા.ભાવ તો નથી જ માન્યો. એટલે અનંતસંસારની સિદ્ધિ કરનાર 'નિયતોત્સૂત્રભાષિત્વ' હેતુ અપ્રયોજક બને છે.)

(અહીં આ ધ્યાનમાં રાખવું કે મૈથુનપ્રતિસેવનાદિ અનિયતકારણો વડે અનંતસંસારનું અર્જન અમને પણ માન્ય જ છે. અને એટલે અમે પૂર્વપક્ષને જે આપત્તિ આપી કે "અનિયત કારણવાળો અનંતસંસાર અકારણ ગણાય..." ઈત્યાદિ તે આપત્તિ તો અમને પણ આવે જ.

પરંતુ અમને આ આપત્તિ નહિ આવે, કેમકે અમે વ્યવહારનયથી જ ઉત્સૂત્રપ્રરૂપણા, મૈથુનપ્રતિસેવાદિ અનિયતકારણોને માનીએ છીએ. નિશ્ચયથી તો અનંતસંસારનું અનુગત = નિયત કારણ માનીએ જ છીએ. આ કારણ હવે તરત જ પ્રતિપાદન કરાશે.)

---

**यशो० किं तर्हि अनन्तसंसारतायामनुगतं नियामकमित्याह–तस्याः=संसारानन्ततायाः कारणं भिन्न एवानुगतोऽध्यवसायस्तीव्रत्वसंज्ञितः केवलिना निश्चीयमानोऽस्तीति गम्यम्।**

---

चन्द्र : एवं निरुत्तरीभूतः पूर्वपक्षः शरणं स्वीकृत्य जिज्ञासां प्रकटयति-किं तर्हि

इत्यादि ।

जिज्ञासां सन्तोषयति-**तस्याः** इत्यादि । **भिन्न एव** = उत्सूत्रप्ररुपणमैथुनप्रतिसेवनादि-रुपक्रियायाः सकाशात् तत्तत्क्रियानुसारेण प्रवर्तमानो भिन्न एव **अनुगतः** = सर्वासु अनन्तसंसारवर्धकत्वेन प्रसिद्धासु क्रियासु अन्तः प्रवर्तमानः । **तीव्रत्वसंज्ञितः** = तीव्रत्वं इति संज्ञा सञ्जाता यस्य स । स तु अध्यवसाय आत्मनि प्रवर्तमानो न छद्मस्थेन ज्ञातुं शक्यते इत्यत आह-**केवलिना निश्चीयमानः** = "अयमध्यवसायोऽनन्तसंसारवर्धकः" इतिरुपेण निश्चितं ज्ञायमानः ।

इदमत्र तात्पर्यम् । मैथुनप्रतिसेवनाकाले तीव्रकामविकाराद्यात्मकोऽध्यवसायः प्रवर्तते । उत्सूत्रप्ररुपणकाले तीव्रतीर्थोच्छेदाभिप्रायो वा प्रवर्तते । तीर्थकराद्याशातनाकाले तीव्रस्तीर्थंकर-विषयकधिक्काराद्यध्यवसायो प्रवर्तते । एवं च बाह्यक्रियानुसारी स अध्यवसायो बाह्यक्रियायाः सकाशाद्भिन्नो भवति, भिन्नभिन्नरूपत्वाच्च भिन्नो भवति, किन्तु तीव्राशुभाध्यवसायत्वं तु सर्वेषामपि तेषां सुप्रसिद्धमेव । एवं च तीव्राशुभाध्यवसायत्वरुपेणैते अध्यवसाया अनन्त-संसारकारणं भवन्ति । इत्थञ्चानन्तसंसारस्यानुगतं कारणं तीव्राशुभाध्यवसाय एवेति फलितम् ।

एतच्च कारणं छद्मस्थेन न ज्ञायत इति "केवलिना निश्चीयमानोऽस्ति"इति उक्तम् । "केवलिना निश्चीयमानोऽस्ति" इति पदं गाथायां नास्ति, तत उक्तं '**गम्यम्**' इति । तथा च सामर्थ्यादेवैतत्स्वयमवगन्तव्यमिति भावः ।

<u>**ચન્દ્ર**</u> **: પૂર્વપક્ષ :** તમારા સમાધાનો સામે મારી હાર થઈ. હવે હું જિજ્ઞાસાથી પૂછું છું કે તો પછી તમે જ કહો કે અનંતસંસારતામાં અનુગત કારણ કોણ છે ? કે જે કારણ ન હોય તો અનંતસંસાર ન જ થાય અને જે હોય તો અનંતસંસાર થાય જ. (આને જ અનુગતકારણ કહેવાય. તમામ અનંતસંસારોની પૂર્વે જેની અવશ્ય હાજરી હોય જ, તે જ અનંતસંસારનું અનુગત કારણ બને.)

**ઉત્તરપક્ષ :** સંસારાનન્તતાનું કારણ ઉત્સૂત્રપ્રરૂપણા, મૈથુનસેવનાદિથી તદ્દન જુદો એવો જ અનુગત અધ્યવસાય કે જે "તીવ્ર" એ નામવાળો છે અને જે કેવલી વડે નિશ્ચિત કરાય છે તે છે.

અહીં આશય એ છે કે વ્યવહારમાં ભલે ઉત્સૂત્રપ્રરૂપણાદિ અનંતસંસારનું કારણ ગણાય. પરંતુ પરમાર્થથી વિચારીએ તો આ બધા કરતા ભિન્ન = તદ્દન જુદો એવો તીવ્ર અશુભ અધ્યવસાય એ જ અનંતસંસારનું કારણ છે. આ અધ્યવસાય દરેક અનંત

સંસારની પૂર્વે હાજર હોય છે માટે તે 'અનુગત' અધ્યવસાય કહેવાય. અને એટલે જ એ અનુગત કારણ કહેવાય.

આ અધ્યવસાયને છદ્મસ્થો તો જાણી ન શકે, માટે જ અમે કહ્યું કે કેવલી જ આવો નિશ્ચય કરી શકે કે "આ અધ્યવસાય અનંતસંસારનું કારણ છે." એટલે આપણે બધા એવું કહેવાને અધિકારી જ નથી કે "દિગંબરાદિનો નિયમથી અનંતસંસાર થાય જ...." કેમકે એ અનંતસંસારનું કારણ બાહ્યક્રિયાઓ નહિ, પરંતુ અંદરનો તીવ્ર અશુભ અધ્યવસાય છે, કે જેને કેવલીઓ જ જાણી શકે છે.

"केवलिना निश्चीयमानोऽस्ति" આ શબ્દ ગાથામાં નથી, છતાં એ અત્રે જાતે સમજી લેવાનો છે માટે જ "ગમ્યમ્" કહ્યું છે.

"भिन्न" શબ્દનો બીજો અર્થ આ પ્રમાણે સંભવે છે કે મૈથુનસેવન વખતે વેદોદયજન્ય તીવ્ર અશુભ અધ્યવસાય હોય. ઉત્સૂત્રપ્રરૂપણા વખતે મિથ્યાત્વજન્ય કે માનકષાયજન્ય તીવ્ર અશુભ અધ્યવસાય હોય. તીર્થંકરાદિની આશાતનામાં તીર્થંકરાદિ પ્રત્યે ધિક્કારાદિ સ્વરૂપ તીવ્ર અશુભ અધ્યવસાય હોય. આમ અનંતસંસારના કારણભૂત તીવ્ર અશુભ અધ્યવસાયોનું સ્વરૂપ તો જુદુ જુદુ જ છે. અર્થાત્ **ભિન્ન** એવો જ આ અધ્યવસાય હોય છે. પણ એ તમામ અધ્યવસાયો **તીવ્ર-અશુભઅધ્યવસાય** એ એક નામથી ઓળખાય છે એટલે આ રીતે તે બધા અનુગત પણ બને.

---

**यशो०** **यस्य संग्रहादेशात् स्वातंत्र्येणैव तस्यामनुगतं हेतुत्वम्,**

---

(१४) **चन्द्र** : एवमनन्तसंसारस्यानुगतं कारणं कथयित्वाऽधुना तदेव नयानुसारेण विवेचयति-**यस्य** = तीव्राध्यवसायस्य **संग्रहादेशात्** = संग्रहनयमतानुसारेण **स्वातंत्र्येणैव** = उत्सूत्रप्ररुपणादिबाह्यक्रियासहकारं विनैव **तस्यां** = संसारानन्तायां **अनुगतं** = तीव्राध्यवसायत्वधर्मेण पुरस्कृतं **हेतुत्वं** = कारणत्वम् ।

यथा हि कुलाले पुत्रत्वपतित्वमनुष्यत्वपुरुषत्वकुलालत्वपितृत्वादयोऽनेके धर्मा भवन्ति, किन्तु घटं प्रति तस्य कारणत्वं कुलालत्वधर्मेणैव गण्यते । न हि 'अयं मनुष्य इति कृत्वा घटजनकः' इति व्यवहारः, किन्तु 'अयं कुलाल इति कृत्वा घटजनकः' इत्येव व्यवहारो भवति । एवं तीव्रकामोदयतीव्रमिथ्यात्वोदयादिजन्योऽध्यवसायः - 'अयं तीव्राशुभाध्यवसाय इति कृत्वाऽनन्तसंसारकारणम्' इत्येव व्यवह्रीयते । ततश्च तस्य कारणत्वं तीव्राध्यवसाय-

त्वात्मकेनैकेन धर्मेण पुरस्कृतमिति तत् अनुगतं हेतुत्वं ।

**ચન્દ્ર :** (આ પ્રમાણે અનંતસંસારનું અનુગત કારણ કહીને હવે તે જ કારણનું નય અનુસારે વિવેચન કરે છે.) એ તીવ્રાધ્યવસાય સંગ્રહનયના મત પ્રમાણે તો સ્વતંત્ર રીતે જ અનંતસંસારમાં અનુગત કારણ છે. એટલે કે "ઉત્સૂત્રપ્રરૂપણાદિબાહ્યક્રિયાઓના સહકારવાળો તીવ્રાધ્યવસાય અનંતસંસારનું કારણ છે" એમ નહિ. પણ એવી કોઈપણ સહાય વિના તે અધ્યવસાય એકલો જ અનંતસંસારનું કારણ છે.

(અનુગત કારણતા એટલે એકધર્મ વડે અવચ્છિન્ન બનેલી કારણતા.

**દા.ત.** કુંભારમાં કુંભારત્વ, પિતૃત્વ, પતિત્વ, મનુષ્યત્વ વિગેરે ઘણા બધા ધર્મો છે. છતાં "આ વ્યક્તિ મનુષ્ય છે એટલે ઘટકારણ છે" એવો વ્યવહાર નથી થતો. પરંતુ "આ વ્યક્તિ કુંભાર છે, એટલે ઘટકારણ છે" એવો વ્યવહાર થાય છે.

એટલે નક્કી થાય છે કે એમાં રહેલી ઘટકારણતા કુંભારત્વ નામના એક ધર્મ વડે પુરસ્કૃત છે, અવચ્છિન્ન છે. આવી આ કારણતા જ અનુગતકારણતા કહેવાય.

પ્રસ્તુતમાં તીવ્રકામોદયથી, તીવ્રમિથ્યાત્વોદયથી...ઉત્પન્ન થયેલ તીવ્રઅધ્યવસાય માટે "આ તીવ્ર અશુભ અધ્યવસાય છે, માટે અનંતસંસારજનક છે" એવો વ્યવહાર પ્રવર્તે છે. એટલે તીવ્રાશુભાધ્યવસાયત્વ ધર્મ વડે પુરસ્કૃત અવચ્છિન્ન એવી તેની કારણતા એ અનુગત કારણતા કહેવાય.)

---

**यशो०** **व्यवहारादेशाच्च क्रियाविशेषे सहकारित्वं घटकत्वं वा,**

---

**चन्द्र :** व्यवहारमतमाह-**व्यवहारादेशाच्च क्रियाविशेषे** = उत्सूत्रप्ररुपणमैथुन-प्रतिसेवनादिरुपे अनन्तसंसारकारणत्वेन प्रसिद्धे अनुष्ठाने **सहकारित्वं** = अनन्तसंसारजनने सहायकारित्वं **घटकत्वं वा** = उत्सूत्रप्ररुपणादिक्रियायाः सकाशादभिन्नो यस्तस्या एव क्रियाया देशः = अवयवः, तत्स्वरुपत्वं वा ।

अयं भावः - घटजनने कुलालः कारणं, किन्तु स दण्डादिसहकारं विना न घटं जनयति । अतो दण्डादीनां घटजनने कुलालस्य सहकारिकारणत्वं भवति । एवं प्रकृते अनन्तसंसारजनने उत्सूत्रप्ररुपणादिरुपा क्रिया कारणं, किन्तु सा तीव्राध्यवसायं विना नानन्तसंसारं जनयति । अतः तीव्राशुभाध्यवसायस्य अनन्तसंसारजनने उत्सूत्रप्ररुपणादिक्रियायाः

सहकारित्वं भवति ।

एवं कुलालः स्वहस्तं विना घटं न जनयति, अतो हस्तो घटजनने कुलालस्य सहकारी भवति । नवरं स हस्तः कुलालात्सर्वथा भिन्नो नास्ति, किन्तु तस्यैवावयवरुपो वर्तते । ततश्च तस्य हस्तस्य घटजनने कुलालस्य सहकारित्वं "घटकत्वं" इति गण्यते ।

एवं यदा तीव्राशुभाध्यवसाय उत्सूत्रप्ररुपणादिक्रियायाः सकाशाद्भिन्नो गण्यते, तदा पूर्वोदितरीत्या तस्यानन्तसंसारजनने उत्सूत्रप्ररुपणादिक्रियायाः सहकारित्वं व्यवह्रीयते । यदा तु 'तीव्राशुभाध्यवसायान्वितं सूत्रविरुद्धभाषणमेव उत्सूत्रप्ररुपणं' इति उत्सूत्रप्ररुपणव्याख्या क्रियते, केवलं सूत्रविरुद्धभाषणं उत्सूत्रप्ररुपणं न गण्यते, तदा तीव्राशुभाध्यवसाय उत्सूत्रप्ररुपणक्रियायाः सकाशादभिन्नो भवति । ततश्च स अध्यवसायोऽनन्तसंसारजनने उत्सूत्रप्ररुपणक्रियाया घटको गण्यते, तस्मिंश्च घटकत्वं व्यवह्रीयते । तादृशी विवक्षैवात्र प्रधानेति न कश्चिद् दोषः । अधिकं तु गीतार्थसकाशादध्यवसेयम् ।

<u>ચન્દ્ર</u> : વ્યવહારનયની અપેક્ષાએ વિચારીએ તો ઉત્સૂત્રપ્રરુપણા, મૈથુનપ્રતિસેવનાદિ જે અનંતસંસારના કારણ તરીકે પ્રસિદ્ધ અનુષ્ઠાનો છે, તેઓને અનંતસંસાર રૂપ કાર્યની ઉત્પત્તિ કરવામાં આ તીવ્રાશુભાધ્યવસાય સહકારી બને છે. અથવા એમાં ઘટક બને છે.

અહીં સહકારી કારણ એ તદ્દન જુદું - ભિન્ન હોય. જ્યારે વસ્તુથી અભિન્ન એવો વસ્તુનો એક ભાગ એ વસ્તુના ઘટક તરીકે ઓળખાય.

**દા.ત.** ઘટોત્પત્તિમાં કુંભાર કારણ છે, પરંતુ કુંભાર દંડાદિના સહકાર વિના ઘટને ઉત્પન્ન કરતો નથી. આથી દંડાદિ ઘટોત્પત્તિમાં કુલાલને સહકાર કરનારા = સહકારીકારણ બને છે.

એમ પ્રસ્તુતમાં અનંતસંસારની ઉત્પત્તિમાં ઉત્સૂત્રપ્રરુપણાદિ રુપ ક્રિયા કારણ છે, પરંતુ તે ક્રિયા તીવ્રાશુભાધ્યવસાય વિના અનંતસંસારને ઉત્પન્ન કરતી નથી. આથી તીવ્રાશુભાધ્યવસાય અનંતસંસારોત્પત્તિમાં ઉત્સૂત્રપ્રરુપણાદિ ક્રિયાને સહકાર કરનાર = સહકારિકારણ બને છે.

કુંભાર પોતાના હાથ વિના ઘટને ઉત્પન્ન કરી શકતો નથી. એટલે હાથ ઘટોત્પત્તિમાં કુંભારને સહકારી બને છે. પરંતુ આ હાથ કુંભારથી સર્વપ્રકારે જુદો નથી. કિન્તુ તે

કુંભારના જ અવયવરૂપ છે. તેથી ઘટોત્પત્તિમાં હાથની કુલાલને સહકારિતા એ ઘટકત્વ તરીકે ગણાય છે.

એમ જ્યારે તીવ્ર અશુભાધ્યવસાય ઉત્સૂત્રપ્રરૂપણાદિ ક્રિયા કરતા જુદો ગણાય, ત્યારે પૂર્વે કહેલી પદ્ધતિ પ્રમાણે તે અનંતસંસારોત્પત્તિમાં ઉત્સૂત્રપ્રરૂપણાદિ ક્રિયાઓને સહકારી બને.

પરંતુ જ્યારે "તીવ્ર અશુભાધ્યવસાયપૂર્વકની સૂત્રવિરુદ્ધ પ્રરૂપણા એ જ અનંતસંસાર જનક એવી ઉત્સૂત્ર પ્રરૂપણા કહેવાય." આવી રીતે જો ઉત્સૂત્રપ્રરૂપણાની વ્યાખ્યા કરાય અને માત્ર સૂત્રવિરુદ્ધભાષણ તથાવિધ ઉત્સૂત્રપ્રરૂપણ ન ગણાય, ત્યારે તીવ્રાશુભાધ્યવસાય એ ઉત્સૂત્રપ્રરૂપણાના એક અવયવભૂત બની જાય છે. અને તેથી જેમ કુલાલનો હાથ કુલાલથી અભિન્ન છે. તેમ આ તીવ્ર અશુભાધ્યવસાય ઉત્સૂત્રપ્રરૂપણા કરતા અભિન્ન જ બને છે. અને તેથી તે અધ્યવસાય અનંતસંસારોત્પત્તિમાં ઉત્સૂત્રપ્રરૂપણાક્રિયાનો ઘટક ગણાય છે. તેમાં ઘટકત્વનો વ્યવહાર કરાય છે.

તેવા તેવા પ્રકારની વિવક્ષાઓ અહીં મુખ્ય ભાગ ભજવે છે. એટલે કોઈ દોષ નથી. વધારે જાણકારી ગીતાર્થ પાસેથી મેળવવી.

---

**<u>यशो०</u> शब्दमात्रानुगततीव्राध्यवसायसहकृ[illegible]त्पूर्विकाया वा पापक्रियाया अनन्तसंसारहेतुत्वव्यवहारात्।**

---

**<u>चन्द्र</u>** : कथं तीव्राशुभाध्यवसायस्य अनन्तसंसारजनने उत्सूत्रभाषणादिक्रियासहकारित्वं तादृशक्रियाघटकत्वं वा सम्भवतीत्यत्र कारणमाह-**शब्दमात्रेण** = 'अत्र तीव्राध्यवसायोऽस्ति' इति शब्दमात्रेण **अनुगतः** = पापक्रियासु पूर्वं प्रवर्तमानो **यस्तीव्राध्यवसायः**, तत्स**हकृतायाः पापक्रियायाः** इति सम्बन्धः ।

अयमाशयः-शब्दमात्रानुगततीव्राध्यवसायसहकृता उत्सूत्रभाषणादिरुपा पापक्रिया "इयं अनन्तसंसारहेतुः" इति व्यवह्रीयते । अत्र "उत्सूत्रप्ररुपणायां तीव्राध्यवसायो वर्तते न वा" इति केवलिनैव निश्चीयते, छद्मस्थेन तु तन्निश्चयो कर्तुं न शक्यते । किन्तु छद्मस्थोऽनुमानं करोति यथा "अस्मिन्नुत्सूत्रप्ररुपके तीव्राध्यवसायो वर्तते" इति ।

इदञ्चानुमानं उत्सूत्रप्ररुपकेऽप्रज्ञापनीयत्वं प्रज्ञापनोपेक्षकत्वं अन्यद् वा किञ्चिद् दृष्ट्वा करोति । एवं च प्रस्तुतायामुत्सूत्रप्ररुपणायां तीव्राध्यवसायोऽनुगतो भवति, किन्तु स निश्चयेन

अनुगतो न भवति । केवलं "अत्र तीव्राध्यवसायोऽस्ति" इति छद्मस्थवचनमात्रेण भवति । एतादृशाध्यवसायसहकृता सा क्रिया "इयं अनन्तसंसारहेतुः" इति व्यवह्रीयते ।

यस्मिन्नुत्सूत्रप्ररुपणे एतादृशः शिष्टलोकव्यवहारो दृश्यते यदुत "इदं उत्सूत्रप्ररुपणं तीव्राध्यवसायेन क्रियते" इति, तस्मिन्नुत्सूत्रप्ररुपणे "इदं अनन्तसंसारहेतुः" इति व्यवहारो भवतीति भावः ।

अनेन तीव्राध्यवसायस्य पूर्वोक्तं सहकारित्वं साधितम् ।

**तत्पूर्विकायाः** = शब्दमात्रानुगततीव्राध्यवसायपूर्विकायाः । अनेन तीव्राध्यवसायस्य पूर्वोक्तं घटकत्वं निरुपितम् ।

"इदमुत्सूत्रनिरुपणं तीव्राध्यवसायेन क्रियते" इति शिष्टलोकव्यवहारानुसारेण तीव्राध्यवसायावयवकं उत्सूत्रप्ररुपणं पापक्रियारुपं "इदमनन्तसंसारहेतुः" इति व्यवह्रीयत इति भावः ।

तथा चैतादृशानन्तसंसारहेतुत्वव्यवहारात् तीव्राध्यवसाये पूर्वोक्तं सहकारित्वं घटकत्वं च अवश्यं मन्तव्यमिति परमार्थः ।

**<u>ચન્દ્ર</u> : (પૂર્વપક્ષ** : "વ્યવહારનય મુજબ તીવ્રાધ્યવસાયમાં ઉત્સૂત્રપ્રરુપણાદિ-સહકારિત્વ કે ઉત્સૂત્રપ્રરુપણાદિ-ઘટકત્વ રહેલું છે" એવું તમે કહ્યું પણ એનો આધાર શું ? આ વાતની સાબિતિ શું ?

**ઉત્તરપક્ષ** : શબ્દમાત્ર વડે અનુગત એવા તીવ્રાધ્યવસાયથી સહકૃત પાપક્રિયામાં "આ પાપક્રિયા અનંતસંસારનું કારણ છે" એવો વ્યવહાર થાય છે. એના ઉપરથી નક્કી થાય છે કે વ્યવહારનય પ્રમાણે તીવ્રાધ્યવસાયમાં ઉત્સૂત્રપ્રરુપણાદિપાપક્રિયા-સહકારિત્વ છે.

એમ શબ્દ માત્ર વડે અનુગત એવા તીવ્રાધ્યવસાય પૂર્વક કરાતી પાપક્રિયામાં "આ પાપક્રિયા અનંતસંસારનું કારણ છે" એવો વ્યવહાર થાય છે. એના ઉપરથી નક્કી થાય છે કે વ્યવહારનય પ્રમાણે તીવ્રાધ્યવસાયમાં ઉત્સૂત્રપ્રરુપણાદિપાપક્રિયાઘટકત્વ છે.

આ આપણે શબ્દાર્થ જોયો.

આ પદાર્થ વિસ્તારથી સમજીએ.

ઉત્સૂત્રપ્રરુપકમાં રહેલો અધ્યવસાય તીવ્ર છે કે કેમ ? એવો નિર્ણય છદ્મસ્થ તો

કરી શકવાના નથી. અને એટલે આવા કોઈ નિર્ણય દ્વારા એમ કહેવું કે "આ ઉત્સૂત્રપ્રરુપણા તીવ્રાધ્યવસાયથી અનુગત છે" એ શક્ય નથી.

પરંતુ છદ્મસ્થ શિષ્ટપુરુષો જુએ કે "આ ઉત્સૂત્રપ્રરુપક ઘણું સમજાવવા છતાં માનતો નથી, વાત સાંભળવા પણ તૈયાર નથી..." અને આવું જોઈને તેઓ અનુમાન કરે કે "આ ઉત્સૂત્રપ્રરુપકનો તીવ્રઅધ્યવસાય હશે" અને એ જ પ્રમાણે શિષ્ટ પુરુષો લોકમાં બોલે ય ખરાં કે "આ ઉત્સૂત્રપ્રરુપક તીવ્ર અશુભાધ્યવસાયવાળો છે. કેમકે સમજાવવા છતાં સમજતો નથી."

આવા શિષ્ટ પુરુષોના શબ્દો અનુસારે એમ કહેવાય કે આની ઉત્સૂત્રપ્રરુપણા એ તીવ્રાધ્યવસાયથી અનુગત છે.

આમ તીવ્રાધ્યવસાય ઉત્સૂત્રપ્રરુપણામાં શબ્દમાત્રથી જ = શિષ્ટોના શબ્દમાત્રથી જ અનુગત બને છે. પણ નિશ્ચયથી અનુગત બનતો નથી. (હા. કેવલીઓ દ્વારા તો એ પણ બને.)

આમ શિષ્ટશબ્દોના અનુસારે અનુગત બનેલા તીવ્રાધ્યવસાયથી સહકૃત એવી જે ઉત્સૂત્રપ્રરુપણા હોય, એમાં શિષ્ટ પુરુષો આવો વ્યવહાર કરે જ છે કે "આ તીવ્રાધ્યવસાયના સહકારવાળી ઉત્સૂત્રપ્રરુપણા અનંતસંસારનું કારણ બનશે." અને એટલે તે તીવ્રાધ્યવસાયમાં અનંતસંસાર ઉત્પત્તિ માટે ઉત્સૂત્રપ્રરુપણાસહકારિત્વની સિદ્ધિ થાય.

આ જ વાત "ઘટકત્વં" માં સમજવાની છે. ઘટકત્વં અને સહકારિત્વં માં શું ભેદ છે એ અમે આગળ જણાવી દીધેલ છે. છતાં ટુંકમાં ફરી જણાવું કે તીવ્રાધ્યવસાય ઉત્સૂત્રપ્રરુપણા કરતા તદ્દન ભિન્ન તરીકે વિવક્ષા કરાય ત્યારે સહકારી ગણાય. અને તીવ્રાધ્યવસાય ઉત્સૂત્રપ્રરુપણાથી અભિન્ન એવો ઉત્સૂત્રપ્રરુપણાનો જ એકદેશ = એકભાગ = એક અવયવ ગણાય, ત્યારે તે ઉત્સૂત્રપ્રરૂપણાનો ઘટક ગણાય.

**तत्पूर्विकाया:** શબ્દ દ્વારા ટીકાકાર તીવ્રાધ્યવસાયની ઘટકતાને જ સૂચવી રહ્યા છે.

---

**<u>यशो०</u> स च तीव्राध्यवसाय आभोगवतामनाभोगवतां वा शासनमालिन्यनिमित्तप्रवृत्तिमतां रौद्रानुबन्धानां स्याद्, अनाभोगेनापि शासनमालिन्यप्रवृत्तौ महामिथ्यात्वार्जनोपदेशात् ।**

**चन्द्र** : एवं "अनन्तसंसारस्यानुगतं कारणं किं ?" इति पूर्वपक्षजिज्ञासां सविस्तरं संतोष्याधुना प्रकृतमाह-**स च तीव्राध्यवसाय** इत्यादि । **आभोगवतां** = "तपागच्छस्य मालिन्यं भवतु, तदभिमतानां पदार्थानां खण्डनं भवतु" इति स्पष्टाभिलाषवतां **अनाभोगवतां** = तपागच्छमालिन्यकरणाद्यभिलाषरहितानां **वा शासनमालिन्यनिमित्तप्रवृत्तिमतां** = शासनमालिन्यस्य निमित्तीभूता या प्रवृत्तिः = स्त्रीमुक्तिनिषेधकेवलिभुक्तिनिषेधप्ररुपणादिरूपा अगीतार्थानीतगोचरीपरिभोगकर्त्तव्यतादिप्ररुपणादिरुपा च तद्वतां **रौद्रानुबन्धानां** = बहुभिः गीतार्थैः सम्यक्प्रकारेण तादृशप्रवृतेरनर्थकारितायां निरुप्यमाणायामपि अत्यज्यमानतादृशप्रवृत्त्यादीनां । तथा च दिगम्बरादीनां यथाछन्दानां च उभयेषामपि अनन्तसंसारकारणं तीव्राध्यवसायः सम्भवतीति प्रसाधितम् ।

**ननु** आभोगवतां भवतु तीव्राशुभध्यवसायः, किन्तु अनाभोगवतां तु स कथं सम्भवेद् ? इत्यतस्तत्र कारणमाह-**अनाभोगेनापि** = आभोगेन तु शासनमालिन्यप्रवृत्तौ महामिथ्यात्वार्जनं भवत्येव, किन्तु अनाभोगेनापि तद् भवतीति **अपि** शब्दार्थः ।

दिगम्बरादयो हि तात्त्विकशासनात्मकस्य तपागच्छस्य मालिन्यं कर्तुं प्रवर्तन्त इति ते आभोगवन्तो भवन्ति । ते च यदि रौद्रानुबन्धा अपि स्युः, तर्हि तेषां अनन्तसंसारप्रयोजकस्तीव्राध्यवमायोऽनुमीयत एव ।

तपागच्छान्तर्वर्तिनस्तु उत्सूत्रप्ररुपकादयः "तपागच्छमालिन्यं कुर्महे" इति आभोगवन्तो न भवन्ति, किन्तु ते तादृशीं प्रवृत्तिं कुर्वन्ति, यया तात्त्विकशासनात्मकस्य तपागच्छस्य मालिन्यं स्यादिति तेऽनाभोगवन्तोऽपि शासनमालिन्यनिमित्तप्रवृतिमन्तः सम्भवन्ति । तेऽपि च यदि रौद्रानुबन्धाः स्युः, तर्हि तेषामपि अनन्तसंसारप्रयोजकस्तीव्राध्यवसायोऽनुमीयत एव ।

**महामिथ्यात्वार्जनोपदेशात्** = महामिथ्यात्वप्राप्तेः प्रतिपादनात् । तथा च 'महामिथ्यात्वप्राप्तिर्न तीव्राध्यवसायं विना' इति अनाभोगवतामपि महामिथ्यात्वप्राप्तिकारणं तीव्राध्यवसायं सम्भवत्येवेति न किञ्चिदयुक्तम् ।

**ચન્દ્ર** : (આમ "અનન્તસંસારનું અનુગત કારણ શું છે ?" એવી પૂર્વપક્ષની જિજ્ઞાસાને વિસ્તારપૂર્વક સંતોષ્યા બાદ હવે મૂળ વાત પર આવે છે કે) આ તીવ્ર અધ્યવસાય એ "હું તપાગચ્છને મલિન કરું, એને ખતમ કરું..." ઇત્યાદિ તાત્વિકશાસનની મલિનતા કરવાની ઇચ્છાવાળા અને શાસનમાલિન્યના કારણભૂતપ્રવૃત્તિવાળા એવા રૌદ્રાનુબન્ધવાળાઓને હોઈ શકે છે.

ઉપરાંત "હું તપાગચ્છને મલિન કરું, મારી આ પ્રવૃત્તિથી તપાગચ્છની મલિનતા થાય છે..." ઇત્યાદિ ઇચ્છા-જ્ઞાન વિનાના, છતાં શાસનમાલિન્યના કારણભૂત પ્રવૃત્તિવાળા એવા રૌદ્રાનુબંધવાળાઓને પણ આ તીવ્ર અધ્યવસાય હોઈ શકે છે.

આશય એ છે કે જેઓ તપાગચ્છાત્મક જિનશાસનની મલિનતા થાય તેવા પ્રકારની પ્રવૃત્તિ કરનારા હોય **દા.ત.** દિગંબરો સ્ત્રીમુક્તિનિષેધાદિની પ્રરૂપણા કરી શાસન મલિનતા કરે છે. તપાગચ્છીય ઉત્સૂત્રપ્રરૂપકો 'અગીતાર્થની ગોચરી વપરાય' ઇત્યાદિ પ્રરૂપણા કરીને શાસનની મલિનતા કરે છે.

વળી આવી પ્રવૃત્તિવાળા જે લોકો રૌદ્ર અનુબંધવાળા હોય એટલે કે ગીતાર્થો ખૂબ સારી રીતે એમને એમની શાસનમલિનતા કરનારી પ્રવૃત્તિઓની અનર્થકારિતા સમજાવે, છતાં જેઓ એ પ્રવૃત્તિ ન જ છોડે...

તેવા આત્માઓ શાસનમલિનતા કરવાના અભિપ્રાયવાળા હોય કે ન હોય "મારી પ્રવૃત્તિથી શાસનમાલિન્ય થશે" એવા જ્ઞાનવાળા હોય કે ન હોય તો પણ તેઓને અનંતસંસારના કારણભૂત તીવ્ર અશુભ અધ્યવસાય સંભવિત છે.

**પ્રશ્ન :** આભોગવાળાને તો બરાબર, પણ શાસનમલિનતાના અભિપ્રાય-જ્ઞાન વિનાનાને પણ આ તીવ્ર અધ્યવસાય હોઈ શકે એ વાત મને સમજાતી નથી.

**ઉત્તર :** રે ભાઈ ! આભોગની વાત જવા દે. "અનાભોગથી પણ શાસનમાલિન્યની પ્રવૃત્તિ થાય તો એ આત્માને મહામિથ્યાત્વની પ્રાપ્તિ થાય" એવો ઉપદેશ શાસ્ત્રોમાં સંભળાય છે. અને મહામિથ્યાત્વ એ કંઈ તીવ્ર અધ્યવસાય વિના ન સંભવે. એટલે અનાભોગવાળાઓને પણ તેવો તીવ્ર અધ્યવસાય હોઈ શકે જ છે. અને એટલે તેવા અધ્યવસાયવાળા તપાગચ્છીયોનો પણ અનંતસંસાર થાય જ.

---

**<u>यशो०</u> तदुक्तमष्टकप्रकरणे(२३-१२)-**

यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्त्तते । स तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्राणिनां ध्रुवम् ।।

बध्नात्यपि तदेवालं परं संसारकारणम् । विपाकदारुणं घोरं सर्वानर्थनिबन्धनम् ।।

---

<u>चन्द्र</u> : उपदेशमेव दर्शयति **तदुक्तं** इत्यादि ।

अष्टकप्रकरणगाथासङ्क्षेपार्थस्त्वयम् - योऽनाभोगेनाऽपि शासनस्य मालिन्ये वर्तते,

स अन्येषां प्राणिनां = निजशासनमालिन्यप्रवृत्तिदृष्टॄणां मिथ्यात्वहेतुत्वात् = 'असारं जिनशासनं' इत्यादिरुपमिथ्यात्वजननात् **सोऽपि** = न केवलं अन्ये प्राणिनः, किन्तु तेषां मिथ्यात्वकारणीभूतः शासनमालिन्यप्रवृत्तिकर्ताऽपि **संसारकारणं विपाकदारुणं घोरं सर्वानर्थनिबन्धनं तदेव** = मिथ्यात्वमेव **परं** = प्रकृष्टं **अलं** = अत्यन्तं **ध्रुवं** = अवश्यं बध्नाति इति ।

तथा चात्रानाभोगेनापि शासनमालिन्यकर्तुर्महामिथ्यात्वबन्धनं स्फुटमेव प्रतिपादितम्।

**ચન્દ્ર** : અષ્ટકપ્રકરણમાં કહ્યું છે કે જે આત્મા અનાભોગથી પણ = અજાણતા પણ શાસનની મલિનતામાં પ્રવૃત્તિ કરે, (તે) પોતાની આવી પ્રવૃત્તિ જોનારા બીજા પ્રાણીઓને "જૈનશાસન અસાર છે" ઇત્યાદિ બુદ્ધિસ્વરૂપ મિથ્યાત્વનું કારણ બનતો હોવાથી તે શાસનમાલિન્યકર્તા પણ સંસારકારણ, વિપાકમાં ભયંકર, ઘોર, સર્વ અનર્થોના કારણભૂત એવા તે જ મિથ્યાત્વને મોટા પ્રમાણમાં અત્યંત પણે અવશ્ય બાંધે છે.

---

**यशो० शासनमालिन्यनिमित्तप्रवृत्तिश्च निह्नवानामिव यथाछन्दादीनामप्यविशिष्टेति कोऽयं पक्षपातो यदुत निह्नवानामनन्तसंसारनियम एव, यथाछन्दादीनां त्वनियम? इति,**

---

**चन्द्र** : निष्कर्षमाह-**शासनमालिन्येत्यादि । अविशिष्टा** = समाना **इति** = यतः समाना, ततः कारणात् **कोऽयं** = प्रागुक्तः, अनन्तरमेव प्रतिपादयिष्यमाणश्च **पक्षपातः** = कदाग्रहः ?

**ચન્દ્ર** : આવી શાસનમાલિન્યની પ્રવૃત્તિ તો જેમ નિહ્નવોને હોય, તેમ યથાછંદોને પણ સરખી જ હોય છે. બેમાં કોઈ ઝાઝો ભેદ નથી. હવે જ્યારે આવું જ છે તો પછી આ કેવો કદાગ્રહ ? કે 'નિહ્નવોને અનંતસંસારનો નિયમ = એકાંત જ છે. અને 'યથાછંદ પાસત્થા વિગેરેને અનિયમ = અનેકાન્ત છે' - એમ માનવું.

આ પક્ષપાત યોગ્ય નથી.

---

**यशो० अनाभोगेनापि विषयविशेषद्रोहस्य विषमविपाकहेतुत्वाद्,**

---

**चन्द्र** : "पक्षपातोऽयुक्तः" इत्यत्र कारणमाह-**अनाभोगेनापि** = अज्ञानेनाऽपि **विषयविशेषद्रोहस्य** = तीर्थंकरजिनशासनादिरुपा ये विषयविशेषाः, तेषां निन्दामालिन्य-

सम्पादनादिरुपस्य द्रोहस्य **विषमविपाकहेतुत्वात्** = अनन्तसंसारकारणत्वात् । तथा च "तपागच्छात्मकं शासनं मलिनं करोमि, मत्प्रवृत्त्या इदं शासनं मलिनं भविष्यति" इत्यादिरुपज्ञानाभावेऽपि शासनमालिन्यप्रवृत्तिमतां रौद्रानुबन्धानां यथाछन्दादीनामनन्तः संसारोऽनिवार्य इति प्रागुक्तः पक्षपातोऽयुक्तः ।

**ચન્દ્ર** : "તમારો પક્ષપાત ખોટો છે" એનું કારણ એ કે "હું શાસનમાલિન્ય કરું" અથવા "મારી આ પ્રવૃત્તિથી શાસનમાલિન્ય થશે" એવું જ્ઞાન ન હોય તો ય જિનશાસન, તીર્થંકર વિગેરે વિશેષ વિષયોની નિંદા, મલિનતાકરણાદિરૂપ દ્રોહ એ અનંતસંસારનું કારણ બને જ અને એટલે તપાગચ્છીય યથાછંદાદિ પણ જો શાસનમાલિન્યકારી પ્રવૃત્તિવાળા હોય, રૌદ્રાનુબંધવાળા હોય તો તેમનો અનંત સંસાર થાય જ.

---

**यशो०** **अनियतोत्सूत्रभाषणस्य निःशङ्कताऽभिव्यञ्जकतया सुतरां तथाभावात्।**

---

**चन्द्र** : **ननु** विषयविशेषद्रोहो विषमविपाकहेतुरिति युक्तमुक्तं । किन्तु यथाछन्दास्तु अनियतोत्सूत्रभाषणं कुर्वन्ति, ततश्च तेषां उत्सूत्रभाषणस्य अनियतत्वात् विषमविपाकहेतुत्वं न स्यादित्यत आह-**अनियतोत्सूत्रेत्यादि** । **निःशङ्कताभिव्यञ्जकतया** = निष्ठुरताज्ञापकत्वेन **सुतरां** = अनाभोगेन विषयविशेषद्रोहापेक्षयाऽधिकं **तथाभावात्** = विषयविपाकहेतुत्वात् ।

अयं भावः-स्वच्छन्दमत्या किञ्चित्तत्त्वं चिन्तयित्वा तन्निरूप्य तदनन्तरं केनाऽपि प्रकारेण तस्मिन्दोषसद्भावं ज्ञात्वा तत्त्यक्त्वा पुनः स्वच्छन्दमत्या किञ्चिद् विकल्प्य तन्निरुपणकर्ता पुनस्तत्रापि दोषज्ञाने सति तदपि त्यक्त्वा किञ्चित्स्वच्छन्दमत्या विकल्प्य तन्निरुपकोऽनियतोत्सूत्रभाषी कथ्यते ।

अत्र च स्वनिरुपितं प्रथमं द्वितीयं च पदार्थं पश्चाद् शास्त्रबाधितं ज्ञात्वा पापभीरुः कोऽपि महात्मा चिन्तयत्येव यदुत "मन्निरुपणं शास्त्रबाधितं द्विः अभवत्, ततश्चाधुना नाहं किमपि यथा तथा वक्ष्ये, किन्तु सम्यक् चिन्तनं कृत्वा शास्त्रबाधाभावं विनिश्चित्यैव वक्ष्ये" इति ।

अनियतोत्सूत्रभाषी तु नैवंरुपः, किन्तु निजनिरुपितपदार्थेषु द्विः त्रिः सम्भवन्तं शास्त्रबाधं दृष्ट्वाऽपि पुनः पुनः स्वच्छन्दमतिकल्पितानि अनियतानि उत्सूत्राणि भाषते । ततश्च स्पष्टं ज्ञायते यदुत "नास्य उत्सूत्रप्ररुपणजन्यभवभयं वर्तते, निष्ठुरोऽसौ" इति ।

एवं च अनियतोत्सूत्रभाषणं तस्मिन्ननियतोत्सूत्रभाषके निःशूकतां ज्ञापयति । निःशूकस्य तु उत्सूत्रभाषणं अनाभोगजन्यविषयविशेषद्रोहापेक्षयाऽवश्यं अधिकं विषमविपाकहेतुर्भवत्येवेति भवत्पक्षपातः सर्वथाऽयुक्त इति ।

**चन्द्र** : (**પૂર્વપક્ષ** : વિષયવિશેષનો દ્રોહ વિષમવિપાક હેતુ બને એ વાત સાચી. પરંતુ યથાછંદો તો અનિયત ઉત્સૂત્રભાષણ કરે છે. એટલે તેઓનું ઉત્સૂત્રભાષણ અનિયત હોવાથી જ તે તો વિષમવિપાક હેતુ = અનંત સંસાર-કારણ નહિ બને.)

**ઉત્તરપક્ષ** : અરે, ભલા આદમી ! અનિયત ઉત્સૂત્રભાષણ તો એ ઉત્સૂત્રભાષકમાં નિઃશક્તા=નિષ્ઠુરતાને જણાવે છે. અને એટલે એ તો અનાભોગજન્ય એવા વિષયવિશેષ-દ્રોહ કરતાંય વધારે વિષમવિપાક હેતુ બને.

કોઈક સાધુ સ્વચ્છંદમતિથી કોઈક પદાર્થ કલ્પીને એની પ્રરૂપણા કરે અને પાછળથી ગમે તે રીતે ખબર પડે કે 'આમાં તો શાસ્ત્રબાધ આવે છે.' એટલે એ પદાર્થ છોડી દે. વળી કોઈક નવી મનઘડંત કલ્પના કરીને નવી પ્રરૂપણા કરે, પાછો એમાં શાસ્ત્રબાધ જાણીને એ ય છોડી ત્રીજી જ કોઈ સ્વચ્છંદ કલ્પના કરી તેની પ્રરૂપણા કરે...આ સાધુ અનિયત-ઉત્સૂત્રભાષી કહેવાય.

હવે ખરેખર જે પાપભીરુ હોય એ તો એક-બે વાર પોતાના પદાર્થોમાં શાસ્ત્રબાધ આવતો જાણ્યા બાદ એકદમ સજાગ થઈ જાય. નવી કોઈપણ પ્રરૂપણા કરતા પહેલા શંકા કરે કે "મારા પદાર્થમાં શાસ્ત્રબાધ નહિ આવે ને ?" અને એટલે પુષ્કળ ચિંતન કર્યા બાદ "શાસ્ત્રબાધ નથી આવતો" એવો નિર્ણય કર્યા બાદ જ ત્રીજી પ્રરૂપણા કરે.

પણ જે આવી શંકા-ભય રાખવાને બદલે બે-ત્રણ વાર પોતાના નિરૂપણમાં શાસ્ત્રબાધ આવ્યા પછી પણ વગર વિચાર્યે પ્રરૂપણા કર્યે જ રાખે, એ તો નક્કી ઉત્સૂત્ર પ્રરૂપણાના ભય વિનાનો નિઃશંક=નિષ્ઠુર જ માનવો પડે. આમ અનિયતોત્સૂત્રભાષણ એ અંદર રહેલી નિષ્ઠુરતાનો સૂચક છે અને માટે જ ચોક્કસ કહી શકાય કે નિષ્ઠુરતાપૂર્વક થનાર આવું અનિયતોત્સૂત્રભાષણ એ અનાભોગજન્ય એવા વિષયવિશેષ દ્રોહાદિ કરતા તો વધુ ટકામાં વિષમવિપાકનું કારણ હોય જ.

---

**यशो०** यथा ह्याभोगेनोत्सूत्रभाषिणां रागद्वेषोत्कर्षादतिसंक्लेशस्तथाऽनाभोगेनोत्सूत्रभाषिणामप्यप्रज्ञापनीयानां मोहोत्कर्षादयं भवन्ननिवारित एव ।

---

**चन्द्र** : एतदेव स्पष्टयति-**यथा हि** इत्यादि । **आभोगेन** = "मद्भाषणं सूत्रबाधितं" इति ज्ञाने सत्यपि **रागद्वेषोत्कर्षात्** =सत्यपि आभोगे उत्सूत्रभाषणं रागद्वेषोत्कर्षेणैव सम्भवति, ततश्च तादृशोत्सूत्रभाषिणामवश्यंविद्यमानात् रागद्वेषोत्कर्षात् ।

**अनाभोगेन** = "मद्भाषणं सूत्रबाधितं" इति ज्ञानाभावे सति **उत्सूत्रभाषिणामपि** = आभोगेनोत्सूत्रभाषिणां तावन्मोहोत्कर्षादतिसंक्लेशोऽनिवारितोऽस्त्येव, किन्तु अनाभोगेन उत्सूत्रभाषिणामपि स अस्ति इत्यपिशब्दार्थः ।

**अप्रज्ञापनीयानां** = "यदा गीतार्थैः तत्प्ररुपणायां सम्यक्प्रकारेण शास्त्रबाधः प्रदर्श्यंते, तदापि स निजप्ररुपणायां शास्त्रबाधेऽनुभूयमानेऽपि निजमतं न परित्यजेत्" इति एतादृशस्वभावानां ।

यदि हि गीतार्थेन सम्यक्प्रकारेण शास्त्रबाधः प्रदर्शितो भवेत्, तेन च तदापि निजमतं न त्यक्तं भवेत्, तदा तु स आभोगेनैवोत्सूत्रभाषी भवेत् । तस्मात् गीतार्थसम्यक्प्रज्ञापना-स्वीकरणायोग्यस्वभावत्वमेवाप्रज्ञायनीयत्वमत्राभ्युपगन्तुमुचितमिति बोध्यम् । **अयं** = अतिसंक्लेशः ।

**ચન્દ્ર** : (આ જ વાતને સ્પષ્ટ કરીએ તો) જેમ "આ મારૂં વચન શાસ્ત્રબાધિત બને છે" એવા જ્ઞાનની હાજરીમાં ય જે ઉત્સૂત્ર બોલે, તેને 'રાગદ્વેષનો ઉત્કર્ષ છે' એમ માની જ શકાય છે. કેમકે એ વિના તો શાસ્ત્રબાધના જ્ઞાનની હાજરીમાં ય ઉત્સૂત્રપ્રરૂપણા કરવી શક્ય ન જ બને. અને આ રાગદ્વેષોત્કર્ષ દ્વારા તેઓમાં અતિસંક્લેશ પણ કલ્પી જ શકાય છે.

એ જ રીતે "આ મારૂં નિરૂપણ શાસ્ત્રબાધિત છે" એવું જ્ઞાન જેને નથી અને એવી દશામાં ઉત્સૂત્રપ્રરૂપણા જેઓ કરે છે તેઓ પણ જો અપ્રજ્ઞાપનીય હોય, તો તેમનામાં પણ મોહનો ઉત્કર્ષ માનવો જ પડે. અને એ મોહોત્કર્ષના લીધે તેમનામાં અતિસંક્લેશ સિદ્ધ થતો અટકાવી ન જ શકાય. અર્થાત્ એ સિદ્ધ થયેલો જ સમજવો પડે.

(અહીં અપ્રજ્ઞાપનીયનો અર્થ આ પ્રમાણે કરવો કે જો ગીતાર્થો એની નિરૂપણામાં ખૂબ સારી રીતે શાસ્ત્રબાધ બતાવે અને એ પછી પોતાને એમાં શાસ્ત્રબાધ અનુભવાતો હોવા છતાં, પોતે ઉત્તર ન આપી શકતો હોવા છતાં પણ પોતાની ઉત્સૂત્રપ્રરૂપણા ન છોડે, વાત પકડી રાખે એવા પ્રકારનો જેનો **સ્વભાવ** હોય તે અપ્રજ્ઞાપનીય કહેવાય. પણ આવો અર્થ ન કરવો કે "ગીતાર્થે જેની પ્રરૂપણામાં સમ્યક્ પ્રકારે દોષો બતાવી

દીધા છે. અને જેને શાસ્ત્રબાધ સમજાયો છે, છતાં પોતાની પ્રરૂપણા છોડી નથી."

જો આવો અર્થ કરશો તો તો એ **આભોગથી જ ઉત્સૂત્રભાષી** ગણાય. આવો અપ્રજ્ઞાપનીય અનાભોગથી ઉત્સૂત્રભાષી ન રહે. એટલે **ગીતાર્થોની સમ્યક્પ્રરૂપણાના સ્વીકારને માટે અયોગ્ય સ્વભાવ** એ જ અપ્રજ્ઞાપનીયતા આમ અર્થ કરવો.)

---

**यशो०** **अत एव तेषां भावशुद्धिरप्यप्रमाणम्, मार्गाननुसारित्वात्,**

---

**चन्द्र** : **अत एव** = अनाभोगेनोत्सूत्रभाषिणमप्यप्रज्ञापनीयानां अतिसङ्क्लेशस्यानिवारितत्वादेव **तेषां** = अप्रज्ञापनीयानां अनाभोगेनोत्सूत्रभाषिणां **भावशुद्धिरपि** = स्थूलबुद्ध्या तैः क्रियमाणो धर्मस्तावदप्रमाणमेव, किन्तु तेषां दृश्यमाना प्रशमवैराग्यादिरुपा भावशुद्धिरपि अप्रमाणम् इति अपिशब्दार्थः, अष्टकप्रकरणतात्पर्यदर्शनाज्ज्ञायते।

किमर्थं तेषां भावशुद्धिरपि अप्रमाणं ? इत्यतस्तत्र कारणमाह-**मार्गाननुसारित्वात्** = अतिसङ्क्लेशसद्भावतो मार्गानुसरणाभावात् । मन्दसङ्क्लेशसद्भावे तु अपुनर्बन्धकादीनां मार्गानुसारिणी भावशुद्धिः सम्भवत्येव, मन्दसङ्क्लेशस्तु प्रज्ञापनीयतागुणादनुमीयत इति बोध्यम्।

**ચન્દ્ર** : અનાભોગથી ઉત્સૂત્રભાષી એવા ય અપ્રજ્ઞાપનીય જીવોને અતિસંક્લેશ હોય જ છે એ વાત સિદ્ધ થઈ, માટે જ તે અપ્રજ્ઞાપનીય એવા અનાભોગથી ઉત્સૂત્રભાષીઓની ભાવશુદ્ધિ પણ અપ્રમાણભૂત છે. (તેઓ વડે સ્થૂલબુદ્ધિથી કરાતો ધર્મ તો અપ્રમાણ છે જ. પરંતુ તેઓમાં દેખાતી પ્રશમ, વૈરાગ્યાદિ સ્વરૂપ ભાવશુદ્ધિ પણ અપ્રમાણ છે. એ અહીં 'अपि' શબ્દનો અર્થ સમજવો. આ અર્થ અષ્ટકપ્રકરણનું તાત્પર્ય જોવાથી જણાઈ જાય છે.)

**પ્રશ્ન** : તેઓની ભાવશુદ્ધિ પણ અપ્રમાણ છે એવું ક્યા આધારે કહી શકાય ?

**ઉત્તર** : તેઓની ભાવશુદ્ધિ માર્ગાનુસારી ન હોવાથી તે અપ્રમાણ = ખોટી-અવાસ્તવિક કહેવાય.

---

**यशो०** **तदुक्तमष्टकप्रकरणे-(२२/१-२-३)-**

भावशुद्धिरपि ज्ञेया यैषा मार्गानुसारिणी । प्रज्ञापनाप्रियाऽत्यर्थं न पुनः स्वाग्रहात्मिका ।।

रागो द्वेषश्च मोहश्च भावमालिन्यहेतवः । एतदुत्कर्षतो ज्ञेयो हन्तोत्कर्षोऽस्य तत्त्वतः ।।

तथोत्कृष्टे च सत्यस्मिन् शुद्धिर्वै शब्दमात्रकम् । स्वबुद्धिकल्पनाशिल्पनिर्मितं नार्थवद् भवेत् ।।

इति ।।

<u>चन्द्र</u> : अष्टकपाठसङ्क्षेपार्थस्त्वयम्, भावशुद्धिरपि या मार्गानुसारिणी भवति, सा तात्त्विकी ज्ञेया, यस्यां गीतार्थप्रज्ञापनाऽत्यन्तं प्रिया भवति, सैव भावशुद्धिः मार्गानुसारिणी भवति । न पुनः स्वाग्रहस्वरुपा भावशुद्धिः ।

रागद्वेषमोहानां उत्कर्षतः तत्त्वतोऽस्य = भावमालिन्यस्य उत्कर्षो ज्ञेयः ।

**अस्मिन्** =भावमालिन्ये **तथोत्कृष्टे** = तीव्रस्वरुपेणोत्कृष्टे सति **शब्दमात्रकं** - "मम भावशुद्धिरस्ति" इति शब्दमात्ररूपैव, न तु पारमार्थिकी । तत्तु शब्दमात्रकं स्वबुद्धिकल्पनारुपेण शिल्पेन निर्मितं **अर्थवद्** = सार्थकं न भवति । न तत्र शब्दप्रतिपाद्या भावविशुद्धिर्विद्यते इति भावः ।

<u>ચન્દ્ર</u> : અષ્ટકપ્રકરણના પાઠનો ભાવાર્થ આ પ્રમાણે છે.

ભાવવિશુદ્ધિ પણ તે જ જાણવી કે જે માર્ગાનુસારી હોય. જે ભાવવિશુદ્ધિમાં ગીતાર્થની પ્રજ્ઞાપના અત્યંત પ્રિય હોય તે ભાવશુદ્ધિ માર્ગાનુસારી હોય. પરંતુ કદાગ્રહસ્વરૂપ ભાવશુદ્ધિ સાચી ભાવશુદ્ધિ ન ગણાય.

(અર્થાત્ ગીતાર્થ જે કહે એ સાંભળવાની, સ્વીકારવાની તૈયારી ન હોય અને 'પોતે જે માને છે, જે કરે છે એ બધું બરાબર છે' એમ જ જે માનતા હોય તેઓ જો પોતાનામાં ભાવશુદ્ધિ માનતા હોય તો એ ભાવશુદ્ધિ ભ્રમાત્મક જાણવી.)

રાગ, દ્વેષ અને મોહ એ ભાવની મલિનતાના કારણ છે. આ ત્રણના ઉત્કર્ષથી ખરેખર તો ભાવમાલિન્યનો ઉત્કર્ષ જાણવો. ભાવમાલિન્ય તે રીતે ઉત્કૃષ્ટ થયેલું હોય એટલે પછી ભાવશુદ્ધિ એ શબ્દમાત્ર રૂપ જ હોય છે. એ "મારી પાસે ભાવશુદ્ધિ છે" એવા શબ્દ, પોતાની બુદ્ધિની કલ્પનારૂપ શિલ્પ વડે નિર્મિત હોય છે, પણ તે શબ્દ સાર્થક = ભાવવિશુદ્ધિ રૂપ પદાર્થવાળા હોતા નથી. અર્થાત્ ત્યાં આ શબ્દ જ હોય છે, પરંતુ શબ્દનો અર્થ વિદ્યમાન હોતો નથી.

<u>यशो०</u> **किञ्च – पार्श्वस्थादीनां नियतोत्सूत्रमप्युद्युक्तविहारिणामपवादलक्षणं द्वितीय-**

बालतानियामकमस्त्येव ।

चन्द्र : एवं तावत् "तुष्यतु दुर्जनः" इति न्यायमाश्रित्य "यथाछन्दादीनां अनियतमेवोत्सूत्रभाषणं भवति" इति पूर्वपक्षमतं स्वीकृत्यापि तेषामनन्तसंसारः प्रतिपादितः।

अधुना तु तेषां स्पष्टं नियतमुत्सूत्रभाषणमस्त्येवेति तेषां अनन्तः संसारो भवदुक्तरीत्यैव सिद्ध्यति इति प्रतिपादयन्नाह-**किंच** इत्यादि । **पार्श्वस्थादीनां** = आदिपदेन यथाछन्दादीनां परिग्रहो **नियतोत्सूत्रमपि** = अनियतोत्सूत्रं तावद् भवत्येवेति **अपि** शब्दार्थः ।

नियतोत्सूत्रस्वरुपमेवाह-**उद्युक्तविहारिणां** = संविग्नानां **अपवादलक्षणं** = निन्दाकरणरुपं **द्वितीयबालतानियामकं** = "शिथिलाचारः प्रथमबालता, संविग्ननिन्दनञ्च द्वितीया बालता" इति आचाराङ्गसूत्रोक्ताया द्वितीयबालतायाः प्रसाधकम् **अस्त्येव** = 'न तु नास्त्यपि' इति एवकारार्थः

**ચન્દ્ર** : ("દુર્જન ખુશ થાઓ" એ ન્યાય પ્રમાણે યથાછંદાદિને અનિયત એવું જ ઉત્સૂત્રભાષણ હોય છે એ વાત સ્વીકારીને પણ તેઓને અનંત સંસારની સિદ્ધિ કરી. હવે એ વાત બતાવે છે કે "તેઓને નિયત ઉત્સૂત્રભાષણ છે જ. એટલે તમે કહેલી રીત મુજબ તેઓનો અનંત સંસાર સિદ્ધ થશે જ.")

વળી પાસત્થા, યથાછંદ વિગેરેને પણ સંવિગ્નોની નિંદા કરવા સ્વરૂપ નિયત ઉત્સૂત્ર છે જ. કે જે ઉત્સૂત્ર તેઓમાં બીજી બાલતાનું = મૂર્ખતાનું નિયામક = સાધક છે. અર્થાત્ શિથિલાચાર એ પ્રથમ મૂર્ખતા છે અને સંવિગ્નોની નિંદા એ બીજી મૂર્ખતા છે. જે નિંદા પાસત્થાદિમાં છે.

**यशो० यदाचारसूत्रे**–सीलमंता उवसंता संखाए रीयमाणा असीला अणुवयमाणस्स बितिया मन्दस्स बालया । णिअट्टमाणा वेगे आयारगोयरमाइक्खंति नाणभट्ठो दंसणलूसिणो त्ति ।।

**एतद्वृत्तिर्यथा**-शीलमष्टादशशीलाङ्गसहस्रसंख्यं, यदि वा महाव्रतसमाधानं पञ्चेन्द्रियजयः कषायनिग्रहस्त्रिगुप्तिगुप्तता चेत्येतच्छीलं विद्यते येषां ते **शीलवन्तः**। तथो**पशान्ताः** कषायोपशमाद्, अत्र शीलवद्ग्रहणेनैव गतार्थत्वात् 'उपशान्ताः' इत्येतद्विशेषणं कषायनिग्रहप्राधान्यख्यापनार्थम् । सम्यक् ख्याप्यते=प्रकाश्यतेऽनयेति **संख्या**=प्रज्ञा, तया **रीयमाणाः**=संयमानुष्ठानेन पराक्रममाणाः, कस्यचिद्विश्रान्तभागधेयतया 'अशीला एते' इत्येव-

मनुवदतो अनु=पश्चाद् वदतः=पृष्ठतोऽपवदतः, अन्येन वा मिथ्यादृष्ट्यादिना 'कुशीलाः' इत्येवमुक्तेऽनुवदतः पार्श्वस्थादेर्द्वितीयैषा मन्दस्य=अज्ञस्य बालता=मूर्खता। एकं तावत्स्वतश्चारित्रापगमः पुनरपरानुद्युक्तविहारिणोऽपवदतीत्येषा द्वितीया बालता ।

---

<u>चन्द्र</u> : आचाराङ्गपाठं प्रदर्शयति - **सीलमंता** इत्यादि स्पष्टम् । नवरं यो विशेषस्तं दर्शयामि । तत्र **महाव्रतसमाधानं** = महाव्रतानां सम्यक् आत्मनि आधानं = स्थापनं ।

तथा शीलपदेन कषायनिग्रहो गृहीतोऽस्ति । ततश्च यद्यपि शीलवान् कषायनिग्रहवान् भवत्येव, तथापि कषायनिग्रहज्ञापकं "उपशान्ताः" इति यत्पदमुपात्तम्, तत् कषायनिग्रहस्य प्राधान्यं इति ज्ञापनार्थं बोध्यम् ।

संयमानुष्ठानेन पराक्रममाणा ये भवन्ति, तान् इति शेषः । **कस्यचित्** = अग्राह्यनाम्नो **विश्रान्तभागधेयतया** = भाग्यस्य मन्दत्वात् इति निष्कर्षः । संविग्ननिन्दा शोभनभाग्यवतां न सम्भवति, यतः संविग्ननिन्दका दुर्भगशेखरा भवन्ति ।

**पृष्ठतोऽपवदतः** = संविग्ना यत्र न सन्ति, तत्रैव तान् निन्दतः । "अनुवदतः" इति पदस्यैकमर्थं दर्शयित्वाऽधुना द्वितीयमर्थमाह-**अन्येन वा** इत्यादि । **अनुवदतः** = अन्योक्तमेव पुनर्ब्रुवाणस्य ।

<u>ચન્દ્ર</u> : આચારાંગસૂત્રમાં કહ્યું છે કે → શીલવાન, ઉપશાંત, સંખ્યાથી = બુદ્ધિથી પરાક્રમ કરનારા જેઓ છે, તેઓને "અશીલ છે" એ પ્રમાણે કહેનારા મંદની = અજ્ઞ જીવની બીજી બાલતા છે.

કેટલાંકો વળી નિવૃત્ત થયા છતાં પણ આચારવિષયને પ્રરૂપે છે. (બીજાઓ) જ્ઞાનભ્રષ્ટ અને દર્શનનાશક છે.←

આચારાંગના આ સૂત્રની ટીકા આ પ્રમાણે છે. કે શીલ અઢારહજાર શીલાંગસંખ્યાવાળું છે. અથવા તો મહાવ્રતોનું આત્મામાં સમ્યગ્ આધાન + પાંચ ઇન્દ્રિયોનો જય + કષાયનિગ્રહ + ત્રિગુપ્તિથી ગુપ્તતા આ બધું શીલ જેઓની પાસે છે તેઓ શીલવાન કહેવાય.

ઉપશાન્ત 'કષાયનો ઉપશમ થયો હોવાથી' કહેવાય.

**પ્રશ્ન :** શીલવાનમાં "કષાયનિગ્રહ"ની વાત આવી જ જાય છે. તો પછી એ જ અર્થ બતાવનાર ઉપશાન્ત શબ્દ શા માટે લીધો ?

**ઉત્તર :** શીલવાનના ગ્રહણથી જ ઉપશાન્ત પદનો અર્થ આવી જ જાય છે. એમ છતાં ઉપશાન્ત વિશેષણ ગ્રહણ કરેલું છે, તો એ વિશેષણ કષાયનિગ્રહની પ્રધાનતા દર્શાવવા માટે છે એમ સમજવું.

**સંખ્યા** શબ્દમાં **सं** = સારી રીતે ख्यायते = પ્રકાશિત કરાય છે પદાર્થો જેના વડે તે **સંખ્યા** એવો અર્થ કરવાનો. પ્રજ્ઞા વડે બધા પદાર્થો સારી રીતે પ્રકાશિત કરાતા હોવાથી **સંખ્યા = પ્રજ્ઞા** અર્થ મળે. તે પ્રજ્ઞા દ્વારા સંયમાનુષ્ઠાન વડે પરાક્રમ કરનારા.

આવા જે સાધુઓ છે, તેઓની પીઠ પાછળ નિંદા કરનારા મૂર્ખની બીજી બાલતા થાય. (આવી નિંદા કરનારનું નામ પણ પાપ છે એટલે कस्यचित् = 'કોઈક' એમ લખેલ છે.)

એ નિંદા શા માટે કરે છે ? એનું કારણ બતાવે છે કે તેનું ભાગ્ય થાકી ગયું હોવાથી તે નિંદા કરે છે. અર્થાત્ તેનું સૌભાગ્ય મરી પરવાર્યુ છે, માટે જ એ આવું કુકૃત્ય કરે છે. ભાગ્યવાળાઓ આવા અધમ કામ ન કરે.

**અનુવદતઃ** શબ્દનો બીજો અર્થ કરે છે કે બીજા કોઈક મિથ્યાદષ્ટિ વિગેરે વડે કહેવાયું કે "આ બધા (સંવિગ્નો) કુશીલ છે" આમ કહેવાયે છતે જે એનો અનુવાદ કરે કે "હા બરાબર છે. આ કુશીલ છે" તો એવો અનુવાદ કરનારા પાસત્થાદિને બીજી બાલતા લાગુ પડે છે.

---

<u>यशो०</u> यदि वा 'शीलवन्त एते, उपशान्ता वा' इत्येवमन्येनाभिहिते 'क्वैषां प्रचुरोपकरणानां शीलवत्तोपशान्तता वा' इत्येवमनुवदतो हीनाचारस्य द्वितीया बालता भवतीति ।

---

<u>चन्द्र</u> : "अनुवदतः" इति पदस्य तृतीयमर्थमाह-**यदि वा "शीलवन्त एते, उपशान्ता"** = इत्यादि स्पष्टम् ।

<u>ચન્દ્ર</u> : (આચારાંગમાં રહેલા "अनुवदतः" શબ્દનો જ ત્રીજો અર્થ કહે છે કે) અથવા "अनुवदत" શબ્દનો આ પ્રમાણે અર્થ છે કે કોઈ એમ બોલે કે "આ સાધુઓ શીલવાન છે, ઉપશાન્ત છે" એ સાંભળીને જે શિથિલો એમ બોલે કે "આ પુષ્કળ

ઉપકરણો રાખનારાઓ શીલવાન કે ઉપશાન્ત તો ક્યાં (ક્યાંથી હોય ?)"

આ રીતે બોલનારા શિથિલાચારીની બીજી મૂર્ખતા થાય છે.

---

<u>**यशो०**</u> अपरे तु वीर्यान्तरायोदयात्स्वतोऽवसीदन्तोऽप्यपरसाधुप्रशंसान्विता यथावस्थित-माचारगोचरमावेदयेयुरित्येतद्दर्शयितुमाह – **णिअट्टमाणा** इत्यादि। एके कर्मोदयात्संयमान्निवर्त्तमाना लिङ्गाद्वा 'वा' शब्दादनिवर्त्तमाना वा यथावस्थित**माचारगोचरमाचक्षते** – 'वयं तु कर्त्तुमसहिष्णवः, आचारस्त्वेवम्भूतः' इत्येवं वदतां तेषां द्वितीयबालता न भवत्येव ।

---

<u>**चन्द्र**</u> : एवं सम्यक्त्वभ्रष्टान् शिथिलाचारान् प्रदर्श्याधुना संविग्नपाक्षिकान् शिथिलाचारान् प्रदर्शयितुमाह-**अपरे तु** = प्रतिपादितेभ्यः संविग्ननिन्दकशिथिलेभ्यः सकाशादन्ये तु **वीर्यान्तरायोदयात्** शक्तौ सत्यामपि जिनोक्तानां स्वोचितानामाचाराणामकरणेनानुमीयमानात् वीर्यान्तरायकर्मण उदयात् **स्वतः** = स्वयमेव, न तु परोपरोधादिना । शेषं स्पष्टम् ।

एवं प्रस्तावनां कृत्वाऽऽचाराङ्गपाठं व्याख्यातुमाह-**एतद्दर्शयितुमित्यादि । कर्मोदयात्** = वीर्यान्तरायाद्युदयात् कारणात् **संयमात् निवर्तमानाः** = वेशवन्तोऽपि साध्वाचाराद् भ्रश्यन्तः **लिङ्गाद् वा** = साधुवेषमेव त्यजन्तः । शेषं स्पष्टम् ।

<u>**चन्द्र**</u> : આવા શિથિલાચારીઓ સિવાયના બીજા કેટલાક સાધુઓ એવા છે કે જેઓ વીર્યાન્તરાયના ઉદયને કારણે પોતે સંયમમાં શિથિલ હોવા છતાં બીજા સંવિગ્ન સાધુઓની પ્રશંસા કરનારા હોય છે. આવા સાધુઓ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તમામ સાધ્વાચારનું નિરૂપણ કરે છે. (આમ પ્રસ્તાવના બતાવીને હવે આચારાંગના પાઠનું વ્યાખ્યાન કરવા માટે કહે છે કે) કેટલાક આત્માઓ વીર્યાન્તરાયાદિના ઉદયને લીધે સંયમાચારથી ભ્રષ્ટ થતા કે સાધુવેષથી ભ્રષ્ટ થતા હોય તો પણ યથાવસ્થિત = સાચા આચારવિષયને કહે છે કે "અમે તો આ બધું કરવા માટે અસમર્થ છીએ. બાકી આચાર તો આવો જ છે."

આચારાંગપાઠમાં "नियट्टमाणा वेगे" માં "वा" પદ છે તેનો અર્થ "अनिवर्तमाना" એમ લેવો. અર્થાત્ કેટલાક આત્માઓ સંયમ કે લિંગથી ભ્રષ્ટ થતા હોય કે ન થતા હોય પણ વાસ્તવિક આચારવિષયને પ્રરૂપતા હોય છે.

---

<u>**यशो०**</u> न पुनर्वदन्ति 'एवंभूत एव आचारो योऽस्माभिरनुष्ठीयते, साम्प्रतं दुःषमानुभावेन बलाद्यपगमान्मध्यमभूतैव वर्त्तिनी श्रेयसी, नोत्सर्गावसरः' इति । उक्तं हि –

'नात्यायतं न शिथिलं, यथा युञ्जीत सारथिः । तथा भद्रं वहन्त्यश्वा, योगः सर्वत्र पूजितः ।।'

---

चन्द्र : एवं संविग्नपाक्षिकान् निरुप्य 'ते द्वितीयबालताधारका न भवन्ति' इत्याह-न **पुनर्वदन्ति** इत्यादि ।

**ननु** आगमे तु भवदाचारसकाशाद् भिन्न एवाचारः प्रतिपादितो दृश्यते, ततः कथमेतद् भवदुक्तं युक्तं स्याद् यदुत 'एवंभूत एव आचारो...'इत्यादि । अत आह **साम्प्रतं** इत्यादि । तथा चागमोक्त आचार उत्सर्गरुपोऽपवादयोग्ये काले नाचरितुं योग्य इति ।

**नात्यायतं** = अतिगाढं यथा स्यात्तथा न, **शिथिलं** एतदपि क्रियाविशेषणं । **युञ्जीत** = अश्वान् रथे योजयेदिति भावार्थः, तर्हि अश्वा **भद्रं** एतदपि क्रियाविशेषणं **योगः** = सम्यक्प्रकारेण योजनं **सर्वत्र** = सर्वेषु कार्येषु **पूजितः** = समादृतः ।

यदि सारथिः अश्वान् रथे अत्यायतं शिथिलं वा यथा न स्यात्, तथा सम्यक्प्रकारेण योजयेत्, तर्हि तेऽश्वाः सारथिं भद्रं वहन्ति = इष्टस्थानं प्रापयन्ति । एवं च सम्यक्प्रकारेण योजनं सर्वेषु कार्येषु समादृतम् । तथा च साध्वाचारेष्वपि आत्मा सम्यक्प्रकारेण मध्यममार्गरूपेण योजनीय इति पूर्वपक्षाशयः ।

ચન્દ્ર : (આ પ્રમાણે સંવિગ્ન પાક્ષિકોનું નિરૂપણ કરીને હવે 'એ સંવિગ્નપાક્ષિકો બીજી બાલતાને ધારણ કરનારા નથી હોતા' એ વાત દર્શાવે છે.

તે સંવિગ્નપાક્ષિકો આવું નથી બોલતા કે "આ પ્રમાણેનો જ આચાર સારો-સાચો છે કે જે આચાર અમારા વડે પળાય છે. અત્યારે પાંચમા આરાના પ્રભાવને લીધે શારીરિક શક્તિ-ધીરજ વિગેરેનો નાશ થયેલો હોવાથી મધ્યમસ્વરૂપ જ માર્ગ કલ્યાણકારી છે. અત્યારે ઉત્સર્ગમાર્ગનો અવસર નથી.

(**પ્રશ્ન** : આવું કોણ બોલે છે ? અમે તો કોઈના મોઢે આ વાત સાંભળી નથી)

આ વાત બીજા ઘણા કરે છે. આવો શ્લોક આવે જ છે કે સારથિ ઘોડાઓને રથમાં અતિગાઢ પણ ન જોડે કે અતિશિથિલ રૂપે પણ ન જોડે, પરંતુ મધ્યમ રીતે જોડે, તો અશ્વો સારી રીતે વહન કરે (ઇષ્ટસ્થાને પહોંચાડે) આમ સમ્યક્ પ્રકારે યોગ એ સર્વત્ર પૂજાયેલો છે.

(એમ પ્રસ્તુતમાં પણ શાસ્ત્રીય આચારોમાં શરીરને મધ્યમમાર્ગે જોડવું. અતિગાઢ રીતે કે શિથિલ રીતે ન જોડવું.)

(આ બધું સંવિગ્નપાક્ષિકો ન બોલે, પણ દ્વિતીયબાલતાધારકો બોલે.)

---

<u>यशो०</u> अपि च –'जो जत्थ होइ भग्गो, ओगासं सो परं अविंदंतो । गंतुं तत्थऽचयंतो, इमं पहाणं ति घोसेइ ।।' (आ.नि.-११७४) इत्यादि ।

---

<u>चन्द्र</u> : "एवंभूत एव आचारो..." इत्यादिस्वरुपं वचनं ब्रूवाणा अपि सन्ति, इति दर्शनार्थं पाठान्तरमाह-**अपि च** इत्यादि । आवश्यकनिर्युक्तिगाथासङ्क्षेपार्थस्त्वयम् **यः** = साधुः **यस्मिन्** = निर्दोषगोचरीचर्यादौ आचारे **भग्नः** = प्रमादादिना तमाचारं कर्तुं अशक्नुवन् **भवति, स अपरं अवकाशं** = निर्दोषगोचरीचर्यादिरुपात्शास्त्रीयानुष्ठानादपरं शास्त्रानुसारि अनुष्ठानं **गन्तुं अविन्दन्** = अप्राप्नुवन्, **तत्र** = शिथिलाचारे व्रजन् "इदं प्रधानं" इति घोषयति ।

<u>ચન્દ્ર</u> : ("આવા પ્રકારનો જ આચાર છે" ઇત્યાદિ સ્વરૂપ વચન બોલનારાઓ પણ છે. એ દેખાડવા માટે બીજા પાઠ દેખાડે છે)

આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે કે જે સાધુ જે નિર્દોષગોચરી વિગેરે રૂપ આચારમાં ભાંગી જાય, અર્થાત્ એ આચાર પાળવા અસમર્થ બને છે અને બીજા કોઈ અવકાશમાં જવા માટે અસમર્થ બને તે શિથિલાચારને જ પકડી લઈ "આ પ્રધાન છે" એમ બોલવા લાગે છે.

---

<u>यशो०</u> किंभूताः पुनः एतदेव समर्थयेयुः? इत्याह – **नाणभट्ठा** । सदसद्विवेको ज्ञानं, तस्माद् भ्रष्टा ज्ञानभ्रष्टाः। तथा **दंसणलूसिणो**त्ति । सम्यग्दर्शनविध्वंसिनोऽसदनुष्ठानेन स्वतो विनष्टा अपरानपि शङ्कोत्पादनेन सन्मार्गाच्च्यावयन्तीति ।।

---

<u>चन्द्र</u> : **किंभूताः पुनः** इत्यादि स्पष्टम् ।

<u>ચન્દ્ર</u> : કેવા પ્રકારના તેઓ આ જ વાતનું = ઉન્માર્ગનું = કહેવાતા મધ્યમમાર્ગનું સમર્થન કરનારા છે ? એ જ કહે છે કે આ આત્માઓ જ્ઞાનભ્રષ્ટ છે. એમાં શું સારું-સાચું અને શું ખરાબ-ખોટું ઈત્યાદિ વિવેક એ જ્ઞાન કહેવાય, તેનાથી ભ્રષ્ટ થયેલા આ જીવો છે તથા સમ્યગ્દર્શનના નાશક છે. એટલે કે ખોટા અનુષ્ઠાન દ્વારા સ્વયં તો

વિનાશ પામેલા જ છે, ઉપરાંત પોતાના વિચિત્ર અનુષ્ઠાનોને લીધે બીજાઓને પણ શંકા ઉત્પન્ન કરાવવા દ્વારા સન્માર્ગથી ભ્રષ્ટ કરનારા બને છે.

(પોતે દોષિત ગોચરી વિગેરે વાપરે એટલે એ જોઈને બીજાઓ પણ વિચારે કે આ વાપરવામાં વાંધો નહિ હોય. માટે જ આ વાપરતા હશે.)

---

**<u>યશો૦</u> तथा च संविग्नपाक्षिकातिरिक्तस्य पार्श्वस्थादेरपि द्वितीयबालतानियामक-नियतोत्सूत्रसद्भावात्, तस्यानन्तसंसाराऽनियमान्निह्नवस्यापि तदनियम एव, भवभेदस्य भावभेदनियतत्वाद् इति प्रतिपत्तव्यम् ।।६।।**

---

<u>**चन्द्र**</u> : एवं आचाराङ्गपाठं व्याख्यायाधुना निष्कर्षमाह-**तथा च** इत्यादि । **पार्श्वस्थादेरपि** = न केवलं "उत्सूत्रप्ररुपकत्वेन प्रसिद्धस्य यथाछन्दस्य, किन्तु संविग्नपाक्षिकभिन्नस्य पार्श्वस्थादेरपि" इत्यपिशब्दार्थः । **तस्य** = पार्श्वस्थादेः । **निह्नवस्यापि** = न केवलं पार्श्वस्थादेरित्यपिशब्दार्थः । **तदनियम एव** = अनंतसंसारस्यानेकान्त एव । अनेकान्तस्य कारणमाह **भवभेदस्य** = संख्यातासंख्यातानन्तसंसाररूपस्य भवभेदस्य **भावभेदनियतत्वात्** = मन्दमध्यमतीव्रसङ्क्लेशाधीनत्वात् । भवतु नियतमनियतं वोत्सूत्रभाषणं, तथापि न तदधीनः संख्यातादिसंसारः, किन्तु नियतेऽप्युत्सूत्रभाषणे मन्दाध्यवसायसत्त्वे संख्यात एव संसारः, एवमनियतेऽप्युत्सूत्रे तीव्राध्यवसायसत्त्वेऽनन्त एव संसार इति **प्रतिपत्तव्यम्** = स्वीकर्तव्यम् ।

<u>**ચન્દ્ર**</u> : ઉપરના આચારાંગપાઠ ઉપરથી નક્કી થાય છે કે સંવિગ્નપાક્ષિક સિવાયના જે પાસત્થાદિ છે, તેઓને પણ બીજી બાલતા લાવી આપનાર નિયત ઉત્સૂત્ર હોય છે. માત્ર કંઈ યથાછંદને જ નથી હોતું. અને "એ પાસત્થાદિનો અનંતસંસાર થવાનો એકાંત નથી" એ વાત તો તમને ય માન્ય જ છે.

તો પછી જેમ પાસત્થાદિમાં નિયત ઉત્સૂત્ર હોવા છતાં અનંતસંસારનો એકાંત નથી, એમ નિહ્નવમાં પણ નિયત ઉત્સૂત્ર હોવા છતાં અનંતસંસારનો એકાંત તો ન જ રહે.

આનું કારણ એ જ છે કે સંખ્યાત સંસાર, અસંખ્યાતસંસાર, અનંતસંસાર ઈત્યાદિ રૂપે જે સંસારનો ભેદ પડે છે, એ ભેદ મંદ, મધ્યમ, તીવ્ર સંક્લેશ રૂપ ભાવભેદને આધીન છે. જેવા પ્રકારના ભાવો, તેવા પ્રકારનો સંસાર થાય. નિયત કે અનિયત ઉત્સૂત્રની પ્રધાનતા નથી.

**ગાથા ૭ સંપૂર્ણ**

## ગાથા - ૭

<u>યશો૦</u> **ननु कर्म तावदुत्कर्षतोऽप्यसंख्येयकालस्थितिकमेव बध्यते, तत्कथं तीव्राध्यवसाय-वतामप्युत्सूत्रभाषिणामनन्तसंसारित्वं स्याद्? इत्याशंकायामाह –**

<u>चन्द्र</u> : शिष्यः प्रश्नयति-**ननु कर्म** = उत्सूत्रप्ररुपणादिजन्यं किमपि कर्म **उत्कर्षतोऽपि** = जघन्यतस्तु असङ्ख्येयकालस्थितिकं बध्यते एव, किन्तु उत्कर्षतोऽपि तावदेव बध्यत इति'अपि' शब्दार्थः । न तु अनन्तकालस्थितिकम्, यत उत्कृष्टः स्थितिबन्धः सप्ततिकोटा-कोटिसागरोपमप्रमाण एव, न त्वधिकः, स च कालोऽसङ्ख्ययेयकालरुप एवेति । **तत्** = यत एवं, तस्मात्कारणात् **तीव्राध्यवसायवतामपि** = मन्दाध्यवसायवतां तु अनन्तसंसारित्वं नैव भवति, किन्तु येषां अनन्तसंसारित्वमिष्यते, तेषां तीव्रसङ्क्लेशवतामपि इति अपिशब्दार्थः ।

तीव्राध्यवसायेनोत्सूत्रप्ररुपणादिकालेऽपि उत्कर्षतोऽपि सप्ततिकोटाकोटिसागरोपमप्रमाण-मेवासंख्येयकालस्थितिकं कर्म बध्यते, तेन चासंख्येय एव संसारः स्यात्, अनन्तसंसारस्तु न घटत इति शिष्यप्रश्नतात्पर्यम् ।

<u>ચન્દ્ર</u> : **શિષ્ય** - તીવ્રસંક્લેશવાળા ઉત્સૂત્રપ્રરુપકાદિનો અનંત સંસાર થાય એ તમારી વાત મને સમજાતી નથી. કેમકે કોઈપણ કર્મ જઘન્યથી તો અસંખ્યકાળસ્થિતિવાળું બંધાય જ છે. પણ ઉત્કૃષ્ટથી પણ ૭૦ કો. કો.સાગરોપમ રૂપ અસંખ્યેયકાળ સ્થિતિવાળું જ બંધાય છે. એનાથી વધુ સ્થિતિ તો કોઈપણ કર્મની બંધાતી નથી.

હવે જો આમ હોય તો મંદ અધ્યવસાયવાળાને જેમ અનંત સંસાર ન થાય, તેમ આ તીવ્ર અધ્યવસાયવાળા એવા પણ ઉત્સૂત્રભાષીઓનો અનંત સંસાર શી રીતે થાય? કેમકે તે વખતે એમને અસંખ્યકાળસ્થિતિક કર્મ જ બંધાવાનું અને એ કર્મથી તો એમનો અસંખ્ય સંસાર જ થાય. અનંતસંસાર શી રીતે થાય ?

<u>યશો૦</u> **कम्मं बन्धइ पावं जो खलु अणुवरयतिव्वपरिणामो ।**
**असुहाणुबन्धजोगा अणंतसंसारिआ तस्स ।।७।।**

कर्म बध्नाति पापं यः खल्वनुपरततीव्रपरिणामः ।

अशुभानुबन्धयोगादनन्तसंसारिता तस्य ।।७।।

चन्द्र : **समादधाति** = अनुपरततीव्रपरिणामो यः खलु पापं कर्म बध्नाति, तस्य अशुभानुबन्धयोगात् अनन्तसंसारिता इति गाथार्थः ।

ચન્દ્ર : **ગુરુઃ** અટક્યા વિનાના તીવ્ર સંક્લેશવાળો જે જીવ પાપ કર્મ બાંધે છે, તેને અશુભ અનુબંધનો યોગ થવાના લીધે અનંતસંસાર થાય.

**यशो० कम्मंति । कर्म बध्नाति पापं यः खल्वनुपरततीव्रपरिणामः=अविच्छिन्न-तथाविधसंक्लिष्टाध्यवसायः स्वेच्छानुरोधान्नियतास्रवप्रवृत्तो वाऽनियतास्रवप्रवृत्तो वा नियतोत्सूत्रभाषी वाऽनियतोत्सूत्रभाषी वाऽप्राप्तानुशयः। तस्याशुभानां=ज्ञानावरणीयादि-पापप्रकृतीनां, अनुबन्धस्य=उत्तरोत्तरवृद्धिरूपस्य बध्यमानप्रकृतिषु तज्जननशक्तिरूपस्य वा, योगात्=संबन्धादनन्तसंसारिता भवति,**

चन्द्र : **अविच्छिन्नतथाविधसंक्लिष्टाध्यवसायः** = अविच्छिन्नः = अनवरतं प्रवृत्तः **तथाविधः** तीव्रः **संक्लिष्टाध्यवसायः** = अशुभाध्यवसायो यस्य सः ।

ननु कर्मग्रन्थाभिप्रायविरुद्धमिदम् । यतः कर्मग्रन्थानुसारेण कोऽप्यध्यवसायोऽन्तर्मुहूर्त-कालमात्रमेवावतिष्ठते । ततः कथं तीव्रोऽध्यवसायोऽविच्छिन्नो भवितुमर्हतीत्यतस्तात्पर्यमाह- **स्वेच्छानुरोधात्** = स्वेच्छयैव **नियतास्रवप्रवृत्तः** = आधाकर्मादिरुपे नियते = स्थिरे आस्रवे प्रवृत्तः, **अनियतास्रवप्रवृत्तः** = कदाचिदाधाकर्मिके, कदाचित् स्थापनादोषे, कदाचित् संखडिदोषे इत्येवं परिवर्तमानेषु, अत एवानियतेषु आश्रवेषु प्रवृत्तः । एवं नियतोत्सूत्रभाषी इत्याद्यपि अवगन्तव्यम् । **अप्राप्तानुशयः** = "हा दुष्ठु कृतं" इत्यादिरुपेणाप्राप्तोऽनुशयः = पश्चात्तापो येन स ।

तथा च यद्यपि तीव्रोऽध्यवसायोऽविच्छिन्नो न सम्भवति, तथाऽपि तीव्राध्यवसायेन किञ्चन पापं कृत्वा यावत्कालं पश्चात्तापो न जायते, तावत्कालं उपयोगरुपेणाविद्यमानोऽपि तीव्राध्यवसायो लब्धिरुपेण विद्यमानोऽवगन्तव्यः, ततश्च स अध्यवसायोऽविच्छिन्नो भणितुं शक्यते इति ।

**तस्य** = अनुपरततीव्रपरिणामस्य । **उत्तरोत्तरवृद्धिरुपस्य** = प्रथमतीव्राध्यवसायकाले

याः पापप्रकृतयो बद्धाः, तासामुदयकाले पुनस्ता बध्यन्ते, तासामुदयकाले पुनरन्यास्ताः बध्यन्त...इत्येवं उत्तरोत्तरवृद्धिस्वरुपस्य अनुबन्धस्य **बध्यमानप्रकृतिषु तज्जननशक्तिरुपस्य** = तीव्राध्यवसायकाले याः पापप्रकृतयो बध्यन्ते, तासु या एतादृशी शक्तिरुत्पद्यते, यया शक्त्या ताः पापप्रकृतयः स्वोदयकाले पुनरन्याः पापप्रकृतीर्बन्धयन्ति, सा पापप्रकृतिवृद्धिजनन-शक्तिरेवानुबन्धः ततश्च तादृशशक्तिरुपस्य, **वा** = अनुबन्धपदार्थे विकल्पद्वयसूचनार्थं इदं 'वा' पदम् ।

अत्र तीव्राध्यवसायो हेत्वनुबन्धः, पापप्रकृतिषु पापप्रकृतीनामुत्तरोत्तरवृद्धिजननशक्तिः स्वरुपानुबन्धः, पापप्रकृतीनामुत्तरोत्तरवृद्धिश्च अनुबन्धानुबन्ध इति हेतुस्वरुपानुबन्धैः अनुबन्धस्य त्रैविध्यं विवेचनीयं इति दिक् ।

<u>ચન્દ્ર</u> : = જે જીવ અવિચ્છિન્ન એવા તીવ્રસંક્લિષ્ટ અધ્યવસાયવાળો છે, એટલે જે જીવમાં સતત તેવા પ્રકારના તીવ્ર સંક્લેશના અધ્યવસાય ચાલી રહ્યા છે, તેવો જે જીવ પાપ કર્મ બાંધે તેને અશુભાનુબંધના યોગથી અનંતસંસાર થાય.

(**શિષ્ય :** તમે જે કહ્યું કે "અવિચ્છિન્ન તેવા પ્રકારના સંક્લિષ્ટ અધ્યવસાયવાળો જીવ" પણ આ ઘટતું નથી. કેમકે કર્મગ્રન્થ પ્રમાણે વિચારીએ તો કોઈપણ અધ્યવસાય અન્તર્મુહૂર્તથી વધારે તો ટકતો જ નથી. તો જે તીવ્ર અધ્યવસાય અવિચ્છિન્ન હોવાની તમે વાત કરો છો, એ શક્ય જ નથી. એ અધ્યવસાય અંતર્મુહૂર્તથી વધારે ચાલવાનો જ નથી.)

**ગુરુ :** 'અવિચ્છિન્નતથાવિધ સંક્લિષ્ટપરિણામ' નો અર્થ આ પ્રમાણે કરવો કે પોતાની ઈચ્છાને અનુસારે દોષિત ગોચરી વિગેરે ચોક્કસ પ્રકારના (સ્થિર) આશ્રવોમાં = પાપોમાં પ્રવૃત્ત થયેલો કે પછી ઘડીકમાં આધાકર્મી, ક્યારેક સંખડિ, ક્યારેક સ્થાપના = એમ અચોક્કસ (અસ્થિર) આશ્રવોમાં પ્રવૃત્ત થયેલો હોય, એ નિયત ઉત્સૂત્રભાષી હોય કે અનિયત ઉત્સૂત્રભાષી હોય પણ જેને પાપ કર્યા બાદ પશ્ચાત્તાપ ઉત્પન્ન નથી થયો તેવો જીવ.

અર્થાત્ ગાથામાં રહેલ "અનુપરતતીવ્રપરિણામ" શબ્દનો અર્થ "તીવ્રભાવે પાપ કર્યા બાદ જેને પશ્ચાત્તાપ ઉત્પન્ન નથી થયો તે" એમ કરવો.

તેનો અશુભાનુબંધના કારણે અનંતસંસાર થાય છે.

એમાં અનુબંધનો અર્થ બે રીતે થઈ શકે

(૧) ઉત્તરોત્તરવૃદ્ધિરૂપ અનુબંધ. તીવ્રઅધ્યવસાય વડે એકવાર જે પાપકર્મો બંધાયા, તે જ પાપકર્મ ઉદયમાં આવે એટલે વળી એના જેવા બીજા પાપકર્મો બંધાય. એ ઉદયમાં આવે એટલે વળી ત્રીજા પાપકર્મ બંધાય...આમ પાપકર્મોની ઉત્તરોત્તરવૃદ્ધિ થવી એ પાપકર્મોનો અનુબંધ કહેવાય.

(૨) તીવ્ર અધ્યવસાયના કારણે જે પાપકર્મો બંધાતા હોય, તેમાં (પોતાના ઉદય વખતે) બીજા નવા કર્મોને ઉત્પન્ન કરી દેવાની જે શક્તિ ઉત્પન્ન થાય, તે શક્તિ એ પાપકર્મોનો અનુબંધ કહેવાય. આ પાપના અનુબંધના કારણ તે અપશ્ચાત્તાપી તીવ્રપરિણામી જીવનો અનંતસંસાર થાય.

---

**<u>યશો૦</u> ग्रन्थिभेदात् प्रागप्यनन्तसंसारार्जनेऽशुभानुबन्धस्यैव हेतुत्वात्, प्राप्तसम्यग्दर्शनानामपि प्रतिपातेन तत एवानन्तसंसारसंभवात्।**

---

**<u>चन्द्र</u>** : ननु एतादृशानामनन्तः संसारोऽशुभानुबन्धादेव जायते, न तु अन्यकारणादित्यत्र किमस्ति काचिद् युक्तिः ? उत एवमेव प्रलप्यते ? इत्यतस्तत्र युक्तिमाह-**ग्रन्थिभेदात् प्रागपि** = अनादिमिथ्यात्वदशायामपि । **अशुभानुबन्धस्यैव** = पापानुबन्धस्यैव, न त्वन्यस्य कस्यचिदित्येवकारार्थः । **प्रतिपातेन** = मिथ्यात्वगमनेन **तत एव** = अशुभानुबन्धादेव ।

यथा हि अनादिमिथ्यादृशामनन्तसंसारोऽशुभानुबन्धादेव भवति, तथैव सादिमिथ्यादृशामपि अशुभानुबन्धादेवानन्तसंसारो जायत इति निश्चितमनुमीयत इति ।

सम्यक्त्वदशायामनन्तसंसारस्यासम्भव इति 'प्रतिपातेन' इति पदमुपात्तमिति बोध्यम् ।

**<u>ચન્દ્ર</u>** : (**શિષ્ય** : "આવા લોકોનો અનંત સંસાર અશુભાનુબંધથી જ થાય છે અને બીજા કોઈ કારણથી નથી થતો" આ વાત માનવામાં શું કોઈ યુક્તિ છે ? કે એમ ને એમ જ આ પ્રલાપ કરાય છે.)

**ગુરુ** : યુક્તિ છે જ. ગ્રન્થિભેદ થયો એની પૂર્વેના કાળમાં બધા જીવો અનાદિકાળથી મિથ્યાત્વી હતા. આ જીવોને એ કાળમાં જે અનંતસંસારની પ્રાપ્તિ થઈ છે, એમાં અશુભાનુબંધ જ કારણ છે એ વાત તો બધા જ માને છે. તો પછી ગ્રન્થિભેદ બાદ સમ્યક્ત્વ પામી ચૂકેલાઓનો પણ વળી પાછો સમ્યગ્દર્શનથી પાત થાય અને પાત વડે

જે અનંતસંસાર થાય, તે આ અશુભાનુબંધથી જ સંભવી શકે છે.

આશય એ કે સમ્યક્ત્વની પૂર્વના કાળમાં થયેલો અનંત સંસાર જો અશુભાનુબંધથી થયેલો હોય, તો પછી સમ્યક્ત્વ પામ્યા બાદ પાછા મિથ્યાત્વે જઈને પછી જે અનંત સંસાર થાય, તેને પણ અશુભાનુબંધથી થયેલો જ માનવો શું ખોટો ?

<u>यशो०</u> **तदुक्तं उपदेशपदे –**

"गंठीइ आरओ वि हु असईबंधो ण अन्नहा होइ ।
ता एसो वि हु एवं णेओ असुहाणुबंधो त्ति" ।।३८६।।

**ततश्च बन्धमात्रान्नानन्तसंसारिता, किन्त्वनुबन्धादिति स्थितम् ।**

<u>चन्द्र</u> : "ग्रन्थेः प्राक्काले॑ऽनन्तसंसामोऽशुभानुबन्धाद् भवति" इत्यत्र साक्षिपाठमाह-**तदुक्त**मित्यादि । उपदेशपदगाथासङ्क्षेपार्थस्त्वयम्-**ग्रन्थेः आरतोऽपि** = प्रागपि **खलु असकृद्** = पुनः पुन**र्बन्धो नान्यथा** = नाशुभानुबन्धं विना **भवति** । तस्मात् **एषोऽपि** = असकृद्बन्धोऽपि **एवं** = अशुभानुबन्धरुपस्य कारणस्य असकृद्बन्धात्मके कार्ये उपचारकरणात् **अशुभानुबन्धो ज्ञेयः ।**

निष्कर्षमाह-**ततश्च बन्धमात्रात्** = उत्सूत्रनिरुपणाद्यवसरे सम्भवतोऽसंख्येयकाल-स्थितिकात् कर्मबन्धमात्रात् **नानन्तसंसारिता,** किन्तु **अनुबन्धात्** = पुनः पुनः असंख्येयकालस्थितिककर्मबन्धपरम्परया **इति स्थितम् ।**

<u>ચન્દ્ર</u> : ("ગ્રન્થિભેદની પૂર્વકાળમાં અશુભાનુબંધથી જ અનંતસંસાર થાય છે" એ વાતમાં સાક્ષિપાઠ આપે છે કે)

ઉપદેશપદમાં કહ્યું છે કે ગ્રન્થિની પૂર્વે પણ અનેકવાર કર્મબંધ અશુભાનુબંધ વિના થતો નથી. તેથી આ બંધ પણ (અશુભાનુબંધરૂપ કારણથી જન્ય હોવાને લીધે કાર્યમાં કારણનો ઉપચાર કરવા દ્વારા) અશુભાનુબંધ જાણવો.

આમ એ વાત નક્કી થઈ કે માત્ર અસંખ્યાતકાલીન સ્થિતિના બંધમાત્રથી અનંતસંસાર ન થાય, પરંતુ વારંવાર તે બંધ થવા રૂપ અનુબંધથી અનંતસંસાર થાય.

<u>यशो०</u> **अत एवाभोगादनाभोगाद्वोत्सूत्रभाषिणामपीह जन्मनि जन्मान्तरे वाऽऽलोचित-**

**प्रतिक्रान्ततत्पातकानामनुबन्धविच्छेदान्नानन्तसंसारिता,**

---

**चन्द्र** : अनुबन्धादेवानन्तसंसार इति दृढयितुमाह-**अत एव** = यतो न बन्धमात्राद-नन्तसंसारः, किन्तु असकृत्पापप्रकृतिबन्धात्मकादनुबन्धादनन्तसंसारः, तस्मादेव कारणात् **उत्सूत्रभाषिणामपि** = न केवलं सामान्यपापकारिणां, किन्तु उत्सूत्रभाषणात्मक-महापापकारिणामपि इति 'अपि'शब्दार्थः । **आलोचितप्रतिक्रान्ततत्पातकानां** = गुरुसमीपे सरलभावेन प्रकटीकृतं, 'मिथ्या मे दृष्कृतं' इति भणनेन गुरुदत्तप्रायश्चित्तवहनेन च प्रतिक्रान्तं तत् = उत्सूत्रप्ररुपणात्मकं पातकं यैस्ते, तेषां **अनुबन्धविच्छेदात्** =उत्सूत्रप्ररुपणाकरणकाले याः पापप्रकृतयो बद्धाः, तासां या पुनः पापप्रकृतिबन्धजननशक्तिः, तस्या विनाशात् **नानन्तसंसारिता** ।

(**चन्द्र** : इदन्तु बोध्यम् । पश्चात्तापभावेन पूर्वबद्धानां पापप्रकृतीनां निर्जरणं, पापप्रकृतिनिर्जराऽभावेऽपि तासु विद्यमानायाः पुनः पापप्रकृतिबन्धजननशक्तेः विनाशो वा पापानुबन्धविच्छेदपदेन परिगणनीयः ।

तत्र प्रथमस्वरुपस्य पापानुबन्धविच्छेदस्य विद्यमानत्वे तासां प्रकृतीनामुदयस्यैवाभावात् न ताभिः पुनः पापप्रकृतिबन्धो भवति । द्वितीयस्वरुपस्य पापानुबन्धविच्छेदस्य विद्यमानत्वे तासां प्रकृतीनां क्षयाभावादुदयसम्भवेऽपि पुनःपापप्रकृतिबन्धजननशक्त्यभावात् न पुनः पापप्रकृतिबन्ध इति ।)

**ચન્દ્ર** : "પાપબંધ અનંતસંસારજનક નથી, પરંતુ પાપાનુબંધ અનંતસંસારજનક છે" માટે જ તો ઉત્સૂત્રભાષણ જેવા ભયંકર પાપ કરનારાઓ પણ જો આ જન્મમાં કે આવતા જન્મોમાં પોતાના તે પાપોની ગુરુસમક્ષ આલોચના અને "મિથ્યા મે દુષ્કૃતં" દેવાપૂર્વક, પ્રાયશ્ચિત્ત વહન કરવા દ્વારા પ્રતિક્રમણ કરી લે તો તેઓના અનુબંધનો વિચ્છેદ થઈ જવાથી અનંતસંસાર ન થાય.

(ઉત્સૂત્રભાષણ કરતી વખતે બંધાયેલી પાપપ્રકૃતિઓમાં જે ફરીથી નવી નવી પાપપ્રકૃતિઓને બંધાવવાની શક્તિ પડેલી, તે શક્તિનો વિચ્છેદ થવો એનું નામ જ અનુબંધવિચ્છેદ છે.)

(**ચન્દ્ર** : આ વાત ધ્યાનમાં લેવી કે

(૧) પશ્ચાત્તાપના પરિણામ વડે પૂર્વે બાંધેલી પાપપ્રકૃતિઓની નિર્જરા.

(૨) એ પાપપ્રકૃતિઓની નિર્જરાના અભાવમાં પણ તેઓમાં રહેલ ફરી પાપપ્રકૃતિબંધને ઉત્પન્ન કરવાની શક્તિનો વિનાશ.

પાપાનુબંધવિચ્છેદપદથી સમજવા.

તેમાં પ્રથમ પ્રકારનો પાપાનુબંધવિચ્છેદ હોય, તો તે પ્રકૃતિઓનો ઉદય જ ન થવાનો હોવાથી તે પ્રકૃતિઓ વડે ફરી પાપકર્મબંધ ન થાય.

બીજા પ્રકારના પાપાનુબંધવિચ્છેદની હાજરીમાં તે પ્રકૃતિઓનો ક્ષય ન થયો હોવાથી ઉદયનો સંભવ હોય, તો પણ ફરી પાપપ્રવૃતિબંધજનનશક્તિનો અભાવ હોવાથી પાપબંધ ન થાય.)

---

યશો૦ **केवलमनन्तभववेद्यनिरुपक्रमकर्मबन्धे तन्निःशेषतां यावत् प्रायश्चित्तप्रतिपत्तिरेव न स्याद्,**

---

**चन्द्र : ननु** यदि एवं आलोचनाप्रतिक्रमणाभ्यां अनुबन्धविच्छेदादनन्तसंसारो न भवेत्, तर्हि किमिति सर्वेषामपि आलोचनाप्रतिक्रमणाभ्यामनुबन्धविच्छेदो न भवति ? किं केषाञ्चिदेव भवति ? किमत्र प्रधानं कारणं ? इत्यत आह-**केवलं** = यद्यपि आलोचनादिना अनुबन्धविच्छेदादनन्तसंसारो न भवतीति सत्यं, किन्तु एतावान् विशेषो यदुत **अनन्तभववेद्यनिरुपक्रमकर्मबन्धे** = असकृद् बन्धपरम्परयाऽनन्तभवैरेव यद् वेद्यते, तादृशं यत् **निरुपक्रमं** = निकाचितादिस्वरुपं कर्म, तस्य बन्धे सति **तन्निःशेषतां यावत्** = अनन्तभवैस्तत्कर्मवेदनेन तत्क्षयं यावत् **प्रायश्चित्तप्रतिपत्तिरेव** = अनुबन्धविच्छेदस्तावद् दूरे, किन्तु प्रायश्चित्तप्रतिपत्तिमात्रमपि **न स्यात्** ।

**ચન્દ્ર : (શિષ્ય :** જો આ પ્રમાણે આલોચનાદિ દ્વારા અનુબંધનો વિચ્છેદ થઈ જવાથી અનંતસંસાર ન થાય, તો પછી શા માટે બધાય જીવોને આલોચનાદિ દ્વારા અનુબંધવિચ્છેદ નથી થતો ? શા માટે કેટલાકોને જ આલોચનાદિ પ્રગટે છે અને તેનાથી અનુબંધ તૂટે છે ?)

**ગુરુ :** એ વાત સાચી છે કે આલોચનાદિ દ્વારા અનુબંધનો વિચ્છેદ થાય...પરંતુ આટલી વિશેષતા સમજી લેવી જોઈએ કે જો ઉત્સૂત્રપ્રરુપણાદિ વખતે એવા પ્રકારના કર્મનો બંધ થયો હોય કે જે અનંત ભવો દ્વારા જ અનુભવીને ખતમ કરી શકાય અને

જે નિરુપક્રમ હોય અર્થાત્ જેમાં કોઈ ફેરફાર થઈ શકે તેમ ન હોય, તો આવા કર્મબંધનો સર્વથી ક્ષય ન થાય ત્યાં સુધી એ જીવને પ્રાયશ્ચિત્તનો સ્વીકાર જ ન થાય.

(અહીં ખ્યાલ રાખવો કે એકવારમાં બંધાયેલું કોઈપણ કર્મ અસંખ્યભવોથી વધારે ભવ સુધી ભોગવવાનું હોય જ નહિ. એટલે અહીં જે અનંતભવવેદ્ય કર્મ બતાવ્યું છે. તેનો પરમાર્થ આ જ છે કે આ અસંખ્યભવવેદ્ય કર્મ એવું તો ભયંકર હોય કે એના ઉદયમાં નવું અસંખ્યભવવેદ્ય-નિરુપક્રમ કર્મ બંધાય. એ કર્મ પણ એવું હોય કે એના ઉદયમાં નવું અસંખ્યભવવેદ્ય કર્મ બંધાય...આમ પરંપરાએ અનંતભવો સુધી આ કર્મો ભોગવવા પડે, પણ આનું મૂળ તો સૌ પ્રથમવાર બાંધેલું કર્મ જ છે. એટલે અપેક્ષાએ એમ કહી શકાય કે એ કર્મ અનંતભવવેદ્ય હતું.)

---

**<u>यशो०</u> अध्यवसायविशेषान्नियतोपक्रमणीयस्वभावकर्मबन्धे चेह जन्मनि जन्मान्तरे वा प्रायश्चित्तप्रतिपत्तिः स्यात्।**

---

**<u>चन्द्र</u> : अध्यवसायविशेषात्** = मन्दाध्यवसायादित्यर्थः । **नियतोपक्रमणीयस्वभाव-कर्मबन्धे च** = गुरूपदेशेन शास्त्रपठनेन वैयावृत्त्येन जिनभक्त्या अन्येन वा केनचिच्छुभयोगेनावश्यं यत्कर्म स्वफलमदर्शयित्वैव क्षपयितु शक्यते, तस्य कर्मण उपक्रमणीयस्वभावो नियतः कथ्यते । ततश्च नियत उपक्रमणीयस्वभावो यस्य, तादृशं यत्कर्म, तद्बन्धे सति ।

एतादृशकर्मबन्धश्चाध्यवसायमन्दताधीन इति बोध्यम् ।

<u>ચન્દ્ર</u> : જે જીવને ઉત્સૂત્રપ્રરુપણાદિ વખતે અધ્યવસાયની મંદતાના કારણે તેવા પ્રકારના કર્મનો બંધ થયો હોય કે જે કર્મનો નિયત એવો ઉપક્રમણીયસ્વભાવ હોય, અર્થાત્ કેવલીની દૃષ્ટિમાં એ નક્કી દેખાયું હોય કે "આ કર્મ ગુરુ-ઉપદેશાદિ કોઈક શુભયોગ વડે અવશ્ય પોતાના ફળને બતાવ્યા વિના ખતમ થઈ જ જશે" તે કર્મ નિયતોપક્રમણીયસ્વભાવવાળું કહેવાય.

આવા કર્મનો બંધ થયો હોય તો એ જીવને એ જ ભવમાં કે પછીના ભવમાં પ્રાયશ્ચિત્તનો સ્વીકાર થાય. (એનાથી અનુબંધવિચ્છેદાદિ થાય.)

(અહીં એ વાત સમજી રાખવી કે આવા પ્રકારના કર્મનો બંધ અધ્યવસાયની મંદતાને આધીન છે, જો પાપ વખતે તીવ્ર અધ્યવસાય હોય, તો કર્મ પણ અનંતભવવેદ્ય નિરુપક્રમસ્વભાવવાળું બંધાઈ જાય.)

**यशो० अत एव जमालिशिष्यादीनां भगवत्समीपमुपगतानां तद्भव एवोत्सूत्रभाषणप्रायश्चित्त-प्रतिपत्तिः । कालीप्रभृतीनां च** 'तस्स ठाणस्स अणालोइअ अपडिक्कंता कालमासे कालं किच्चा०' **इत्यादि वचनात् तद्भावानालोचितपार्श्वस्थत्वादिनिमित्तपापानां भवान्तर एव प्रायश्चित्तप्रतिपत्तिः ।**

---

चन्द्र : **अत एव** = यतो नियतोपक्रमणीयस्वभावकर्मबन्धे इहभवे जन्मान्तरे वा प्रायश्चित्तप्रतिपत्तिः स्यात्, तस्मादेव कारणात् **जमालिशिष्यादीनां** = आदिशब्दात् प्रियदर्शना-साध्व्यादिपरिग्रहो **भगवत्समीपमुपगतानां** = प्रथमं जमालिमतस्वीकारं कृत्वा पश्चात् ढंककुम्भकारादिना प्रतिबोधं प्राप्य श्रीमहावीरशरणं समागतानां ।

एवं इहलोके प्रायश्चित्तप्रतिपत्तेः दृष्टान्तं प्रदर्श्याधुना परलोके प्रायश्चित्तप्रतिपत्तेः दृष्टान्तमाह- **कालीप्रभृतीनां च** = कालीप्रमुखाणां पार्श्वनाथतीर्थसाध्वीनां **तस्य ठाणस्स** = उत्सूत्रप्ररुपणादिरुपस्य पापस्थानस्य **अणालोइअ अपडिक्कंता** = अनालोचयित्र्यः अप्रतिक्रान्त्यश्च **कालमासे** = कालधर्मकाले **कालं किच्चा** = मरणं प्राप्य **इत्यादिवचनात्** ज्ञाताधर्मकथाङ्गपाठात् **तद्भवानालोचितपार्श्वस्थत्वादिनिमित्तपापानां** = तस्मिन्भवे अनालोचितानि पार्श्वस्थत्वादिनिमित्तकानि पापानि याभिस्ताः, तासां । हेतुगर्भितमिदं पदं, यतः ताः तद्भवे पार्श्वस्थत्वादिनिमित्तपापानामनालोचयित्र्यः, तत एव तासां **भवान्तर एव** = न तु तस्मिन्नेव भव इत्येवकारार्थः **प्रायश्चित्तप्रतिपत्तिः** ।

ज्ञाताधर्मकथाङ्गपाठाद् ज्ञायते यदुत कालीप्रभृतिभिस्तस्मिन्भवे आलोचना न कृता, ततश्च निश्चीयते यदुत ताभिः परभवे एव प्रायश्चित्तप्रतिपत्तिः कृतेति भावार्थः ।

ચન્દ્ર : નિયતોપક્રમણીયસ્વભાવવાળા કર્મનો બંધ હોય, તો આ ભવમાં કે પરભવમાં પ્રાયશ્ચિત્તનો સ્વીકાર થાય.

આ જ કારણસર જમાલિના શિષ્યો, પ્રિયદર્શના વિગેરે એ પ્રથમ જમાલિમતનો સ્વીકાર કર્યા બાદ પછી ઢંક કુંભારાદિ દ્વારા પ્રતિબોધ પામીને એ જ ભવમાં પ્રભુ પાસે પ્રાયશ્ચિતનો સ્વીકાર કરેલો છે,

અર્થાત્ તેઓના ઉત્સૂત્રપ્રરુપણાદિકાળે બંધાયેલા કર્મો ઉપક્રમણીયસ્વભાવવાળા હતા, માટે તેઓએ તે જ ભવમાં પ્રાયશ્ચિત્ત કરી લીધું.

એટલે અમારી જે પ્રરુપણા છે કે "આવા કર્મવાળાઓ આભવ કે પરભવમાં પ્રાયશ્ચિત્ત કરે જ." એ પ્રરુપણા આ દૃષ્ટાન્તથી સાચી સાબિત થાય છે.

હવે પરલોકનું દૃષ્ટાન્ત જોઈએ.

કાલી વિગેરે પાર્શ્વનાથભગવાનના તીર્થની સાધ્વીજીઓ શિથિલ, યથાછંદ બની ગયેલ હતી,

વળી જ્ઞાતાધર્મકથાનો પાઠ છે કે "આ સાધ્વીજીઓ પોતાના તે પાપોનું આલોચન, પ્રતિક્રમણ કર્યા વિના જ કાળમાસમાં = કાળધર્મના સમયે મૃત્યુ પામીને..."

**આ પાઠથી એ સ્પષ્ટ જણાય છે કે તેઓએ તે ભવમાં તો પાસત્થાદિપણાના નિમિત્તભૂત એવા શિથિલાચારાદિ પાપોના આલોચનાદિ કર્યા નથી જ. અને એટલે એનાથી નક્કી થાય છે કે તેઓએ પછીના ભવમાં પ્રાયશ્ચિતનો સ્વીકાર કર્યો જ હશે. આમ "આવા કર્મવાળાઓને પરભવમાં પણ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર સંભવે" એ વાત સાચી સાબિત થાય છે.**

---

<u>यशो०</u> 'काली णं भंते । देवी ताओ देवलोगाओ अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिति? कहिं उववज्जिहिति? गोयमा । महाविदेहवासे सिज्झिहिति' (२.१.१) **इत्यादिवचनात्तासां भवान्तर एव पूर्वभवाचीर्णपार्श्वस्थत्वादिजातपापकर्मप्रायश्चित्तभणनात्** ।

---

<u>चन्द्र</u> : ननु "कालीदेवीप्रभृतिभिरिहलोके प्रायश्चित्तादिकं न कृतम्" इति तु षष्ठाङ्गपाठात् ज्ञायते, किन्तु "ताभिः परलोके तत्कृतम्" इति तु कथं निर्णीयते ? न हि तत्प्रतिपादकः कश्चिच्छास्त्रपाठो दृश्यते । न हि इहलोके प्रायश्चित्ताद्यकरणमात्रात् परलोके तत्करणानुमानं सम्भवेत् इत्यत आह-**काली णं भंते ! इत्यादि** ।

पाठार्थस्त्वयम् - हे भगवन् ! काली देवी तस्माद् देवलोकान्निर्गत्यानन्तरभवे कुत्र गमिष्यति ? कुत्रोपपत्स्यते ? हे गौतम ! महाविदेहक्षेत्रे सेत्स्यति - इति । **इत्यादिवचनात् = षष्ठाङ्गपाठात्** । **भवान्तर एव** = न त्विहलोक इति एवकारार्थः **पूर्वभवाचीर्णेत्यादि** पूर्वभवे आचीर्णं = सेवितं यत्पार्श्वस्थत्वादि, तस्माज्जातानि यानि पापकर्माणि, तत्प्रायश्चित्तस्य भणनात् । तथा च प्रकृतपाठात् "कालीदेवीप्रभृतीनां परभवे प्रायश्चित्तप्रतिपत्तिः" इति निश्चयः ।

<u>ચન્દ્ર</u> : (**શિષ્ય** : તમે આપેલા પાઠમાં તો એટલી જ વાત કરી છે કે "કાલીદેવી

વિગેરેએ આભવમાં આલોચનાદિ કર્યા નથી" પણ એ પાઠમાં પરલોકમાં તેઓએ પ્રાયશ્ચિત્તાદિ કર્યા હોવાની વાત તો દેખાડી જ નથી.

"જેઓ આલોકમાં પ્રાયશ્ચિત્તાદિ ન કરે, તેઓ પરલોકમાં પ્રાયશ્ચિત્તાદિ કરે જ" એવું તો ન જ કહી શકાય.)

**ગુરુ :** છઠ્ઠા અંગમાં આ પ્રમાણે પાઠ છે કે -

"હે ભગવાન ! કાલીદેવી તે દેવલોકમાંથી નીકળીને પછીના તરતના ભવમાં ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે."

આ વચનો દ્વારા તે કાલીદેવી વિગેરેને ભવાંતરમાં જ પૂર્વભવમાં આચરેલ પાસત્થાદિ પણાથી ઉત્પન્ન થયેલા પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત કહેવાયેલ છે. અર્થાત્ આ પાઠ એવું કથન કરે છે કે "કાલીદેવી વિગેરેએ ભવાંતરમાં પ્રાયશ્ચિત્તાદિ કરેલ છે."

(ખ્યાલ રાખવો કે ઉત્સૂત્રપ્રરૂપણા, શિથિલ આચાર એ પણ પાપકર્મ કહેવાય અને એનાથી બંધાતા મોહનીયાદિ કર્મો પણ પાપકર્મ કહેવાય. સામાન્યથી તો શિથિલાચારાદિ નહિ. પરંતુ અહીં **पार्श्वस्थत्वादिजात...** પાર્શ્વસ્થત્વાદિ જાત...ઈત્યાદિ જે લખેલ છે તેનો અર્થ આ થાય કે "પાસત્થાદિપણાથી ઉત્પન્ન થયેલા પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત..." હવે પાસત્થાદિત્વ એટલે શિથિલાચારાદિ છે, અને એનાથી ઉત્પન્ન થયેલ પાપકર્મો તરીકે મોહનીયાદિ જ લેવાય. આમ અહીં મોહનીયાદિ પાપકર્મોના પ્રાયશ્ચિત્તનું નિરૂપણ સમજવું પડે અને એ ઉપચારથી જ સમજી લેવું અથવા પાર્શ્વસ્થત્વાદિ એટલે આત્માના તેવા પ્રકારના મલિન અધ્યવસાયો...અને તેનાથી ઉત્પન્ન થયેલ પાપકર્મ તરીકે શિથિલાચારાદિ લઈ શકાય.)

---

<u>યશો૦</u> 'सव्वा वि हु पव्वज्जा पायच्छित्तं भवंतरकडाणं पावाणं कम्माणं ।' (पञ्चाशक ७९२) **इत्यादिपूर्वाचार्यवचनात्प्रव्रज्याया एव भवान्तरकृतकर्मप्रायश्चित्तरूपत्वात् ।**

---

**<u>चन्द्र</u> : ननु किमिदं. उन्मत्तप्रलापित्वं समाद्रीयते भवद्भिः ? प्रतिपादितपाठे केवलं तासां सिद्धिपदप्राप्तिरेव निरुपिता, प्रायश्चित्तप्रतिपत्तेस्तु गन्धोऽपि तत्र न दृश्यत इत्यत आह- सव्वा वि हु इत्यादि ।**

सूरिपुरन्दरवचनसङ्क्षेपार्थस्त्वयम् - सर्वाऽपि खलु प्रव्रज्या भवान्तरे कृतानां पापानां

कर्मणां प्रायश्चित्तमस्ति - इति । पूर्वाचार्यवचनात् = हरिभद्रसूरिवचनात् प्रव्रज्याया एव = न तु तत्रान्यविधस्य प्रायश्चित्तस्यान्वेषणायाः प्रयोजनमिति एवकारार्थः ।

षष्ठाङ्गपाठे कालीदेवीप्रभृतीनां सिद्धिपदप्राप्तिर्निरुपिता, सा च भावप्रव्रज्यां विना न सम्भवति । भावप्रव्रज्या च भवान्तरकृतपापकर्मप्रायश्चित्तरुपा पूर्वाचार्यवचनेन सिद्धा । ततश्च तासां "भवान्तरे प्रायश्चित्तप्रतिपत्तिः" इत्यस्मद्वचनं निर्दोषमेव ।

<u>ચન્દ્ર</u> : (**શિષ્ય** : તમે આ કેવા પાગલના જેવા વચનો બોલો છો ? તમે બતાવેલા પાઠમાં તો માત્ર એટલી જ વાત છે કે 'કાલીદેવી સિદ્ધિપદ પામ્યા.' પણ એમાં પ્રાયશ્ચિત્ત સ્વીકારનો તો ઉલ્લેખ પણ નથી. તો એ પાઠથી શી રીતે સિદ્ધ થાય કે "કાલીદેવી વિગેરેએ ભવાન્તરમાં પ્રાયશ્ચિત્ત કરેલ છે."

**ગુરુ** : શ્રી હરિભદ્રસૂરિજીનું વચન છે કે "આખી ય દીક્ષા પૂર્વભવોમાં કરેલ પાપકર્મોના પ્રાયશ્ચિત્ત રૂપ છે."

આ વચનથી સિદ્ધ થાય છે કે ભાવદીક્ષા જ કાલી વિગેરેમાં ભવાન્તરના પાપકર્મોના પ્રાયશ્ચિતરૂપ છે, ત્યાં બીજા કોઈપણ પ્રકારના પ્રાયશ્ચિત્તને શોધવાની જરૂર જ નથી.

આશય એ છે કે છટ્ઠા અંગમાં કાલીદેવી વિગેરેને પરમપદપ્રાપ્તિ બતાવી છે. પરમપદની પ્રાપ્તિ દીક્ષા વિના ન થાય. અને દીક્ષા એ પૂર્વભવીય પાપોના પ્રાયશ્ચિત્ત રૂપ જ છે. એટલે આ રીતે "કાલીદેવી વિગેરેએ ભવાન્તરમાં પ્રાયશ્ચિત્ત સ્વીકારેલ છે." એ વાત સિદ્ધ થાય છે.

---

<u>यशो०</u> एतेन 'कृतस्य पापस्य प्रायश्चित्तप्रतिपत्तिस्तस्मिन्नेव भवे भवति न पुनः जन्मान्तरेऽपि' **इति वदंस्तत्र** 'जावाउ सावसेसं०' **(उपदेशमाला २५८) इत्यादि सम्मतिमुद्भावयन् व्यक्तामसंलग्नकतामनवगच्छन्निरस्तो बोध्यः** ।

---

<u>चन्द्र</u> : **एतेन** ="इहभवकृतानां पापानां प्रायश्चित्तं परलोकेऽपि सम्भवति" इति प्रतिपादनेन । अस्य "निरस्तः" इति अनेन पदेन सहान्वयः । एतेन शास्त्रानुसारिप्रतिपादनेन **वक्ष्यमाणः पूर्वपक्षो निरस्तो बोध्य इति भावार्थः** ।

**कृतस्य पापस्य** इत्यादि सुगमम् । **वदन्** = पूर्वपक्षः **तत्र** = स्वनिरुपणे ।

**जावाउ सावसेसं** इत्यादि उपदेशमालागाथासङ्क्षेपार्थस्त्वयं - हे जीव ! यावत् आयुः

शेषमस्ति, यावच्च स्तोकोऽपि व्यवसायः = प्रवृत्तिः अस्ति, तावत् कुर्याः आत्महितं, मा शशिराज इव शोचिष्यसि - इति । **सम्मतिं** = साक्षिपाठं **उद्भावयन्** = प्रकटयन् पूर्वपक्षः **व्यक्तां** = स्पष्टां **असंलग्नकतां** = अयुक्तियुक्ततां, युक्तिबाह्यतामिति यावत् **अनवगच्छन्** पूर्वपक्षः ।

इदमत्र रहस्यम् = पूर्वपक्षः कथयति-कृतस्य पापस्य तस्मिन्नेव भवे प्रायश्चित्तं सम्भवति, न तु परभवे । यत उपदेशमालायां शशिराजं दृष्टान्तं कृत्वाऽऽत्महितकरणोपदेशो दत्तः । तत्रापि "यावद् आयुः शेषं" इति भणनेन इहभवायुष्कसद्भावे एव आत्महितकरणमुपदिष्टं । प्रायश्चित्तं चात्महितमेव । एवं च अयमर्थः पर्यवसन्नो यदुत "यावदिहभवो विद्यते, तावदेव प्रायश्चित्तादिकं कुर्याः, यदि न कुर्याः, तर्हि परभवे शोचिष्यसि"-इति ।

यदि च परभवेऽपि इहलोककृतपापप्रायश्चित्तं सम्भवेत् तर्हि ग्रन्थकारो नैवं भाषेत, प्रत्युतैवं भाषेत यदुत 'यदि इहभवे प्रायश्चित्तादिकं न कृतं, तदाऽपि मा भीः, परलोके करिष्यसि' इति । न चैवं भाषितम् । तस्मात् निश्चीयते यदुत 'परलोके इहभवकृतपापप्रायश्चित्तं न सम्भवति' इति ।

ग्रन्थकृता तु पूर्वमेव **"सव्वा वि हु पव्वज्जा"** इति पाठेन परभवेऽपि इहभवकृत-पापप्रायश्चित्तं साधयित्वा पूर्वपक्षो दिङ्मूढः कृत एव ।

उपदेशमालावचनं तु हे पूर्वपक्ष ! त्वमेव सम्यग् न जानासि ? यदि हि आत्महितपदेन प्रायश्चित्तं गृह्यते, तर्हि सर्वविरतिरपि गृह्यते । ततश्च भवदुक्तरीत्येदमपि आपतितं यदुत "यावद् इहभवोऽस्ति, तावत्सर्वविरतिं कुर्याः" इति भावार्थलाभात् परभवे सर्वविरतिरपि भवता निषेधनीया स्यात् ।

यदि च त्वमेवं उत्तरं दास्यसि यदुत "उपदेशमालायां शीघ्रमात्महितकरणार्थं उपदेशो दत्तः । इहभवे आत्महितं स्वाधीनं, परभवे तु तद् भवति वा न वा । न हि परभवः अस्मादृशां प्रत्यक्षः, येन तत्रात्महिताभिलाषः कर्तुं युक्तः" इति ।

तर्हि वयमपि इदमेव प्रत्युत्तरं ददामो यदुत "इहभवे प्रायश्चित्तादिकं स्वाधीनं, परभवे तु तद् भवति वा न वा, यतः परभवे वयं कुत्र गच्छाम इति न जानीमः, ततोऽधुनैवात्महितकरणं युक्तम् । न चैतावन्मात्रेण परलोके इहभवकृतपापप्रायश्चित्ताभावः सिद्ध्यति" इति ।

<u>ચન્દ્ર</u> : "આ ભવમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત પરભવમાં પણ થઈ શકે" આવું

અમે જે સિદ્ધ કર્યું. એનાથી કેટલાક લોકોના મતનું ખંડન થઈ ગયેલું જાણવું. સૌ પ્રથમ તો એ મત કયો છે ? એ જાણીએ.

**પૂર્વપક્ષ** : કરેલા પાપના પ્રાયશ્ચિત્તનો સ્વીકાર તે જ ભવમાં થાય છે,. પરંતુ 'જન્માન્તરમાં પણ તે સ્વીકાર થાય' એ વાત ખોટી છે.

એ પૂર્વપક્ષ આવું બોલે છે અને પોતાની વાતને સિદ્ધ કરવા માટે એમાં સાક્ષિપાઠ પણ આપે છે.

તે આ પ્રમાણે - જ્યાં સુધી આયુષ્ય બાકી હોય, જ્યાં સુધી થોડોક પણ વ્યવસાય = પ્રવૃત્તિ = હલનચલન હોય, ત્યાં સુધીમાં આત્મહિત કરી લેવું જોઈએ. કે જેથી શશિરાજની જેમ પરલોકમાં શોક કરવાનો ન રહે.

(શશિરાજે રાજાના ભવમાં લેશપણ આત્મહિત ન કર્યું. તે મરીને પરલોકમાં નરકે ગયો. ત્યાં જુનો ભવ યાદ કરીને ખૂબ શોક કરે છે કે મેં આત્મહિત ન કર્યું, માટે નરકમાં આવ્યો...)

પૂર્વપક્ષ આ રીતે સાક્ષીપાઠ તો આપે છે, પણ એમાં સ્પષ્ટ રીતે જણાતી યુક્તિ-વિરુદ્ધતા = અસંલગ્નતાને સમજતો નથી. આ પૂર્વપક્ષનું ખંડન તો અમે "બધી જ દીક્ષા જન્માન્તરોમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત છે." એવું કહેવા દ્વારા જ કરી લીધું. કેમકે આ પાઠ દ્વારા ઈહભવના પાપોનું પ્રાયશ્ચિત્ત પરભવમાં થવાની વાત સ્પષ્ટ કહી જ છે.

(પૂર્વપક્ષે જે સાક્ષીપાઠ આપ્યો છે તેની પાછળ પૂર્વપક્ષ એમ દલીલ કરે છે કે "જ્યાં સુધી આયુષ્ય બાકી હોય ત્યાં સુધી આત્મહિત કરી લો." એવો ઉપદેશ છે. પ્રાયશ્ચિત્ત પણ આત્મહિત જ છે ને ? એટલે અર્થ એ થયો કે "જ્યાં સુધી આયુષ્ય બાકી હોય ત્યાં સુધીમાં પ્રાયશ્ચિત્ત કરી લો."

અહીં સ્પષ્ટ સમજાય છે કે પરભવમાં પ્રાયશ્ચિત્ત થઈ શકતું નહિ હોય, માટે જ આભવ બાકી હોય ત્યાં સુધીમાં પ્રાયશ્ચિત્ત કરવાની વાત કરી છે. જો પરભવમાં પણ પ્રાયશ્ચિત થઈ શકતું હોત તો શાસ્ત્રકાર એમ કહેત કે "પાપનું પ્રાયશ્ચિત્ત આભવમાં કે છેવટે પરભવમાં કરજે..." પણ એમ તો કહ્યું નથી, માટે આ પાઠને આધારે આ પદાર્થ નક્કી થાય છે કે આભવના પાપોનું પ્રાયશ્ચિત્ત આભવમાં જ થાય, પરભવમાં

ન થાય.

એની સામે ગ્રન્થકારશ્રી કહે છે કે ભાઈ ! આત્મહિત તરીકે તો દીક્ષા વિગેરે તમામ ધર્મો આવે. તારા કહેવા પ્રમાણે તો પ્રાયશ્ચિત્તની માફક "આ દીક્ષા વિગેરે ધર્મો પણ પરભવમાં પ્રાપ્ત ન થાય" એમ જ માનવાની આપત્તિ આવે.

તું જો એમ કહે છે કે "દીક્ષા વિગેરે પરભવમાં પણ મળી શકે. પણ આભવ આપણા હાથમાં છે, એમાં આરાધના કરવી આપણી મરજીની વાત છે. પરભવ આપણે જાણતા નથી. એટલે શાસ્ત્રકારો આવો ઉપદેશ આપે એ સ્વાભાવિક છે. એટલા માત્રથી પરભવમાં દીક્ષાદિના અભાવની સિદ્ધિ ન થાય."

તો આ જ વાત પ્રાયશ્ચિત્તમાં પણ કેમ લાગુ ન પડે ? એ તું વિચારજે.)

---

**યશો૦** **अथ पूर्वभवकृतपापपरिज्ञानाऽभावात्कुतस्तदालोचनम्? कुतस्तरां च तत्प्रायश्चित्तम्? इति चेत् ?,**

---

**ચન્દ્ર** : **पूर्वपक्षः शङ्कते-अथ** इत्यादि । **कुतस्तदालोचनम् ?** =केन प्रकारेण अपरिज्ञातानां **पूर्वभवीयपापानां** आलोचनं सम्भवेत् ? न **कथमपीत्याशयः** । **कुतस्तरां च तत्प्रायश्चित्तम्** = प्रथमं आलोचनं भवेत्, तदन्तरं आलोचितपापस्य प्रायश्चितं सम्भवेत् । आलोचनाया असम्भवे तु पापप्रायश्चित्तस्य सुतरामसम्भव एवेति "तरां" प्रत्ययभावार्थः ।

**ચન્દ્ર : પૂર્વપક્ષ :** પૂર્વભવોમાં કરેલા પાપોનું જ્ઞાન આ ભવમાં તો ન જ હોય. (અમુકને જ હોય.) હવે જો એ જ્ઞાન જ ન હોય, તો પછી "મેં આ પાપ કર્યું છે, આવી આવી રીતે કર્યું છે..." વિગેરે સ્વરૂપ આલોચના શી રીતે સંભવે ?

અને કોઈપણ પાપની પહેલા આલોચના થાય, ત્યારબાદ પ્રાયશ્ચિત થાય. હવે જો પૂર્વભવીય પાપોનું આલોચન જ અસંભવિત હોય, તો પછી એનું પ્રાયશ્ચિત્ત તો વધારે અસંભવિત હોય. ( कुतस्तरां માં રહેલા तरां પ્રત્યયનો આ ભાવાર્થ છે.)

એટલે "પૂર્વભવોના પાપોનું પ્રાયશ્ચિત્ત પછીના ભવોમાં પણ થાય" આ તમારું નિરૂપણ સંગત થતું નથી.

---

**યશો૦** न, एतद्भवकृतानामपि विस्मृतानामिव पूर्वभवकृतानामपि पापानां

सामान्यज्ञानेनालोचनप्रायश्चित्तसम्भवात् ।

चन्द्र : समाधानमाह-न इत्यादि । **एतद्भवकृतानामपि.**= न तावत् परभवकृतानामेव सामान्यज्ञानेनालोचनप्रायश्चित्ते, किन्तु एतद्भवकृतानामपि पापानां विस्मृतानां सामान्यज्ञानेनैव आलोचनप्रायश्चित्ते इति **अपि** शब्दार्थः । **इव** = दृष्टान्तप्रदर्शकोऽयं शब्दः **पूर्वभवकृतानामपि** = न केवलं इहभवकृतानामेव, किन्तु पूर्वभवकृतानामपि इति **अपि** शब्दार्थः ।

भावार्थस्त्वयम्-यथा हि इहभवकृतानामपि विस्मृतानां पापानां **सामान्यज्ञानेन** = "न स्मर्यते मया सर्वाणि पापानि, स्तोकान्येव स्मृतिपथमवतरन्ति, तथाऽपि प्रमादादिभिः प्रभूतानि पापानि मया कृतानि भवेयुः एव'इति ज्ञानरुपेण **आलोचनप्रायश्चित्ते** ="हे गुरो ! विस्मृतानि प्रभूतानि पापानि मया कृतानि भवेयुरेव, तेषामपि मिथ्या दुष्कृतं ददामि, भवांश्च तेषामपि प्रायश्चित्तं ददातु" इत्येवंरुपे भवतः । न तु विशेषज्ञानेन ।

तथैव पूर्वभवकृतानामपि पापानां **सामान्यज्ञानेन** = "पूर्वेषु देवतिर्यञ्चादिभवेषु कामसेवनमांसभक्षणादीनि,पापानि मया कृतानि भवेयुरेव, केवलं अस्मिन्भवे न तानहं स्मरामि" इति रुपेण **आलोचनप्रायश्चित्ते** = "भगवन् ! पूर्वेषु भवेषु प्रभूतानि पापानि मया कृतानि भवेयुरेव, तेषामपि मिथ्या दुष्कृतं ददामि, देहि मे प्रायश्चित्तं" इत्यादिरुपे भवत एव । न तत्र विरोध इति ।

ચન્દ્ર : **ગુરુ** : તમારી વાત તદ્દન ખોટી છે. જેમ આ ભવમાં કરેલા હોય તેવા ય જે પાપો ભુલાઈ ગયા હોય તેમના આલોચના અને પ્રાયશ્ચિત્ત સામાન્યજ્ઞાનથી થાય છે. તેમ પૂર્વભવમાં કરેલા પાપોના આલોચના અને પ્રાયશ્ચિત્ત પણ તે પાપોના સામાન્યજ્ઞાનથી થઈ શકે છે.

આશય એ છે કે આ ભવના પાપોની આલોચના કરનારાને આખા ભવના બધા ય પાપો યાદ આવતા નથી, પણ એ એટલું તો જાણે જ છે કે "યાદ નહિ આવેલા પાપો પણ ઢગલાબંધ છે જ."

આમ એ પાપોને વિશેષથી જાણતો ન હોવા છતાં સામાન્યથી તો જાણે જ છે. અને એ જ્ઞાનને અનુસારે ગુરુ પાસે આલોચનાદિ પણ કરે છે કે "મેં આ ભવમાં બીજા ય ઘણા પાપો કરેલા જ છે, પણ એ યાદ નથી આવતા, તો એનું પણ મિચ્છા મિ દુક્કડં માંગુ છું. આપ મને પ્રાયશ્ચિત્ત આપો."

આ જ વાત પૂર્વભવના પાપોમાં પણ જાણવી. આલોચના કરનારો જાણે જ છે કે "પૂર્વભવોમાં હું દેવ, સાપ વિગેરે ભવોમાં ય હતો જ. ત્યાં ભોગસેવન, માંસભક્ષણાદિ પાપો પણ કર્યા જ હોય. પણ અત્યારે એ મને યાદ આવતા નથી. બાકી એ પાપો કરેલા તો છે જ."

આ સામાન્યજ્ઞાન દ્વારા એ જીવ ગુરુ પાસે આલોચના કરે જ છે કે "પૂર્વભવોમાં પણ મેં ઘણા પાપો કરેલા છે, એ બધાનું મિચ્છા મિ દુક્કડં આપું છું..."

---

**<u>यशो०</u> अत एव मिथ्यात्वहिंसादेः पारभविकस्यापि निन्दागर्हादिकम् –**

इहभवियमन्नभवियं मिच्छत्तपवत्तणं जमहिगरणं ।

जिणपवयणपडिकुट्ठं दुट्ठं गरिहामि तं पावं ।। **(चतु० प्रकी० ५०)**

'इह भवे अन्नेसु वा भवग्गहणेसु पाणाइवाओ कओ वा काराविओ वा कीरंतो वा परेहिं समणुण्णाओ, तं निंदामि गरिहामि' **इत्यादि चतुःशरणप्रकीर्णकपाक्षिकसूत्रादावुक्तम् ।**

---

**<u>चन्द्र</u> : अत एव**=पूर्वभवकृतानां पापानां इहभवे सामान्यज्ञानेनालोचनप्रायश्चित्तसम्भवादेव । **पारभविकस्यापि** = न केवलमिहभविकस्येति अपिशब्दार्थो **निन्दागर्हादिकं** = आत्मसाक्षिकं स्वदोषधिक्करणं गुरुसाक्षिकं स्वदोषधिक्करणं च । आदिना प्रायश्चित्तादिपरिग्रहः । **अस्य पदस्य उक्तम्** इत्यनेन पदेन सहान्वयः ।

निन्दागर्हादिस्वरुपमेव दर्शयति-**इहभवियमित्यादि** ।

चतुःशरणप्रकीर्णकगाथासङ्क्षेपार्थस्त्वयम् - इहभविकं पारभविकं वा यत् **अधिकरणं** = नरकादिदुर्गतिकारणं जिनप्रवचनप्रतिकृष्टं दुष्टं मिथ्यात्वप्रवर्तनं मया कृतं भवेत्, तत्पापं गर्हे इति । पाक्षिकसूत्रसंक्षेपार्थस्त्वयम् - इहभवे अन्येषु वा **भवग्रहणेषु** = गृहीतेषु भवेषु प्राणातिपातः स्वयं कृतो वा, अन्येन कारितो वा, परैः क्रियमाणो वा समनुज्ञातः, तं निन्दामि गर्हामि च इति ।

**<u>ચન્દ્ર</u>** : "પૂર્વભવના પાપોના આલોચનાદિ પછીના ભવમાં પણ થઈ શકે છે." એ હકીકત છે, માટે જ તો ચતુઃશરણ પ્રકીર્ણક, પાક્ષિકસૂત્ર વિગેરેમાં પરલોક સંબંધી એવા પણ મિથ્યાત્વ, હિંસાદિના નિંદા, ગર્હા વિગેરે કહ્યા છે.

તેમાં ચતુઃશરણનો પાઠ આ પ્રમાણે છે - આ ભવ સંબંધી કે પરભવસંબંધી જે

મિથ્યાત્વ પ્રવર્તન, અધિકરણ = હિંસાદિ જિનપ્રવચનમાં નિષેધ કરાયેલાં દુષ્ટ કાર્યો કર્યા હોય, તે પાપને હું નિંદુ છું.

પાક્ષિકસૂત્રના અંશનો અર્થ આ પ્રમાણે છે - આ ભવમાં કે અન્ય ભવગ્રહણોમાં (ગ્રહણ કરેલા બીજા ભવોમાં) જે પ્રાણાતિપાત કર્યો હોય, કરાવ્યો હોય કે બીજાઓ વડે કરાતો પ્રાણાતિપાત મારા વડે અનુમતિ અપાયો હોય તેને હું નિંદુ છું, ગર્હુ છું.

(આત્મસાક્ષીએ પોતાના દોષોનો ધિક્કાર કરવો એ નિંદા અને ગુરુની સાક્ષીએ પોતાના દોષોને ધિક્કારવા એ ગર્હા.)

---

**यशो०** **पापप्रतिघातगुणबीजाधानसूत्रे हरिभद्रसूरिभिरप्येतद्भवसम्बन्धि भवान्तरसम्बन्धि वा पापं यत्तत्पदाभ्यां परामृश्य मिथ्यादुष्कृतप्रायश्चित्तेन विशोधनीयमित्युक्तम् ।**

---

**चन्द्र :** **पापप्रतिघातगुणबीजाधानसूत्रे** = एतन्नाम्नि प्रथमे पञ्चसूत्रे **हरिभद्रसूरिभिरपि** = न केवलं चतुःशरणादिरचयितृभिरपि तु हरिभद्रसूरिभिरपीति 'अपि'शब्दार्थः । **परामृश्य** = गृहीत्वा ।

**ચન્દ્ર :** પાપપ્રતિઘાતગુણબીજાધાન નામનું જે પ્રથમ પંચસૂત્ર છે, તેમાં શ્રીહરિભદ્રસૂરિજીએ પણ આ ભવ સંબંધી અને પરભવસંબંધી પાપ જ યત્ અને તત્ પદ દ્વારા ગ્રહણ કરીને "તે પાપ મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્ત વડે શુદ્ધ કરવું જોઈએ" એમ કહ્યું છે. એટલે આ પાઠથી પણ એ સિદ્ધ થાય છે કે પૂર્વભવસંબંધી પાપનું પ્રાયશ્ચિત્ત પણ આભવમાં થઈ શકે છે.

---

**यशो०** **तथाहि**–'सरणमुवगओ अ एएसिं गरिहामि दुक्कडं । जण्णं अरहंतेसु वा सिद्धेसु वा आयरिएसु वा उवज्झाएसु वा साहूसु वा साहुणीसु वा अन्नेसु वा धम्मट्ठाणेसु माणणिज्जेसु पूअणिज्जेसु, तहा माईसु वा पिईसु वा बन्धूसु वा मित्तेसु वा उवयारिसु वा, ओहेण वा जीवेसु मग्गट्ठिएसु वा अमग्गट्ठिएसु वा मग्गसाहणेसु वा अमग्गसाहणेसु वा जं किंचि वितहमायरिअं अणायरिअव्वं अणिच्छिअव्वं पावं पावाणुबंधि सुहुमं वा बायरं वा मणेणं वा वायाए वा काएणं वा कयं वा काराविअं वा अणुमोइअं वा रागेण वा दोसेण वा मोहेण वा इत्थं वा जम्मे जम्मंतरेसु वा गरहियमेयं दुक्कडमेयं उज्झियव्वमेअं वियाणिअं मए

कल्लाणमित्त-गुरुभगवंतवयणाओ एवमेअंति रोइअं सद्धाए अरहंतसिद्धसमक्खं गरहामि अहमिणं दुक्कडमेअं उज्झियव्वमेअं इत्थ मिच्छामि दुक्कडं ३।।'

---

चन्द्र : पञ्चसूत्रपाठमेवाह-तथाहि इत्यादि ।

तत्सङ्क्षेपार्थस्त्वयम् - एतेषां = अर्हदादीनां शरणमुपगतोऽहं दुष्कृतं गर्हामि । अर्हत्सु वा सिद्धेषु वा आचार्येषु वा उपाध्यायेषु वा साधुषु वा साध्वीषु वा अन्येषु वा माननीयेषु पूजनीयेषु धर्मस्थानेषु तथा मातृषु वा पितृषु वा बन्धुषु वा मित्रेषु वा उपकारिषु वा ओघेन वा जीवेषु मार्गस्थितेषु वा अमार्गस्थितेषु वा, मार्गसाधनेषु वा अमार्गसाधनेषु वा यत्किञ्चिद् वितथमाचरितं, यदाचरितं अनाचरितव्यं अनेष्टव्यमासीत्, यत्पापं पापानुबन्धि सूक्ष्मं वा बादरं वा, मनसा वाचा कर्मणा वा, कृतं वा कारितं वाऽनुमोदितं वा, रागेण वा द्वेषेण वा मोहेन वा अस्मिन्वा जन्मनि, अन्येषु वा जन्मान्तरेषु, गर्हितमेतद्, दुष्कृतमेतद्, उज्झितव्यमेतद् । मया कल्याणमित्रगुरुभगवद्वचनाद् विज्ञातं । "एवमेतद्" इति श्रद्धया रोचितम् अर्हत्सिद्धसमक्षं गर्हाम्यहमिदं पापं । दुष्कृतमेतद्, उज्झितव्यमेतद् । अत्र विषये मिथ्या मे दुष्कृतम्, मिथ्या मे दुष्कृतम्, मिथ्या मे दुष्कृतम्।

ચન્દ્ર : આ અરિહંતાદિના શરણને પામેલો હું (મારા) પાપોને ગર્હુ છું. અરિહંતોમાં, સિદ્ધોમાં, આચાર્યોમાં, ઉપાધ્યાયોમાં, સાધુઓમાં, સાધ્વીઓમાં, બીજા માનનીય અને પૂજનીય ધર્મસ્થાનોમાં તથા માતા, પિતા, ભાઈ, મિત્ર, ઉપકારી...આ બધામાં માર્ગાનુસારી કે અમાર્ગાનુસારી સામાન્યથી સર્વજીવોમાં, માર્ગના સાધનોમાં (પ્રતિમાદિમાં) કે માર્ગના અસાધનોમાં (તલવારાદિમાં) આ બધી વસ્તુઓને વિશે જ કંઈપણ નહિ આચરવા યોગ્ય, ન ઈચ્છવા યોગ્ય આચર્યું હોય.

કે જે પાપ હોય, પાપાનુબંધી હોય, એ નાનું હોય કે મોટું હોય, મનથી કે વચનથી કે કાયાથી કરેલું હોય, કરાવેલું હોય કે અનુમોદ્યુ હોય, રાગથી કે દ્વેષથી કે અજ્ઞાનથી થયું હોય, આ જન્મમાં કરેલું હોય કે જન્માન્તરોમાં કરેલું હોય. આ પાપ ગર્હા કરવા યોગ્ય છે, આ દુષ્કૃત છે. આ છોડવા યોગ્ય છે. કલ્યાણ મિત્ર એવા ગુરુભગવંતોના વચન દ્વારા આ વાત મારા વડે જણાયેલ છે. "આ આ પ્રમાણે જ છે (પાપ જ છે, ત્યાજ્ય જ છે...) એમ શ્રદ્ધાથી મેં આ પદાર્થ રુચિ કરેલ છે. હું અરિહંત-સિદ્ધોની સામે આને નિંદુ છું. આ દુષ્કૃત છે.આ છોડવા યોગ્ય છે. મારું પાપ મિથ્યા થાઓ."

**यशो० एतद्व्याख्या यथा**–चतुःशरणगमनानन्तरं दुष्कृतगर्होक्ता, तामाह – शरणमुपगतश्च सन् एतेषां=अर्हदादीनां, गर्हे दुष्कृतं। किंविशिष्टम्? इत्याह-जण्णं अरहंतेसु वा इत्यादि। अर्हदादिविषयं, ओघेन वा जीवेषु मार्गस्थितेषु= सम्यग्दर्शनादियुक्तेषु, अमार्गस्थितेषु=एतद्विपरीतेषु, मार्गसाधनेषु=पुस्तकादिषु, अमार्गसाधनेषु=खड्गादिषु, यत्किंचिद् वितथमाचरितं= अविधिपरिभोगादि, अनाचरितव्यं क्रियया, अनेष्टव्यं मनसा, पापं पापकारणत्वेन, पापानुबन्धि तथाविपाकभावेन, गर्हितमेतद् कुत्साऽऽस्पदं, दुष्कृतमेतद् धर्मबाह्यत्वेन, उज्झितव्यमेतद् हेयतया, विज्ञातं मया कल्याणमित्रगुरुभगवद्वचनाद्, एवमेतद् इति रोचितं श्रद्धया तथाविधक्षयोपशमजया, अर्हत्सिद्धसमक्षं गर्हे, कथं? इत्याह–दुष्कृतमेतद् उज्झितव्यमेतद् । अत्र व्यतिकरे 'मिच्छामि दुक्कडं' वारत्रयं पाठः ।

---

**चन्द्र : चतुःशरणगमनानन्तरं दुष्कृतगर्होक्ता =** "तस्स पुण विवागसाहणाणि चउसरणगमणं दुक्कडगरिहा" इत्यादिपाठे तथाभव्यत्वविपाकसाधनं प्रथमं चतुःशरणगमनं प्रतिपादितं, तदनन्तरं या दुष्कृतगर्हा प्रतिपादिता **तामाह** । शेषं प्रायः सुगमम् । नवरं **अविधिपरिभोगादि** इत्यत्रादिना विधिनाऽपरिभोगादिकं ग्राह्यम् । **पापं पापकारणत्वेन** = पापं नाम अशुभकर्म, अविधिपरिभोगादिकं तु नाशुभकर्म, किन्तु अशुभकर्मकारणं, ततश्च कथं तत् "पापं" उच्यते ? इत्याशङ्कायामिदं समाधानं यदुत पापकारणत्वेन तदपि पापमुच्यते। कारणे कार्योपचारात् यथा आयुःकारणं घृतं स्वयमेवायुः उच्यते । **तथाविपाकभावेन** = पापप्रकृतीनामुत्तरोत्तरवृद्धिरुपेण । **कुत्साऽऽस्पदं** = निन्दास्थानं । 'कथमेतद् दुष्कृतं' इत्यत्र कारणमाह **धर्मबाह्यत्वेन** इति । तथा च यत इदं धर्मबाह्यं, तत इदं दुष्कृतम् । **तथाविधक्षयोपशमजया** = मिथ्यात्वमोहनीयक्षयोपशमजन्यया ।

गर्हापद्धतिमाह-"**दुष्कृतमेतद्**" इत्यादि ।

**चन्द्र** : પંચસૂત્રના પાઠની વ્યાખ્યા આ પ્રમાણે છે - "तस्स पुण विवागसाहणाणि चउसरणगमणं दुक्कडगरिहा" એ ગાથામાં તથાભવ્યત્વના વિપાકના સાધન તરીકે પ્રથમ ચતુઃશરણ ગમન કહેલું. ત્યારબાદ દુષ્કૃતગર્હા કહેલી, હવે તેને જ બતાવે છે.

આ અરિહંતાદિના શરણને પામેલો છતો હું દુષ્કૃતને ગર્હું છું. તે કેવું છે ? એ કહે છે કે અરિહંતોમાં...એટલે કે અરિહંતાદિવિષયક એ દુષ્કૃત છે. સામાન્યથી સર્વજીવોને વિશે કે જે જીવોમાં કેટલાક સમ્યગ્દર્શનાદિવાળા છે, કેટલાક એનાથી વિપરીત છે.

ઉપરાંત પુસ્તકાદિ રૂપ માર્ગના સાધનોને વિશે, તલવારાદિ રૂપ માર્ગના અસાધનોને વિશે જે કંઈપણ ખોટું આચરણ કર્યું હોય, કે જે ખોટું આચરણ અવિધિથી તે વસ્તુઓનો વપરાશ કરવા વિગેરે રૂપ છે. જે આચરણ ક્રિયા વડે કરવા જેવું નથી. મન વડે ઈચ્છવા જેવું નથી. જે આચરણ અશુભકર્મો રૂપી પાપનું કારણ હોવાના કારણે સ્વયં પાપ છે. જે આચરણ ભવિષ્યમાં વધુ ને વધુ પાપકર્મોની વૃદ્ધિ રૂપ વિપાક થવાનો હોવાને લીધે પાપાનુબંધી છે.

આ આચરણ નિંદાનું સ્થાન છે. આ આચારણ ધર્મબાહ્ય હોવાથી દુષ્કૃત છે. આ આચરણ હેય હોવાથી છોડવા જેવું છે. મારા વડે તો કલ્યાણમિત્ર એવા ગુરુભગવંતના વચનથી આ બધુ જણાયેલ છે. તથા "આ આમ જ છે" એમ મારા વડે તેવા પ્રકારના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી શ્રદ્ધા વડે રૂચિ કરાયેલ છે. અરિહંત સિદ્ધોની સામે હું તેની ગર્હા કરું છું. તે ગર્હા કેવી રીતે કરવાની ? એ પણ કહે છે કે "આ દુષ્કૃત છે, આ છોડવા જેવું છે." (ઇત્યાદિ બોલવું એ ગર્હા છે) આ પ્રસંગમાં મિચ્છા મિ દુક્કડં એ પાઠ ત્રણવાર લેવો.

**<u>यशो०</u> अथ-हिंसादिकस्य पापस्य पारभविकस्यापि प्रायश्चित्तप्रतिपत्तिः स्यात्, न तूत्सूत्रभाषणजनितस्य, उत्सूत्रभाषिणो निह्नवस्य क्रियाबलाद्देवकिल्बिषिकत्वप्राप्तावपि तत्र निजकृतपापपरिज्ञानाभावेन दुर्लभबोधित्वभणनाद् ।**

**<u>चन्द्र</u>** : पूर्वपक्षः पुनः स्वमतं पोषयितुं प्रयतते-**अथ-हिंसादिकस्य** आदिना मृषावादादेः परिग्रहः । **पारभविकस्यापि** = न केवलमिहभविकस्यैवेति 'अपि' शब्दार्थः ।

ननु कथमुत्सूत्रभाषणजनितस्य पापस्य प्रायश्चित्तप्रतिपत्तिः न स्यादित्यतः कारणमाह-**उत्सूत्रभाषिणः** इत्यादि । **क्रियाबलात्** = बाह्यचारित्राचारात् । **तत्र** = किल्बिषिकदेवभवे **निजकृतपापपरिज्ञानाभावेन** = "पूर्वभवे मया उत्सूत्रभाषणरुपं पापं कृतं, तद्बलादेव मया किल्बिषिकत्वं प्राप्तम्" इत्यादि सम्यग्ज्ञानाभावेन **दुर्लभबोधित्वभणनात्** = परलोके जिनशासनप्राप्तिदुर्लभताप्रतिपादनात् । निजकृतपापपरिज्ञानाभावोऽत्र दुर्लभबोधित्वकारणमिति बोध्यम् ।

तथा च यत उत्सूत्रभाषिणो निह्नवा दुर्लभबोधित्वं प्राप्नुवन्ति, दुर्लभबोधित्वं च परलोके पूर्वभवपापप्रायश्चित्तसद्भावेऽसम्भवि, तस्मादर्थापत्त्या सिद्धं यदुत "उत्सूत्रभाषिणां दुर्लभबोधीनां

निह्नवादीनां परलोके उत्सूत्रभाषणात्मकपापप्रायश्चित्तप्रतिपत्तिर्न भवति" इति ।

**ચન્દ્ર : પૂર્વપક્ષ :** હિંસા વિગેરે પાપો પરભવના હોય તો પણ એની પછીના ભવોમાં પ્રાયશ્ચિત્તની પ્રતિપત્તિ (સ્વીકાર) થઈ શકે. આ વાત અમને માન્ય છે. પરંતુ ઉત્સૂત્રભાષણથી ઉત્પન્ન થયેલા પાપના પ્રાયશ્ચિત્તનો સ્વીકાર તો પછીના ભવમાં ન જ થાય.

એ ન થવાનું કારણ એ છે કે ઉત્સૂત્રભાષી નિહ્નવોને બાહ્યશુભક્રિયાઓના બલથી ભલે કિલ્બિષિકદેવપણાની પ્રાપ્તિ થઈ જાય. તો પણ એ દેવભવમાં એમને પૂર્વના ભવમાં કરેલા ઉત્સૂત્રભાષણાદિ પાપોનું સમ્યક્જ્ઞાન હોતું નથી. અર્થાત્ "પૂર્વભવમાં મેં ઉત્સૂત્રભાષણાદિ કરેલા, માટે મને હલકું દેવપણું મળ્યું..." ઈત્યાદિ જ્ઞાન હોતું નથી અને આ જ્ઞાન ન હોવાને લીધે તેઓ દુર્લભબોધિ થાય છે એવું એવું શાસ્ત્રમાં કહ્યું છે.

આમ ઉત્સૂત્રભાષી નિહ્નવોને દુર્લભબોધિ બતાવ્યા છે. હવે જો તેઓને પછીના ભવમાં પૂર્વભવસંબંધી ઉત્સૂત્રભાષણાદિ પાપોનું પ્રાયશ્ચિત્ત સંભવતું હોત, તો તેઓ દુર્લભબોધિ ન જ બનત. કેમકે દુર્લભબોધિતા તો ઉત્સૂત્રભાષણાદિ પાપોનું પ્રાયશ્ચિત્ત ન કર્યું હોય તો જ થાય. પણ આ બધા દુર્લભબોધિ તો થાય જ છે, માટે સિદ્ધ થયું કે પરભવમાં પૂર્વભવના ઉત્સૂત્રપ્રરૂપણાજન્ય પાપનું પ્રાયશ્ચિત્ત સંભવી શકતું નથી.

---

**यशो० यदागमः (दशवै० ५/२/४७-४८) –**

लद्धूण वि देवत्तं उववन्नो देवकिव्विसे । तत्थ वि से न याणाइ किं मे किच्चा इमं फलं ।।

तत्तो वि से चइत्ताणं लब्भिही एलमूअगं । णरगं तिरिक्खजोणिं वा बोही जत्थ सुदुल्लहा ।।

---

**चन्द्र : पूर्वपक्षः** स्वमतसमर्थनार्थं आगमपाठं दर्शयति-**यदागमः** इत्यादि । दशवैकालिकगाथाक्षरार्थस्त्वयम् देवत्वं लब्ध्वाऽपि देवकिल्बिषिके उपपन्नः, तत्रापि स न जानाति किं कृत्वा ममेदं फलं । ततोऽपि च्युत्वा स एडमूकत्वं लप्स्यते, नरकं तिर्यग्योनिं वा लप्स्यते । यत्र बोधिः सुदुर्लभा ।

**ચન્દ્ર : પૂર્વપક્ષ :** દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે દેવપણું પામીને પણ દેવકિલ્બિષિકમાં ઉત્પન્ન થયેલા તે જીવો ત્યાં દેવભવમાં પણ જાણતા નથી કે કયા પાપ કરીને મને આ ફળ મળ્યું છે ? ત્યાંથી પણ ચ્યવીને તેઓ બહેરામૂંગાપણાને પામશે, નરક કે

તિર્યંચયોનિને પામશે કે જ્યાં બોધિ = જિનધર્મપ્રાપ્તિ અત્યંત દુર્લભ છે.

**यशो०** **एतद्वृत्तिर्यथा**–'लद्धूण वि'त्ति। लब्ध्वापि देवत्वं तथाविधक्रियापालनवशेनोपपन्नो देवकिल्बिषनिकाये। तत्राप्यसौ न जानाति विशुद्धावध्यभावात्, 'किं मम कृत्वेदं फलं किल्बिषिकदेवत्वमिति' । अस्य दोषान्तरमाह 'तत्तो वि'त्ति, ततोऽपि देवलोकादसौ च्युत्वा लप्स्यते एडमूकतां=अजभवानुकारिमनुष्यत्वं। तथा नरकं तिर्यग्योनिं वा पारम्पर्येण लप्स्यते, बोधिर्यत्र सुदुर्लभा सकलसम्पत्तिनिबन्धना यत्र जिनधर्मप्राप्तिर्दुरापा । इह 'प्राप्नोत्येडमूकताम्' इति वाच्ये असकृद्भवप्राप्तिख्यापनार्थं 'लप्स्यते' इति भविष्यत्कालनिर्देशः'। **इति चेत्?**

**चन्द्र०**: दशवैकालिकगाथयोः श्रीहरिभद्रसूरिकृतां वृत्तिं प्रदर्शयति-**एतद्वृत्ति** इत्यादि । स्पष्टम्, नवरं 'तथाविधक्रियापालनवशेन' इत्यनेन देवत्वलाभकारणं निगदितम् । 'विशुद्धावध्यभावात्' इत्यनेन पूर्वभवपापपरिज्ञानाभावकारणं प्रदर्शितम् । **किं मम कृत्वेत्यादि** । कस्याशुभपापकर्मण इदं हीनदेवत्वात्मकं फलं मम सञ्जातमिति भावः।

**अस्य** = किल्बिषिकदेवभवे उत्पन्नस्य **दोषान्तरं** = हीनदेवत्वात्मकदोषसकाशादन्यं दोषं । **अजभवानुकारिमनुष्यत्वं** = यथा हि अजो 'बें बें' इत्येव शब्दं करोति, न तु स्पष्टां भाषां भाषितुं समर्थो भवति । एवं उत्सूत्रभाष्यपि वाचो दुरूपयोगकरणात् देवभवानन्तरं मनुष्यभवे अजसदृशभाषाभाषित्वं प्राप्नोति इति भावः । **पारम्पर्येण** = उत्सूत्रभाषी निह्नवो बाह्यक्रियापालनात् अनन्तरभवे देवत्वं प्राप्नोति, देवश्च न भवस्वाभाव्याद् नरकगामी, इत्यतो नरकत्वादिलाभस्तस्य मनुजादिभवानन्तरभावी इति 'पारम्पर्येण' इत्युक्तम् **सकलसम्पत्तिनिबन्धना** = इहलोकपरलोकपरमलोकसुखजनयित्री । **यत्र** = मनुष्यभवादौ ।

ननु "लप्स्यते एडमूकतां" इत्यत्र यो भविष्यत्कालप्रयोगः कृतः, स न युक्तः । यतो यदि कस्यचिद्व्यक्तिविशेषस्य कथानकं यदा वर्ण्यते, तदा तस्य भविष्यत्कालसम्बन्धिफलवर्णने भविष्यत्कालप्रयोगो युक्तः, यथा "गोशालकोऽनन्तभवान् भ्रान्त्वा पश्चात्सेत्स्यति" इति । यदा तु व्यक्तिविशेषमपुरस्कृत्य त्रिकालसम्भविनः सिद्धान्तमात्रस्य निरुपणं क्रियते, तदा तु वर्तमानकालप्रयोग एव न्याय्यः, यथा "विशुद्धचारित्रपालक उत्कर्षतोऽपि अष्टमे भवे सिद्ध्यति" इति । न हि अत्र "सेत्स्यति" इति पाठो ज्यायान् । एवं दशवैकालिकेऽपि त्रिकालसम्भविनः सिद्धान्तमात्रस्य निरुपणं क्रियते, ततश्च तत्र एडमूकतां **लप्स्यते** इति वचनं न युक्तम् । किन्तु "एडमूकतां प्राप्नोति" इत्येव वचनं ज्याय इति शङ्कायामाह-**इह** =

दशवैकालिकपाठे **प्राप्नोत्येडमूकतां इति वाच्ये** = कथने कर्त्तव्ये सत्यपि **असकृद्भव-ख्यापनार्थं** = अनेकशो भवबोधनार्थं । तथा च अनेकभवख्यापनात्मकं प्रयोजनं आश्रित्यात्र भविष्यत्कालप्रयोगः कृतः, न तु एवमेवेति न दोषः ।

**ચન્દ્ર** - દશવૈકાલિકપાઠની ટીકા આ પ્રમાણે છે. - તેવા પ્રકારની ક્રિયાના પાલનના પ્રભાવથી દેવપણું પામીને પણ કિલ્બિષિકદેવનિકાયમાં ઉત્પન્ન થયેલો તે તે દેવભવમાં પણ વિશુદ્ધ અવધિજ્ઞાન ન હોવાને લીધે જાણતો નથી કે "મેં કયું પાપ કરેલું કે જેનું આ ફળ મને મળ્યું છે ?"

આ આત્માને હલકા દેવલોક રૂપ દોષ સિવાય બીજા કયા દોષો ભોગવવા પડે છે ? તે કહે છે કે "તે દેવલોકમાંથી ચ્યવીને એડમૂકતાના = બકરાના ભવનું અનુકરણ કરનારા એવા મનુષ્યપણાને પામે છે." (બકરો જેમ માત્ર બેં બેં બોલે, પણ સ્પષ્ટભાષા બોલી ન શકે, તેમ આ ઉત્સૂત્રભાષીઓએ ઉત્સૂત્રભાષણ દ્વારા ભાષાનો દુરુપયોગ કરેલો હોવાથી આ ભવમાં તેઓ એ પાપના પ્રતાપે એવી જીભ પામે કે તોતડી-બોબડી ભાષા જ બોલી શકે.)

તથા પરંપરાએ નરક કે તિર્યંચયોનિને પામશે. (ઉત્સૂત્રભાષી નિહ્નવો સુંદર આચાર પાળતા હોવાથી સીધી તો તેઓને દેવલોકપ્રાપ્તિ થાય છે. અને એ દેવભવ પછી સીધા નરકમાં ન જવાય. મનુષ્ય કે તિર્યંચ થયા બાદ નરકમાં જવાય... આમ નરકાદિભવની પ્રાપ્તિ તુરંત ન થતી હોવાથી પરંપરાએ જણાવી છે.) જે નરકાદિમાં તમામ સંપત્તિના કારણભૂત એવી જિનધર્મપ્રાપ્તિ પ્રાયઃ થતી નથી.

(**પ્રશ્ન** : જ્યારે કોઈક વ્યક્તિવિશેષનું કથાનક કહેતા હોઈએ, ત્યારે એ વ્યક્તિને ભવિષ્યકાળમાં મળનારા ફળોનું નિરૂપણ કરતી વખતે ભવિષ્યકાળનો પ્રયોગ કરીએ એ બરાબર. **દા.ત.** "ગોશાળો અનંતભવ ભમીને પછી સિદ્ધ **થશે**."

પરંતુ જ્યારે ત્રણેયકાળમાં સભવિત એવા સિદ્ધાંતનું જ નિરૂપણ કરવાનું હોય ત્યારે તો વર્તમાનકાળનો પ્રયોગ જ કરાય.

**દા.ત.** વિશુદ્ધચારિત્રપાલક આત્મા વધુમાં વધુ આઠમે ભવે સિદ્ધ **થાય છે.**

અહીં **સિદ્ધ થશે** એમ બોલાતું નથી.

પ્રસ્તુત પાઠમાં એડમૂકતાને **પામશે**. એમ કહ્યું છે. પણ અહીં કોઈ વ્યક્તિ વિશેષનું

નિરૂપણ નથી ચાલતું. અહીં તો સિદ્ધાંતનું નિરૂપણ ચાલે છે. એટલે **પામે છે** એમ વર્તમાનકાળનો પ્રયોગ જ કરવો જોઈએ.)

**ઉત્તરપક્ષ :** જો કે અહીં **"એડમૂકતાને પામે છે."** એમ વર્તમાનકાળનો પ્રયોગ જ કરવો જોઈએ. પરંતુ ગ્રન્થકાર 'અનેકવાર ભવની પ્રાપ્તિ થાય છે' એવું બતાવવા માંગે છે, આવું બતાવવા માટે એમણે વર્તમાનપ્રયોગ છોડીને ભવિષ્યપ્રયોગ કરેલો છે.

આમ એ વાત સિદ્ધ થઈ કે પૂર્વભવોના હિંસાદિ પાપોનું પ્રાયશ્ચિત્ત પછીના ભવમાં ભલે થાય, પણ પૂર્વભવના ઉત્સૂત્રભાષણજન્યપાપનું પ્રાયશ્ચિત્ત પછીના ભવોમાં ન થાય. અનંત સંસાર ભમવો જ પડે.

---

यशो० **मैवम्, न हि तत्र निह्नव एवाधिकृतः किन्तु तपःस्तेनादिः,** 'तवतेणे वयतेणे' **(दशवै० ५-२-४९) इत्यादिपूर्वगाथैकवाक्यत्वात्।**

---

चन्द्र : समाधानमाह-**मैवम्** = 'भवदुक्तं मिथ्या' इति भावः । तत्र कारणमाह **न हि तत्र** = **दशवैकालिकपाठे निह्नव एवाधिकृतः** = निह्नवमाश्रित्य देवकिल्बिषिकत्वादिनिरुपणं कृतम् इति भावः । किन्तु **तपःस्तेनादिः** तत्राधिकृत इति ।

ननु तत्र "तपःस्तेनादिरधिकृतः" इति कुतो ज्ञायते ? इत्यत आह-**तवतेणे इत्यादि-गाथैकवाक्यत्वात्** ="लद्धुण वि देवत्तं" इत्यादि गाथयोः **तवतेणे** इत्यादि गाथया सह एकवाक्यत्वात् । तथाहि - "तपःस्तेनो व्रतस्तेनः, रुपस्तेनः, आचारस्तेनः, भावस्तेनश्च यो नरः, स देवकिल्बिषिकत्वं करोति । देवत्वं लब्ध्वाऽपि किल्बिषिकदेवे उपपन्नस्तत्रापि स न जानाति किं मे कृत्वेदं फलं" इत्यादिगाथार्थदर्शनात्स्पष्टमेव ज्ञायते यदुत तत्र तपःस्तेनादी-नाश्रित्य देवकिल्बिषिकत्वादिनिरुपणं कृतमिति ।

चन्द्र : **ઉત્તરપક્ષ :** તમારી વાત ખોટી છે. તેનું કારણ એ કે દશવૈકાલિકમાં માત્ર નિહ્નવ જ અધિકૃત નથી, અર્થાત્ ત્યાં જે દેવકિલ્બિષિકત્વ, દુર્લભબોધિતાદિ વાત કરી છે. એ કંઈ માત્ર નિહ્નવને આશ્રયીને નથી કરી. પરંતુ તપચોર વિગેરે ત્યાં અધિકૃત છે. તેમને આશ્રયીને આ બધું નિરૂપણ છે.

(**પ્રશ્ન :** 'એ બધી વાતો તપચોરાદિ માટે છે' એવું કયા આધારે કહી શકાય ?)

**ઉત્તર :** તમે જે બે ગાથા બતાવી, તેની બરાબર પૂર્વની જે તવતેણે ગાથા છે, તે

ગાથાની સાથે આ બે ગાથાઓની એકવાંક્યતા છે. એ ઉપરથી આ પદાર્થ નક્કી થાય છે કે તપચોરાદિને આશ્રયીને આ નિરૂપણ છે.

એકવાક્યતા આ પ્રમાણે - તપચોર, વ્રતચોર, રૂપચોર, આચારચોર, ભાવચોર જે નર હોય, તે દેવકિલ્બિષિકપણાને પામે. દેવપણું પામીને પણ દેવકિલ્બિષિકમાં ઉત્પન્ન થયેલો ત્યાં પણ તે જાણતો નથી કે "કયા કર્મનું આ ફળ છે..."

આ ગાથાર્થ જોવાથી સ્પષ્ટ જણાય છે કે ત્યાં તપચોરાદિને આશ્રયીને દેવકિલ્બિષિકતાદિનું વર્ણન કરાયેલ છે.

(તપસ્વીના જેવા રૂપવાળો સાધુ પોતાને લોકોમાં તપસ્વી તરીકે ઓળખાવે, એમ વ્રત, રૂપ, આચારાદિમાં પણ સમજી લેવું. દશવૈકાલિકમાં એના અર્થો વિસ્તારથી આપેલા છે.)

---

**यशो०** **तस्याप्युत्कृष्टफलप्रदर्शनमेतत्, न तु सर्वत्र सादृश्यनियमः, अध्यवसायवैचित्र्यात्।**

---

**चन्द्र** : ननु भवतु नाम तपःस्तेनादीनामपि दुर्लभबोधित्वं प्रायश्चित्ताप्रतिपत्तिश्च । किं नश्छिन्नम् ? वयन्तु एतावदेव प्रतिपादयामो यदुत उत्सूत्रभाषिणां निह्नवानां परभवे उत्सूत्रभाषणप्रायश्चित्तप्रतिपत्तिर्न सम्भवति, दुर्लभबोधित्वात् । यदि च एतदेव तपःस्तेनादीनामपि सिद्ध्यति, तर्हि न कमपि दोषं लभामहे इत्यत आह-**तस्यापि** = न केवलं निह्नवानां, किन्तु तपःस्तेनादेरपि इति'अपि' शब्दार्थः ।

**उत्कृष्टफलप्रदर्शनमेतत्** = जघन्यमध्ये फले उपेक्ष्य उत्कृष्टं फलमेव एतत्प्रदर्शितमिति भावः ।

एतच्च उत्कृष्टफलप्रदर्शनं युक्तमेव, यतो लोकेऽपि अयं व्यवहारः क्रियते यथा "यदि हि विषं खादेत्, तर्हि म्रियेत" इत्यादि । अत्र विषभक्षणेन सर्वेषां मरणं न भवति, किन्तु कतिपयानामेव । तथापि विषभक्षणे हेयत्वबुद्धिसमुत्पादनार्थमुत्कृष्टफलं प्रदर्श्यते । एवमत्रापि तपःस्तेनत्वादिना सर्वेषां दुर्लभबोधित्वपर्यन्तं फलं न भवति, किन्तु कतिपयानामेव । तथापि तपःस्तेनत्वादौ हेयत्वबुद्धिसम्पादनार्थमुत्कृष्टफलं प्रदर्श्यते । एवं सर्वविरत्यादिषु शुभानुष्ठानेषु अपि उपादेयत्वबुद्धिसम्पादनार्थं तद्भवमोक्षादिरुपं उत्कृष्टफलं प्रदर्श्यते, न तु सर्वेषामुत्कृष्टफलमेव भवतीति विभावनीयम् ।

एतदेवाह-**न तु सर्वत्र** = सर्वेषु तपःस्तेनादिषु **सादृश्यनियमः** = विवक्षिततपःस्तेन-निष्ठोत्कृष्टफलसमानताया एकान्तः । यथा एकस्य तपःस्तेनस्योत्कृष्टफलं सम्पन्नं, सर्वेषां तपःस्तेनादीनां तथैव तत्सम्पद्यत इति न नियम इति भावः । सादृश्यनियमाभावे कारणमाह **अध्यवसायवैचित्र्यात्** = अध्यवसायतारतम्यसम्भवात् ।

इदं च जिनमतरहस्यं यदुत शुभानामशुभानां वा सर्वेषामनुष्ठानानां यत्फलं शास्त्रे प्रदर्शितं भवेत् तत्र प्रधानं कारणं जीवगतोऽध्यवसाय एव । द्रव्यक्षेत्रकालादयस्तु शास्त्रप्रदर्शित-फलजनने व्यभिचारिणः, यतः सत्सु अपि द्रव्यादिषु फलप्रायोग्याध्यवसायाभावे फलाभावः, असत्सु अपि द्रव्यादिषु फलप्रायोग्याध्यवसायसद्भावे फलसद्भावः ।

अत एव चारित्रक्रियाविरहितानां भरतादीनां केवलमध्यवसायमात्रात्केवलोत्पत्तिः, अभव्यादीनान्तु केवलोत्पत्त्यनुकूलाध्यवसायाभावात् उत्कृष्टचारित्रक्रियासद्भावेऽपि सम्यग्दर्शन-मात्रस्याप्यलाभ इति अत्र बहु वक्तव्यं तत्तु विस्तरभयान्नोच्यते ।

<u>ચન્દ્ર</u> : (**પ્રશ્ન** : અરે, ભલેને દશવૈકાલિકમાં તપસ્તેનાદિનો પણ અધિકાર હોય, એમાં શું વાંધો છે ? અમારે તો એટલું જ સાબિત કરવું છે કે "નિહ્નવો અવશ્ય દુર્લભબોધિ થાય છે, અને દુર્લભબોધિઓને પ્રાયશ્ચિત્તસ્વીકાર અસંભવિત છે. માટે ઉત્સૂત્રભાષણ રૂપ પાપનું પરભવમાં પ્રાયશ્ચિત્ત અશક્ય છે." અને આ વાતમાં ઉપરોક્ત પાઠ સાક્ષી છે જ. એ પાઠ તપસ્તેનાદિને પણ લાગુ પડતો હોય, તો એમાં અમને ક્યાં વાંધો છે ?)

**ઉત્તર** : આ તપસ્તેનાદિને પણ જે દુર્લભબોધિતાદિ ફલ બતાવેલ છે ને ? એય ઉત્કૃષ્ટફલનું પ્રદર્શન જ સમજવું. અર્થાત્ એના જઘન્ય, મધ્યમફલો પણ હોય છે, પણ અહીં એને ઉપેક્ષીને ઉત્કૃષ્ટફલનું વિધાન કરેલ છે.

(અને એ યોગ્ય છે. લોકમાં આ રીતે જ વ્યવહાર દેખાય છે. **દા.ત.** 'જો વિષ ખાય, તો મરી જાય.' અહીં વિષભક્ષણ કરનારા બધા મરી જાય છે એવું નથી. કેટલાકો મરે છે, કેટલાકો બચી પણ જાય છે. છતાં વિષભક્ષણમાં હેયતાની બુદ્ધિ ઉત્પન્ન કરવા માટે ઉત્કૃષ્ટફલનું નિરૂપણ કરાય. એ જ રીતે સર્વવિરતિ વિગેરે શુભાનુષ્ઠાનોમાં પણ તે જ ભવે મોક્ષ વિગેરે રૂપ ઉત્કૃષ્ટફળનું વર્ણન એ તે અનુષ્ઠાનોમાં ઉપાદેયતાની બુદ્ધિ જન્માવવા માટે છે. બાકી બધાને તે જ ફળ મળે એવો એકાંત નથી.)

પરંતુ બધા જ તપસ્તેનાદિને કોઈક એકાદ તપસ્તેનાદિને મળેલા ઉત્કૃષ્ટફલ જેવું જ ઉત્કૃષ્ટફળ મળે એવો ફળસમાનતાનો એકાંત તો નથી જ. અને આ ફળસમાનતાનો એકાંત ન હોવાનું કારણ અધ્યવસાયની વિચિત્રતા છે.

(જિનશાસનનું આ રહસ્ય છે કે શુભ કે અશુભ કોઈપણ અનુષ્ઠાનોનું જે ફળ શાસ્ત્રોમાં બતાવેલ હોય, તેનું પ્રધાન કારણ તો જીવમાં રહેલા અધ્યવસાયો જ છે. દ્રવ્યક્ષેત્રકાળાદિ કારણો વ્યભિચારી છે. કેમકે તે હોય, તો પણ ફલયોગ્ય અધ્યવસાય ન હોય તો ફળ ન મળે. અને દ્રવ્યાદિ ન હોય તો ય ફલયોગ્ય અધ્યવસાય હોય તો ફલ મળે.

માટે જ તો ભરતાદિને સાધુક્રિયાદિ ન હોવા છતાં માત્ર અધ્યવસાયથી કૈવલ્ય મળ્યું અને અભવ્યાદિને ઉત્કૃષ્ટ સાધુક્રિયા હોવા છતાં મોક્ષાનુકૂલ અધ્યવસાય ન હોવાથી મોક્ષ મળતો નથી.)

---

यशो० **किंचैवं**–'इय से परस्स अट्ठाए कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण संमूढे विप्परियासमुवेइ' **इति आचाराङ्गवचनात् (द्वितीयाध्य० तृतीयोद्देशक) क्रूराणि कर्माणि परस्यार्थाय कुर्वतो हिताहितबुद्ध्यादिविपर्यासवतो हिंसादिदोषस्यापि भवान्तरे प्रायश्चित्तानुपपत्तिरेव स्यात् ।**

---

चन्द्र : पूर्वपक्षखण्डनाय युक्त्यन्तरमाह-**किं च एवं** = दशवैकालिकपाठबलात् सर्वेषां निह्नवानामेकान्तेन दुर्लभबोधित्वं साधयित्वा "उत्सूत्रभाषणात्मकपापस्य परलोके प्रायश्चित्तं न सम्भवति" इति यदि साध्यते तर्हि **इय से** इत्यादि । आचाराङ्गपाठसङ्क्षेपार्थस्त्वयम् - इति स परेषामर्थाय क्रूराणि कर्माणि प्रकुर्वन् बालः = अज्ञानी तेन दुःखेन संमूढो विपर्यासमुपैति = भ्रमं प्राप्नोति इति ।

**हिंसादिदोषस्यापि** = न केवलं भवदुक्तरीत्या उत्सूत्रभाषणस्यैव, किन्तु हिंसादिदोषस्यापि इति 'अपि' शब्दार्थः । **प्रायश्चित्तानुपपत्तिरेव स्यात्** = प्रायश्चित्तं नैव सम्भवेदिति भावः । आचाराङ्गपाठे हि परेषामर्थाय हिंसां कुर्वतो हिताहितबुद्ध्यादिविपर्यासः प्रतिपादितः, हिताहितमिथ्याज्ञानवतश्च प्रायश्चित्तं नैव सम्भवति । यतः प्रायश्चित्तकरणे तु तस्य सम्यग्बुद्धिरेव परिगणनीया स्यादिति हिंसादिदोषस्यापि भवान्तरे प्रायश्चित्तानुपपत्तिर्दुर्वारैव । तथा च पाक्षिकसूत्रादौ प्रतिपादितं पारभविकपापप्रायश्चित्तं कथं घटेत ? इति नेत्रे निमील्य निभालय ।

**ચન્દ્ર** : બીજી વાત એ કે દસવૈ.ના પાઠના આધારે જો નિહ્નવોને એકાન્તે દુર્લભબોધિત્વ સાબિત કરીને એવું સિદ્ધ કરવામાં આવે કે ઉત્સૂત્રભાષણનું પ્રાયશ્ચિત્ત તો પરલોકમાં ન જ થાય. તો તો આચારાંગનો આ પાઠ છે કે - 'આ પ્રમાણે બીજાને માટે ક્રૂર કર્મોને કરતો તે અજ્ઞાની તે દુઃખથી સંમૂઢ બનીને ભ્રમને પામે છે.'

હવે અહીં બીજાના માટે ક્રૂર કર્મને કરનારાને હિતાહિતની બુદ્ધિ વગેરેના ભ્રમવાળો કહ્યો છે. અને આવા ભ્રમવાળાને તો એ હિંસાદિ ક્રૂર કર્મોનું પણ ભવાન્તરમાં પ્રાયશ્ચિત ઘટશે નહિ, અને તો પછી પાક્ષિકસૂત્રાદિ પાઠો અસંગત જ બની જશે.

---

**यशो० अथ सर्वस्यैव पापस्य प्रमादेन कृतस्य विपर्यासाधायकत्वाद्विपर्यासजलसिच्यमानानां क्लेशपादपानां चानुबन्धफलत्वाद् भवान्तरेऽपि तथाभव्यताविशेषात्कस्यचिद्विपर्यासनिवृत्त्यैवानुबन्धनिवृत्तेर्हिंसादिप्रायश्चित्तोपपत्तिरिति चेत्?**

---

**चन्द्र** : पूर्वपक्षः शङ्कते-**अथ सर्वस्यैव** इत्यादि ।

अयं भावार्थः-प्रमादेन कृतं सर्वमपि पापं इहभवे भवान्तरे वा **विपर्यासं** मिथ्याबुद्धिस्वरूपं जनयति, विपर्याससहिताश्च रागादयः क्लेशाः पापानुबन्धं जनयन्ति । एवं च यदि न केवलं इहभवे, किन्तु भवान्तरेऽपि तथाभव्यताविशेषात् कस्यचिन्महात्मनः स्वत एव गुर्वाद्युपदेशादितो वा विपर्यासो निवर्तेत, तर्हि विपर्यासाभावात् रागादयः क्लेशा न पापानुबन्धं जनयितुमलम् । ततश्च पापानुबन्धजननाभावे तत्र परलोके हिंसादिप्रायश्चित्तस्वीकार उपपद्यत एवेति न दोष इति ।

अक्षरार्थस्तु भावार्थानुसारेण स्वयं विभावनीयः । नवरं "विपर्यासजलसिच्यमानानां" इति पदानन्तरं 'एव' कारोऽध्याहार्यः "न तु विपर्यासजलासिच्यमानानां क्लेशपादपानामनुबन्धफलत्वम्"इति तु एवकारार्थः ।

**ચન્દ્ર** : **પૂર્વપક્ષ** : જુઓ, એક વાત એ કે પ્રમાદ વડે કરાયેલા તમામ પાપો વિપર્યાસ = મિથ્યાજ્ઞાન = વિપરીતબુદ્ધિને લાવનારા છે, આત્મામાં ઉત્પન્ન કરનારા છે.

અને બીજી વાત એ કે વિપર્યાસરૂપી પાણીથી સિંચાતા એવા રાગદ્વેષાદિ ક્લેશો પાપાનુબંધરૂપી ફળને ઉત્પન્ન કરે છે. વિપર્યાસ વિનાના ક્લેશો નહિ.

હવે કોઈક જીવને ભવાંતરમાં પણ તથાભવ્યતાવિશેષને લીધે વિપર્યાસ નીકળી જાય તો એ વિપર્યાસ જવાને લીધે જ પાપાનુબંધની પણ નિવૃત્તિ થઈ જ જવાની. કેમકે વિપર્યાસ વિના પાપાનુબંધ થઈ શકતો નથી. એને પાપાનુબંધ નીકળી જાય એટલે ત્યાં હિંસાદિ પાપોના પ્રાયશ્ચિત્ત પણ થઈ શકે. એમાં કોઈ વાંધો દેખાતો નથી.

આમ આચારાંગમાં જે વાત કરી છે કે હિંસાદિ કરનાર વિપર્યાસને પામે છે એ વાત 'પ્રમાદ વડે કરાયેલ કોઈપણ પાપ વિપર્યાસનો આધાયક હોય' એ સિદ્ધાંતને અનુસારે છે. જો પરલોકમાં વિપર્યાસ નીકળી જાય, તો પછી પ્રાયશ્ચિત્તાદિ થવામાં કોઈ વાંધો જ નથી.

આમ આચારાંગનો પાઠ પણ સાચો અને છતાં પરલોકમાં હિંસાદિપાપનું પ્રાયશ્ચિત્ત પણ ઘટે.

---

**यशो०** **तदिदमुत्सूत्रप्रायश्चित्तेऽपि तुल्यम् ।**

---

चन्द्र : समाधानमाह-तद् = भवदुक्तं **इदं** = अनन्तरप्रतिपादितं **उत्सूत्रप्रायश्चित्तेऽपि** = न केवलं हिंसादिप्रायश्चित्ते, किन्तु उत्सूत्रभाषणप्रायश्चित्तेऽपि इति 'अपि' शब्दार्थः **तुल्यं** = समानं ।

अत्रापि एतद् वक्तुं शक्यते यदुत प्रमादकृतं उत्सूत्रभाषणं विपर्यासाधायकं भवति, किन्तु भवान्तरेऽपि कस्यचिद् तथाभव्यताविशेषाद् यदि विपर्यासनिवृत्तिर्भवेत्, तर्हि पापानुबन्धस्यापि निवृत्तिर्भवेत् । ततश्च प्रायश्चित्तप्रतिपत्तिः स्यादेवेति ।

(चन्द्र : इदमत्र स्पष्टीकर्तव्यम् । अस्मिन्भवे केनचित् पुरुषेण प्रमादेन हिंसा कृता, तथा च अशातादिकं पापकर्म बद्धम् । अस्य च पापकर्मण एतादृशी शक्तिरस्ति, यदुत तत् स्वोदयकाले विपर्यासं = मिथ्याज्ञानं जनयेत् । एवं च नरकादौ गतस्य तस्य यदा प्रकृतपापकर्मण उदयो भवेत्, तदा विपर्यासोऽपि भवेत् । एवं च तत्र तस्य रागद्वेषादयः क्लेशा विपर्याससमन्विता भवन्ति । ते च पुनः कर्मबन्धं जनयन्ति । एवं चायं पापानुबन्धो भवति ।

यदि च तथाभव्यताविशेषात् तदा विपर्यासो निर्गच्छेत्, तदा तस्य कर्मजन्यदुःखादौ अपि पूर्वभवपापनिन्दादिकं सम्भवेत् इति ।)

**ચન્દ્ર : ઉત્તરપક્ષ :** તમે કહેલી આ બાબત તો ઉત્સૂત્રભાષણના પ્રાયશ્ચિત્તમાં પણ સમાન જ છે. ત્યાં પણ એમ કહી શકાય છે કે કોઈકને આભવમાં ઉત્સૂત્રભાષણ કર્યા બાદ પણ પરભવમાં તથાભવ્યતાવિશેષથી જો વિપર્યાસ દૂર થઈ જાય તો ત્યાં પાપાનુબંધ ન થવાથી ઉત્સૂત્રભાષણના પ્રાયશ્ચિત્ત પણ ભવાંતરમાં થઈ શકે.

(**ચન્દ્ર : આ અહીં સ્પષ્ટ કરવું.** આ ભવમાં કોઈક પુરુષે પ્રમાદથી હિંસા કરી અને તે હિંસા વડે અશાતાદિ પાપકર્મ બંધાયું, એ પાપકર્મની એવી શક્તિ છે કે તે પાપકર્મ પોતાના ઉદયના કાળમાં મિથ્યાજ્ઞાનને ઉત્પન્ન કરી દે. અને એટલે નરકાદિમાં ગયેલા એ જીવને અશાતાદિનો ઉદય પણ થાય અને વિપર્યાસ પણ થાય. જો આમ થાય તો ત્યાં વળી નવા પાપકર્મો બાંધે. આમ આ પાપાનુબંધ ચાલે.

પરંતુ જો તથાભવ્યત્વવિશેષથી વિપર્યાસ ન પ્રગટે, તો પછી પાપાનુબંધ ન ચાલે.)

---

**यशो० न चैवमुत्सूत्रभाषिणामनन्तसंसारानियमनात्ततो भयानुपपत्तिरिति शङ्कनीयम्,**

---

**चन्द्र : न च** = "शङ्कनीयं" इत्यनेन सहान्वयः कर्त्तव्यः, किं न शङ्कनीयं ? इत्येतदाह- **एवं** = परलोकेऽपि उत्सूत्रभाषणस्य प्रायश्चित्तप्रतिपत्तिसम्भवे **उत्सूत्रभाषिणां अनन्तसंसारानियमात्** = प्रायश्चित्तप्रतिपत्तुरुत्सूत्रभाषिणोऽनन्तसंसाराभावेन "सर्वेषां उत्सूत्रभाषिणां नियमादनन्तसंसारः" इत्यस्य नियमस्याभावात् **ततो** = उत्सूत्रभाषणात् **भयानुपपत्तिः** = भयं न घटेत ।

यदि हि उत्सूत्रभाषणस्य फलं अनन्तसंसार एव इत्येकान्तो भवेत्, तर्हि साधवस्तस्मादवश्यं बिभेयुः । किन्तु तादृशनियमाभावे तु तद् भयं नैव स्यात् । तस्मात्स नियमोऽवश्यं मन्तव्यः।

**ચન્દ્ર : પૂર્વપક્ષ :** આ રીતે ઉત્સૂત્રભાષણના પ્રાયશ્ચિત્તનો સ્વીકાર પરલોકમાં પણ સંભવતો હોય તો પછી "ઉત્સૂત્રભાષીઓનો અનંત સંસાર જ થાય" એવો નિયમ ન રહે. કેમકે પરલોકમાં પ્રાયશ્ચિત્ત કરી લેનારાને તો અનંતસંસાર થવાનો જ નથી.

અને જો આ નિયમ ન રહે, તો પછી હવે સાધુઓને ઉત્સૂત્રભાષણથી ભય પણ જે થાય છે, તે ઘટશે નહિ. જો ઉત્સૂત્રભાષણથી એકાંતે અનંતસંસાર થતો હોય તો અવશ્ય સાધુઓ ગભરાય એ સંભવિત છે. પણ આ નિયમ ન હોય તો સાધુઓ શા માટે ગભરાય ? માટે જ એ નિયમનો એકાન્ત જ હોવો જોઈએ.

---

**यशो० एकान्ताभावेऽपि बाहुल्योक्तफलापेक्षया हिंसादेरिवोत्सूत्रादास्तिकस्य भयोपपत्तेः,**

---

**चन्द्र :** समादधाति-एकान्ताभावेऽपि इत्यादि । **बाहुल्योक्तफलापेक्षया** = बहुलतामाश्रित्य उक्तं यदनन्तसंसारात्मकं फलं, तदपेक्षया । **आस्तिकस्य** = परलोकाद्यभ्युपगन्तुः ।

यथा हि हिंसादिभ्यः सर्वेषामनन्तसंसारो न भवति, किन्तु बहुलानां, तथापि

आस्तिकस्तेभ्यः बिभेत्येव । एवमेव उत्सूत्रप्ररुपणात्सर्वेषामनन्तसंसारो न भवति, किन्तु बहुलानां, तथापि आस्तिकस्तस्माद् बिभेत्येव ।

लोकेऽपि च दृश्यते यदुत विषभक्षणात् सर्वेषां मरणं न भवति, किन्तु बहुलानां, तथापि लोका विषभक्षणाद् मरणफलं कल्पयित्वा बिभ्यत्येवेति ।

<u>ચન્દ્ર</u> : **ઉત્તરપક્ષ** : અનંતસંસાર થવાના એકાન્તનો અભાવ હોય તો પણ "મોટા ભાગે ઉત્સૂત્રપ્રરૂપકો અનંતસંસારી થાય છે" એ બહુલતાને નજર સામે રાખીને ઉત્સૂત્રપ્રરૂપણાનું જે અનંતસંસાર રૂપ ફલ કહેવાયું છે. તેની અપેક્ષાએ એટલે કે તેને વિચારીને આસ્તિકને હિંસાદિની જેમ આ ઉત્સૂત્રપ્રરૂપણાથી પણ ભય થાય એ સ્વાભાવિક છે.

જેમ હિંસાદિથી બધાનો અનંતસંસાર નથી થતો, પંરતુ ઘણાનો થાય છે. છતાં આસ્તિક તે હિંસાદિના બહુલતાની અપેક્ષાએ કહેવાયેલા ફળને વિચારીને હિંસાદિથી ધ્રૂજે જ છે. એમ એ ઉત્સૂત્રથી પણ એ જ રીતે ભય પામે એ સંભવિત છે.

---

**<u>यशो०</u> आस्तिक्यं ह्यसत्प्रवृत्तिभयनिमित्तमिति दिग् ।।७।।**

---

<u>चन्द्र</u> : ननु 'आस्तिकं' इतिपदं कथमुपात्तम् ? इत्यत आह-**आस्तिक्यं हि** इत्यादि ।

तथा च नास्तिकस्य मा भवतु भयं, आस्तिकस्य तु आस्तिक्यप्रभावात् उत्सूत्रप्ररुपणादि-प्रवृत्तेः सकाशाद् भयं भवत्येव । न हि तत्रानन्तसंसारफलैकान्त आवश्यक इति । **दिग्** = बहु वक्तव्यं अस्ति इति ज्ञापनार्थमेतत्पदमिति ।

<u>ચન્દ્ર</u> : (**પ્રશ્ન** : "આસ્તિકને ભય થાય" એમ તમે આસ્તિકને કેમ વચ્ચે લાવો છો ?)

**ઉત્તર** : આસ્તિક્ય એ ખોટી પ્રવૃત્તિઓથી ભયને ઉત્પન્ન કરવામાં નિમિત્ત છે. નાસ્તિકમાં આસ્તિક્ય ન હોવાથી તેને ભલે ભય ન થાય. પણ આસ્તિકને ભય થાય જ. તેને ભય કરવા માટે અનંતસંસારાદિ ફળનો એકાંત જરૂરી નથી.

"આ વિષયમાં ઘણી બધી વાત કહેવા જેવી છે" એવું દર્શાવવા માટે **દિગ્** શબ્દ લખ્યો છે.

इति

उत्सूत्रप्ररूपकाणां अनन्तसंसारित्वनियमविचारः समाप्तः

नमोऽस्तु तस्मै जिनशासनाय

नमो स्तु तस्मै जिनशासनाय

# જૈનદર્શન એટલે અનેકાન્તદર્શન !

કોઈ પણ પદાર્થ લાવો, ક્યાંય એકાન્ત નહિ જ, દરેકમાં અનેકાન્ત!

'ઉત્સૂત્રપ્રરુપકોનો અનંતસંસાર જ થાય.' આ એક પદાર્થ છે, પણ એમાં પણ એકાન્ત નથી. આત્માના અધ્યવસાય પ્રમાણે ઓછો સંસાર પણ, ઘણો ઓછો સંસાર પણ સંભવી શકે છે.

શાસ્ત્રપાઠો અને યુક્તિઓના આધારે આ અનેકાન્તની સિદ્ધિ કરતો 'ધર્મપરીક્ષા' ગ્રન્થનો પહેલો ભાગ અવશ્ય વાંચો.

અનેકાન્તવાદપ્રદર્શક સર્વજ્ઞ મહારાજા પ્રત્યે અલૌકિક બહુમાન પેદા થશે જ.